કલા, કારીગરી, કૌશલ્ય અને સાહિત્યને ઉજાગર કરતું માસિક • ૧૦, જાન્યુઆરી–ફેબ્રુઆરી ૨૦૨૬(સંયુક્ત અંક) | ₹ 75

# વિશ્વકર્મા વિશ્વ



## વિશ્વકર્મા જયંતી વિશેષાંક - ૨૦૨૬

MAHENDRA VADODARIYA 9374102149
SATISH VADODARIYA 9824281222
RASHMIN VADODARIYA 9825216131

**વિશ્વકર્મા જયંતીની સર્વે જ્ઞાતિજનોને**
**હાર્દિક શુભેચ્છા...**

# National
## Construction Co.

Mail Id:ncc9@in.com
312, 13, 14 City Shops, Dr. Yagnik Rod, RAJKOT-1
pH.: 0281-2463322


YAMUNA®
Maximum Flexibility with Gear Grinding
Gear Grinding
Crafting precision for seamless motion
VIPER 500 W
Höfler Generating Gear Grinding Machine
HELIX 400 SK
Höfler Cylindrical Gear Grinding Machine
NIDEC GE20A
Gear Hobbing Machines With Skiving
YAMUNA® GEARS PVT. LTD.
Plot No. : 138/141, Survey No. : 43/1, B/h. Jackgon Co., 150 Feet Ring Rd, Vavdi, Rajkot - 360 004. INDIA.
Call : +91 99798 49922 I +91 99798 49933 I +91 99798 93099
Email : info@yamunagears.com I sales@yamunagears.com I Web : www.yamunagears.com


CRYSTAL INDUSTRIES
Nilay Gajjar 98258 47199
Amit Gajjar 94272 56659
Crystal
Quality
Springs
FACTORY : PLOT NO. 370, G.I.D.C.-II, DARED, JAMNAGAR- 361 004 Telefax : +91 - 288 - 2730196
e : crystalindjam@yahoo.com

VISHWAKARMA VISHAWA
(GUJARATI-MONTHLY)
RNI REGD. NO.GUJGUJ/2013/49269




Volume No.-15, Issue No.1
Date : 10-02-2026

Page : 104
Retail Price Rs.75/-
Annual Subscription Rs. 300/-

**Editor :** Pravin Dayaljibhai Gajjar (Bhadeshia)

**Graphic Design :** Amit Vaghela

**Web Editor :** Parth Gajjar

**Office :** Vishwakarma Vishwa, Ramy Publication, 320, Heera Panna Complex, Dr. Yagnik Road, Rajkot-360001.

**Editor-Publisher-Owner & Printer**: Pravin Dayaljibhai Gajjar (Bhadeshia), Printed & Published at Ramy Printers, 'Meghavi', R.M.C. Nagar, Near Jain Boarding, Airport Road, Rajkot-360007, (Gujarat)

**E-mail:** vishwakarmavishwa@yahoo.com
**Web:** vishwakarmavishwa.com
www.fb.com/vishwakarmavishwa

**'વિશ્વકર્મા વિશ્વ'માં પ્રકાશિત થતી વાંચન સામગ્રીમાં વ્યક્ત થતા વિચારો જે-તે લેખકના છે. એની સાથે તંત્રી/સંપાદક હંમેશા સંમત જ છે તેમ માનવું નહીં. કાનૂની ક્ષેત્ર રાજકોટ રહેશે.**



# વિશ્વકર્મા જયંતીની ઉજવણી સાર્થક ક્યારે થાય ?



વિશ્વકર્મા જયંતી એટલે આપણા માટે સૌથી મોટો તહેવાર. જાણે કે આપણા માટે દિવાળી. દીવાળીના પર્વ ઉપર જે ઉમંગ અને ઉત્સાહ જોવા મળે તેવો જ ઉમંગ અને ઉત્સાહ વિશ્વકર્મા જયંતી દરમ્યાન સમાજમાં જોવા મળતો હોય છે.

વિશ્વકર્મા જયંતીએ લોકો નવા વસ્ત્રો પરિધાન કરશે. મંદિરોમાં પણ સાફ સફાઈ અને રંગરોગાન થશે અને ભગવાનના મંદીરની ઉપર પણ નવી ધજા ચડાવવામાં આવશે અને આમ નવા વર્ષની જેમ વિશ્વકર્મા જયંતીની ઉજવણી પણ અનેરા ઉત્સાહ અને ઉમંગ થશે. પરંતુ આપણે એ વિચારવું જોઈએ કે, વિશ્વકર્મા જયંતીની ઉજવણીમાં જાગેલ ઉત્સાહ અને ઉમંગ કાયમ ટકી રહે છે ખરા ? વિશ્વકર્મા જયંતીના અવસરે ઉભો થયેલ ઉમંગ અને ઉત્સાહ સતત ટકી રહે તેવા પ્રયાસો આપણે કરીએ છીએ ખરા ? હકીકતે વિશ્વકર્મા જયંતીએ સમાજમાં ઉભા થયેલ વેર-કલેશ-દ્વેશ એકબીજા પ્રત્યેની નારાજગી વગેરે દુર કરવા જોઈએ. મનદુઃખ હોય તો દુર કરવા જોઈએ અને પરસ્પર પ્રેમ કેળવી અને ભાઈચારાનો પ્રકાશ પાથરવો જોઈએ. અન્ય સમાજની જેમ આપણે વિકાસ કેમ નથી કરી શકતા તેનો વિચાર કરવો જોઈએ. અને સમાજનો સર્વાંગી વિકાસ કેમ નથી કરી શકતા તેનો વિચાર કરવો જોઈએ. અને સમાજનો સર્વાંગી વિકાસ કેમ થાય તેનો વિચાર કરવો જોઈએ. એકતા અને સંગઠનની ભાવના જાગૃત કરવી જોઈએ. આપણી આજુબાજુમાં કંઈને એક યા બીજા પ્રકારની હુંફ જરૂર હોય તો હુંફ આપવી જોઈએ. એકબીજાના સુખ-દુઃખના ભાગીદાર બનીને સાચો પ્રેમ નિર્માણ કરવો જોઈએ. જો આપણે આમ કરીશું તો જ આપણે વિશ્વકર્મા જયંતીની સાચી ઉજવણી કરી કહેવાશે.

વિશ્વકર્મા જયંતીએ એ પણ વિચારવું જોઈએ ક આજે મોટીવેશન, માઈન્ડ પાવર, ઓનલાઈન, ડિજીટલ પ્રિન્ટનો યુગ તો છે જ પણ ઠેરઠેર ખરા અર્થમાં ધર્મ, સંસ્કારના દર્શન થાય છે. પ્રતિવર્ષ આપણે ઈષ્ટદેવ વિશ્વકર્મા પ્રભુજીની જન્મજયંતી વાજતે ગાજતે રંગેચંગે ઉજવીએ છીએ પણ તેનાથી સંતોષ માનવાનો નથી.

હજી શિક્ષણક્ષેત્રે આપણા સંતાનોને જીપીએસઈ, યુપીએસઈ, પીએસઆઈ, તલાટી કે બેંકની પરીક્ષાઓ આપવા હજારો રૂપિયા ફી અન્ય સંસ્થાઓને આપવી પડે છે. આજે અન્ય સમાજે પોતાની એકેડેમી શરૂ કરી છે તો આપણે પાછળ કેમ ? આપણી પાસે વિશાળ સંસ્થાઓ છે, જગ્યા છે, માત્ર આયોજન જરૂરી છે. ફેકલ્ટીઓ આપણી જ્ઞાતિમાંથી જ મળે તેનું સુંદર ઈન્ફ્રાસ્ટ્રકચર ગોઠવી આપે તેવા નિષ્ણાંતો છે તો પછી ઢીલ, આળસ કે સંકોચ શા માટે ?

વિવિધ સંસ્થાઓ વિદ્યાસત્કાર સમારંભ કરે છે પણ આ દિશામાં પણ પહેલ જરૂરી છે. નવી પેઢીમાં પ્રતિભાઓ ખુબ છે માત્ર તેમને પ્રોત્સાહનની જરૂર છે.

વિશ્વકર્મા જયંતીએ આવા અનેક સંકલ્પો છે જે આપણે લઈએ અને સાકાર કરવા આજથી જ પ્રસ્થાન કરી શકીએ. ધર્મનું, શિક્ષણ, સંસ્કાર, વ્યવસાયનું રક્ષણ કરીએ. આગળ વધીએ. તો જ વિશ્વકર્મા જયંતીની ઉજવણી સાર્થક થાય.

◆ પ્રવિણ ગજ્જર

**નોંધ :** વિશ્વકર્મા વિશ્વમાં પ્રસિદ્ધ થતી વાંચનસામગ્રીનો અમારી પરવાનગી વગર ઉપયોગ કરવો નહીં નહીંતર કાયદેસરના પગલા લેવાશે તેની નોંધ લેવી. - **તંત્રી**

વિશ્વકર્મા જયંતી વિશેષાંક

# અનુક્રમણિકા...


વિશ્વકર્મા વિશ્વ

૧. વિશ્વકર્મા જયંતી ............ બાબુભાઈ આર. મિસ્ત્રી ............ ૭
૨. ડગલેને પગલે દાદાનો સાથ ............ નટુભાઈ ગજ્જર ............ ૧૦
૩. શ્રી વિશ્વકર્મા દાદાનો હુન્નરી અને દસ્તકારી વર્ગને વિરાટ વારસો ..... શાંતિભાઈ ખોડદીયા ............ ૧૭
૪. ભગવાન વિશ્વકર્માનું સ્વરૂપ ગજ ............ જયંતીભાઇ શાસ્ત્રીજી ............ ૧૮
૫. વિશ્વકર્માનું કલા કૌશલ્ય ............ નટવર આહલપરા ............ ૨૦
૬. શ્રી વિશ્વકર્મા પ્રભુએ આપેલ દષ્ટિ વિદ્યા ............ બાબુભાઈ મેવાડા ............ ૨૨
૭. આયુર્વેદ ક્ષેત્રે નવી આશા ડો. મિત એ. ખારેચા(વ્યકિત વિશેષ) .... સમતા ભાડેશીયા ............ ૨૪
૮. લોકહૃદયમાં સ્થાન પામના ફિલ્મ 'લાલો'ને કેમેરામાં કંડારનાર આપણા શુભમ ગજ્જર ............
............ પ્રવીણ ગજ્જર ............ ૨૯
૯. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની કળા, કારીગરી અને કૌશલ્ય પર શું અસર થશે ? ............
............ લલિત બી. ખંભાયતા ............ ૩૨
૧૦. ભારતીય પુરાતન સ્થાપત્ય અને નૃત્ય–શિલ્પ કળાનો સમન્વય.... કિરીટ બી. ત્રિવેદી–નિમિત ...... ૩૪
૧૧. વર્ચસ્વ કોનું વધારે સ્ત્રીનું કે પુરૂષનું ? (હાસ્ય વિશ્વ) ............ પલ્લવી જીતેન્દ્ર મિસ્ત્રી ............ ૪૧
૧૨. ધમકી(હાસ્ય વિશ્વ) ............ અનિલ કે. ખારેચા ............ ૪૪
૧૩. યુવાની – સમજદારી કે નાદાની (વાર્તા વિશ્વ) ............ જયોતિ ગજ્જર ............ ૪૫
૧૪. રંજ (વાર્તા વિશ્વ) ............ ભરત સુરેલિયા ............ ૪૭
૧૫. મુસ્કાન (વાર્તા વિશ્વ) ............ શીતલ બી. ભાડેશીયા ............ ૫૭
૧૬. શ્રેષ્ઠ પ્રાર્થના (વાર્તા વિશ્વ) ............ કે. રાજ ............ ૫૯
૧૭. કાવ્ય વિશ્વ ............ ૬૧
૧૮. માનવજીવન માટે આશીર્વાદ રૂપ પદ્ધતિ એટલે યોગ ............ કિરણ હિતેષ બકરાણીયા ............ ૬૩
૧૯. ગુજરાતી ગજ્જર સુતાર સમાજનો સંદેશ ............ જયેન્દ્રભાઇ ગજ્જર ............ ૬૪
૨૦. એ શું કહેશે ? ............ કોમલ દિપેન બકરાણીયા ............ ૬૯
૨૧. પ્રેમ : અઢી અક્ષરનો મહાસાગર ............ ભાવિન કથ્રેચા ............ ૭૦
૨૨. રાજકોટની બિઝનેસ સ્કુલમાં ધંધાર્થીઓને વેપાર–ઉદ્યોગમાં આગળ વધારવાના પાઠ ભણાવતા ............
દિપેશભાઇ ગોહેલ ............ જયંતીભાઇ નગેવાડીયા ............ ૭૩
૨૩. સમાચાર વિશ્વ ............ ૭૫
૨૪. કિચન તડકા : સ્વીટ કોર્ન સ્પેશ્યલ વાનગીઓ ............ શુભદા ભટ્ટી ............ ૧૦૦


કુલ પાના : ૧૦૪

વિશ્વકર્મા જયંતી વિશેષાંક 23 વર્ષમાં મંગલ પ્રવેશ

# વિશ્વકર્મા જયંતિ



• બાબુભાઈ આર. મિસ્ત્રી



સૃદષ્ટિના આદિ ભગવાન તરીકે શ્રી વિશ્વકર્મા ઓળખાય છે. વિશ્વકર્માના પિતા આઠમા વસુપ્રભાસ ઋષિ હતા. વિશ્વકર્માની પત્નીનું નામ વિરોચના દેવી હતું, તેઓ પ્રહલાદનાં પુત્રી હતાં. જ્યારે તેમની માતા દેવગુરૂ બૃહસ્પતિની બહેન યોગસિદ્ધિ હતી. શ્રી વિશ્વકર્મા પુત્રનુ નામ વિશ્વરૂપ હતું જેનો ઈન્દ્રએ વધ કરેલો, ત્યારબાદ વિશ્વકર્માદાદાએ પોતાના મુખ માંથી પાંચ પુત્રો ઉત્પન કર્યા હતાં. વિશ્વકર્માના પાંચ પુત્રો, ૦૧) મનુઃ લુહાર ૦૨) મયઃ સુથાર ૦૩) ત્વષ્ટાઃ કંસારા કામ કરનાર ૦૪) શિલ્પીઃ કડિયાકામ કરનાર અને ૦૫) દેવજ્ઞઃ સોની. વળી વાસ્તુ તેમનો દત્તક પુત્ર હતો. વિશ્વકર્માએ વાસ્તુ દ્વારા શ્રી વિશ્વકર્મા પ્રકાશ, સ્થાપત્ય દેવ જેવા મહામૂલ્ય ગ્રંથોની રચના કરાવી હતી.

વિશ્વકર્મા દાદા, આર્ય વાસ્તુપરંપરાના પ્રથમ આચાર્ય. વિશ્વકર્મા શિલ્પાચાર્ય તરીકે ઓળખાય છે. ભગવાન નરનારાયણના અંશાવતાર તરીકે તેમની ગણના થાય છે. આથી શ્રી વિશ્વકર્માના પ્રાકટ્યને કોઈ જાણી શક્યું નથી. વિશ્વકલ્યાણના અર્થે વિશ્વકર્માએ અનેક અવતાર ધારણ કરેલા છે. એમ મનાય છે કે શ્રી વિશ્વકર્મા પ્રભાસમાં સોમનાથથી પ્રગટ થયા હતા. મહાભારત પ્રમાણે તેઓ લાવણ્યમયીના ગર્ભમાંથી ઉત્પન્ન થયા હતા. વિશ્વકર્મા દેવોને તુષ્ટ કરવા પ્રગટ થયા હોવાથી તેઓ ત્વષ્ટા તરીકે પણ ઓળખાયા. પ્રાચીન ગ્રંથોમાં તેઓ બ્રહ્માંડની રચનાનો શ્રેય વૈદિક દેવતા છે, અને પછીની પૌરાણિક કથાઓમાં, તેઓ દેવતાઓ માટે આકાશી શહેરો અને શસ્ત્રો ડિઝાઇન કરવા માટે જાણીતા છે. ભગવાન વિશ્વકર્મા હિન્દુ ધર્મમાં બ્રહ્માંડના દિવ્ય શિલ્પી અને ઈજનેર છે, જેમને કારીગરો, કારીગરો અને ઈજનેરોના આશ્રયદાતા દેવતા તરીકે પૂજનીય છે.

ઋગ્વેદ તેમને પરમ બ્રહ્મનું સ્વરૂપ કહે છે. તેઓ જ સૂર્ય અને પૃથ્વીને આકાર આપનારા, આકાશ અને દિશાઓને સ્વરૂપ આપનારા છે. આ એક વૈદિક દેવતા છે. તેમનું એક નામ ત્વષ્ટા છે. ઋગ્વેદોના તેમને પૃથ્વી, જળ અને પ્રાણીના નિર્માતા માનવામાં આવ્યા છે. બધા જ દેવતાઓનું નામકરણ પણ તેમણે જ કર્યું હતું. વિશ્વકર્માએ વાસ્તુવિદ્યા સ્વયં બ્રહ્મા પાસેથી પ્રાપ્ત કરી હતી. તેઓ દેવોના સ્થપતિ હતા.

**વિશ્વકર્મા પૂજા વિધિઃ**

શાસ્ત્રોમાં વિશ્વકર્મા પૂજાનું વિશેષ મહત્ત્વ છે. વિધિ સાથે ભગવાન વિશ્વકર્માની પૂજા કરવામાં આવે છે. આ દિવસે સવારે સ્નાન કર્યા પછી સ્વચ્છ કપડાં પહેરી દીવો કરીને ભગવાન વિશ્વકર્માને તિલક લગાવીને પૂજાનો આરંભ કરો, અને ભગવાન વિશ્વકર્માનું ધ્યાન ધરો. પૂજા સ્થળ સાફ કરીને ગંગાજળ છાંટો. એક બાજઠ પર પીળા રંગનું કપડું પાથરો અને તેના પર કંકુથી સ્વસ્તિક દોરો.

**વિશ્વકર્માની પત્નીનું નામ વિરોચના દેવી હતું, તેઓ પ્રહલાદનાં પુત્રી હતાં. જ્યારે તેમની માતા દેવગુરૂ બૃહસ્પતિની બહેન યોગસિદ્ધિ હતી. શ્રી વિશ્વકર્મા પુત્રનુ નામ વિશ્વરૂપ હતું જેનો ઈન્દ્રએ વધ કરેલો, ત્યારબાદ વિશ્વકર્માદાદાએ પોતાના મુખ માંથી પાંચ પુત્રો ઉત્પન કર્યા હતાં.**

ભગવાન શ્રીગણેશનું ધ્યાન ધરીને તેમને પ્રણામ કરો. ત્યાર પછી સ્વસ્તિક પર ચોખા અને ફૂલ અર્પણ કરો, હવે તે બાજઠ પર ભગવાન વિષ્ણુ અને ભગવાન વિશ્વકર્માની પ્રતિમા સ્થાપિત કરો. પૂજા દરમિયાન ૐ વિશ્વકર્મણે નમઃ મંત્રનો જાપ કરો. ત્યારપછી ભગવાન વિશ્વકર્માની આરતી કરીને પ્રસાદનું વિતરણ કરો. વિશ્વકર્માના જન્મદિવસની ઉજવણી કરનારાઓમાં, તે બે દિવસે અલગ અલગ નામોથી ઉજવવામાં આવે છે, વિશ્વકર્મા પૂજા, આ પ્રસંગ દર વર્ષે ૧૭ અને ૧૮ સપ્ટેમ્બરના રોજ મનાવવામાં આવે છે. ગુજરાતમાં વિશ્વકર્માનો મહિમા વિશેષ છે. કર્માનું વિશાળ મંદિર ઓગણજના રસ્તે આવેલું છે. દર અમાસે અમાસવ્રતધારી અમાસ ભરવા અહીં આવતા હોય છે. આ ઉપરાંત વિશ્વકર્માની વિશાળ પ્રતિમા ઈલોરા ગુફા નં. ૧૦માં આવેલી છે. શિલ્પીઓ અને સલાટોનું તે તીર્થસ્થળ છે.

**વિશ્વકર્માની ટોચની ૧૦ રચનાઓઃ**

રાવણ માટે લંકા શહેર, પાંડવો માટે ઈન્દ્રપ્રસ્થ શહેર, કૃષ્ણ માટે દ્વારકા શહેર, અપ્સરાઓ તિલોત્તમા, સ્વર્ગ (સ્વર્ગ), શિવની ત્રિશુલા (ત્રિશૂલ), વિષ્ણુનું સુદર્શન ચક્ર (ચર્ચા), ઈન્દ્રનું વજ્ર (વર્જના), પુષ્પક વિમાન, પુરીમાં જગન્નાથ અને ભાઈ–બહેનની મૂર્તિઓ.

**વિશ્વકર્માના આર્કિટેક્ચરના અજાયબીઓ. વિશ્વકર્માની રચનાઓ સુપ્રસિદ્ધ છેઃ**

- સતયુગમાં – સ્વર્ગ બનાવ્યું.
- ત્રેતાયુગમાં – સુવર્ણ લંકા
- દ્વાપર યુગમાં – દ્વારકા શહેર
- કળિયુગમાં – હસ્તિનાપુર અને ઈન્દ્રપ્રસ્થ

અન્ય મહાન કાર્યોમાં નીચેનાનો સમાવેશ થાય છેઃ

- ઈન્દ્ર માટે ઈન્દ્રપુરી.
- યમરાજ માટે યમપુરી.
- વરુણ માટે વરુણપુરી.
- કુબેર માટે કુબેરપુરી.

તેણે દૈવી શસ્ત્રો પણ બનાવ્યાઃ

- ભગવાન શિવનું ત્રિશુલ.
- ભગવાન વિષ્ણુનું સુદર્શન ચક્ર.
- ભગવાન ઈન્દ્રનું વજ્ર.

આ વિના, દેવતાઓનો દુષ્ટતા પર વિજય અશક્ય હોત. તેમણે પુષ્પક વિમાન, દેવતાઓ અને દાનવોનો ઉડતો રથ પણ બનાવ્યો. શહેરોથી મહેલો સુધી, યંત્રોથી શસ્ત્રો સુધી, વિશ્વકર્માના હાથે બધું જ આકાર આપ્યો.

પુરાણોમાં વિશ્વકર્માના પાંચ સ્વરૂપોનું વર્ણન છે, આ પણ સમજવાનો પ્રયાસ કરીયેઃ

૦૧) વિરાટ વિશ્વકર્મા– બ્રહ્માંડના સર્જક

૦૨) ધર્મવંશી વિશ્વકર્મા– કારીગરીના મહાન સર્જક અને પ્રભાતના પુત્ર.

૦૩) આંગિરવંશી વિશ્વકર્મા– વાસુ, મૂળ વિજ્ઞાન સર્જકના પુત્ર.

૦૪) સુધન્વ વિશ્વકર્મા– મહાન શિલ્પાચાર્યના પૌત્ર, વિજ્ઞાનના પ્રણેતા, અતાવી ઋષિ.

૦૫) ભૃંગુવંશી વિશ્વકર્મા – ઉત્તમ કારીગર (શુક્રાચાર્યના પૌત્ર)

શાસ્ત્રોમાં ભગવાન વિશ્વકર્માની પૂજાનું ખૂબ મહત્વ છે. એવી માન્યતા છે કે જે ઘરો, કારખાનાઓ અને ઔદ્યોગિક સંસ્થાઓમાં ભગવાન વિશ્વકર્માની પૂજા કરવામાં આવે છે ત્યાં માતા લક્ષ્મીનો કાયમી નિવાસ રહે છે. તેમજ આવી સંસ્થાઓ સદૈવ નફો કરતી રહે છે.

આપ સૌને મારી નમ્ર વિનંતી છે કે, કૃપા કરીને બધાને આપણા વિશ્વકર્મા દાદા વિશે નીચે સંક્ષેપમાં જણાવેલ વિગતો વાંચવાનું કહો. શ્રી વિશ્વકર્માદાદા આ સૃષ્ટિના આદિ ભગવાન કહેવાય.

- તેઓ દેવોના શિલ્પી અને શિલ્પશાસ્ત્રના કર્તા છે.
- ૮ પ્રકારની જુદી જુદી સિધ્ધીઓના પિતા છે.
- ૧૪ વિદ્યાઓ અને ૬૪ જુદી જુદી કળાઓના જ્ઞાતા છે.

વિશ્વકર્માદાદા સર્વે દેવોના આચાર્ય તેમજ પુરોહિત પણ છે.

વિશ્વકર્માદાદા અસ્ત્ર–શાસ્ત્રોના જન્મદાતા છેઃ

- બ્રહ્માને શકિત.
- કૃષ્ણને સુદર્શન ચક્ર.
- વિષ્ણુનું ધનુષ.
- ઈન્દ્રને કવચ.
- શિવને ત્રીશુલ.
- દેવો માટે આભુષણ.
- દેવો માટે પુષ્પક વિમાન.

વિશ્વકર્માદાદા ગૃહ નિર્માણના પણ કર્તા હર્તા હતાઃ

- કૃષ્ણ માટે દ્વારકા શહેર,
- રાવણને મહેલ–લંકાનગરી .
- ઈન્દ્રની અમરાવતી.
- પાંડવો માટે ઈન્દ્રપ્રસ્થનો મહેલ,
- કાશીપુરી, વૃન્દાવન વગેરે.

– કાર્તિકેયના ભાલા

– સીતા હરણ વખતે લંકાપ્રવેશ માટે રામસેતુની રચનામાં જે નલ સક્રિય રહ્યા તે વિશ્વકર્માદાદાના અંશ હતા.

વિશ્વકર્મા ભગવાનના લગ્ન પ્રહલાદની પુત્રી વિરોચના દેવી સાથે થયા હતા અને તેઓને પાંચ પુત્રીઓ અને એક પુત્ર હતો.

– પહેલી અને બીજી દીકરી, સિધ્ધી અને બુદ્ધીના લગ્ન પ્રથમ પૂજયનીય શ્રી ગણેશજી સાથે થયા હતા. એમના દાંપત્ય જીવનના ફળ રૂપે

– શુભ અને લાભ, બે પુત્રો હતા.

– ત્રીજી પુત્રી ના લગ્ન સૂર્ય દેવતા સાથે થયેલા.

– ચોથી પુત્રી ઉર્જસ્વતીના લગ્ન શુક્ર સાથે થયેલા.

અને

– પાંચમી પુત્રી પદ્માના લગ્ન મનુજી સાથે થયેલા.

એવા આપણા ઈષ્ટદેવતા શ્રી વિશ્વકર્માદાદાને કોટી કોટી.....કોટી..... વંદન.....વિશ્વકર્મા જયંતીના પાવન પ્રસંગે આપણે સૌ સમાજના સર્વાંગી વિકાસ માટે કટિબદ્ધ બની આદર્શ સમાજની કલ્પનાને સાકાર કરીયે તેવી આશા સાથે વિશ્વકર્મા સમાજના તમામ બંધુઓને શુભકામના.

નિષ્કર્ષ: (CONCLUSION):

વિશ્વકર્મા પૂજા આપણને શીખવે છે કે શ્રમ જ પૂજા છે. જો ખેડૂત ખેડાણ ન કરે, તો ખોરાક નથી. જો સુથાર લાકડાને આકાર ન આપે, તો ઘરો બનાવી શકાતા નથી. જો કોઈ ઈજનેર મશીનો કે પુલ ડિઝાઇન ન કરે, તો સમાજ પ્રગતિ કરી શકતો નથી. તો મિત્રો, વિશ્વકર્મા પૂજા એ ફક્ત કોઈ દેવતાની પૂજા નથી – તે દરેક કામ કરતા હાથની, દરેક સાધનની અને દરેક મનની પૂજા છે જે શ્રમમાં આનંદ મેળવે છે. તેનો શાશ્વત સંદેશ સ્પષ્ટ છેઃ =ઈ શ્રમ એ સૌથી મોટો ધર્મ છે, અને સર્જન એ સર્વોચ્ચ ધ્યાન છે. આપણા ઈષ્ટદેવતા શ્રી વિશ્વકર્માદાદાને કોટી... કોટી.. કોટી.. વંદન.. વિશ્વકર્મા જયંતીના પાવન પ્રસંગે આપણે સૌ સમાજના સર્વાંગી વિકાસ માટે કટિબદ્ધ બની આદર્શ સમાજની કલ્પનાને સાકાર કરીયે તેવી આશા સાથે વિશ્વકર્મા સમાજના તમામ બંધુઓને શુભકામના.

અને અંતે

ધર્મ–આસ્થાના સ્થાનોઃ

ઈલોરગઢ (મહારાષ્ટ્ર)ઃ શ્રી ઈલોરગઢ વાસી વિશ્વકર્મા દાદાનું સ્થાનક.

વિશ્વકર્મા સંકુલ,અમદાવાદઃ ઈલોરગઢ વાસી શ્રી વિશ્વકર્મા દાદા ની પાદુકા સ્થાપિત કુટિર.

મહેસાણાઃ વિશ્વકર્મા ધામ.

હું શ્રીરામનો વંશજ છું.

# અફસોસ (લઘુકથા)

એક રોજ જગત બંગલા આગળના બગીચામાં તાજાં ખીલેલાં પુષ્પો સાથે જાણે કૈંક વાર્તાલાપ કરી રહ્યો હતો ત્યારે જ ખિસ્સામાં રહેલો મોબાઈલ રણક્યો, સર! ફેક્ટરીમાં આગ લાગી ગઈ છે. તમે તરત જ અહીં આવો... બધું બળીને ફોન કટ થઈ ગયો. જગત તાબડતોબ ફેક્ટરીએ પહોંચ્યો. જુએ છે તો બધું બળીને ભસ્મ થઈ ગયું હતું! લાયબંબાની વ્હીસલો જાણે કે દુઃખનો આર્તનાદ અને ભયનો માહોલ ખડો કરી રહી હતી. સમય સાથે સંઘર્ષ કરીને સાહસી બનેલો જગત નિરાશ થઈને ઘરે આવ્યો. દુઃખમાં ભાગીદાર બનવા સૌ પડોશીઓ બંગલે એકઠાં થયાં. બેટા! જે વસ્તુ પૈસાથી ખરીદી શકાતી હોય તેનો અફસોસ કરવો નહીં – એક માજીએ આશ્વાસન આપતાં કહ્યું. માજીના આ શબ્દો સાંભળતાં જ જગતની નજર દીવાલ પર ટીંગાડેલા ફોટા પર થીજી ગઈ

દીકરીનો સંસાર સુખી જોવો હોય તો મુરતિયો આપણાથી અમીર નહિ, થોડો ગરીબ ઘરનો જોવો – વડીલોની વાતને ગ્રાહ્ય રાખી જીવણભાઈએ પોતાની દીકરી વિશ્વાનું વેવિશાળ શરીરે હૃષ્ટપુષ્ટ, સાહસી અને બુદ્ધિશાળી જગત સાથે કર્યું. સારું મૂરત જોઈ દીકરીના હાથ પીળા કર્યા. નસીબ રાજ કરાવે ને ભીખ પણ મંગાવે, કુદરતને કરવું ને ચમત્કારનું થવું એમ વિશ્વા જાણે કે જગતના જીવનમાં લક્ષ્મી સ્વરૂપે ચાંલ્લો કરવા આવી! જોતજોતામાં જગતનું જીવન બદલાઈ ગયું! એક સમયે બે ટંકનું ભોજન મળવું એક ઈતિહાસ ગણાતો એ જગત આજે કુબેરના ખજાનાનો જાણે માનીતો બની ગયો હતો!

લગ્ન થયાના બે વર્ષો બાદ આંગણાને ઉજળું કરવા ને કિલકારીઓથી ગુંજતું કરવા ભગવાને શેર માટીની ખોટ પૂરી. કોણ જાણે કેમ સુખની છોળો વચ્ચે વિશ્વાનું શરીર દુઃખની ગર્તામાં ડૂબી રહ્યું હતું. શહેરના નામી ડૉક્ટરોની સારવાર લીધી, પરંતુ દિનપ્રતિદિન સુધારાને બદલે...

**- કેશવ સુથાર**

# ડગલેને પગલે દાદાનો સાથ



● નટુભાઈ ગજ્જર

તેમના ચાર પુત્રો પૈકી ત્રણ આ કામ માટે ગયા પરંતુ એક પુત્ર ન ગયો. ઈન્દ્રના કામ માટે ગયેલા ત્રણ પુત્રો સફળતાપૂર્વક પોતાનું કામ કરવા લાગ્યા પરંતુ જે પુત્ર ગયો ન હતો તેને શંકા થઈ કે મારા ત્રણ ભાઈઓ તો સફળતાથી કામ પાર પાડશે, તેમને યશ પણ મળશે પરંતુ મારી પાસે આ વિદ્યા છે કે નહીં તેની ખાતરી શું ?

''દાદા મંત્ર યુગ એટલે શું ?''નાનો નિલય તેના દાદાને પૂછી રહ્યો હતો.

દાદા કહે,'' બેટા એક જમાનો હતો કે જ્યારે સમાજમાં ગુરુ તેમજ દૈવી શક્તિ ધરાવતી વ્યક્તિઓને એક વિદ્યા ઉપલબ્ધ હતી જેને કારણે

તેઓ  જ્યારે ઈચ્છે ત્યારે તે પ્રમાણે નું સર્જન કરી શકતા .આ શક્તિઓ તેઓ પોતાના અનુયાયીઓને પણ આપતા અને તેઓ પણ આ પ્રકારનું સર્જન કરી શકતા. વિશ્વકર્મા પુરાણમાં આ વાત આવે છે –દાદાએ પોતાના પુત્રોને એક વિદ્યા આપી હતી જેને આલોચ વિદ્યા તરીકે ઓળખવામાં આવતી હતી. આ વિદ્યાના પ્રતાપે દાદાના પુત્રો કલ્પનાને આધારે સર્જન કરી શકતા હતા.

''તો પછી આ વિદ્યા હવે કેમ ઉપલબ્ધ નથી ?'' નિલયે પૂછ્યું.

તે સમયે એક એવો પ્રસંગ બન્યો કે જેને કારણે આ વિદ્યાનો અંત આવ્યો.

ઈન્દ્ર રાજાને પોતાના સિંહાસનનું નવ નિર્માણ કરવાની ઈચ્છા થઈ ત્યારે વિશ્વકર્મા દાદાએ પોતાના પુત્રોને આ કામ કરવા મોકલ્યા, તેમના ચાર પુત્રો પૈકી ત્રણ આ કામ માટે ગયા પરંતુ એક પુત્ર ન ગયો. ઈન્દ્રના કામ માટે ગયેલા ત્રણ પુત્રો સફળતાપૂર્વક પોતાનું કામ કરવા લાગ્યા પરંતુ જે પુત્ર ગયો ન હતો તેને શંકા થઈ કે મારા ત્રણ ભાઈઓ તો સફળતાથી કામ પાર પાડશે, તેમને યશ પણ મળશે પરંતુ મારી પાસે આ વિદ્યા છે કે નહીં તેની ખાતરી શું ?

શંકા આફત નોતરે છે. તેની શંકાએ ખાતરી કરવા માટે આ માટે વિદ્યાનો પ્રયોગ કર્યો પરંતુ તે એક ક્ષતિયુક્ત પ્રયોગ હતો જેને કારણે કેટલાંય નિર્દોષ પશુ પક્ષીઓને તકલીફ સહન કરવી પડી. વિશ્વકર્મા દાદાને જ્યારે તેની જાણ થઈ ત્યારે તેમણે પોતાના પુત્રોને આપેલી વિદ્યા પરત લઈ લીધી પરિણામે સિંહાસનનું કામ કરવા ગયેલા પુત્રો પોતાના કામમાં નિષ્ફળ જવા લાગ્યા અને તેથી દાદા પાસે પરત આવ્યા અને પૂછ્યું,'' દાદા આમ કેમ થયું?

દાદા એ કહ્યું,'' મેં તમને આલોચ વિદ્યા આપી હતી તે મેં પાછી ખેંચી લીધી છે.''

''પરંતુ કેમ?''

દાદાએ કહ્યું ,''તમારામાંથી કોઈ એક પુત્રએ આ વિદ્યાનો દુરુપયોગ કર્યો છે અને તેને કારણે કેટલાંય નિર્દોષ પશુ પક્ષીઓ તકલીફમાં મુકાયાં છે તેથી આજથી આ વિદ્યા લુપ્ત થઈ.''

''પરંતુ આમાં અમારો શું વાંક?''

ત્રણેય પુત્રો  કરગરી પડ્યા.

દાદાએ કહ્યું ,''હવે આ વિદ્યાનો લોપ થયો છે આજથી નવા યુગનો આરંભ થશે તમે કામ તો આવું જ કરી શકશો પરંતુ તે માટે  ત્રણ બાબતની જરૂર પડશે''

"કઈ ?"

દાદાએ કહ્યું ,"સંકલ્પ, સહકાર અને મહેનત."

પુત્રો કહે," કંઈ સમજાયું નહીં ."

દાદા કહે,"કોઈ પણ કામ કરવાનો સંકલ્પ તમારે કરવો પડશે, સહકાર માટે અન્યને પ્રેરણા હું આપીશ પરંતુ સંકલ્પની સફળતા માટે મહેનત તો તમારે જ કરવી પડશે."

તે દિવસથી મંત્ર વિદ્યાનો અંત આવ્યો .

"દાદા આ બીજી વાત કેવી રીતે માનું? આનો કોઈ પુરાવો ખરો ?"

દાદા કહે," હા બેટા પરંતુ વાત લાંબી છે ચાલ આપણે વિશ્વકર્મા મંદિરે જઈએ ત્યાં ઓટલા પર બેસીને હું આ વાત તને સમજાવીશ."પછી બંને મંદિરના ઓટલે ગયા અને દાદાએ વાત આગળ ચલાવી.

**ગાંધીનગરમાં રહેતા પ્રેમચંદ નામના એક વિશ્વકર્મા પુત્રને વિચાર આવ્યો કે રાજ્યના પાટનગરમાં સૃષ્ટિના સર્જનહારને સ્થાન જ ન હોય તે કેમ ચાલે? હું આ શહેરમાં દાદાનું મંદિર બનાવીશ, હું આ શહેરમાં વિશ્વકર્મા પ્રભુની યાદ તાજી કરાવીશ,**

આ ગાંધીનગરમાં રહેતા પ્રેમચંદ નામના એક વિશ્વકર્મા પુત્રને વિચાર આવ્યો કે રાજ્યના પાટનગરમાં સૃષ્ટિના સર્જનહારને સ્થાન જ ન હોય તે કેમ ચાલે? હું આ શહેરમાં દાદાનું મંદિર બનાવીશ, હું આ શહેરમાં વિશ્વકર્મા પ્રભુની યાદ તાજી કરાવીશ, તેણે સંકલ્પ તો કર્યો અને તે માટે પ્રયત્નો પણ શરૂ કર્યા પરંતુ તેની મર્યાદા સફળતાની આડે આવતી હતી તેથી તેણે પ્રભુને પ્રાર્થના કરી.

દાદાએ કહ્યું," જા આ શહેરમાં ભગવાનના નામની વ્યક્તિઓ રહે છે તું તેમનો સંપર્ક કર તેઓ તને સફળ થવામાં મદદ કરશે."

પ્રેમચંદ તેમની પાસે ગયો .મહેશ નામની એક વ્યક્તિએ તેને કહ્યું," ચિંતા ના કર તારો સંકલ્પ એ મારો સંકલ્પ છે હવે આ કામ હું કરીશ."

મહેશે પેલા સંકલ્પને સફળ બનાવવાની દિશામાં પ્રયત્નો શરૂ કર્યા. તેણે વિચાર્યું કે આ કામ બહુ અઘરું છે ત્યારે તેને દાદાના પેલા શબ્દો યાદ આવ્યા "મદદ હું કરીશ."

પોતાના કામની સફળતા માટે વિચાર કરતાં મહેશને જણાયું કે સૌથી પહેલી જરૂરિયાત તો જમીનની છે અને આ ગાંધીનગરમાં જમીન લેવી કેવી રીતે?

તેણે તપાસ કરી કે ગાંધીનગરમાં ધાર્મિક સ્થળો માટે રાહત દરે જમીન આપવામાં આવે છે, તેણે અરજી તો કરી પણ પછી જાણકારી મળી કે હવે આ પ્રથા બંધ થઈ ગઈ છે.

"શું કરવું?"તે મુંઝાયો.

મહેશે પોતાના એક મિત્રને આ મુશ્કેલી જણાવી તેને તેનો સાથ મળ્યો. પેલા મિત્રએ અધિકારીઓને કહ્યું ત્યારે જવાબ મળ્યો આ શક્ય નથી સરકાર હવે કોઈને રાહત દરે જમીન આપવાની નથી નિર્ણય લેવાઈ ગયો છે આમાં કંઈ થઈ શકે તેમ નથી.

"પરંતુ સાહેબ તમે ના શા માટે કહો છો આ એક સારું કામ છે સહાય કરવા પ્રયત્ન તો કરો. સાહેબ હકારાત્મક બન્યા અને ફાઈલ મંત્રીશ્રી પાસે ગઈ.

"પછી? દાદા પછી શું થયું?"

પછી તો મહેશ તેના બે સાથીદારોને લઈને મંત્રીશ્રી પાસે ગયો તેણે જઈને મંત્રીશ્રીને કહ્યું, "સાહેબ અમારે મંદિર માટે જમીન જોઈએ છે."

"ના ભાઈ ના હવે ગાંધીનગરમાં કોઈને રાહત દરે જમીન નથી આપવાની તેવું મેં અગાઉની ફાઈલમાં લખી દીધું છે."મંત્રીશ્રી એ કહ્યું.

"પરંતુ સાહેબ અમારે તો ધાર્મિક હેતુ માટે જમીન જોઈએ છે."

"જે હોય તે .આવી ફાઇલ નહિ મુકવા મેં સૂચના આપી દીધી છે."

"સાહેબ મંજૂરી માટેની ફાઈલ તમારી પાસે આવી છે."

"એ શક્ય નથી."

"પરંતુ આવી છે સાહેબ."

તેમણે તપાસ કરી તો ફાઈલ ખરેખર તેમની પાસે આવી હતી.

ખૂબ દલીલ થઈ પરંતુ સાહેબ માનવા તૈયાર જ નહોતા.

છેવટે દાદાએ તેમનામાં પ્રવેશ કર્યો અને તેમનાથી બોલાઈ ગયું, " એમ કરો એક મોટો પ્લોટ ફાળવીએ અને તેમાં બધા જ દેવોની મૂર્તિ મૂકીએ જેને પોતાના દેવનાં દર્શન કરવાં હોય તે કરે."

"સાહેબ અમારે તો વિશ્વકર્મા મંદિર માટે સ્વતંત્ર પ્લોટ જોઈએ છે."

ફરી પાછી ચર્ચા લંબાઈ. સામસામી દલીલો વધી. દાદાએ મંત્રીશ્રીના મનમાં પ્રવેશ કર્યો અને તે બોલ્યા,

''કેટલી જમીન જોઈએ છે?''

પ્રતિનિધિઓએ કહ્યું,''એક હજાર ચોરસ મીટર.''

''ના ભાઈ ના, સચિવશ્રીએ પણ પાંચસો ચોરસ મીટર માટે ભલામણ કરી છે હું તો બસોથી વધારે આપવા તૈયાર નથી.''

નિરાશાના વાતાવરણમાં પ્રતિનિધિઓ એ છેલ્લો પ્રયાસ કર્યો.

''સાહેબ તમે ગાંધીનગર એક નવું શહેર બનાવ્યું છે કે નહીં?''

મંત્રી શ્રી કહે, 'હા.'

''આપણે નવું મકાન બનાવીએ ત્યારે વાસ્તુ કરીએ છીએ કે નહીં?''

મંત્રી શ્રી કહે,''હા.''

આ વાસ્તુ એ વિશ્વકર્માનો પુત્ર છે .જો સામાન્ય મકાનની રચના વખતે આપણે તેમના પુત્રની સ્થાપના કરતા હોઈએ તો આ તો નવા શહેરની રચના કરી છે તો તેના પિતાની સ્થાપના તો કરવી જોઈએ- તમારે જે કામ કરવું જોઈએ તે અમે કરવા તૈયાર છીએ.''

મંત્રીશ્રી ચર્ચા ને અંતે માની ગયા અને કેબિનેટમાં નિર્ણય લઈ આઠસો ચોરસ મીટર જમીન મંજૂર કરાવી.

દાદાએ પ્રથમ સોપાનમાં સહાય કરી.

''ત્યારબાદ તો કામ શરૂ થયું હશે ને?'' નિલયે પૂછ્યું .

''ના બેટા ના ,સંકલ્પ પૂરો કરવામાં અવરોધો તો આવ્યા જ કરે.

રાહત દરે મંજુર થયેલી જમીનની કિંમત રૂપિયા ૨.૨૦ લાખ હતી જે જેતે સમયે ઘણી મોટી હતી, ગજા બહારની વાત હતી અને તેટલી રકમ ઉભી કરવી તે એક મોટો પડકાર હતો.

''શું વાત ત્યાં અટકી ગઈ?'' નિલયની જીજ્ઞાસા વધી.

''ના, ગાંધીનગરના ઈન્કવાયરીમાં કામ કરતા જ્ઞાતિબંધુઓએ આ કામ ઉપાડી લીધું . સેક્ટરે સેક્ટરે ફરી તેમણે જ્ઞાતિબંધુઓનાં સરનામાં એકઠાં કર્યા પછી તો કાર્યકર્તાઓની એક ટીમ કામે લાગી ગઈ અને સારી એવી રકમ ભેગી કરી. આમ છતાં છેલ્લી તારીખે કંઈક ખૂટતું હતું તે પણ દાદાએ કોઈની પાસેથી અપાવ્યું.''

બેંકમાં પૈસા ભરવા ગયા ત્યારે જાણ થઈ થોડી નાનકડી રકમ ખૂટે છે સાથે આવેલા એક ભાઈ પોતાને ઘેર જઈ ગલ્લામાં ભેગા કરેલા પૈસા લઈ આવ્યા. બેંક બંધ થવાનો સમય હતો, પૈસા ભરવાની છેલ્લી તારીખ હતી ,ત્યારે બેન્કના કેસીયરે કહી દીધું કે હું પરચુરણ નહીં લઉં . મારી પાસે તે ગણવાનો સમય નથી, ત્યારે પણ એક અજાણી વ્યક્તિ મદદે આવી અને પૂછ્યું કે શું તકલીફ છે. તેને જાણ કરવામાં આવી કે અમારે પરચુરણને બદલે નોટો જોઈએ છે. પેલા ભાઈએ તરત જ પોતાની પાસેની નોટો આપી દીધી અને બાકીની રકમ ભરાઈ ગઈ.

**ત્યારબાદ મંદિર માટેના નકશા તૈયાર કર્યા. અંદાજો બનાવ્યા ત્યારે ફરી જણાયું સપનું સાકાર કરવાનું અધરૂં છે, નાની મોટી રકમ આવતી રહે છે તેનાથી કામ ચાલુ કરવાનું શક્ય નથી. દાદાએ આફ્રિકાથી એક ભાઈ ને મોકલ્યા.**

હાથમાંથી સરકી જતી જમીન મેળવવાનું શક્ય બન્યું. દાદાએ જાણે કે સંકેત આપ્યો આગળ વધો પૈસાના અભાવે કોઈ પણ સારું કામ અટકતું નથી, હું છું ને.

ત્યારબાદ મંદિર માટેના નકશા તૈયાર કર્યા. અંદાજો બનાવ્યા ત્યારે ફરી જણાયું સપનું સાકાર કરવાનું અઘરૂં છે, નાની મોટી રકમ આવતી રહે છે તેનાથી કામ ચાલુ કરવાનું શક્ય નથી. દાદાએ આફ્રિકાથી એક ભાઈ ને મોકલ્યા. તેમણે કહ્યું એક લાખ રૂપિયા હું આપીશ પરંતુ મંદિરનું કામ ચાલુ કરો.

પછી એક કોન્ટ્રાક્ટર ભાઈ આવ્યા કહે ,''કામ શરૂ કરો જેમ જેમ સગવડ થાય તેમ તેમ પૈસા આપજો. અને મંદિર બંધાયું.

હિંમતનગરના એક ભાઈ આવ્યા તેમણે કહ્યું '' આ મંદિરમાં દાદાની મોટી મૂર્તિની સ્થાપના કરો, મૂર્તિના પૈસા હું આપીશ.''

મુંબઈથી ગાંધીનગર આવેલા એક જ્ઞાતિબંધુએ પણ એક લાખ રૂપિયા આપ્યા જે જેતે સમયે ઘણી મોટી રકમ હતી.

યુવાવર્ગ તૈયાર થયો અને ઈલોરગઢથી જ્યોત લાવ્યા દાદાની પધરામણી કરી .પ્રાણ પ્રતિષ્ઠા કરી.

પ્રેમચંદનો સંકલ્પ દાદાએ આપેલી સહાય અને તેમના પુત્રોએ કરેલી મહેનતને કારણે સફળ થયો ,દાદાના પુત્રોને પ્રેરણા આપી ગયો.

''બેટા આ મંદિરમાં જે મૂર્તિ છે તે માત્ર મૂર્તિ નથી પ્રેરણામૂર્તિ છે, દાદાએ આપેલ આલોચવિદ્યાના વિકલ્પનું પ્રતિક છે -સંકલ્પ કરો, પરિણામ હું આપીશ - પરંતુ પ્રયત્ન તો તમારે જ કરવો પડશે.

# વિશ્વકર્મા જયંતિ નિમિત્તે આપ સૌને હાર્દિક શુભકામના



**: શુભેચ્છક :**

સુનિલ ગજ્જર - ૯૮૨૪૨ ૧૦૯૧૦

જીજ્ઞેશ સંચાણિયા - ૯૮૯૮૦ ૧૦૯૧૦

INNOVATIVE
mould works

Plot No. 1 to 4, Survey No. 35/2/7, After Shri Raj Castech, NH-27, Pipaliya Gundasara Road, Village Pipaliya, Rajkot-360311. Gujarat (INDIA). M: +91 982 421 0910
E : sunil@imould.co.in | W : imould.co.in


# જ્ઞાતિના સર્વે ભાઈ-બહેનોને
# વિશ્વકર્મા જયંતીની હાર્દિક શુભેચ્છા...



# શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ
# જામખંભાળીયા

'વિશ્વકર્મા બાગ', સ્ટેશન રોડ, જામ-ખંભાળીયા,
જી. દેવભૂમિ દ્વારકા.૩૬૧૩૦૫

## કાર્યવાહક સમિતિ

|  |  |  |  |  |  |  |
|---|---|---|---|---|---|---|
| પ્રમુખ : | ઉપપ્રમુખ : | માનદમંત્રી : | ખજાનચી : | સહમંત્રી : | સભ્ય : | સભ્ય : |
| શ્રી મુકેશભાઈ ડાયાલાલ સુરેલીયા | શ્રી અજયભાઈ નંદલાલભાઈ વધાડીયા | શ્રી જયંતીભાઈ સવજીભાઈ સુરેલીયા | શ્રી નિલેશભાઈ વિરજીભાઈ દુધૈયા | શ્રી પ્રફુલભાઈ જેન્તીલાલ પનારા | શ્રી ભરતભાઈ પરમાણંદભાઈ સંચાણીયા | શ્રી રવિભાઈ જેન્તીભાઈ વોરલીયા |

### : નિયામક સમિતિ :

શ્રી ઠાકરશીભાઈ ગોરધનભાઈ વડગામા
શ્રી સુંદરજીભાઈ દેવજીભાઈ સુરેલીયા
શ્રી લાલજીભાઈ સવજીભાઈ વધાડીયા

### : શિક્ષણ સમિતિ :

શ્રી મનિષભાઈ હેમતભાઈ મેસવાણીયા
શ્રી હિતેશભાઈ કિશોરભાઈ દુધૈયા
શ્રી કપિલભાઈ અમરશીભાઈ બોરાણીયા
શ્રી પરેશભાઈ મોહનભાઈ પંચાસરા
શ્રી પ્રતિકભાઈ જીતેન્દ્રભાઈ અંબાસણા
શ્રી પ્રશાંતભાઈ અશોકભાઈ વડગામા
શ્રી ચિરાગભાઈ મુકેશભાઈ વડગામા
શ્રી ધવલભાઈ સુરેશભાઈ વડગામા
શ્રી હેમલભાઈ પ્રકાશભાઈ દુધૈયા
શ્રી બિમલભાઈ ભરતભાઈ સંચાણીયા

### : મીડિયા પ્રભારી :

શ્રી કપિલભાઈ અમરશીભાઈ બોરાણીયા
શ્રી મિલનભાઈ મહેશભાઈ ભારદીયા

### : મંદિર સમિતિ :

શ્રી લાલજીભાઈ સવજીભાઈ વધાડીયા
શ્રી જયંતીભાઈ સવજીભાઈ સુરેલીયા
શ્રી નીશુલભાઈ કિશોરભાઈ દુધૈયા
શ્રી કૌશિકભાઈ હસમુખભાઈ સુરેલીયા
શ્રી પ્રકાશભાઈ નાથુભાઈ સુરેલીયા
શ્રી રસિકભાઈ ધરમશીભાઈ વધાડીયા
શ્રી રવિભાઈ જેન્તીભાઈ વોરલીયા

### : સંસ્થા દ્વારા ચાલતી પ્રવૃત્તિઓ :

શ્રી વિશ્વકર્મા જયંતી મહોત્સવ
જ્ઞાતિજનો માટે મેડીકલ સહાય
જ્ઞાતિના વિદ્યાર્થીઓને શિક્ષણ માટે સહાય
આદર્શ લગ્ન • હિન્દુ ધાર્મિક તહેવારોની ઉજવણી

### : ભોજન વ્યવસ્થાના કાર્યકરો :

શ્રી મુકેશભાઈ મોહનલાલ સુરેલીયા
શ્રી અમુભાઈ ગીરધરભાઈ પીસાવડીયા
શ્રી સુભાષભાઈ ધરમશીભાઈ વધાડીયા
શ્રી મનીષભાઈ હેમંતભાઈ મેસવાણીયા
શ્રી હિતેશભાઈ કિશોરભાઈ દુધૈયા
શ્રી મનોજભાઈ કલ્યાણજીભાઈ દુધૈયા
શ્રી દિપકભાઈ ઠાકરશીભાઈ વડગામા
શ્રી હિરેનભાઈ તુલશીભાઈ વધાડીયા
શ્રી ચેતનભાઈ નંદલાલભાઈ વધાડીયા
શ્રી ભાવેશભાઈ હેમંતભાઈ મેસવાણીયા
શ્રી દિપકભાઈ અમુભાઈ પિસાવડીયા
શ્રી ધવલભાઈ સુરેશભાઈ વડગામા
શ્રી ચિરાગ રાજુભાઈ વડગામા

# વિશ્વકર્મા જયંતીની સર્વે જ્ઞાતિજનોને
# હાદિક શુભેચ્છા...



# AUSTIN ENGINEERING CO. LTD.

ISO/TS 16949-2009 Company

**Manufacturers of all types of Ball & Roller Bearings**
**( Widest range in India, above 5000 Varieties )**

**= IMPORT SUBSTITUTES IS OUR SPECIALITY =**

**Registered Office & Works:**
**Village: Patla, Taluka: Bhesan, District. Junagadh 362 030 (Gujarat)**






**website : www.aec.com**



Award Winning Design Studio
INDIA'S BEST DESIGN PROJECT 2024
INDIA'S BEST DESIGN PROJECT 2025
sagraphic.in
sagraphic®
strategic design solutions
PNP
pouchnpack
Packaging
Graphics
Print Media
Motion
INDIA'S BEST DESIGN PROJECT 2025
GAVYAMART A2 GHEE PACKAGING
SA GRAPHIC
INDIA'S BEST DESIGN AWARDS
DESIGN INDIA
INDIA'S BEST DESIGN PROJECT 2024
INDIA'S BEST DESIGN AWARDS
DESIGN INDIA
3 Nominations
& recognization by
PrintWeek AWARDS
1 Design & Pre-Press Service Provider of the Year
2 Best Innovative Printer of the Year
3 Paper Base Innovative Printer of the Year (PET/PVC)
306, Sorath Plaza, Bhaktinagar Station Plot, Rajkot - 02.
+91 98250 44944

# શ્રી વિશ્વકર્માદાદાનો હુન્નરી અને દસ્તકારી વર્ગને વિરાટ વારસો

## "Worthwhile Legacy" of Shri Vishvkarma Dada to their Descendants



● **શાંતિભાઈ ખોડદીયા**

મહાસુદ તેરસ-સવંત ૨૦૮૨ તારીખ ૩૧/૦૧/૨૬ના મંગલદિને (શ્રી વિશ્વકર્મા-વંશજ કે જે સુંદર શિલ્પકલા કસબ કૌશલ્ય નો આશિષવંત છે, તેવા નિર્માણ પ્રતિક) શ્રી વિશ્વકર્માદાદાની જન્મજયંતિનો આ મહાપર્વ ત્વરાથી સમીપ આવી રહ્યો છે. શ્રી વિશ્વકર્માવંશજ આ શુભદિનને દાદા પ્રતિ કૃતજ્ઞતા અભિવ્યક્ત કરવા અને અધિક આશિષ અર્થે દાદાની હૃદયના ગહન ભાવથી પૂજા-અર્ચના કરે છે. શ્રી વિશ્વકર્મા-વંશજ આ અવસર પર સંપૂર્ણતઃ દાદામય હોય છે. ઉલ્લાસ અને ઉમંગ ના ધોડાપૂરના તાદ્રશ્ય દર્શન થાય છે. શ્રી દાદાએ અતુલ્ય ઓજારની ભેટ આપી વંશજને પુરુષાર્થ અને બેનમૂન સર્જનનો સંદેશ આપ્યો છે.દાદા કહે છે

'આળસુ અને અસમર્થ વંશજ નસીબ,ચમત્કાર અને અંધશ્રધ્ધાનો ભોગ અવશ્ય બને જ. Luck is always last refuge of laziness incompetence.

'આળસુ માણસ કામચોર હોય છે અને જો કામ કરે તો પણ એ મંથર ગતિએ જ કરે છે. બહાના, વાયદા અને ડીંગ એ એનો ખજાનો બની જાય છે. એટલે દાદાએ વંશજોને સર્જનમાં મશગુલ રહેવાનો અને નિયમિતતા પાલન કરવાનો કથન-કરણી દ્વારા બોધ આપેલ છે. 'સુંદર છે. કોને બનાવ્યું ?' આ સવાલ તમારા કસબ અને સર્જન માટે પૂછાવો જ જોઈએ. શ્રી વિશ્વકર્માદાદા નિર્મિત કૈલાસ, વૈંકુઠ, સ્વર્ગ સદન, પહાડો, ઝાડ, ઈન્દ્રપૂરી, દ્વારકાનગરી વગેરે આદિકાળથી લોકજીભે છે. જે સૌ વંશજોને કલામાં પૂર્ણતાવાદી રહેવાનો સંદેશ આપે છે. શ્રી વિશ્વકર્મા-વંશજ શિક્ષિત અને દિક્ષિત હોવો જોઈએ.--Be educated accomplished--. અશિક્ષિતિ વંશજ તેની કલાને પૂર્ણતઃ ખીલવવામાં જોઈએ એટલો સફળ રહેતો નથી, તેથી દાદાએ હાથમાં પુસ્તક ધારણ કરી વંશજોને શિક્ષણ અને અધ્યનનની શીખ આપી છે.



દાદાના અઢળક બેનમૂન સર્જન છતાંય તેમને અહંકાર ક્યાંય પ્રદર્શિત કરેલ નથી. તો તમે ગમે તેટલા માહિર કારીગર હો પણ તેને અહંકારનો લુણો ન લાગવા દેશો. "Ego is your own enemy, it will ruin you your craftmanship-" દરેક પગલે નવું શીખવાનું મળતું જ હોય છે.

સામાજિક ક્ષેત્રે પણ દાદાએ તેમના સંતાનોને તેમના વ્યવહારથી ઉત્તમ પૈગામ આપવાનો પ્રયત્ન કરેલ છે. તેમની આત્મજા માઁ રાંદલને સૂર્ય સાથે પરણાવેલ છે. સૂર્ય અતિ ગરમ અને કઠોર હોવા છતાંય દાદાએ તેમની પુત્રી માટે સૂર્ય પર પસંદગી ઉતારી કેમકે સૂર્ય પુરુષાર્થી અને કર્મયોગી છે. તો તમારી પુત્રી માટે ચમક-દમકને નહી, પરંતું યુવકના સદગુણોને પ્રાધાન્ય આપો. આ દાદાની અણમોલ સલાહ છે. એથી આગળ રાંદલ જ્યારે રિસામણે આવે છે. ત્યારે કારણોમાં જતા દાદાને લાગ્યું કે આ રીસમાં પુત્રી તર્કહીન અને વ્યવહારહિન છે તેથી પુત્રીનો પક્ષ ન લીધો અને સ્વગૃહે પરત ફરવાનો આદેશ આપેલ જેને લીધે પુત્રીનું ગૃહસ્થજીવન બચી ગયેલ. તો તમારા પરિવારમાં આવું બને ત્યારે આંધળુકિયા મોહાંધ બની તમારા સંતાનનો પક્ષ લેતા પહેલા સત્યતા તપાસી નિર્ણય લેજો. ધણો અનર્થ અટકી જશે. અને સામાજિક વ્યવસ્થા બરકરાર રહેશે. આત્મહિત કરતા સર્વહિતને કેન્દ્રમાં રાખવાનો દાદાની સંદર્શિકા છે. બ્રહ્માંડના દરેક નિર્માણ દાદાએ સર્વે માટે કર્યા છે. દાદાનો આલિશાન મહેલનો ઉલ્લેખ ક્યાંય જોયો નથી. પરમસુખ (Bliss) માટેનો આ અક્સિર અને જાદુઈ માર્ગ છે. દાદાએ કર્તવ્યનિષ્ઠ રહી સ્વેદબિંદુ વહાવી કમાણી કરવાનું કહ્યું છે અને સાથે સાથે ૧૬ અણુજા પાળવાનો ખાસ આગ્રહ રાખ્યો છે. (વિશ્રામ-Relaxation) ઓજારો જે તમારી આજિવિકા ફળોપજ નું સાધન છે. તેનું પૂજન ક્યારેય ન ભુલાય તેની કાળજી રાખવા દાદાએ નિર્દેશ કરેલ છે. અનૈતિક અને અણહકનું ધન ત્યજ્ય ગણવા વંશજોને દાદાની સ્પષ્ટ હિદાયત છે.

કોયલનું રૂપ એના સ્વરમાં, મોર નું સોંદર્ય એની કળામાં, સિંહની ક્ષમતા એની ડણકમાં, અને વંશજોનું મૂલ્ય તેના શ્રેષ્ઠ કસબમાં છે.

વિશ્વકર્મા જયંતી વિશેષાંક 23 વર્ષમાં મંગલ પ્રવેશ

# ભગવાન વિશ્વકર્માનું સ્વરૂપ ગજ



• જયંતીભાઈ શાસ્ત્રીજી



ભગવાન વિશ્વકર્માજી એ પોતાના પુત્રો જે જગતના જીવો ને અભાવોની પૂર્તિ કરવા માટે – જગતના જીવોને સુખની પ્રાપ્તિ કરાવવા માટે સંકલ્પ વિદ્યા પ્રદાન કરેલી.

સંકલ્પ વિદ્યા ભગવાને શ્રાપિત કરી. ત્યારે ભગવાનના પુત્રો મનુ, મય, ત્વષ્ટ્રા, શિલ્પી અને દૈવજ્ઞની પ્રાર્થનાથી કલા અને સર્જન માટે – ઓજાર (હથિયાર) અર્પણ ક્ર્યા હતા. અને છેલ્લુ હથિયાર 'ગજ' આપેલ અને ભગવાન બોલ્યા આ 'ગજ' મારૂ સુક્ષ્મ સ્વરૂપ જ માનજો આના વગર નિર્માણ પૂર્ણ નહીં થઇ શકે. આ 'ગજ'માં મારો જ વાસ છે. આ ગજનું પુજન અવશ્ય કરજો હું સદાય આમા નિવાસ કરીશ. જેની પાસે 'ગજ' હશે. એની કલા વરસે અને સદૈવ સમૃદ્ધ રહેશે.

આ 'ગજ'નો સંક્ષિપ્ત મહિમાનું વર્ણન વિશ્વકર્મા પ્રગટ દિવસ નિમિત્તે પ્રભુ કૃપાથી વર્ણવું છું.

આપણે ત્યાં ચાર યુગની કલ્પના કરવામાં આવી છે. આ ચારેય યુગમાં ગજ અલગ અલગ છે. અને એના નિર્માણ અલગ અલગ છે.

સતયુગમાં સોનાનો ગજ જેના વડે અમરાવતીનું નિર્માણ થયેલું. ત્રેત્રાયુગમાં ચાંદીનો ગજ જેના દ્વારા લંકાનું નિર્માણ થયેલું. દ્વાપરયુગમાં ચંદન અને વાંસનો ગજ એના દ્વારા દ્વારિકાનું નિર્માણ અને કલીયુગમાં લાકડા અથવા લોખંડનો ગજ જેના દ્વારા ૬૪ કલાઓનું સર્જન કાર્ય થશે. 'ગજ' ચાર ભાગમાં વહેંચાયેલ છે. 'ગજ'માં એક ઇંચ થી ૬ ઇંચ સુધીનો ભાગ સતયુગ ગણવામાં આવે છે. જેમાં મત્સ્ય, કચ્છપ, વારાહ અને નૃસિંહ અવતાર ગણાય છે. જે એક થી છ ઇંચની પુજા કારતક સુદ–નવમી બુધવાર અને શ્રવણ નક્ષત્રનો ચોરી બને ત્યારે કરવાથી વિશેષ ફળ–સિદ્ધિ મળે છે.

'ગજ'માં ૭ થી ૧૨ ઇંચ એ ત્રેત્રાયુગ ગણવામાં આવે છે જેના વામન, પરશુરામ અને રામ અવતારરૂપ ગણાય છે. વૈશાખ મહિનામાં અક્ષય તૃતિય સોમવાર રોહીણી નક્ષત્રના યોગમાં ૭ થી ૧૨ ઇંચ વાળા ભાગની વિશેષ પુજા ફળ આપનારી છે.

ગજમાં ૧૩ થી ૧૮ ઇંચ દ્વાપર યુગ માનવામાં આવે છે જેના કૃષ્ણ અને બુદ્ધ અવતાર સ્વરૂપ છે. મહા મહિનાની અમાસ, શુક્રવાર ધનિષ્ઠા નક્ષત્ર યોગ બને ત્યારે એની પુજા કરવાથી વિશેષ ફળદાયી છે.

'ગજ'માં ૧૯ થી ૨૪ ઇંચ કલિયુગ ગણવામાં આવે છે આમા કલ્કી અવતાર રૂપ

**આ 'ગજ'નો સંક્ષિપ્ત મહિમાનું વર્ણન વિશ્વકર્મા પ્રગટ દિવસ નિમિત્તે પ્રભુ કૃપાથી વર્ણવું છું. આપણે ત્યાં ચાર યુગની કલ્પના કરવામાં આવી છે. આ ચારેય યુગમાં ગજ અલગ અલગ છે. અને એના નિર્માણ અલગ અલગ છે.**

મનાય છે. ભાદરવા વદ તેરસ રવિવાર આશ્વલેષા નક્ષત્રનો યોગ બને ત્યારે એ પુજા વિશેષ ફળદાયી બને છે.

આ પ્રમાણે યુગ અને અવતારનું વર્ણન છે. આજ રીતે ૧ થી ૬ ઇંચ ઋગવેદ, ૭ થી ૧૨ યર્જુવેદ, ૧૩ થી ૧૮ ઇંચ સામવેદ અને ૧૯ થી ૨૪ ઇંચ અર્થવવેદરૂપે ગણવામાં આવે છે.

'ગજ'માં ચોવીસ ઇંચ પર અલગ અલગ દેવનું સ્વરૂપ ગણવામાં આવે છે. નીચે મુજબનું વર્ણન છે.

૧ ઇંચ મહાદેવ, ૨ ઇંચ વાયુ, ૩ ઇંચ વિશ્વદેવ, ૪ ઇંચ અગ્નિ, ૫ ઇંચ બ્રહ્મા, ૬ ઇંચ સૂર્ય, ૭ ઇંચ ઇન્દ્ર, ૮ ઇંચ યમ, ૯ ઇંચ વિશ્વકર્મા, ૧૦ ઇંચ અષ્ટવસુ, ૧૧ ઇંચ ગણપતિ, ૧૨ ઇંચ વરૂણ, ૧૩ ઇંચ કાર્તિક, ૧૪ ઇંચ ઇચ્છાદેવી, ૧૫ ક્રિયાદેવી, ૧૬ ઇંચ જ્ઞાન, ૧૭ ઇંચ કુબેર, ૧૮ ઇંચ ચંદ્રમાં, ૧૯ ઇંચ, જય, ૨૦ ઇંચ વસુદેવ, ૨૧ ઇંચ બલભદ્ર, ૨૨ ઇંચ કામદેવ, ૨૩ ઇંચ વિષ્ણુ, ૨૪ ઇંચ શેષ.



આ પ્રમાણે દેવના સ્વરૂપ ગણવામાં આવ્યા છે. ગજ પુજન વખતે આ મુજબ દેવ આહવાન પુજા કરવી જોઇએ.

આ ઉપરાંત દરેક બીજા ઇંચ પર નીચે મુજબ વર્ણન કરવામાં આવ્યું છે.

૨ ઇંચ વિશ્વામિત્ર, ૪ ઇંચ મનુ, ૬ ઇંચ કશ્યપ, ૮ ઇંચ આત્મા, ૧૦ ઇંચ લક્ષ્મી, ૧૨ ઇંચ ધર્મ, ૧૪ ઇંચ પાપ, ૧૬ ઇંચ પુણ્ય, ૧૮ ઇંચ યશ, ૨૦ ઇંચ અપયશ, ૨૨ ઇંચ લાભ, ૨૪ ઇંચ હાનિ.

આજ રીતે ગજના ઇંચમાં રાશિ ચક્રનો વાસ ગણવામાં આવ્યો છે. આપણે ત્યાં ૧૨ રાશિ ગણવામાં આવે છે. નીચે ગણના નીચે મુજબ છે.

૧-૨ ઇંચ મેષ, ૩-૪ ઇંચ વૃષભ, ૫-૬ ઇંચ, મિથુન, ૭-૮ ઇંચ કર્ક, ૯-૧૦ ઇંચ સિંહ, ૧૧-૧૨ ઇંચ કન્યા, ૧૩-૧૪ તુલા, ૧૫-૧૬ ઇંચ વૃશ્ચિક, ૧૭-૧૮ ઇંચ ધન, ૧૯-૨૦ ઇંચ મકર, ૨૧-૨૨ ઇંચ કુંભ, ૨૩-૨૪ મીન.

આ મુજબ રાશિ ગણના ગજમાં કરવાની હોય છે. પોતાની નામ રાશિ મુજબના અંક પર સંકલ્પ કરવાનો હોય છે.

આ ઉપરાંત આપણા ૬ શાસ્ત્રની કલ્પના 'ગજ'ના ઇંચ પર કરવામાં આવી છે. દર ૪ ઇંચ પર એક શાસ્ત્ર ગણવામાં આવે છે.

૧ થી ૪ ઇંચ વૈશેષિક, ૫ થી ૮ ઇંચ સાંખ્ય, ૯ થી ૧૨ ઇંચ યોગ, ૧૩ થી ૧૬ ઇંચ ન્યાય, ૧૭ થી ૨૦ ઇંચ પૂર્વમીમાંસા, ૨૧ થી ૨૪ ઇંચ ઉત્તર મીમાંસા.

એ જ રીતે વેદાંગની ગણના કરવામાં આવી છે જે નીચે મુજબ છે.

૧ થી ૪ ઇંચ છંદ, ૫ થી ૮ ઇંચ કલ્પ, ૯ થી ૧૨ ઇંચ જયોતિષ, ૧૩ થી ૧૬ ઇંચ નિરૂક્ત, ૧૭ થી ૨૦ ઇંચ, શિશ્રા, ૨૧ થી ૨૪ ઇંચ વ્યાકરણ

આ ઉપરાંત ગજમાં નવ ગ્રહ, સાત વાર, નક્ષત્ર પ્રહર વગેરેની અદભુત ગણનાઓ આપવામાં આવી છે. આ ગજ જગત પિતા વિશ્વકર્માનું સુક્ષ્મ સ્વરૂપ માનવામાં આવે છે.

બ્રહમાંડના તમામ પરિબળોને ગજમાં ભગવાન વિશ્વકર્માએ સમાવિષ્ટ કર્યા છે જેને સમજપૂર્વક નિર્માણ કર્તા સમજીને ઉપયોગ કે તો એ જીવનના તમામ સુખોને પ્રાપ્ત કરે છે.

ગજને અકલ કલાનો જનક માનવામાં આવે છે ગજ વગર કલાપૂર્ણ થતી નથી.

આજના યુગમાં ગજની જગ્યાએ મેજરટેપનો માપવામાં ઉપયોગ થાય છે. જે પણ ગજ સમકક્ષ જ ગણાય.

દરેક વિશ્વકર્મા વંશજ કલા-સાધકે ગજ પુજા અવશ્ય કરવી જોઇએ જેના વડે વિશ્વકર્મા ભગવાનની કૃપા પ્રાપ્ત થાય છે.

ગજ દરેક વર્ણ માટે અલગ અલગ છે. બ્રાહણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર માટે ગજ ત્રણ પ્રકારના માનવામાં આવ્યા છે. ઉત્તમ-મધ્યમ અને કનિષ્ઠ અથાત ત્રણ પ્રકારે ગજનું નિર્માણ કરવામાં આવે છે. ઉતમ ગજ યંત્ર રૂપ બનાવી એની પુજા કરવામાં આવે છે. શાસ્ત્રીય રીતે ગજ ૨૪ ઇંચ નિર્માણ કરવામાં આવે છે આજ રીતે ૩૬ ઇંચનો ગજ પણ નિર્માણ કરવામાં આવે છે.

ગજનો મહિમા અપાર છે પ્રભુ કૃપાથી પ્રસાદરૂપ આ રીતે ગજ નિર્માણ એનો મહિમા સંક્ષિપ્તમાં આપ સૌ સમક્ષ મુકવામાં આવ્યો છે. વધુ ચર્ચા સમય અવકાશે ફરીથી કયારેક કરીશું.

આપ સૌન વિશ્વકર્મા પ્રગટ દિવની બધાય અભિનંદન શુભકામના સાથે શુભ આશિર્વાદ.

વિશ્વકર્મા જયંતી વિશેષાંક
23
વર્ષમાં
મંગલ પ્રવેશ

# વિશ્વકર્માનું કલા કૌશલ્ય





● નટવર આહલપરા

**નારદજી, વિશ્વકર્માનો બનાવેલ આ મંડપ જોઈ ચક્તિ થઈ ગયા. નારદજી હજુ મંડપની અંદર ગયા ન હતા, પણ બહારથી જોયું તો મંડપની અંદર વિશ્વકર્માના બનાવેલા નારદજીને જોઈ ખુદ નારદજીને થયું. હું આ મંડપની અંદર પ્રવેશ કરીશ તો મને બનાવટી નારદ સમજીને બહાર કાઢી મૂકશે. આવું હતું શ્રી વિશ્વકર્માનું કલાકૌશલ્ય.**

શ્રી વાલ્મીકિ રામાયણમાં સુંદરકાંડમાં લખ્યું છે કે, શ્રી વિષ્ણુના આદેશથી સર્વ દેવો વાનર સ્વરૂપે અવતર્યા. ત્યારે શ્રી વિશ્વકર્મા પણ તલ નામના વાનરના સ્વરૂપે અવતર્યા હતા. જ્યારે શ્રી રામને સેના સહિત લંકામાં જવું હતું. ત્યારે સમુદ્ર ઊતરવા માટે આ નલ વાનરે રામેશ્વર પાસે સમુદ્ર પર પાજ બાંધી આપી જે સેતુબંધ કહેવાય છે તે વિશ્વકર્માનું કૌશલ્ય છે.

શ્રી શિવ મહાપુરાણનાં પાર્વતી ખંડમાં કથા આવે છે કે, રાજા હિમાચલે, પાર્વતીજીનો શિવજી સાથેના લગ્નનો મંડપ બનાવવા શ્રી વિશ્વકર્માને બોલાવ્યા હતા. આ મંડપનું વર્ણન કરતાં વેદવ્યાસ લખે છે. દશ હજાર યોજન વિસ્તારવાળો આ મંડપ અનુપમ હતો. આ મંડપમાં જળ ત્યાં જમીન, જમીન ત્યાં જળ એવું ભ્રમ ઉત્પન્ન કરનાર દશ્ય દેખાતું હતું. મંડપના દ્વાર ઉપર મહાલક્ષ્મીની એક વિશાળ મૂર્તિ બેસાડી હતી. સિંહ, સારસ, મોર અને મોહ પમાડનારી અનેક સ્ત્રીઓ ચીતરી હતી. મુખ્ય દરવાજા પાસે એક સુંદર નંદી ઊભો રાખ્યો હતો. આ વિશાલ મંડપમાં વિશ્વકર્માએ બધાં દેવો, ગાંધર્વો, ઋષિઓ, સિદ્ધો તથા પશુખંખીઓ અને ગરૂડ ઉપર બેઠેલા શ્રી વિષ્ણુ ચીતર્યા હતાં. જ્યારે શિવજીની જાન આવતી હતી ત્યારે શ્રી વિષ્ણુએ નારદજીને પહેલા મોકલ્યાં હતાં.

નારદજી, વિશ્વકર્માનો બનાવેલ આ મંડપ જોઈ ચક્તિ થઈ ગયા. નારદજી હજુ મંડપની અંદર ગયા ન હતા, પણ બહારથી જોયું તો મંડપની અંદર વિશ્વકર્માના બનાવેલા નારદજીને જોઈ ખુદ નારદજીને થયું. હું આ મંડપની અંદર પ્રવેશ કરીશ તો મને બનાવટી નારદ સમજીને બહાર કાઢી મૂકશે. આવું હતું શ્રી વિશ્વકર્માનું કલાકૌશલ્ય.

સ્કંદ પુરાણમાં એવી કથા છે કે, શિવજીએ પ્રસન્ન થઈ શ્રી વિશ્વકર્માને વચન આપ્યું હતું કે, જગતનું સર્વ વિજ્ઞાન તમારાથી જ જગતમાં પ્રસ્તુત થશે. તમે મારાંથી પણ મહાન છો. સમગ્ર શિલ્પકલાઓ કાષ્ટકલાઓ, વિવિધ પ્રકારની ધાતુઓ તેની

નિર્માણ વિધિ, અનેક પ્રકારનાં પથ્થરમાંથી મણિઓના બધાં કાર્યો જાણશો. સર્વ પ્રકારનાં ખેતી કાર્યોને યંત્રો અને વીજળી, અગ્નિ, વાયુ, જળ અને પૃથ્વી, આ તત્ત્વોની શક્તિથી કાર્યો કરવાની રીત, અનેક પ્રકારનાં સુગંધિત ફૂલ, બીજા પદાર્થો, અનેક પ્રકારની ઔષધિઓ, યંત્રો, જળ, થલ અને આકાશમાં ચાલતાં વિચિત્ર આશ્ચર્યજનક વાહનો તમારાથી થાશે. અસ્ત્રશસ્ત્રોને મર્યાદિત કરવાના મંત્રો, વાવ, મોટા મોટા તળાવો તથા બાગ, અનેક પ્રકારના નગરો, ગામ, કિલ્લો, વિભિન્ન પ્રકારના માર્ગો, દુર્ગમ કિલ્લાઓ, યજ્ઞો, માટે વિવિધ પ્રકારના મંડપો, દેવતાઓની મૂર્તિઓ, મંદિર નિર્માણ કાર્યો, આપ શિલ્પકર્મના એક બીજા બ્રહ્મા થાશો. મારાં ત્રીજા નેત્રથી જે જગતને હું દેખું છું, તે તમોને આપું છું. આપ સંસારના કલ્યાણ માટે કાર્યો કરશો.

શિવજી તરફથી મહાન આદેશ મેળવેલ શ્રી વિશ્વકર્માએ શિવજી માટે કૈલાસપુરી, કાશીપુરી અને ત્રિશૂળ બનાવી આપ્યું, બ્રહ્માને, બ્રહ્મપુરી તથઃ બ્રહ્મશસ્ત્ર બનાવી આપ્યું. શ્રી વિષ્ણુને વૈકુંઠપુરી, પાણવ નામનું ધનુષ, કૌમુદી નામની ગદા બનાવી આપ્યો. ઈન્દ્રને વજ્ર તથા કવચ અને અમરાપુરી બાંધી આપી. અગ્નિદેવને ગાંડીવ ધનુષ અને કોઈ દિવસ ખાલી ન થાય તેવો બાણનો ભાથો બનાવી આપ્યો. જે પાછળથી અગ્નિદેવે ગાંડીવ ધનુષ તથા ભાથો અને શત્રુથી નાશ ન પામે તેવો રથ, ખાંડવવન બાળતી વખતે અર્જુનને આપ્યાં. તેનો ઉલ્લેખ મહાભારતના આદિપર્વમાં છે.

> **શિવજી તરફથી મહાન આદેશ મેળવેલ શ્રી વિશ્વકર્માએ શિવજી માટે કૈલાસપુરી, કાશીપુરી અને ત્રિશૂળ બનાવી આપ્યું, બ્રહ્માને, બ્રહ્મપુરી તથઃ બ્રહ્મશસ્ત્ર બનાવી આપ્યું. શ્રી વિષ્ણુને વૈકુંઠપુરી, પાણવ નામનું ધનુષ, કૌમુદી નામની ગદા બનાવી આપ્યો.**

શ્રીમદ્ ભાગવત પુરાણમાં લખ્યું છે કે, દસમાં સ્કંધમાં ભગવાન શ્રીકૃષ્ણ, બલભદ્ર અને બધાં યાદવોને રહેવા માટે પશ્ચિમ સમુદ્રના બેટમાં શ્રી કૃષ્ણના આદેશથી 'દ્વારિકા' નામનું બહુમાળી તથા અટપટા વિચિત્ર બજારવાળું નગર શ્રી વિશ્વકર્માએ બનાવી આપ્યું. તે નગરની બાંધકામની રચના એવી ન હતી કે, અજાણી વ્યક્તિ અંદર પ્રવેશવાનો દરવાજો શોધી શકે તેમ ન હતો. દ્વાર કહાં ? દ્વાર કહાં ? કહીને પોકારતી હતી. એટલે નગરનું નામ નામદાર કહાં ?'નું અપભ્રંશ દ્વારકા પડી ગયું. નહિંતર નગરનું નામ 'કૃષ્ણસ્થલી' હતું.

ભગવાન વિશ્વકર્માએ જગતના કલ્યાણ અર્થે અનેક કાર્યો કર્યા છે. તે શિલ્પજ્ઞાન વિજ્ઞાનના ભંડાર છે. દેવ, દાનવ અને માનવ ને તેમણે તન, મન અને ધનથી સહાયતા કરી છે.

શ્રી વિશ્વકર્માના પુત્રો અને પુત્રીઓનો પણ પુરાણોમાં ઉલ્લેખ છે. તેમની પુત્રીઓ પૃથ્વીના મહાન સમ્રાટ રાજાઓની પત્ની હતી. તેમની એક પુત્રી સૂર્યની સાથે પરણાવી હતી. તેનાથી સૂર્યનો મહાન સૂર્યવંશ ચાલ્યો. બીજી એક પુત્રીથી રાજા પ્રિયવ્રતનો વંશ ચાલ્યો.

આમ રૈવતની પુત્રી રાજ્ઞી, પ્રભાતની પુત્રી પ્રભા અને ત્વષ્ટા એટલે વિશ્વકર્માની પુત્રી સંજ્ઞા આમ, સૂર્યને ત્રણ પત્નીઓ હતી. તેમાં સંજ્ઞા દેવીથી વૈવસ્વત મનુ, યમ નામના બે પુત્રો હતા. એક યમુના નામની પુત્રી હતી. યમ અને યમુના જોડકાં જન્મ્યા હતાં. મનુથી સૂર્ય વંશ ચાલ્યો. યમયમપુરીના રાજા જે મૃત્યુ દેવ કહેવાયા. યમુનાજી પૃથ્વી પર યમુના નામની નદીરૂપે પૃથ્વીને પાવન કરવા વહે છે.

વિશ્વકર્માને એક બીજી 'બર્હિષ્મતી' નામની પુત્રી હતી. તે પુત્રીને સ્વાયંભૂવ મનુના પુત્ર 'પ્રિયવ્રત' સાથે પરણાવી હતી. તેને દસ પુત્રો થયા હતાં. અને એક ઉર્જસ્વતી નામની પુત્રી થઈ હતી.

ભાગવતમાં લખ્યું છે કે, આ બર્હિષ્મતી એટલી પ્રેમાળ સ્વભાવની હતી કે, રાજા પ્રિયવ્રતને દરરોજ નિતનવાં હર્ષમાં રાખતી. તેથી પ્રિયવ્રત રાજાએ તેનું નામ નિત્યવધતો હર્ષ પાડ્યું હતું. તેનો મોટો પુત્ર અગ્નિધ અને તેના વંશમાં ઋષભદેવ અને તેનો પુત્ર ભરત. તેના નામ ઉપરથી દેશનું નામ ભારત પડ્યું. તેનો કુરુવંશ ચાલ્યો. તેમાં પાંડવો થયાં. આમ, આ વંશમાં મહાન પુરુષો થયાં.

ભગવાન વિશ્વકર્માને પુરાણોના કહેવા પ્રમાણે પાંચ પુત્રો હતાં. તેમનાં નામ આ પ્રમાણે છે : મોટો પુત્ર મનુ, ત્યાર બાદ મય, ત્વષ્ટા, દૈવજ્ઞ અને શિલ્પી, આમ પાંચ પુત્ર હતાં. 'વાસ્તુ' પણ વિશ્વકર્માનો માનસપુત્ર હતો. વિશ્વકર્મા જેમ સર્વ કાર્યો માટે શક્તિમાન હતાં. તેમ પુત્રો પણ સર્વ કાર્યોમાં શક્તિમાન હતાં. વિશ્વકર્માએ બધાં પુત્રોને જુદાં જુદાં કાર્યો વહેંચી આપ્યાં હતાં. જેથી કાર્યોની હરીફાઈ પુત્રોને કલેશના વમળમાં ફેંકી ન દે.

શ્રી વિશ્વકર્માએ મનુને અસ્ત્રોશસ્ત્રો બનાવવાનું કાર્ય સોંપ્યું. યમને કાષ્ઠને લગતું કાર્ય, રાજાઓના રથો તથા નવાં નવાં ભુવનોનું સુશોભન કાર્ય તથા સભા મંડપો બનાવવાનું સોંપ્યું હતું. ત્વષ્ટાને જીવનવહેવારમાં જરૂર પડતાં ધાતુના વાસણો બનાવવાનું કાર્ય સોંપ્યું.

વિશ્વકર્મા જયંતી વિશેષાંક

23

વર્ષમાં

મંગલ પ્રવેશ

# શ્રી વિશ્વકર્મા પ્રભુએ આપેલ દૃષ્ટિ વિદ્યા





● બાબુભાઈ મેવાડા

અમારે ઘેર એક મિસ્ત્રી કાકા આવ્યા હતા. આવતાની સાથે અમારા ઘરમાં દિવાલ પર એક ફોટો લટકાવેલ હતો તે જોઈને કહે, ‘આ ફોટો તો વાંકો છે.’

‘અમે લોકોએ ખૂબ ધારીને જોયુ તો ફોટો ખરેખર વાંકો હતો. અમને અત્યાર સુધી કેમ નહીં દેખાયો હોય !’

‘મિસ્ત્રી કાકાને જેમ ફોટો વાંકો દેખાયો તેમ જે લોકો ડીઝાઈનર અને આર્કિટેકટ હોય તેમને વસ્તુ બનાવ્યા પહેલા તે વસ્તુ બનાવ્યા પછી કેવી દેખાશે તેનો ખ્યાલ આવે છે, જોઈ શકે છે’

‘આવુ કેમ હશે ? આપણને ના દેખાય અને એમને દેખાય ? ’

‘આ એક વિદ્યા છે, તેને દૃષ્ટિ વિદ્યા કહેવામાં આવે છે. દરેક કલાકાર કારીગર અને વિશ્વકર્મા વંશજ પાસે આ વિદ્યા હોય છે.’

‘તેમને આ વિદ્યા કોણે આપી ?’

‘દૃષ્ટિ વિદ્યાએ વિશ્વકર્મા ભગવાન તરફથી તેમના વંશજો ને મળેલી ભેટ છે. દૃષ્ટિ વિદ્યા પહેલા વિશ્વકર્માએ તેમને આલોચ વિદ્યા આપી હતી. આલોચ વિદ્યામાં શ્રમથી નહીં પણ મનથી મનની ઈચ્છા મુજબ કામ થતું.’

‘તો આજે કેમ થતું નથી.’

‘તેનું કારણ છે’

ઈન્દ્ર રાજાને સ્વર્ગમાં તેમનું સિંહાસન સ્વર્ગને શોભે તેવું કરવાનું હતું. તેથી ઈન્દ્ર વિશ્વકર્મા પાસે આવેલા અને તેમના પુત્રોને સાથે લઈ જવાની વાત કરેલી.

વિશ્વકર્માના ચાર પુત્રો ઈન્દ્રની સાથે ગયેલા. એક પુત્રની ઈચ્છા હતી નહીં, તે ઈલોરગઢ પર જ રહયો અને તે એકલો પડયો એટલે જંગલમાં ફરવા ગયો. ફરતાં ફરતાં ગાઢ જંગલમાં આવી ગયો. માણસ એકલો પડે એટલે

**વિશ્વકર્માના ચાર પુત્રો ઈન્દ્રની સાથે ગયેલા. એક પુત્રની ઈચ્છા હતી નહીં, તે ઈલોરગઢ પર જ રહયો અને તે એકલો પડયો એટલે જંગલમાં ફરવા ગયો. ફરતાં ફરતાં ગાઢ જંગલમાં આવી ગયો. માણસ એકલો પડે એટલે અનેક વિચાર આવે, જાતજાતના તુકકા સુઝે, અનેક અખતરા કરવાનું મન થાય.**

અનેક વિચાર આવે, જાતજાતના તુકકા સુઝે, અનેક અખતરા કરવાનું મન થાય. તેને વિચાર આવ્યો કે વિશ્વકર્મા પ્રભુએ આલોચ વિદ્યા તો આપી છે પરંતુ હજુ સુધી તેની ચકાસણી તો કરી નથી.

આ વિદ્યા કેવી રીત અપનાવવી ? કામ કરશે કે નહીં ? વગેરે પ્રશ્નો થયા અને આલોચ વિદ્યાની ચકાસણી કરવાની ઇચ્છા થઇ તેથી જંગલમાં આલોચ વિદ્યાર્થી એક દુર્ગમકોટ તૈયાર કર્યો. આ દુગર્મકોટ (કિલ્લો) બધી બાજુથી બંધ અને મજબુત હતો. કોઇપણ બાજુ જવા-આવવા બારી કે દરવાજો તો રાખ્યો જ નહીં.



આ કોટની અંદર અસંખ્ય પશુ-પક્ષી હતાં, તેમને ખાવાનું કે પીવાનું મળે નહીં. બહાર નીકળી શકે નહીં, ઉડી શકે નહીં. ભૂખે તરસે ત્રાસી ગયાં. ચારેબાજુ બુમાબુમને રાડારાડ થઇ.

આ વાતની વિશ્વકર્મા દાદાને ખબર પડી.

વિશ્વકર્મા દાદાને ખ્યાલ આવ્યો કે મારા પુત્રે વિદ્યાની પરીક્ષા કરવા દુર્ગકોટ બનાવ્યો છે. પરંતુ તે સમજયા વિના બનાવ્યો છે.

'અધુરૂ જ્ઞાન અનર્થ સર્જે છે.'

દાદાએ તરત જ મંત્રથી દુર્ગકોટ દૂર કર્યો, પશુ પક્ષી મુકત થયા. અને પક્ષીઓ આકાશમાં ઉડવા લાગ્યા. પશુઓ દોડવા લાગ્યા. સૌએ હાશકારો અનુભવ્યો.

વિશ્વકર્મા દાદાએ વિચાર્યું કે, 'કોઇ પણ વિદ્યા કે હથીયાર સમજયા વિચાર્યા વગર ઉપયોગ કરવામાં આવે તો નુકશાન કરે છે. જેમ કે ડ્રાઇવીંગ શીખ્યા વિના કોઇ છોકરાને મોંઘી ગાડી આપવામાં આવે તો અનેક અકસ્માતો જ સર્જાય.

'આ વિદ્યા તો મહામૂલી છે.'

ખરે વખતે જ તેનો ઉપયોગ કરવાનો હોય છે. આ વિદ્યા મારા સંતાનો ને આપવા જેવી નથી. તેવું વિશ્વકર્માને લાગ્યું, અને દાદાએ બધા જ પુત્રો પાસેથી આલોચ વિદ્યા પાછી ખેંચી લીધી.

આલોચ વિદ્યા પાછી ખેંચી એટલે જે ચાર પુત્રો ઇન્દ્ર સાથે સ્વર્ગમાં ગયા હતા તેમના કામ પણ અટકી ગયા. તેઓ પૃથ્વી પર પરત આવ્યા.

વિશ્વકર્મા પાસેથી વાત જાણી, ખુબ જ નિરાશ થયા. તેઓએ કહ્યું, 'હે પ્રભુ અમારી તો કોઇ ભુલ નથી. એકની ભુલના કારણે અમને બધાને કેમ શિક્ષા કરો છો ? હવે તમે કહેશો તેમ કરવા અમે તૈયાર છીએ. કૃપા કરીને આ વિદ્યા અમને પાછી આપો. આ વિદ્યાર્થી તો અમે અમારૂ ગુજરાન ચલાવી શકત. સમાજમાં ઉંચા મસ્તકે મે જીવી શકત. અમારા કુટુંબનું ભરણપોષણ કરી શકત.'

'હવે અમારું શું થશે ? અમે શું કરીશું ?

પાંચેય પુત્રો પ્રભુને ખુબ જ કરગર્યા, માફી માગી પણ પ્રભુએ કહ્યું, 'આ વિદ્યા હવે પાછી તો આપી શકાય નહીં. પરંતુ તમે ચિંતા કરશો નહીં. તમારૂ હિત મારા હૈયે છે. તમને બીજી વિદ્યા આપુ છું.' જેથી તમે ગૌરવ ભેર જીવી શકશો.'

તમો જે કામ મનની ઇચ્છાથી કે મંત્રોથી કરવાના હતા તે કામ હવે હાથ વડે કરી શકશો.

આ રીતે શ્રી વિશ્વકર્મા પ્રભુએ તેમના સંતાનો એટલે કારીગર સમાજને આલોચ વિદ્યાની જગ્યાએ દૃષ્ટિ વિદ્યા આપેલ છે અને કારીગરો તે પ્રમાણે કામ કરે છે. કોઇ શિલ્પી પથ્થરમાંથી કે સુથાર લાકડામાંથી મૂર્તિ કોતરે ત્યારે કોતરણી કરતાં પહેલા તેના મનમાં મૂર્તિનું ચિત્ર દેખાય છે. મૂર્તિતો લાકડામાં કે પથ્થરમાં હતાં જ પણ તે ફકત કારીગરને જ દેખાય છે કારણ કે તેની પાસે દૃષ્ટિવિદ્યા હોય છે અને તે પ્રમાણે મૂર્તિ બને છે. પહેલાના જમાનામાં સુથારો અને કડિયા કોઇપણ જાતના પ્લાન, નકશા કે ડિઝાઇન વગર જ મકાનો અને હવેલીઓ બાંધતા હતા. તેમની દૃષ્ટિમાં તો મકાનનો આકાર તૈયાર થતો હતો. આજે પણ આર્કીટેકટ અને ડિઝાઇનરના મનમાં ચિત્ર ખડુ થાય તે મુજબ પ્લાન તૈયાર કરતા હોય છે. આ દૃષ્ટિ વિદ્યાને આભારી છે.

આ વિશ્વકર્મા પ્રભુની મોટી ભેટ છે.

જય શ્રી વિશ્વકર્મા દાદા

વિશ્વકર્મા જયંતી વિશેષાંક 23 વર્ષમાં મંગલ પ્રવેશ

# આયુર્વેદ ક્ષેત્રે નવી આશા ડૉ. મિત એ. ખારેચા

## વ્યક્તિ વિશેષ

- સમતા ભાડેશીયા

મોરબીના યુવા આયુર્વેદિક ડોક્ટર મિત એ.ખારેચાએ નવી દિશા અને દ્રષ્ટિ સાથે ચિકિત્સા ક્ષેત્રે કારકિર્દીની શરૂઆત કરી છે. સમાજ રોગમુક્ત બને તેવા સ્વપ્ન સાથે તેઓ આયુર્વેદ પદ્ધતિથી સારવાર આપી રહ્યા છે. જામનગરની પ્રતિષ્ઠિત ITRA (Institute of Teaching Research in Ayurveda)માંથી તેમણે BAMS ડિગ્રી ઉચ્ચ ટકાવારી સાથે મેળવી છે. માત્ર ડિગ્રી માટે નહીં, પરંતુ માનવસેવાના ભાવ અને આયુર્વેદ પ્રત્યેના ઊંડા લગાવથી તેમણે આ ક્ષેત્ર પસંદ કર્યું છે.હાલમાં તેઓ જામનગરની બરોડા હાર્ટ હોસ્પિટલ ખાતે સેવા આપેછે, આયુર્વેદ ડીગ્રી સાથે એલોપથી ના આધુનિક અનુભવ સાથે તેઓ યુવા ડોક્ટર તરીકે પોતાની આગવી ઓળખ ઉભી કરી શક્યા છે.

ડો. મિત માતા જુલીબેન તથા પિતા અનિલભાઈ ખારેચાના પુત્ર છે. અનિલભાઈ ખારેચા મોરબીમાં પ્લાયવુડ ની દુકાન ચલાવે છે અને સાથે સારા લેખક પણ છે. પરિવારથી મળેલા ઈમાનદારી, મહેનત અને સંસ્કારો ડો. મિતના વ્યક્તિત્વમાં સ્પષ્ટ દેખાય છે.



વિશ્વકર્મા વિશ્વ સાથેની વાતચીતમાં ડો. મિતે જણાવ્યું હતું કે ભવિષ્યમાં તેઓ મોરબીમાં શુદ્ધ આયુર્વેદ પદ્ધતિથી ચાલતું પંચકર્મ કેન્દ્ર, તથા ક્લિનિક સ્થાપી, હઠીલા અને દીર્ઘકાળીન રોગોથી પીડિત દર્દીઓને સારવાર આપી આરોગ્યપ્રદ જીવન તરફ લઈ જવા માગે છે. સાથે જ આજની યુવા પેઢીને આયુર્વેદ વિશે સાચી માહિતી પહોંચાડવા માટે માહિતીપ્રદ વિડિયો દ્વારા સ્વસ્થ અને રોગમુક્ત સમાજ બનાવવાનું તેમનું સ્વપ્ન છે.

ડો.મિત કારકિર્દીના પ્રારંભિક પડાવમાં હોવા છતાં તેમનુ સ્પષ્ટ વિઝન, શિસ્ત અને સેવાની ભાવના થકી તેઓ આવનારા સમયમાં માત્ર સફળ ડોક્ટર જ નહીં, પરંતુ અનેક દર્દીઓ માટે આશા અને વિશ્વાસનું એક પ્રતીક બનશે એવી વિશ્વકર્મા વિશ્વ તરફથી હાર્દિક શુભકામનાઓ.


SARASWATI ®
Mfg. SARASWATI Brand
Wood Working Machinery
SEW ™
Since 1969
SARASWATI
ENGINEERING WORKS PVT. LTD.
Mfg. SARASWATI Brand Wood Working Machinery
An ISO 9001 : 2015 Certified Company
Shantilal Sureliya : +91 98252 10767
Ravi Sureliya : +91 99250 30767
GST : 24ABICS5036Q1ZT | CIN : U29304GJ2022PTC131951 | PERMENANT SSI : 01563 (DT.: 17/05/1969)
CORPORATE OFFICE & UNIT - 1 : Shed No. 187, Tulsi Estate, Canal Road, Bagodara Highway, Changodar, AHMEDABAD - 382213 (Gujarat) INDIA
UNIT - 2 : Plot No. 3964, "U" Road, G.I.D.C., Phaese -3, Dared, JAMNAGAR - 361004 (Gujarat) INDIA
+91 97277 11288 saraswati@live.in saraswatisew.com

Niranter Pragati, Techknow Ki Sanskriti

निरंतर प्रगति, टेक्नो की संस्कृति।

Since 1971

# Techknow Products

Pradeep Bakrania
Cell: 9925510945

Biren Bakrania
Cell: 9825125406

**Brass Parts Machinery, M.S. Parts Machinery, S.P.M. Automatic Machine for non Ferrous Metal**



Hinges Slot M/c



Double Head Turming & Threesting M/c



Rod & Section Cutting M/c



Light Slotting M/c



Double Head Slotting M/c




Threading & Tapping M/c



Manual & Automatic Milling M/c



Number Panching M/c



Wire Draw M/c



Turning M/c

## P.M. PRODUCTS

Prashant Bakrania
Cell: 9925501439

B-4, Udhyognagar, Shanker Tekri, Jamnagar-361004.
Ph.: +91-288-2561668 / 2560699 | Email: techknow07@rediffmail.com

Manoj Bakrania
Cell: 9879173762

उपवन का अनुबंध, वचन से प्रतिबद्ध

UPVAN Ka Anubandh, Vachan Se Pratibaddh

# Upvan Products



P.L.C. BASED AUTOMATIC ROD CUTTING MACHINE

40 M.M. DIA x 80 M.M. LENGTH
(AS PER CUSTOMER REQUIREMENT)



CNC Servo-Type cutting machine

For all type of Section and Bar Cutting of Brass, Copper, and Aluminum and non ferrous metals



AUTOMATIC PNEUMATIC SECTION CUTTING MACHINE

40 M.M. HEIGHT x 60 M.M WIDTH
x 100 M.M. LENGTH DIA CAPACITY
(AS PER CUSTOMER REQUIREMENT)

Shwetank P. Bakrania
+91 95747 45198

Deshik B. Bakrania
+91 99784 48211

## Upvan Products

I- Road, Plot No. 4078 To 4081, Phase-III, Dared, Jamnagar-004 (Guj.)
Email: upvan07@rediffmail.com

Pratosh P. Bakrania
+91 77789 55198

Utkarsh M. Bakrania
+91 99784 48815

ANAND™

Better Technology

An ISO 9001-2008 Company

ANAND FABRICATION™

Marking The World With Happiness...

ROTARY AUTOMATIC HOT (EMBOSSING) MARKING MACHINE

Rameshbhai Solanki
93756 19771-2

The ANAND Rotary Automatic Hot Marking Machine is especially designed to plain Mark or color Mark all type of Polythylene Pipes, U.P.V.C. Pipe Linnig, Drip Irrigation Pipe, Rigid P.V.C. Pipes, P.V.C. / HDPE Wires / Cables, HDPE Section during extrusion Process, Models with SEQUENTIAL COUNTER and CODER are available.

## Special Features

- Easy to Operate and Maintain.
- Scop of Making 10 m. to 315 mm. Outside Diameter.
- Every One Meter Marking
- Brass Stereo & Metal Stereo
- Digital Counter and Display Provided.
- Characters (Stereo) Size Maximum 2.5mm to 8mm

**Manufactures :**
Marking Machine,
Scrap Grinding Machine
Cutter Machine,
Plastic Machinery



AF-710 PVC Cables Hot Color Embossing Marking Machine



AF-720 Three Roller HDPE Pipe Hot Color Embossing Marking Machine
Registration No. - 220652



AF-730 Two Roller HDPE Hot Color Embossing Marking Machine



AF-740 Three Roller uPvc Hot Color Embossing Marking Machine



AF-750 Drip Irrigation Pipe Hot Color Embossing Marking Machine

For fast & timely delivery, all our shipments are done from our factory premises only. We do not supply or dispatch our any product from any other location except our factory premises. Customer are requested to double check if he is getting 'ANAND' brand products from other location then that mentioned in our website.

**Anand FABRICATION**

2, Gopalnagar, Dhebar Road, Rajkot - 360 002. (Guj) INDIA Telefax : +91-281-2365469
Email : info@anandfabrication.com, Web : www.anandfabrication.com

**VANSH ENTERPRISE**

B-15, Siddhi Vanayak Industrial Estate, B/h. Palm Hotel, Near Astha Estate, 100ft. Viratnagar Road, Odhav, Ahmedabad - 382415 (Gujarat) India. E-mail : info@vanshenterprise.in Web : www.vanshenterprise.in

Our Product Exported to : Vietnam, Nepal, Saudi Arabia, Australia, SouthAfrica, Shri Lanka, Bangladesh, Koria, Peru, Venezuela, Dubai & Other Country




# વિશ્વકર્મા જયંતી નિમિત્તે હાર્દિક શુભકામનાઓ...


ટ્રસ્ટ રજી. નં. એ/૩૦૨૩ તા. ૨૪-૮-૨૦૦૭

## શ્રી ગુર્જર સુતાર પ્રગતિ મંડળ-રાજકોટ

બાલાજી ઈન્ડ. પાર્ક, શેરી નં. ૨, લેઉવા પટેલ કન્યા છાત્રાલય પાછળ,
જકાતનાકા પાસેનો રોડ, ગોંડલ રોડ, રાજકોટ-૪.



શ્રી અરવિંદભાઈ આર. સોંડાગર – અધ્યક્ષશ્રી



શ્રી મહેન્દ્રભાઈ બી. ઝીંઝુવાડીયા – ઉપાધ્યક્ષશ્રી



શ્રી રમેશભાઈ બી. સોનીગરા – પ્રમુખશ્રી



શ્રી રમણીકભાઈ આર. પાટણવાડીયા – માનદમંત્રીશ્રી



શ્રી પ્રફુલભાઈ જી. કળસારા – ઉપપ્રમુખશ્રી



શ્રી ગોપાલભાઈ એન. ખંભાયતા – ઉપપ્રમુખશ્રી



શ્રી વિમલભાઈ કે. સોંડાગર – ખજાનચીશ્રી



શ્રી નીતિનભાઈ એમ. બકરાણીયા– સહમંત્રીશ્રી



શ્રી નલીનભાઈ એ. ગંગાજળીયા – સહખજાનચીશ્રી

### : ટ્રસ્ટી મંડળ :

શ્રી અરવિંદભાઈ આર. સોંડાગર - અધ્યક્ષશ્રી • શ્રી મહેન્દ્રભાઈ બી. ઝીંઝુવાડીયા - ઉપાધ્યક્ષશ્રી
શ્રી મથુરભાઈ આર. પાટણવાડીયા - ટ્રસ્ટીશ્રી • શ્રી અરવિંદભાઈ આર. ગંગાજળીયા - ટ્રસ્ટીશ્રી
શ્રી રસીકભાઈ ડી. વાઘસણા - ટ્રસ્ટીશ્રી • શ્રી દલપતભાઈ ડી. ધોરૈયા - ટ્રસ્ટીશ્રી
શ્રી જનકભાઈ ડી. ઉજેણીયા - ટ્રસ્ટીશ્રી • શ્રી મુકેશભાઈ ડી. ઉછડીયા - ટ્રસ્ટીશ્રી

### : કાર્યવાહક કમીટી :

શ્રી રમેશભાઈ બી. સોનીગરા - પ્રમુખશ્રી • શ્રી રમણીકભાઈ આર. પાટણવાડીયા - માનદમંત્રીશ્રી
શ્રી પ્રફુલભાઈ જી. કળસારા - ઉપપ્રમુખશ્રી • શ્રી ગોપાલભાઈ એન. ખંભાયતા - ઉપપ્રમુખશ્રી
શ્રી વિમલભાઈ કે. સોંડાગર - ખજાનચીશ્રી • શ્રી નીતિનભાઈ એમ. બકરાણીયા- સહમંત્રીશ્રી
શ્રી નલીનભાઈ એ. ગંગાજળીયા - સહ ખજાનચીશ્રી • શ્રી વિનોદભાઈ એન. ધોરૈયા - કારોબારી સભ્યશ્રી
શ્રી જીતેન્દ્રભાઈ બી. ધોરૈયા - કારોબારી સભ્યશ્રી • શ્રી શૈલેષભાઈ કે. માંડવીયા - કારોબારી સભ્યશ્રી
શ્રી મુકેશભાઈ એમ. ઉછડીયા - કારોબારી સભ્યશ્રી • શ્રી રમેશભાઈ એમ. પાટણવાડીયા - કારોબારી સભ્યશ્રી
શ્રી દિપકભાઈ બી. ચંદવાણીયા - કારોબારી સભ્યશ્રી • શ્રી સાવનભાઈ જે. સોંડાગર - કારોબારી સભ્યશ્રી
શ્રી તુષારભાઈ ડી. સોંડાગર - કારોબારી સભ્યશ્રી • શ્રી હિતેષભાઈ આર. માંડવીયા - કારોબારી સભ્યશ્રી
શ્રી રોહીતભાઈ ડી. સોંડાગર - કારોબારી સભ્યશ્રી • શ્રી અલ્પેશભાઈ પી. ખંભાયતા - કારોબારી સભ્યશ્રી
શ્રી પ્રશાંતભાઈ એન. સોનીગરા - કારોબારી સભ્યશ્રી • શ્રી દિપેશભાઈ એ. મોડાસીયા- કારોબારી સભ્યશ્રી

# લોકહૃદયમાં સ્થાન પામેલ ફિલ્મ ‘લાલો’ને કેમેરામાં કંડારનાર આપણા શુભમ ગજજર

## સીનેમેટોગ્રાફી અને ક્રિએટીવ પ્રોડયુસરની બેવડી ભૂમિકાએ ઈતિહાસ રચયો

- પ્રવીણ ગજજર





### ૩૦ જેટલા દેશોમાં ‘લાલો’ ફિલ્મે ધુમ મચાવી છે



દેશમાં જ નહીં પરતુ પોલેન્ડ, ન્યુઝીલેન્ડ, બર્લીન–ઇઝરાયેલ સહિતના ૩૦ દેશમાં જે ફિલ્મે વ્યાપક ચાહના મેળવી છે અને લોકોના હૃદયમાં સ્થાન પામી છે. તે ગુજરાતી ફિલ્મ લાલો–કૃષ્ણ સદા સહાયતે નામની ફિલ્મમાં જેણે સીનેમેટોગ્રાફી કરી છે તે શુભમ ગજજર આપણા સુતાર સમાજનો યુવાન છે અને તેનો જે ફર્સ્ટ આસીસ્ટન્ટ છે તે પણ આપણા સુતાર સમાજનો યુવાન ઉદય ગજજર(સંચાણીયા) શુભમ અને તેની ટીમે લાલો ફિલ્મની જે સીનેમેટોગ્રાફી કરી છે તે કાબિલેદાદ છે. દશ્યો હૃદયમાં સોંસરવા ઉતરી જાય તેવી સીનેમેટોગ્રાફી કરનાર સાથે ક્રીએટર પ્રોડ્યુસર શુભમ ગજજર વિશ્વકર્મા વિશ્વ સાથેની વાતચીતમાં કહે છે, ફિલ્મ પુરી થયા પછી જો અમે થિયેટર સુધી નહીં પહોંચી શકીએ તો અમે પ્રોજેક્ટર લઈને ગામડે ગામડે જઈને લોકોને ફિલ્મ બતાવીશું અને પ્રેક્ષકોના પ્રતિભાવ જાણીશું.


## ભારત ભ્રમણમાં નીકળેલ ‘લાલો’ની ટીમના શુભમ ગજજર સાથે વિશ્વકર્મા વિશ્વ સાથે મુલાકાત

# કલાઈમેકસના દશ્યો ઝડપવા પાંચ દિવસ વહેલી સવારે ૪ વાગ્યે શુટીંગ કર્યું





પરંતુ આવી સ્થિતિ આવી નહીં. લાલો ફિલ્મ ખુબ જ સફળ રહી. ફિલ્મની આટલી બધી સફળતાથી અમને નવો જોમ અને જુસ્સો આવ્યો છે અને અમે આખી ટીમ સાથે ભારત ભ્રમણ કરી રહ્યા છે. લાલાની ટીમ ભારત ભ્રમણ કરી રહી હતી તેવા સમયે ભોપાલથી શુભમ ગજ્જરે વિશ્વકર્મા વિશ્વના તંત્રી પ્રવીણ ગજ્જરે ટેલીફોનીક મુલાકાત કરી હતી.



૨૦૧૯માં ફોટોગ્રાફીને વ્યવસાય તરીકે અપનાવનાર શુભમ ગજ્જરે કહ્યું કે, સીનેમેટોગ્રાફર અને ક્રીએટીવ પ્રોડ્યુસર તરીકે મારી પ્રથમ ફિલ્મ છે. વિશ્વકર્મા પ્રભુજીએ આપેલ કલા અને કૌશલ્યને ઉજાગર કરવાનો અવસર મળ્યો અને કૃષ્ય સદા સહાયતેનો પરચો મને ખુદને મળ્યો અને ફિલ્મે અપેક્ષા કરતા પરંતુ સારૂ પરિણામ આપ્યું.

**મારી કારકિર્દીની સફળતા મારા પિતાએ ૧૮માં જન્મદિવસે ભેટમાં આપેલ કેમેરાને આભારી છે**

શુભમ ગજ્જર કહે છે, ૨૦૧૯માં પ્રોફેશ્નલ કામ કર્યા બાદ ઘણી બધી શોર્ટ ફિલ્મો-મ્યુઝીક આલ્બમ બનાવ્યા. જેમાં શોર્ટ ફિલ્મ પણ ખુબ જ વખણાઈ હતી.

તેમણે કહ્યું સીનેમેટોગ્રાફીએ મેડીટેશન જેવું છે. ફિલ્મમાં વાસ્તવિક શુટીંગ કરવા અમે ખુબ જ મહેનત કરી.

ફિલ્મનો હીરો વહેલી સવારે રીક્ષા લઈને ભાગી જાય છે અને રસ્તામાં બેગ મળે છે તે સીન કેમેરામાં કંડારવા અમે સતત પાંચ દિવસ વહેલા ૪ વાગ્યે ઉઠીને શુટીંગ કરવા ગયા હતા અને જે પ્રકારનું દશ્ય અમારે જોઈતું હતુ તે કેમેરામાં કેદ કર્યું.

ફિલ્મના ગીરનારના બેકગ્રાઉન્ડવાળા કલાઈમેકસના દશ્યો કેમેરામાં કેદ કરવા માટે અમે ચોમાસુ જ પસંદ કર્યું હોવાથી આ દશ્યો કેમેરામાં કંડારવા અમે ૮ મહિના રાહ જોઈ આ આઠ મહિના દરમ્યાન લાલાએ પોતાના વાળ જાળવી રાખ્યા હતા.

લાલો-કૃષ્ણ સદાય સહાયતેની સફળતા બાદ હવેનો પ્રોજેકટ શું છે ? તેવા પ્રશ્નના જવાબમાં શુભમ ગજ્જરે વિશ્વકર્મા વિશ્વને જણાવ્યું હતું કે ૨૦૨૦ અમે એક સાંસ્કૃતિક વિષયને ધ્યાનમાં લઈને મોટી બજેટવાળી ફિલ્મનું આયોજન કર્યું હતું. પરંતુ આર્થિક કટોકટીને કારણે આગળ વધી શક્યું નહીં. આ સમયે અમે ઓછા બજેટ વાળી ફિલ્મ લાલો કૃષ્ણ સદાય સહાયતે ફિલ્મ બનાવવાનું નક્કી કર્યું અને ત્રણ શેડ્યુઅલમાં ૫૦ દિવસમાં આ ફિલ્મ પૂર્ણ કરી. આ ફિલ્મે અપેક્ષાથી વધુ સારી કમાણી કરી છે ત્યારે અમે મોટા બજેટવાળી ફિલ્મનો પ્રોજેકટ જે મોકુફ રાખ્યો હતો તે હવે અમે આગળ વધારશું.

લાલો-શ્રી કૃષ્ણ સદાય સહાયતે ફિલ્મે સૌ કોઈના હૃદયમાં સ્થાન લીધું. ફિલ્મના પાત્રોમાં પોતીકાપણુની ભાવના સૌ કોઈનામાં દિલથી થાય છે. આ ફિલ્મ દ્વારા સમગ્ર વિશ્વને જુનાગઢના સૌંદર્યના દર્શન કરાવનાર અને સમગ્ર ફિલ્મના દશ્યો







કેમેરામાં કંડારી પોતાની આગવી કલાનું સુંદર નિરૂપણ કરનાર સીનેમેટોગ્રાફરના પિતા હિતેષ ગજ્જર આર્કીટેક્ટ છે.

ફિલ્મ બાબતે શુભમના પિતા હિતેષભાઈએ વિશ્વકર્મા વિશ્વને જણાવ્યું છે કે, શુભમને નાનપણથી જ મોબાઈલ ફોનમાં ફોટો ક્લીક કરવાની ધગશ હતી અને તેના ૧૮માં જન્મદિવસ ઉપર ડી.એસ.એલ. આર. કેમેરો ભેટમાં આપ્યો હતો. ત્યારબાદ શુભમ સિવિલ એન્જિનિયરીંગ અભ્યાસ માટે ચાંગા યુનિવર્સિટી ખાતે ગયેલ અને ત્યારે પણ એ કેમેરો સાથે લઈ ગયેલો. જ્યાં કેમેરા થકી કોલેજમાં અંકિત સખીયા સાથે મિત્રતા થઈ. કદાચ ત્યારે જ આ બ્લોકબ્લસ્ટર ફિલ્મ 'લાલો' ના અંકુર ફુટવાની શરુઆત થઈ હશે.

પુત્ર માટે ઓફિસ તૈયાર જ હતી પરંતુ શુભમે તેના ફોટોગ્રાફી-સિનેમેટોગ્રાફીના શોખને આગળ વધારવા મન બનાવ્યું હતું. દરમિયાનમાં શુભમ, અંકિત અને અજય પાદરીયાએ નો-બજેટ કંપની શરૂ કરી મેનીફેસ્ટ ફિલ્મ કંપની શરૂ કરી હતી. શુભમ પોતાની મનગમતી જગ્યાએ ફિલ્મ ઉતારવા જતો. શુટીંગ દરમિયાન અમુક એન્ગલથી શુટ કરવા માટે અત્યાધુનિક ઉપકરણો, સ્ટેન્ડ વગેરે માટે રૂપીયા ન હતાં પરંતુ તેણે એન્જિનિયરની બુદ્ધિ વાપરીને જુગાડ કરીને શુટીંગ કરેલું.

શુભમના પિતા હિતેશભાઈએ વધુમાં જણાવ્યું કે, ભગવાને તેની નિખાલસતાપૂર્વકની મહેનત જોઈને લાલો ફિલ્મને ગુજરાત જ નહી ભારત અને વિદેશમાં પણ ખુબ લોકપ્રિય બનાવી. શુભમની મોબાઈલ દ્વારા ઉતારેલી શોર્ટ ફિલ્મથી લઈ ફિલ્મ માટેના કેમેરા સુધીની સફર હવે ગગનચુંબી સફળતા બની ગઈ છે.

આ ફિલ્મ બનાવવાની શરૂઆત થઈ ત્યારબાદ શુભમ સાથે તેના દેવાંગ મહેતા, ઉદય ગજ્જર, મીત, રવિ પિઠડીયા, કૃશશ વાજા, જય વ્યાસ, ધ્રુવ ગોહિલ અને જયદિપ ટીમરીયા સહિતના મિત્રો પણ જોડાયા અને એક સક્ષમ ટીમ ઉભી થઈ ગઈ. આ ફિલ્મ બનાવવા માટે શુભમે દિવસ-રાત જોયા વગરની મહેનત કરી અને બે મહિના સુધી આ સીલસીલો શરૂ રાખ્યો ત્યારે એક પિતા તરીકે મને લાગ્યું કે આ લોકો ખુબ મહેનત કરી રહ્યા છે તો ભગવાન તેનું ફળ જરૂર આપશે અને થયું પણ એવું જ. લાલો ફિલ્મમાં શુભમની આંખ દ્વારા ફિલ્માવેલા દ્રશ્યો કરોડો લોકોના હૃદય સુધી પહોંચ્યા છે. જે તે બધાની ધગશની ફળશ્રુતિ પણ છે. અંતમાં શુભમના પિતા જણાવે છે કે આજે સૌકોઈ મને ફક્ત હિતેષ ગજ્જરથી નહી પણ શુભમ ગજ્જર (લાલો) ના પપ્પા તરીકે ઓળખે છે અને માન આપી રહ્યા છે.

# આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની કળા, કારીગરી અને કૌશલ્ય પર શું અસર થશે?





● લલિત બી. ખંભાયતા

**AIને કારણે નોકરીઓ જશે એ વાત નક્કી છે પણ જેનામાં કળા, કારીગરી અને કૌશલ્ય હશે એમની બોલબાલા થશે.**

---

**આ બનેલી ત્રિપાઈ છે, જે અમારા ઘરમાં વપરાય છે. એક લાકડાના ત્રણ અને બીજા લાકડાના ચાર ભાગ પાડ્યા છે. કેમ કે ટિપાઈ મોટી છે એટલે એકને બદલે બે પાયા વપરાયા છે. AI આ કામ કરી શકશે?**

ચારેક દાયકા પહેલાની વાત છે.

સુથારીકામ કરતાં એક ભાઈ મેંદરડાના કોઈ અધિકારીના ઘરે પહોંચ્યા. કામ તો બીજું હતું પણ અધિકારીને ત્યાં રહેલી ટીપોઈ જોઈને એમને નવાઈ લાગી. સુથારનું મન બાવળિયે હોય, હોવું જ જોઈએ. આ સુથારભાઈનું પણ હતું. ટિપોઈ ખાસ આકર્ષક એટલા માટે લાગી કે એ એક જ લાકડામાંથી બનેલી હતી (એ ટિપાઈના સર્જક હતા હામાપુરનિવાસી જાદવજીભાઈ).

આમ તો 'વિશ્વકર્મા વિશ્વ'ના વાચકોને ટિપોઈ એટલે શું એ સમજાવવું ન પડે, પણ અહીં સમજ જરૂરી છે. આપણે જેને ટિપોઈ કે ટિપાઈ કહીએ છીએ એનો મૂળ શબ્દ ત્રિપાઈ છે (આજકાલ વીડિયો શૂટ માટે વપરાતા સ્ટેન્ડને ટ્રાઈપોડ કહીએ છીએ એ ત્રિપાઈનું અંગ્રેજી). ત્રણ પાયા પર ટકેલું ટેબલ એટલે ત્રિપાઈ. તો પછી આદર્શ રીતે ત્રિપાઈના પાયા ત્રણ હોવા જોઈએ. હવે તો ચોરસ, લંબચોરસ, ગોળ.. એમ વિવિધ આકારની ત્રિપોઈ બને છે એટલે એમાં પાયા જરૂર હોય પણ ત્રણથી વધારે.

અધિકારીના ઘરે જોઈ હતી એ ત્રિપાઈની વિશેષતા એ હતી કે લાડકાની બાંધણી ભારીની જેમ એક થઈ જાય. ખોલવામાં આવે તો ખુલી જાય. તેના પર કાચ કે પછી પાટીયું રાખવામાં આવે તો એ ત્રિપાઈ બની જાય.

ત્રિપાઈ જેમણે જોઈ હતી એ ભાઈએ ઘરે (મોટી ખોડિયાર) આવીને પોતાના નાનાભાઈને વાત કરી. આવી ત્રિપાઈ બની શકે કે કેમ એ શક્યતા વિચારી. પણ નાનાભાઈ પાસે જોવા માટે કોઈ નમુનો ન હતો.

એ વખતે તો વાત પુરી થઈ. પરંતુ બે પૈકીના એક ભાઈએ વર્ષો પછી અનુકૂળ લાકડું મળ્યું, સમય મળ્યો, એ માટેના જરૂરી હથિયારો મળ્યાં ત્યારે એવી જ ત્રિપાઈ તૈયાર કરી દેખાડી.

જેમણે ત્રિપાઈ બનાવીએ મારા પિતાજી બાબુભાઈ ખંભાયતા. જેમણે જોઈને ઘરે આવીને વર્ણન કર્યું હતું એ તેમના મોટાભાઈ (હવે દિવંગત) રણછોડ ભાઈ.

ત્રિપાઈ બનાવવી એ નવાઈની વાત નથી, લાકડા સાથે કામ કરતાં સૌ કારીગર ભાઈઓ એ બનાવતા જ હોય છે. આ ત્રિપાઈની વિશેષતા તેના ત્રણ પાયા એક જ લાકડામાંથી બનાવવા એ હતી અને આજે પણ છે. એક જ લાકડું લેવું, તેને એ રીતે ભાગ પાડવા કે ત્રણ પાયા બને. ભાગ પાડતી વખતે ક્યાંય સાંધો કરવાનો નથી, ખીલી મારવાની નથી, બહારથી લાક્ડુ ચોંટાડવાનું નથી. એવી ઘણી શરતો છે એ પુરી થાય ત્યારે એક લાકડાના ત્રિપાયા સર્જતી ત્રિપાઈ બની શકે.

કામ અશક્ય નથી, અઘરું જરૂર છે.

અંગત ઉદાહરણ ટાંકવા પાછળનો હેતુ એટલો જ કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આ કરી શકશે?

---

કલા, કારીગરી અને કૌશલ્યની વાત કરવામાં આવે તો એઆઈને ત્યાં જરા મુશ્કેલી પડવાની છે.

**કલા :** એઆઈને કહેવામાં આવે પિકાસો જેવું ચિત્ર બનાવી આપો કે ફોટો આપીને કહેવામાં આવે કે રાજા રવીવર્મા શૈલીનું ચિત્ર ચીતરી આપો. એઆઈએ એ કરી આપે છે, ઘણી વાર સંતોષકારક રીતે તો ઘણી વાર વિચિત્ર રીતે. વાત એટલી કે એઆઈને કહેવું તો પડેને કે ભાઈ પિકાસો જેવું બનાવો. માટે પિકાસો તો જોઈએ ને.

કોઈ કળા વાપરીને કંઈક સર્જન કરે તો એમાં જીવ રેડાયેલો હોય છે. એઆઈ એ બધુ કામ કરી આપે તો પણ તેનું આયુષ્ય લાંબું હોતું નથી. અત્યારે બોલબાલા હોય તો પણ એ બધાનો ઉભરો સમય આવ્યે શમી જશે.

કોઈ જૂની ખુરશી કે ટેબલ તૂટી જાય ત્યારે તેને કઈ રીતે ખોલવું, કયો ભાગ બદલવો અને મૂળ લુક જાળવી રાખીને મજબૂતી આપવી, તે માટે અત્યંત સૂક્ષ્મ માનવીય કૌશલ્યની જરૂર પડે છે. AIઅત્યારે આ પ્રકારના બુદ્ધિ વાપરવી પડે એવા કામ કરવા સક્ષમ નથી, ભલે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ શબ્દમાં ઈન્ટેલિજન્સ એટલે કે બુદ્ધિનો સમાવેશ થતો હોય.

સુથાર AI નો ઉપયોગ કરીને ગ્રાહકને પહેલેથી બતાવી શકશે કે ફર્નિચર બન્યા પછી કેવું લાગશે એ બતાવી શકશે. પરંતુ એ પછી તો કળાની જ જરૂર પડશે.

**કારીગરી :** ઘરના મંદિરમાં રાખવા ગણેશની મૂર્તિ બનાવાવાની આપણે ત્યાં પરંપરા છે. એ મૂર્તિ તો ઘણા બનાવી શકશે પણ પરંપરાગત પવિત્ર ગણાતા સવનના લાકડાની જ બનેલી છે એ કારીગર વગર કોને ખબર પડશે? શહેરમાં મોટા મોટા ફર્નિચર શોરૂમ બની રહ્યા છે. દરેક શોરૂમના સંચાલકો કે કામદારો સુથારીવર્ગમાંથી આવતા હોય એ જરૂરી નથી.

આવા શોરૂમમાં દેશી-પરદેશી ફર્નિચરની ભરમાર હોય છે. બહારથી રૂપકડી દેખાતી ફર્નિચર આઈટમો ક્યા લાકડામાંથી બની છે એમ કેમ ખબર પડશે? મોટે ભાગે તો નહીં જ પડે. જે કામ સાગ કે સાલ કે અન્ય મજબૂત લાકડું આપે એ કામ સસ્તામાં મળતાં લાકડા નહીં આપી શકે. પરંતું સસ્તા મળતા હોવાથી હલકા લાકડું ફર્નિચર બનાવી વેચવાનો મોટો વ્યવસાય ચાલે છે. થોડા વખતમાં એ લાકડામાંથી પાઉડર ખરવાની શરૂઆત થઈ જતી હોય છે. વળી પરદેશી ફર્નિચર કે પરદેશી લાકડું આપણા વાતાવરણમાં દર વખતે ફીટ થાય એવુ જરૂરી પણ નથી. માત્ર પરદેશી છે એટલે જ સારું એ માન્યતા આગળ જતાં નુકસાનકારક સાબિત થાય છે.

વેચાય એટલા માટે છે કે ખરીદદારો છે. માટે વેચનારા દોષિત છે એવુ નથી. પણ વાત એટલી જ છે કે કોઈને લાકડાની પરખ કરવી હશે તો એ કારીગર વગર શક્ય નથી. મશીન એકસરખી લાખો વસ્તુઓ બનાવી શકે છે, પરંતુ કારીગર દરેક વસ્તુમાં એક અલગ 'આત્મા' રેડે છે.

આપણા ઘરોની દીવાલો હંમેશા ૧00% સીધી હોતી નથી અથવા ખૂણાઓ એકદમ કાટખૂણે નથી હોતા. સુથાર જ્યારે સાઈટ પર જઈને કબાટ ફિટ કરે છે, ત્યારે તે સ્થળ પર જ નાના-મોટા ફેરફાર કરીને વસ્તુને 'પરફેક્ટ' બેસાડે છે. જેમ કે રસોડામાં પ્લેટફોર્મની નીચે ખાલી જગ્યામાં જ્યારે ડ્રોઅર બનાવવાના હોય, ત્યારે પાઈપલાઈન કે ઈલેક્ટ્રિક વાયરને નડતર વગર કેવી રીતે સેટ કરવા, તે સુથારની નિર્ણયશક્તિનું પરિણામ છે.

**કૌશલ્ય :** ગુજરાતની કાષ્ટકલા એ અભ્યાસનો વિષય છે. એક સમય હતો જ્યારે ઘરની છત, દીવાલ, થાંભલી, દરવાજા વગેરેમાં ભરપૂર કોતરકામ થતું હતું. હવે એ કોતરકામ દુર્લભ બન્યું છે, મુશ્કેલ છે અને એ તેની કદર કરનારો વર્ગ પણ ઓછો છે. ધારો કે ગમે તો એ બનાવવું પણ મોઘું છે.

પણ કોતરણી માટે દરેક લાકડું ન ચાલે. કયા લાકડામાં કોતરણી થઈ શકે, કયુ લાકડું લાંબો સમય ટકી શકશે, કયા લાકડામાં પોલિશ દીપી ઉઠશે, કયુ લાકડું ઉધઈનો ભોગ નહીં બને... એ કોને ખબર પડશે?

AI ડેટા વાંચી શકે છે, પણ લાકડાને સ્પર્શીને તે કેટલું ''કાચું'' કે ''પાકું'' છે અથવા તેમાં ભેજનું પ્રમાણ કેટલું છે તે અનુભવી શકતું નથી. એક અનુભવી સુથાર લાકડાના રેસા જોઈને નક્કી કરે છે કે તેને કઈ દિશામાં કાપવું જેથી તે લાંબા સમયે વળે નહીં. જેમ કે જ્યારે કોઈ જૂનવાણી સાગના લાકડામાંથી નવું ફર્નિચર બનાવવાનું હોય, ત્યારે સુથાર તેને કુશળતાપૂર્વક સાંધે છે, જે મશીન માટે સમજવું અઘરું છે.


---

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો સદઉપયોગ કરવામાં આવે તો કોઈપણનું કામ સરળ થઈ શકે. તેનાથી ડરવાને બદલે તેનો સાથ લેવાનો છે. બાકી આપણા હાથ કરી શકે એ કોઈ મશીન કે ટેકનોલોજી ન જ કરી શકે એ સૌ વિશ્વકર્મા સંતાનોએ વિશ્વાસ રાખવો રહ્યો.

વિશ્વકર્મા જયંતી વિશેષાંક 23 વર્ષમાં મંગલ પ્રવેશ

# ભારતીય પુરાતન સ્થાપત્ય અને નૃત્ય-શિલ્પ કળાનો સમન્વય





● કિરીટ બી.ત્રિવેદી-નિમિત

**ભવ્ય ભારતીય પુરાતન સ્થાપત્યનું સર્જન એટલે શકય બન્યું કે સૌ ઉપર ભગવાન શ્રી વિશ્વકર્માજીના આશીર્વાદ હતા. આજે જ્યારે ભવ્ય ઈતિહાસ અને સ્થાપત્ય કળા વિશે વિચારીએ છીએ ત્યારે એના બાંધકામની કળા,જ્ઞાન અને અપાર મહેનત નજરે સમક્ષ ચરિતાર્થ થાય છે.**

ભારતીય પુરાતન સ્થાપત્ય કળા વિશે લખવું એટલે સુર્યને દીવો બતાવવા જેવું છે.આદી-અનાદી કાળથી આપણે ઈતિહાસના પૃષ્ઠો પર સ્થાપત્ય કળા વિશે જાણતા આવ્યા છીએ. રામાયણ કાળના ભવ્ય મહેલો હોય કે રાવણની સોનાની લંકા. મહાભારત કાળના સમયના પાંડવોના ભુલ ભુમાણી યુક્ત મહેલ હોય કે પછી પેલું પ્રખ્યાત લાક્ષાગાર કેમ ન હોય?. દક્ષિણ ભારતના વિશાળ અને ભવ્ય મંદીર હોય કે ઉતર ભારતની અલૌકિકિ સુંદરતા સાથે ત્યાંના ભવ્ય મંદીરો કે અન્ય પુરાતન સ્થાપત્યો હોય ભારત એતિહાસિક સ્થાપત્ય કળાની અલૌકિક ઈમારતોથી સમૃધ્ધ હતો.જય દ્વારકાધીશ અને સોમનાથ જેવા ભવ્ય મંદીરો હોય કે પુર્વ ભારતની એતિહાસિક ધરોહર સમા ભવ્યાતિત સ્મારકો હોય. ભવ્ય ભારતીય પુરાતન સ્થાપત્યનું સર્જન એટલે શકય બન્યું કે સૌ ઉપર ભગવાન શ્રી વિશ્વકર્માજીના આશીર્વાદ હતા. આજે જ્યારે ભવ્ય ઈતિહાસ અને સ્થાપત્ય કળા વિશે વિચારીએ છીએ ત્યારે એના બાંધકામની કળા,જ્ઞાન અને અપાર મહેનત નજરે સમક્ષ ચરિતાર્થ થાય છે.દરેક મનમોહક બાંધકામની શૈલી અને સ્થાપત્ય કળા ઉપર જે તે સમય રાજવીઓ-મંદીરના પુજારીઓના વિચારો અને આસ્થાની અમીટ છાપ જોવા મળશે. ભવ્ય ઈતિહાસ છે આપણી આ સ્થાપત્ય કળા અને ખાસ તો મંદીર સ્થાપત્યની સાથે તેના નૃત્યકળાના શિલ્પોની વાત કરવાની છે.

ભારતીય મંદિર સ્થાપત્યના મુખ્ય વિષયો બ્રહ્માંડનું પ્રતીક,મુક્તિ(મોક્ષ)માટે આધ્યાત્મિક માર્ગ તરીકે સેવા આપતું,હિન્દુ જીવન સિધ્ધાંતો-ધર્મ-કામ-અર્થ ને પ્રતિબિંબિત કરતું અનેજે દૈવી નિવાસ બનાવવા માટેનું પવિત્ર સ્થળ છે.

**મુખ્ય દાર્શનિક થીમ્સઃ-** બ્રહ્માંડનું પ્રતિનિધિત્વઃમંદિરો બ્રહ્માંડનું પ્રતિનિધિત્વ કરે છે, જેમાં અગ્નિ,પાણી,અવકાશી પદાર્થો અને પ્રકૃતિનું પ્રતિનિધિત્વ કરતા તત્વો હોય છે જે સૂક્ષ્મ બ્રહ્માંડનું નિર્માણ કરે છે.આધ્યાત્મિક યાત્રાઃતેમને ભૌતિક જગતમાંથી ભક્તોને દૈવી જોડાણ અને મુક્તિ (મોક્ષ) તરફ માર્ગદર્શન આપવા માટે પવિત્ર સ્થળો (તીર્થ) તરીકે ડિઝાઈન કરવામાં આવ્યા છે અને જીવનના ધ્યેયોનું એકીકરણઃસ્થાપત્યમાં

માનવ જીવનના ચાર ધ્યેયો (પુરૂષાર્થ) માટે પ્રતીકોનો સમાવેશ થાય છેઃધર્મ (કર્તવ્ય),અર્થ (સમૃધ્ધિ),કામ (આનંદ) અને મોક્ષ (મુક્તિ).

**પુરાતન મંદીરોની મુખ્ય શૈલીઓઃ-** (૧) નાગરા(ઉત્તર ભારતીય):વક્રશિખરો(શિખરો) અને ચોરસ યોજનાઓ દ્વારા વર્ગીકૃત થયેલ છે, જેમાં ક્યારેક અનેક ટાવર હોય છે.(૨)દ્રવિડ(દક્ષિણ ભારતીય): પગથિયાંવાળા પિરામિડવિમાનો, મોટા પ્રવેશદ્વાર ટાવર (ગોપુરમ) અને કમ્પાઉન્ડ દિવાલો ધરાવે છે અને (૩) વેસર(વર્ણસંકર):નાગર અને દ્રવિડ શૈલીઓનું મિશ્રણ જે મધ્ય ભારત (ડેક્કન)માં સામાન્ય છે.

**પ્રતીકાત્મક અને આધ્યાત્મિક ઉદ્દેશ્યોઃ**-મંદીરોમાં કમળનું શિલ્પ કામ જોવા મળે છે જે શુધ્ધતા, સર્જન અને આધ્યાત્મિક વિકાસનું પ્રતીક છે.આ ઉપરાંત ઘણાં આકાશી પ્રતિકો જેવા કે, ચક્રો, ભૌમિતિક પેટર્ન જે કોસ્મિક ચક્ર અને એકતાનું પ્રતિનિધિત્વ કરતા જોવા મળે છે અને સૌથી ખાસ તો પૌરાણિક શિલ્પો મોટા પ્રમાણમાં જોવા મળે છે, જેમાં દેવતાઓ, પ્રકૃતિ અને આલિંગન કરનારા યુગલો(મિથુન)ના ચિત્રો જે શુભતા અને જીવનના પાસાઓ દર્શાવે છે. આમ ભારતની વિવિધતા અને જે તે સ્થળના પોતાના આગવા ઈતિહાસ અને રાજા-રજવાડાઓના વિચારો અને તેઓની ઈશ્વર-કુળ દેવીઓ પરની શ્રધ્ધા મુજબ ભારતમા આપણે હજારો વર્ષ જુના ભવ્યથી ભવ્ય મંદીરોનું નિર્માણ થયેલ જોઈએ છીએ જે ખરા અર્થમાં ભારતની જાજરમાન અને ભવ્ય સંસ્કૃતિને ઉજાગર કરે છે. ભારતમાં હિન્દુ મંદિરોના સ્થાપત્ય સિધ્ધાતોનું વર્ણનશિલ્પ શાસ્ત્રોઅનેવાસ્તુ શાસ્ત્રોમાંકરવામાં આવ્યું છે. હિન્દુ સંસ્કૃતિએ તેના મંદિર નિર્માતાઓને સૌંદર્યલક્ષી સ્વતંત્રતાને પ્રોત્સાહન આપ્યું છે અને તેના સ્થપતિઓએ ક્યારેકહિન્દુ જીવનશૈલીને વ્યક્ત કરવા માટેમંદિરનિર્માણમાં અન્ય સંપૂર્ણ ભૂમિતિઓ અને ગાણિતિક સિધ્ધાંતો અપનાવીને સર્જનાત્મક અભિવ્યક્તિમાં નોંધપાત્ર સુગમતાનો ઉપયોગ કર્યો છે. હિન્દુ મંદિર સ્થાપત્ય અને તેની વિવિધ શૈલીઓનો બૌધ્ધ સ્થાપત્યનાશૈલીયુક્ત મૂળ પર ઊંડો પ્રભાવ રહ્યો છે.સ્તૂપજેવા બૌધ્ધ સ્થાપત્ય પર જોવા મળતા પાસાઓ શિખરથીપ્રભાવિત હોઈ શકે છે,એક શૈલીયુક્ત તત્વ જે કેટલાક પ્રદેશોમાં પેગોડામાં વિકસિત થયું હતું જે થાઈલેન્ડ, કંબોડિયા, નેપાળ, ચીન, જાપાન તાઈવાન મ્યાનમાર અને વિયેતનામ જેવા દેશોમાં જોવા મળે છે.

પ્રાચીન ભારતીય સ્મારકોમાં નૃત્ય શિલ્પો દેવતાઓ અને આકાશી માણસોને ગતિશીલ મુદ્રામાં દર્શાવે છે જે શાસ્ત્રીય નૃત્ય સ્વરૂપોનું પ્રદર્શન કરે છે અને ધાર્મિક,સૌંદર્યલક્ષી અને કથાત્મક હેતુઓ પૂરા પાડે છે.જેના નોંધપાત્ર ઉદાહરણો હોયસાલા મંદિરો(કર્ણાટક), ઈલોરા, બદામી ગુફાઓ અને મોહેંજો-દડો જેવા પ્રાગૈતિહાસિક સ્થળો માં પણ જોવા મળે છે.આ તકે થોડા ઉદાહરણ જોઈએ તોઃ-નટરાજ (નૃત્ય કરતા શિવ):ઈલોરા અને બદામી જેવા પ્રારંભિક ગુફા મંદિરો અને સીયામંગલમ જેવા ખડક કોતરેલા મંદિરોમાં જોવા મળે છે. નૃત્ય ગણપતિ-૮મી સદીથી લોકપ્રિય છે. કર્ણાટકના હોયસાલા મંદિરો (ગોવિંદનહલ્લી, નુગેહલ્લી) આકાશી નર્તકો કે જેને આપણે અપ્સરાઓ તરીકે ઓળખીએ છીએ-હોયસાલા મંદિરો (બેલુર, હાલેબીડુ)માં વિપુલ પ્રમાણમાં કૃપા અને દૈવી લાવણ્ય દર્શાવે છે.મોહેંજો-દડો (સિંધુ ખીણની સભ્યતા): પ્રખ્યાત કાંસ્યની "નૃત્ય કરતી સ્ત્રી" પ્રતિમા જોવા મળે છે જે આશરે પાંચ હજાર વર્ષ જુની હશે.

ભારતીય નૃત્ય સંસ્કૃતિ વ્યાપકપણે પ્રાચીન ભારતીય બાંધકામમાં ખાસ કરીને મંદિર સ્થાપત્યમાં ચિત્રિત, જ્યાં શિલ્પો અને કોતરણી શાસ્ત્રીય નૃત્ય મુદ્રાઓ અને વાર્તા કહેવાના વિશાળ ભંડારને કબજે કરે છે.કલા સ્વરૂપોનું આ મિશ્રણ એ માન્યતામાં મૂળ હતું કે નૃત્ય એ પૂજાનું એક સ્વરૂપ છે અને આધ્યાત્મિક વિચારો વ્યક્ત કરવાનું માધ્યમ છે.

**મંદિર સ્થાપત્યમાં સમન્વયઃ**-મુદ્રાઓનું સુંદર શિલ્પકામમંદિરની કોતરણીમાં સૌથી સીધું પ્રતિનિધિત્વ જોવા મળે છે. ભગવાન શિવને સમર્પિત તમિલનાડુમાં ચિદમ્બરમ મંદિરના દક્ષિણ પ્રવેશ દ્વારમાંપ્રાચીન ગ્રંથ નાટ્ય શાસ્ત્રમાં વર્ણવેલ કરણ(નૃત્ય ચળવળના એકમો) દર્શાવતી ૧૦૮પેનલો છે.આ કોતરણી ભરતનાટ્યમના શાસ્ત્રીય નૃત્ય સ્વરૂપ માટે ભૌતિક માર્ગદર્શિકા તરીકે સેવા આપે છે.

**ગતિશીલ દેવતાઓઃ**હિન્દુ દેવી-દેવતાઓને વારંવાર ગતિશીલ નૃત્ય મુદ્રામાં દર્શાવવામાં આવે છે. તેનું મુખ્ય ઉદાહરણ કર્ણાટકમાં ૭મી સદીનુંબદામી ગુફા મંદિર છે, જ્યાં નટરાજ(નૃત્યના સ્વામી)તરીકે શિવનું પાંચ ફૂટ ઊંચું શિલ્પ છે જેમાં ૧૮હાથ વિવિધ નૃત્યમુદ્રાઓ(પ્રતીકાત્મક હાથના હાવભાવ) વ્યક્ત કરવા માટે ગોઠવાયેલા છે.

**મંદિર નૃત્યાંગના પરંપરા (દેવદાસી)ઃ**મંદિરોનું નિર્માણ અને કાર્ય નૃત્ય સાથે આંતરિક રીતે જોડાયેલું હતું.સ્ત્રી નર્તકો, જેને દેવદાસી(ભગવાનના સેવકો)તરીકે ઓળખવામાં આવે છે,તેઓ મંદિરોને સમર્પિત હતી અને કલા સ્વરૂપોનું જતન અને વિકાસ કરીને પૂજાના સ્વરૂપ તરીકે દરરોજ પ્રદર્શન કરતી હતી.સ્થાપત્યમાં ઘણીવાર આ પ્રદર્શન માટે રચાયેલ ચોક્કસ હોલનો સમાવેશ થતો હતો.

**કથા કલાઃ**ખજુરાહો અને ભુવનેશ્વર નજીક ઉદયગિરિ અને ખંડગિરિ ગુફાઓ જેવા ઘણા મંદિરોમાં વ્યાપક કથાત્મક શિલ્પો છે જે પૌરાણિક વાર્તાઓ અને સામાજિક જીવનના દ્રશ્યો દર્શાવે છે,જેમાં નૃત્યનો સમાવેશ થાય છે.જે પાછળથી ઓડિસી અને કથક જેવી શાસ્ત્રીય નૃત્ય શૈલીઓમાં વિવિધ અભિવ્યક્તિઓને

પ્રતિબિંબિત કરે છે.આવી ભવ્ય કળાનું મહત્વઃ-કલાત્મક અને આધ્યાત્મિક અભિવ્યક્તિઃઆ શિલ્પો ગતિ ભાવના અને દૈવી ઉર્જાને કેદ કરે છે જે ઊંડા આધ્યાત્મિક માન્યતાઓને પ્રતિબિંબિત કરે છે.સ્થાપત્ય તત્વજ્ઞાન-જે ઘણીવારવાસ્તુ પુરુષમંડલ-વાસ્તુવિદ્યા ગ્રંથોમાં મૂળ ધરાવે છે,તે જ ડિઝાઇન ફિલસૂફી,ગતિ,લય અને બ્રહ્માંડિક સિધ્ધાંતના સંબંધમાં બાંધેલા પર્યાવરણને ધ્યાનમાં લે છે,જે માનવ શરીર,સ્થાપત્ય અને નૃત્યને આધ્યાત્મિક સ્તરે જોડે છે.સ્થાપત્યની રચના નટરાજ-શિવના સારનેબ્રહ્માંડિક નૃત્યાંગના તરીકે રજૂ કરવા માટે કરવામાં આવી હતી.

**દસ્તાવેજીકરણનો સ્ત્રોતઃ**-આ સ્થાપત્ય કોતરણીઓ ફક્ત કલા નથી; તેઓ મહત્વપૂર્ણ ઐતિહાસિક રેકોર્ડ તરીકે સેવા આપી છે,જે સમકાલીન નર્તકો અને સંશોધકોને નાટ્ય શાસ્ત્રજેવા ગ્રંથોમાં ઉલ્લેખિત પ્રાચીન નૃત્ય સ્વરૂપો અને તકનીકોનો અભ્યાસ, પુનર્નિર્માણ અને જાળવણી કરવાની મંજૂરી આપે છે. કલાનો આંતર સંબંધ પ્રાચીન ભારતીય ફિલસૂફી તમામ કલા સ્વરૂપો- સ્થાપત્ય- શિલ્પ- ચિત્રકામ- સંગીત- નૃત્યને એકબીજા સાથે જોડાયેલા માનતી હતી.

**ધાર્મિક અને સાંસ્કૃતિક અભિવ્યક્તિઃ** મંદિરોમાં નૃત્ય એ પૂજા અને ભક્તિ (ભક્તિ)નું એક સ્વરૂપ હતું. શિલ્પોમાં ફક્ત દેવતાઓને નૃત્યના પાસાઓ(નૃત્તમૂર્તિ)માં જ નહીં પરંતુ વિવિધ પૌરાણિક કથાઓ અને સાંસ્કૃતિક પ્રથાઓનું પણ ચિત્રણ કરવામાં આવ્યું છે,જે તે સમયના સામાજિક-સાંસ્કૃતિક સંદર્ભમાં એક બારી પૂરી પાડે છે. બ્રહ્માંડના નૃત્યાંગના, નટરાજ તરીકે શિવનું નૃત્ય પાસું એક પુનરાવર્તિત અને કેન્દ્રિય રૂપરેખા છે.

**સૌંદર્યલક્ષી અને દાર્શનિક જોડાણ :**વાસ્તુ વિદ્યાજેવા પ્રાચીન સ્થાપત્ય ગ્રંથોએ ઈમારતની રચના અને સૌંદર્ય શાસ્ત્રને બ્રહ્માંડના સિદ્ધાંતો અને સમુદાય જીવન સાથે જોડ્યા હતા. આ સ્થાપત્ય વિજ્ઞાનમાં જોવા મળતા સમાન સૌંદર્યલક્ષી અને દાર્શનિક આદર્શો નૃત્ય દ્વારા વહેંચાયેલા હતા. મંદિરોમાં મૂર્તિઓની મુદ્રા(સ્થાનક,આસન,વગેરે)નાટ્યશાસ્ત્રની કઠોર તકનીકોને પ્રતિબિંબિત કરતી અભિવ્યક્તિ અને સ્થિતિના સિધ્ધાંત અનુસાર કાળજીપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.

**પરસ્પર પ્રેરણાઃ**-મંદિરો સાથે જોડાયેલા કુશળ નર્તકો(નર્તકી)ની હાજરી શિલ્પકારોને પ્રેરણા આપતી હતી,જ્યારે પરિણામી શિલ્પો, બદલામાં, નર્તકોની ભાવિ પેઢીઓ માટે સૂચનાત્મક માર્ગદર્શિકા અને પ્રેરણા તરીકે સેવા આપતા હતા.આ સર્વાંગી એકીકરણથી નૃત્ય,સંગીત,શિલ્પ અને સ્થાપત્ય એક જ એકીકૃત સમૂહની રચના કરે છે જે પ્રાચીન ભારતના ધાર્મિક અને સાંસ્કૃતિક સિધ્ધાંતોમાં ઊંડે સુધી જડાયેલ છે.

ભારતના ભવ્ય મંદીરોના શિલ્પ કળાની જેટલી તારીફ કરીએ તે ઓછી છે અને આજે પણ આવી શિલ્પકળાને આધુનિક ભવ્ય મંદીરો અને અન્ય સ્થાપત્યમાં નિરુપણ થતા જોઈએ છીએ ત્યારે આનંદ અને ગૌરવ થાય છે.ભારતની શિલ્પ કળામાંનું ક્ષેત્ર વિશાળ હતું અને હજારો-સેંકડો વર્ષ પહેલાંની અનેક વાવ માં આ જોવા મળે છે તે ઉપરાંત સમયાંતરે વિવિધ હિંદુ રાજ શાસન તેમજ મોગલ સામ્રાજ્યના સમયે સ્થાપિત થયેલ અનેક વાવના ભવ્ય અને સુંદર બાંધકામમાં નૃત્ય મુદ્રાના સ્થાપત્યના શિલ્પ કળાના દર્શન થાય છે અને ગુજરાત આ બાબતે નસીબદાર છે. અહિં આશરે ૬૬૦ જેટલી નાની મોટી વાવ છે જેમાં અમુક તો ભારતીય પુરાતન વિભાગ હસ્તક છે જે ભવ્ય એતિહાસિક વારસો ધરાવે છે. અડાલજની વાવ હોય કે દાદા હરીસીંગની વાવ હોય કે વર્ષો જુની અડીકડીની વાવ હોય,પુરાતન સ્થાપત્યમાં અને દેવી દેવતાઓના શિલ્પ કામ સાથે ઘણી જગ્યાએ નૃત્ય કરતી સ્ત્રીઓની મુદ્રા જેવા શિલ્પ જોવા મળશે. રાણી ની વાવ-પાટણ-વિશ્વ ધરોહરમાં સ્થાન પામેલ છે અને તેમા આવા અનેક શિલ્પો જોવા મળે છે.એક વખત તો સૌએ લાભ લેવો જરૂરી છે. આપણી સૌની કદાચ એ કમનસીબી છે એક ભારતના એતિહાસિક શિલ્પ કળાના વારસાને નિરાંતે જોવામાં, સમજવામાં અને તેમાં છુપાયેલ અકલ્પનીય વાસ્તુકલાનો સાચો આનંદ લેવામાં આપણે રસ નથી હોતો.જો થોડો સમય આવા ભવ્ય શિલ્પો સામે ઉભા રહો તો એમ જ લાગશે કે, હમણાં તે મુર્તિઓ બોલી ઉઠશે-નૃત્ય કરવા લાગશે-પેલી વર્ષો જુની ફિલ્મ-ગીત ગાયા પથ્થરોને-ની જેમ,આજના મોબાઈલ અને સોશીયલ મિડિયાના આધુનિક સમયમાં માત્ર આપણે બે ઘડી ઉભા રહી સેલ્ફી લઈ તરત જ તેને પોતાના સોશીયલ મિડીયા એકાઉન્ટમાં ફોર વર્ડ કરવામા વ્યસ્ત થઈ જઈએ છીએ-અને રાહ જોઈએ છીએ લાઈક અને ફોલોઅર માટે. બસ આટલું જ મહત્વ છે કદાચ ભારતીય પુરાતન શિલ્પકળાને સમજવાનું અને તેને માણવાનું.આ અભિગમ બદલવો જોઈએ અને કદાચ સમયની માંગ પણ છે અને તો જ આપણે આપણાં ભવ્ય ઈતિહાસને પુનઃજીવંત બનાવી શકીશું.

જો પુરાતન સ્થાપત્ય વિશે લખવા બેસીએ તો શબ્દો ઓછા પડે. ભગવાન શ્રી વિશ્વકર્માજીની કૃપા પામેલા અને આવો ભવ્ય વારસો આપણને સૌને આપતા ગયા એવા આપણા સર્વે શિલ્પકારોને સાદર નમન.આધુનિક વિશ્વજગતમાં મહાન શિલ્પકાર કે જેઓએ પોતાની શિલ્પકળાના માધ્યમથી વિશ્વને અનેક ગાંધીજી તેમજ અન્ય અનેક અદભુત શિલ્પો ભેટ આપ્યા છે અને સરદાર વલ્લભભાઈ પટેલ સાહેબની વિશ્વની સૌથી ઉંચી મુર્તિ ભવ્ય શિલ્પકળાના બેનમુન નઝારા સમાન 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ની રચના કરી છે એવા સ્વ.રામજીભાઈ વણજીભાઈ સુતારજી(૧૯-૨-૧૯૨૫ થી ૧૮ ડિસેમ્બર ૨૦૨૫) કે જેઓ પદ્મભુષણ,મહારાષ્ટ્ર ભુષણ જેવા પુરસ્કારથી સન્માનીત છે તેઓને આ લેખ અર્પણ કરવાનું પુણ્ય લઈ વિરામ સાથે ભારતના આ મહાન શિલ્પીને વંદન.(સાભાર વિવિધ વેબ સાઈટસ)

# વિશ્વકર્મા જયંતીની સર્વે જ્ઞાતિજનોને
# હાર્દિક શુભેચ્છા...

Jay Vishwakarma

R. D. Voralia
B. R. Voralia



# Dipti Traders



Dealer in all type of leading paint companies

**: Decorative Paints :**

**Industrial Paints - Auto Paints - Marine Paints**

---

Navapara Main Road, Jam Khambhalia-361 305.
Dist. Devbhumi Dwarka (Gujarat)
Mo. : 098252 31502 - 094292 00076
Email : bmistry4@gmail.com

Dulux let's colour | asianpaints | Berger | esdee paints | asian paints PPG | NIPPON PAINT | INDIGO | Vapocure Paints

Shree VISHWAKARMA ENG. WORKS

## SHREE VISHWAKARMA ENGINEERING WORKS

Manufacturer & Exporter of Jagdish Power Sugarcane Crusher, Diesel Engine.

Nitin Talsania: +91 98248 51679
Nikunj Talsania: +91 97376 00778
Email: vewrajkot@yahoo.com

Aji Industrial Estate, G.I.D.C. Phase-II, Plot No.375/1,
Rajkot 360 003, Gujarat, India.


RN®

Graded Castings for Machine tools, Agricultural

Siddharth Talsania: +91 98242 29059
Office: +91 281 2387977
Email: rncastings@gmail.com

## R.N. MACHINE TOOLS

Aji Industrial Estate, G.I.D.C. Phase-II, Plot No.375/3,
Rajkot 360 003, Gujarat, India.


Since 1970
ROUND PAD LOCK
Amar
LOCKS
ULTRA DISC LOCKS
70 mm
80 mm
90 mm
Design Regd.®
A25001
80mm
10
Pioneers of Round Pad Locks in India
Stay connected with us:
@AMARLOCK
Amar®
AMAR INDUSTRIES
Plot No. A-13, Hapa Industrial Estate,
Hapa-361120. Jamnagar. Gujarat, INDIA
Tel. : 91- 288 - 2570 258
e-mail : info@amarlock.com
amarlock2020@gmail.com
Website: amarlock.com
Mob. : +91 98256 07421


॥ શ્રી વિશ્વકર્માય નમઃ ॥
CHAKRA BRAND®
WIRE NAILS
R. P. PRODUCTS
Plot No. 2 & 7,
Shiv Industrial Estate,
Opp. Gujarat Casting,
Veraval - Padavala Road,
Padavala, Tal. Kotda Sangani,
Dist. Rajkot - 360 024. (Gujarat)
Manufacturers of :
» Wire Nails
» Panel Pins
» Annular Ring Shank Nails
» Stainless Steel Nails
Bharat Sakdecha
94267 87939
Darshit Sakdecha
84602 09071
wirenails@gmail.com
www.chakranails.com

VERONA
TILES

Beyond Nature

Stunning Surfaces

Verona Gres Porcelain is a step forward to extend Excellent Production of European Quality Gres Porcelain.



VERONA GRANITO PVT LTD
8-A, National Highway,
At. Makansar, Morbi-363642
Dist. Morbi, Gujarat, INDIA
email : info@veronatiles.com

સમાજના સર્વે ભાઈ-બહેનોને
વિશ્વકર્મા જયંતીની હાર્દિક શુભકામના...

Hina
LATHE MACHINE



Jaysukhbhai Vadgama / Divyeshbhai Vadgama

Hina Machine Tools
ALL TYPE LATHE MACHINE

Dhebar Road, (South) Atika Ind. Area, Nehru Nagar, Khodiyar Estate,
Rajkot - 360 002. Gujarat - INDIA. Mo. 98790 77528 / 84606 02939
E-mail : info@hinamachinetools@gmail.com | Web. : www.hinalathe.com

# વર્ચસ્વ કોનું વધારે, સ્ત્રીનું કે પુરુષનું ?(હાસ્ય વિશ્વ)



● પલ્લવી જીતેન્દ્ર મિસ્ત્રી

**'પુરૂષોએ સ્ત્રીઓને લાગણીશીલ, દયાળુ, કરૂણામયી વગેરે વગેરે કહીને પોતાની સ્વાર્થવૃત્તિને પોષી છે.' આ વાંચીને કે સાંભળીને કોઈ પુરુષ જો એમ કહે કે - 'આમાં અમારી સ્વાર્થવૃત્તિ ક્યાં આવી ? અમે તો આમાં સ્ત્રીઓની પ્રસંશા જ કરી છે.'**




'સંગીતના એક જલસામાં મહેશે એના મિત્ર રમેશને પુછ્યું,

'પેલાં ગાયિકા બહેન ક્યારના આંખો મીંચીને કેમ ગાઈ રહ્યાં છે ?'

'એ બહેન ઘણા લાગણીશીલ છે, એમનાથી શ્રોતાઓનું દુઃખ સહન થતું નથી.' રમેશે કહ્યું.

આમ 'પુરૂષોએ સ્ત્રીઓને લાગણીશીલ, દયાળુ, કરૂણામયી વગેરે વગેરે કહીને પોતાની સ્વાર્થવૃત્તિને પોષી છે.' આ વાંચીને કે સાંભળીને કોઈ પુરુષ જો એમ કહે કે – 'આમાં અમારી સ્વાર્થવૃત્તિ ક્યાં આવી ? અમે તો આમાં સ્ત્રીઓની પ્રસંશા જ કરી છે.' તો એ બાબતે મારુ કહેવું એવું છે કે – 'પ્રસંશા સાંભળવી એ સ્ત્રીઓની નબળાઈ છે. એમાંય કેટલીક સ્ત્રીઓ તો પરણવાનો ભૂલભર્યો નિર્ણય પણ પોતાની પ્રસંશા સાંભળીને જ લઈ બેસતી હોય છે.' દાખલા તરીકે –

પત્નીઃ લગ્ન પહેલાં તો તમે મારા કેટલા બધા વખાણ કરતા હતા અને હવે તો તમે કશું કહેતા જ નથી.

પતિઃ તેં કોઈ માછીમારને ગલમાં ફસાયેલી માછલીને ખાવાનું આપતો જોયો છે ?

સ્ત્રીઓની આ નબળાઈ વિશે પુરુષો સારી રીતે જાણે છે, એટલે એમની પ્રસંશા કરીને તેઓ પોતાનું કામ કઢાવી લે છે. આ રીતે એમની નબળાઈનો લાભ ઉઠાવીને પુરુષો, સ્ત્રીઓ પર પોતાનું વર્ચસ્વ પુરવાર કરવાનો પ્રયત્ન કરે છે. ભલે થોડા સમય માટે તો થોડા સમય માટે, એમાં તેઓ સફળ પણ થાય છે.

પ્રાચીન કાળથી સ્ત્રીઓની કસોટી થતી આવી છે. 'રામાયણ' જેવો ધર્મગ્રંથ પણ આ વાતની સાક્ષી પૂરે છે. કહેવાય છે કે એક ધોબીના કહેવાથી રામ દ્વારા સીતામાતાની 'અગ્નિપરીક્ષા' થઈ હતી. હવે તમે વિચારો કે કોઈના ય કહેવાથી સીતામાતાએ ક્યારેય ભગવાન રામની 'અગ્નિપરીક્ષા' કરી ? અરે અગ્નિપરીક્ષાની વાત જવા દો, ક્યારેય કોઈ સાદી પરીક્ષા પણ કરી ?

આ વાત શું સૂચવે છે ? એ જ ને કે – વર્ષોથી પુરુષોનું વર્ચસ્વ સ્ત્રીઓ પર રહ્યું છે. મને એવું લાગે છે કે – સીતામાતાની આ 'અગ્નિપરીક્ષા' થયા પછી જ શાળાઓમાં પણ વિધાર્થીઓ માટે 'પરીક્ષા પધ્ધતિ' અસ્તિત્વમાં આવી. એટલે આનાથી સૌથી વધારે સહન કરવાનું વિધાર્થીઓને ભાગે આવ્યું. અરે ! એનો પણ વાંધો નથી, પણ બધા વિધાર્થીઓ પરીક્ષા માટે સક્ષમ નથી હોતા અને એટલે જ કેટલાક નબળા મનના વિધાર્થીઓ પરીક્ષામાં નાપાસ થવાના ડરથી આત્મહત્યા કરી લે છે, જે યોગ્ય વાત નથી.

ચાલો એ વાત જવા દઈએ. અને 'વર્ચસ્વ કોનું વધારે સ્ત્રીનું કે પુરુષનું' એ વિશે આગળ વાત કરીએ. ધારો કે કોઈ એક યુવકનું સ્કૂટર રસ્તામાં બગડી જાય, તો એ બિચારો કીક મારી મારીને થાકી જાય, છેવટે એ સ્કૂટરને ઢસડીને ગેરેજ સુધી લઈ જાય, તો પણ કોઈ એને મદદ કરવા આવતું નથી. એના બદલે જો કોઈ એક ખૂબસૂરત યુવતીનું સ્કૂટર રસ્તામાં બગડી જાય તો ? ચારે બાજુએથી અને દશે દિશાઓમાથી પરોપકારી પુરુષો પળભરમાં ત્યાં એને 'અબળા' સમજીને એની મદદે પહોંચી જાય.

એટલું જ નહીં પોતાને કોલેજ કે ઓફિસમાં જવાનું મોડું થતું હોય, કોઈ અગત્યનું કામ પાછું ઠેલાતું હોય, તે છતાં એ યુવતીનું સ્કૂટર ચાલુ ન થઈ જાય ત્યાં સુધી એની સાથે ઊભા રહીને પુરુષ એની મદદ કરે છે. એક યુવક મદદ કરાવતો હોય તો બાકીના દસ જણ ત્યાં સહાનુભૂતિ બતાવવા પણ હાજર રહે છે. આ વાંચીને પુરુષો એમ કહે કે – 'આ તો પુરુષોની સ્ત્રીઓને મદદ કરવાની ઉમદા ભાવના કહેવાય.' એ જે કહેવાતું હોય તે, પણ મને તો એવું લાગે છે કે આ રીતે પુરુષો પોતે સ્ત્રીઓથી ચઢિયાતાં છે એ વાત જ પુરવાર કરવા માંગે છે.

'રામાયણ' જેવો ધર્મગ્રંથ પણ આ વાતની સાક્ષી પૂરે છે. કહેવાય છે કે એક ધોબીના કહેવાથી રામ દ્વારા સીતામાતાની 'અગ્નિપરીક્ષા' થઈ હતી. હવે તમે વિચારો કે કોઈના ય કહેવાથી સીતામાતાએ ક્યારેય ભગવાન રામની 'અગ્નિપરીક્ષા' કરી ?

મમ્મીને તેલનો ભારે ડબ્બો માળીયા ઉપરથી ઉતારવાનો પ્રયત્ન કરી રહેલી જોઈને એનો બાર વર્ષનો બાબો બોલી ઉઠશે, 'લાવ મમ્મી, હું ઉતારી આપું ?' આમ છોકરાઓમાં બાળપણથી જ 'આત્મવિશ્વાસ' અને છોકરીઓ પર 'આધિપત્ય' જમાવવાના સંસ્કારો વિકાસ પામે છે. સરખી ઉમ્મરના ભાઈ–બહેન લડાઈ કરે તો ભાઈ જીતી જાય છે. પણ એનો અર્થ એ નથી કે 'બહેન ભાઈ કરતાં ઓછી શક્તિશાળી છે.' પણ એને નાનપણથી જ શીખવવામાં આવે છે કે 'મોટા થઈને તારે સાસરે જવાનું છે. માટે તું નરમ બનતા, થોડું સહન કરતાં શીખ.' આમ 'મોટા થઈને તારે સાસરે જવાનું છે' એ બીક હેઠળ છોકરીઓને કેટકેટલું ન સાંભળવા જેવુ સાંભળવું અને ન કરવા જેવુ કરવું પડે છે.

મમ્મીઃ શેફાલી, તારી બેફામ ખર્ચ કરવાની ટેવ છોડી દે, નહિતર હું તને કોઈક ભિખારી સાથે પરણાવી દઈશ.

ભિખારી (દસ મિનિટ પછી) : શેઠાણી બા, હું બહાર ઊભો રહીને દસ મિનિટથી રાહ જોઉં છું. હું હજી રાહ જોઉં કે પછી પાછો જતો રહું ?

આ કિસ્સામાં શેફાલીની મમ્મીની શુભ ભાવના કદાચ એવી હોય કે 'શેફાલીની અમર્યાદ ખર્ચ કરવાની ટેવને લીધે એને પરણનાર છોકરો ગમે તેટલો પૈસાદાર હોય તો ય અંતે તો ભિખારી જ થવાનો છે. એના કરતાં પહેલેથી એને કોઈ ભિખારી સાથે જ પરણાવીએ તો છોકરી જલદીથી સેટ થઈ જાય.' આમ છોકરીઓને 'સાસરે જઈ સેટ થવા' નું ભારે દબાણ હોવાથી એને પહેલેથી જ પુરુષોનું

વર્ચસ્વ સ્વીકારી લેવાની ટ્રેનીંગ આપવામાં આવે છે. (આજકાલની છોકરીઓ આવા બધા બંધનો ફગાવી રહી છે એ વાત જુદી છે.)

પણ પુરુષો સ્ત્રીઓ પર વર્ચસ્વ જમાવવા કેવી કેવી ટ્રાય કરે છે તે તો તમે જુઓ. આપણે એકવીસમી સદીમાં હોવા છતાં હજી પણ કેટલાક રેલ્વે સ્ટેશનો પર 'ટિકિટ લેવા માટે બહેનોની અલગ લાઇન' રાખવામાં આવે છે, કે 'બસમાં બેસવા માટે એમના માટે અલગ બેઠકો'ની વ્યવસ્થા કરવામાં આવે છે. શું બહેનોમાં એટલી તાકાત નથી કે પુરુષો સાથે એક લાઇનમાં લાંબા સમય માટે ઊભા રહીને ટિકિટ લઈ શકે ? કે બસમાં જગ્યા ન મળે તો પોતાના ગંતવ્ય સ્થળ સુધી ઊભી રહી શકે ? હદ તો ત્યારે થાય છે કે જ્યારે કેટલીક ટ્રેનોમાં 'આખેઆખો ડબ્બો જ મહિલાઓ માટે આરક્ષિત' રાખવામાં આવે છે.

સરકારનું આવું પક્ષપાતી વલણ બહેનોએ હરગિજ સહન ન કરવું જોઈએ. પુરૂષોએ સ્ત્રીઓને 'અબળા' કહીને એને પોતાના કરતાં નબળી પુરવાર કરવાની જે 'સાઝીશ' કરી છે, કે જે પણ 'કાવતરાં' રચ્યાં છે, એનો 'પર્દાફાશ' કરીને પોતાને 'સબળા' અને 'શક્તિશાળી' પુરવાર કરી પોતાનું વર્ચસ્વ વધારવું જ પડશે

**સરકારનું આવું પક્ષપાતી વલણ બહેનોએ હરગિજ સહન ન કરવું જોઈએ. પુરૂષોએ સ્ત્રીઓને 'અબળા' કહીને એને પોતાના કરતાં નબળી પુરવાર કરવાની જે 'સાઝીશ' કરી છે, કે જે પણ 'કાવતરાં' રચ્યાં છે,એનો 'પર્દાફાશ' કરીને પોતાને 'સબળા' અને 'શક્તિશાળી' પુરવાર કરી પોતાનું વર્ચસ્વ વધારવું જ પડશે**

લગ્નની ઉમેદવાર કન્યા : લગ્ન પછી તું તમાકુ ખાવાનું છોડી દઈશ?

લગ્નનો ઉમેદવાર કુમાર : હા.

કન્યા : સિગારેટ પીવાનું છોડી દઈશ ?

કુમાર : હા.

કન્યા : દારૂ પણ છોડી દઈશ ને ?

કુમાર : હા.

કન્યા : બીજું શું શું છોડી દઈશ ?

કુમાર : તારી સાથે લગ્ન કરવાનો વિચાર.

આમ આપણા 'પુરુષપ્રધાન' ભારતદેશમાં પુરુષો ભલે સ્ત્રીઓ પર વર્ચસ્વ જમાવવામાં સફળ ગણાતા હશે. પણ વ્યસનો સામે તેઓ 'નબળા' પુરવાર થયા છે. તેઓ સ્ત્રીઓને ભલે પોતાની 'ગુલામ' માનતા હશે. પણ પાન, તમાકુ, બીડી, સિગારેટ, ગુટખા, ડ્રગ્સ વગેરે વ્યસનોની બાબતમાં તેઓમાંથી કેટલાક વધતે-ઘટતે અંશે એના 'ગુલામ' છે. ભલે આ વાત તેઓ સ્વીકારે કે ન સ્વીકારે એનાથી હકીકતમાં કોઈ ખાસ ફરક પડતો નથી.

પુરુષો માટેની એક સ્પર્ધાના આયોજકે કહ્યું,

તમારામાંથી જે પોતાની 'પત્નીના ગુલામ' છે તે ડાબી બાજુએ આવો, અને જે 'ગુલામ નથી' તે જમણી બાજુએ આવી જાઓ.

ડાબી બાજુની લાંબી લાઇન ચાતરીને એક પુરુષને જમણી બાજુની લાઇનમાં ઊભો રહ્યો. એ જોઈને સ્પર્ધાના આયોજકે ખુશ થઈને કહ્યું,

'વાહ ! તમે એક જ એવા નીડર પતિ નીકળ્યા જે પોતાની પત્નીના ગુલામ નથી'

હું પણ મારી 'પત્નીનો ગુલામ' જ છું, સર. પણ એણે મને તાકીદ કરી છે કે મારે આ વાત જાહેર ન કરવી.

કેટલીક સ્ત્રીઓ હવે ધીમે ધીમે ગુલામીની જંજીરમાંથી મુક્ત થઈ રહી છે, અને કેટલાક પુરુષો એમાં જકડાતા જાય છે. એક જૂની પ્રચલિત કહેવત, 'દીકરી અને ગાય, દોરે ત્યાં જાય' એ બદલાઈને હવે 'દીકરી અને ગાય, ફાવે ત્યાં જાય.' એ પ્રચલિત થઈ રહી છે. આપણા સમાજે ગાયોને પૂરવા 'ડબ્બા' અને સ્ત્રીઓને પૂરવા 'ઘર' બનાવ્યા છે. જો કે આ પ્રણાલીથી કોનું, કોના ઉપર, કેટલું વર્ચસ્વ જળવાયું છે તે પુરવાર કરવું મુશ્કેલ છે. વળી આ હાસ્યલેખ માં ઘણો વિચાર વિમર્શ કરવા છતાં પણ આ યક્ષપ્રશ્ન 'વર્ચસ્વ કોનું વધારે સ્ત્રીનું કે પુરુષનું ?' એનો કોઈ નિવેડો આવ્યો નથી. એટલે અંતે આ ચર્ચાને અહીં જ વિરામ આપીએ. ભાઈઓ અને બહેનો તમે પણ આ વિષય 'વર્ચસ્વ કોનું વધારે સ્ત્રીનું કે પુરુષનું ?' એના પર લડ્યા વગર, નીચે આપેલી ડોક્ટર કવિ શ્રી મુકુલભાઈ ચોકસીની મજાની પંક્તિ વાંચીને સંપીને રહેજો.

કિસ્સો કેવો સરસ મઝાનો છે, બેઉ વ્યક્તિ સુખી થયાનો છે.

પલ્લું તારી તરફ નમ્યાનો તને; મુજને આનંદ ઊંચે ગયાનો છે !

# ધમકી (હાસ્ય વિશ્વ)



• અનિલ કે. ખારેચા



પરણિત પુરૂષોને તેમની પત્ની દ્વારા ક્યારેક તો એવી ધમકી મળીજ હશે કે હવે છેલ્લી વખત કહું છું સમજી જાવ...પછી તે મોબાઈલ મુકવા માટે હોય, ફરવા જવા માટે હોય કે ભુલવાની આદત વિશે હોય પરંતુ આવા વાક્ય કહીને પત્ની વર્ષો થી ડરાવતી હોય છે! અને પતિ પણ જાણતોજ હોય છે કે આ ‘છેલ્લી વાર’ નહીં પણ નવો એપિસોડ છે! પરંતુ પત્નીઓની ધમકીમાં તાકાત એ હોય કે

એમાં કોઈ ડેડ લાઇન નથી હોતી, છતાં પણ અસર તરત જ  થાય છે  એ પણ એટલુંજ સત્ય છે! હમણાં એક મિત્રના લગ્નમાં જતા હતા ત્યાં શ્રીમતીજી બોલ્યા તમે વરઘોડામાં બધા મિત્રો સાથે બહુ નાચતા નહીં નહીંતર મજા નહીં આવે કારણ કે હમણાં સોસાયટી માં ગણપતિ મહોત્સવ વખતે સામેવાળા ભરતભાઈ જોર જોરથી ઉલળતા હતા ને  બહેનો ભરતભાઇ ના મિસીસને કહેતી હતી કે ભાભી આજે પાર્ટી રેડી લાગે છે !

ધમકી કોન આપી રહ્યું છે તેનુ પણ મહત્વનુ છે, જેમ કે ટ્રમ્પની ધમકીથી ન તો અર્થતંત્ર હચમચેછે ન તો શેરબજારને છીંક આવે છે, બજાર પણ જાણે છે કે આવી ધમકીમાં આજે ટેરીફ, કાલે ડીલ, પરમદિવસે પાછો શાંતી પ્રસ્તાવ ! એજ ટ્રમ્પ રશિયા કે ચીન,  જેવા દેશોને બહુ જ સંભાળીને ધમકી આપે જેમ પત્ની પતિ ને તો ધમકાવી શકે પણ સાસુ સામે અવાજ  ઊંચો ન થાય ! જ્યારે પાકિસ્તાનની ધમકી તો અલગ જ હોય, પ્રેસ કોન્ફરન્સમાં જન્મે ને સાંજે ટીવી ડીબેટમા સમાપ્ત થાય ! ખરેખર પાકિસ્તાનની ધમકી ભારત માટે ભય નહીં પણ મફત કોમેડી શો જેવી છે.

ધમકી આપવાનો મોકો બધાને મળેજ, ઈલેકશન વખતે પ્રજા કામ કરાવવા નેતાઓ ને ધમકી આપે કે આમ ન થયુ તો મત નહીં મળે, ને ચુંટાયા બાદ નેતા ધમકી આપે  કે દોડવું હોય ત્યાં દોડો! એમાંય ભિખારીની ધમકી તો વધુ ભયાનક હોય   જો પૈસા ન આપો તો બદદુઆ લાગી જવાની  ધમકીઆપે, તો પ્રેમિકાની ધમકીમાં ઈમોશન વધુ હોય.. આજથી બ્રેકપ  હું તારી સાથે વાત પણ નહીં કરૂં... અને એ ધમકી પછી દસ મિનિટમાં ચાર મિસ્ડ કોલ આવીજાય અને બકો પણ હોંશે હોંશે ફોન કરી વગર વાંકે સોરી કહી દે ! બાળપણમાં ટીચરની ધમકી તો ખરેખર ડરાવી દે તારા વાલીને લેતો આવજે કહે એટલ  ઘેર કહીએ તો ત્યાં સર્વિસ થાય અને ન કહિયે તો ટીચર મોર બોલાવી દે. પરંતુ બાળકોને સુધારવા ગુરુજનો કે વાલીઓની ધમકીઓ માં પ્રેમ હોય અને પત્ની ની ધમકીઓ માં વ્હેમ હોય કારણ કે એ જાણતી હોય છે કે આને એકલા મુકાય એમ નથી ! મેં પણ મારા શ્રીમતીજી ને કહ્યું તમે તો મને ક્યારેય ધમકી ન આપી તે કહે..

શબ્દોથી ધમકાવુ મને ક્યાં ફાવે
વેલણ જેવી મજા શબ્દો માં ન આવે!

**ધમકી આપવાનો મોકો બધાને મળેજ, ઈલેકશન વખતે પ્રજા કામ કરાવવા નેતાઓ ને ધમકી આપે કે આમ ન થયુ તો મત નહીં મળે,ને ચુંટાયા બાદ નેતા ધમકી આપે  કે દોડવું હોય ત્યાં દોડો! એમાંય ભિખારીની ધમકી તો વધુ ભયાનક હોય   જો પૈસા ન આપો તો બદદુઆ લાગી જવાની ધમકીઆપે, તો પ્રેમિકાની ધમકીમાં ઈમોશન વધુ હોય..**

# "યુવાની - સમજદારી કે નાદાની" (વાર્તા વિશ્વ)



• જયોતિ ગજજર



આણંદની સ્વસ્તિક ઓર્થોપેડીક હોસ્પિટલના રૂમ નંબર-૪ના બેડ ઉપર સુતેલા શરનનો હાથ પંપાળતા શુભમ બોલ્યો, "દોસ્ત, કેવુ લાગે છે હવે? તારી માટે જ્યુસ લાવ્યો છું,ચાલ પીવડાવી દઉ"

શરન એટલે શુભમનો રૂમપાર્ટનર. એન્જિનિયરિંગ કોલેજમા એડમિશન મળ્યું ત્યારથી બંને હોસ્ટેલનો એકજ રૂમ શેયર કરતાં, ઘરથી દૂર હોસ્ટેલમા રહેતાં સ્ટુડન્ટને જો સમજદાર રૂમપાર્ટનર મળી જાય તો એ નસીબદાર કહેવાય, એટલે રૂમ પાર્ટનરની બાબતે બંને નસીબદાર નીકળ્યા. બંને એકબીજાની જરૂરિયાત સમજતાં, રૂમની સાથે સાથે એકબીજાની વસ્તુઓ, સુખ-દુઃખ બધું જ શેયર કરતાં, બંનેની જોડી શોલે ફિલ્મના જય-વીરૂની જેમ આખીયે કોલેજમાં પ્રખ્યાત થઈ ગઈ હતી.

શુભમના પિતા બિઝનેસમેન, વડોદરાના પોશ વિસ્તારમાં એમનો બંગલો, જ્યારે શરનના ઘરની પરિસ્થિતિ સામાન્ય, મમ્મી-પપ્પાના અકસ્માતે મૃત્યુ પછી એના કાકા-કાકી સાથે રહીને મોટો થયો હતો. સુખ, સગવડ અને પરિવારની હુંફ વચ્ચે ઉછરેલો શુભમ આનંદી સ્વભાવનો હતો. જ્યારે નોકરી કરીને પરિવારની જરૂરિયાતો જ માંડ પુરી કરી શકતા મધ્યમ વર્ગના કાકા-કાકીના ઘરમાં કંઈક ને કંઈક અછત અને પરિવારની હુંફ વગર મોટો થયેલો શરન અંતર્મુખી સ્વભાવનો હતો.

હોસ્ટેલની રૂમ શેયર કરતાં કરતાં, જીગરજાન દોસ્ત બની ગયેલા બંને મિત્રો ક્યારેક મેશનું જમવાનું ખાઇ ખાઇને કંટાળેતો મોડીરાત્રે કબાટમાં સંતાડીને રાખેલ ઇન્ડક્શન કાઢે, બે મિનિટમાં મેગી તૈયાર! અલગ અલગ નાસ્તાની આવી જમાવટ તો ઘણીવાર થાય...દિવાળી ટાઇમે અડધી રાતે હોસ્ટેલની ટેરેસ પર સુતળી બોમ્બ ફોડી સંતાઈ જવાનું, પછી સિક્યોરિટીગાર્ડ સાથે શોધવા નીકળવાનું કે ટેરેસ પર બોમ્બ કોણે ફોડ્યો...અને જો આવી નિર્દોષ મસ્તીઓ કરતા પકડાઇ જવાય તો યેનકેન પ્રકારે એકબીજાને બચાવી લેવાના... શુભમની સાથે રહીને સંકુચિત સ્વભાવનો શરન પણ ધીમે ધીમે થોડીઘણી મસ્તી કરતો થઈ ગયો હતો.

શુભમ નાનપણથી જ એક લક્ઝરી લાઈફ સ્ટાઈલ જીવ્યો હતો. જ્યારે શરન માટે આ લાઈફ સ્ટાઈલ નવી હતી. શુભમે શરનને પોતાની બધી જ વસ્તુઓ વાપરવાની છુટ આપી દીધી હતી, શરૂઆતમાં એ શુભમની વસ્તુઓ વાપરતાં ખચકાતો, પણ શુભમના સરળ અને નિખાલસ સ્વભાવે, એનો ખચકાટ દુર કરી દીધો. ધીમે ધીમે શરનને આ લાઈફ સ્ટાઈલની આદત પડવા લાગી હતી, શુભમ પણ દોસ્તને બધું જ

**બંને એકબીજાની જરૂરિયાત સમજતાં, રૂમની સાથે સાથે એકબીજાની વસ્તુઓ, સુખ-દુઃખ બધું જ શેયર કરતાં, બંનેની જોડી શોલે ફિલ્મના જય-વીરૂની જેમ આખીયે કોલેજમાં પ્રખ્યાત થઈ ગઈ હતી.**

દિલ ખોલીને આપી દેતો.

તે દિવસે શુભમની બર્થડે હતો, એ બહુ જ ખુશ હતો કેમકે એના પપ્પાએ એને બહુ ગમતી અપાચે બાઈક ભેંટમા આપી હતી અને સલાહ પણ કે, ‘‘બેટા શુભમ! બાઈક હંમેશા નોર્મલ સ્પીડે ચલાવજે અને લાયસન્સ પણ હંમેશા સાથે રાખજે. બાઈક પર કોઈપણ જાતના સ્ટંટ કરતો નહીં, યુવાનીમાં સમજદારીથી નિર્ણય લેજે, નાદાનીમા નહીં.‘‘

‘‘હા પપ્પા’’ કહીને શુભમ પપ્પાને ભેટી પડ્યો.

બીજા દિવસે નવું જ બાઈક લઈને શુભમ હોસ્ટેલ આવ્યો.

આજથી ત્રણ દિવસ પહેલા શુભમની બાઈકની ચાવી આંગળીમાં ભરાવી, ગોળ ગોળ ફેરવતો શરન સડસડાટ હોસ્ટેલની સીડીઓ ઉતર્યો, ત્યારે પહેલીવાર શુભમે એને ટોક્યો, ‘‘શરન! મારા ભાઈ, પહેલા લાયસન્સ કઢાવી લે, પછી જ એકલો બાઈક લઈને જજે. બાઈક અહીં જ છે, ક્યાંય ભાગી જવાની નથી.’’ એમ કહી શુભમે બાઈકની ચાવી શરન પાસેથી લઈ લીધી. ચાવી તો પાછી આપી દીધી, પણ શરનને શુભમની આ સીધી વાતનું ખોટું લાગી ગયું. બીજા દિવસે શરન બાજુની રૂમમાં રહેતા પ્રણવની બાઈકની ચાવી લઈને, શુભમની સામેથી એવી જ રીતે ચાવી ગોળ ગોળ ફેરવતો સડસડાટ સીડીઓ ઉતર્યો, જાણે શુભમને કહેતો હોય કે ‘‘જો તે બાઈક ન આપી તો કંઈ નહીં, પ્રણવે આપી.’’

શુભમે એ વાતને હળવાશમા જ લીધી અને શરનને ટોકતાં કહ્યું, ‘‘શરન તને હજુ સરખું બાઈક ચલાવતા નથી આવડતું અને તારી પાસે લાઈસન્સ પણ નથી, એટલે મારું માન, દોસ્ત! બાઈક લઈને બહાર ન જા, બહુ જરૂરી હોય તો ચલ હું આવું સાથે’’ પણ કશું જ સાંભળ્યા વગર શરન બાઈક પર ફુલ સ્પીડે નીકળી ગયો.

અને અત્યારે હોસ્પિટલમાં પોતાનો હાથ પંપાળી રહેલા શુભમની સામે જોઈ શરન રડી પડ્યો, જાણે કહી રહ્યો હોય, ‘‘દોસ્ત મેં તારી વાત માની હોત તો સારું થાત, આ પગમાં ઓપરેશન અને બે મહિનાનો બેડ રેસ્ટ ના આવત.‘‘

ત્યારે શુભમ બોલ્યો, ‘‘વાંક મારો જ છે શરન, એક લાફો મારીને તારી પાસેથી બાઈકની ચાવી લઈ લેવાની હતી. તારા પર એટલો હક્ક તો છે જ ને મારો. મારા પપ્પાએ મારું પાકું લાયસન્સ નહોતું આવ્યું ત્યાં સુધી મને એકલાને બાઈક કે કાર ચલાવવા પણ નથી આપ્યાં.‘‘ જરી ઉંડો શ્વાસ લઈને ફરી બોલ્યો, ‘‘ભગવાનનો આભાર માન કે આ એક્સિડન્ટમાં તું બચી ગયો અને તે જેને બાઈક ભટકાવી એ ભાઈ પણ બચી ગયા, પણ એ ભાઈનો પગ ફ્રેક્ચર થઈ ગયો છે, એમને પણ તારી જેમ પગમાં ઓપરેશન આવ્યું છે. તું આવી નિર્જીવ વસ્તુના મોહમાં ફસાઈને જીવ જોખમમાં મૂકી દઈશ એવી તો મેં કલ્પના પણ નહોતી કરી. અને ઘરની જરૂરિયાત પણ માંડ પુરું કરી શકતા તારા કાકા, તારો કોલેજનો ખર્ચો માંડ ઉઠાવે છે, એ તારું હોસ્પિટલનું બીલ કેવી રીતે ભરશે એ વિચાર પણ ન આવ્યો તને સ્ટંટ કરતાં પહેલાં?’’

ભીની આંખે શરન બોલ્યો ‘‘તારો નહીં બધો જ વાંક મારો છે, તે તો મને રોક્યો હતો, ચેતવ્યો હતો પણ યુવાનીની નાદાનીમાં હું સાચા ખોટાનું ભાન ભુલ્યો, ફુલ સ્પીડે સ્ટંટ કરવા ગયો, સ્લીપ થયો અને સાથે પેલા ભાઈને પણ વગાડી બેઠો, તારા જેવા દોસ્તની પ્રાર્થનાના પ્રતાપે જીવતો છું. નહિતર આવા એક્સિડન્ટમા લોકોનું ઓન ધ સ્પોટ ડેથ થઈ જાય છે.’’

‘‘બસ હવે બોલવાનું બંધ કર, અને આરામ કર, તારા કાકાને મેં ફોન કરીને કહી દીધું છે કે હોસ્પિટલના બિલની ચિંતા ન કરશો, મારા પપ્પા ભરી દેશે.’’ શરનને જ્યુસ પીવડાવતા શુભમે કહ્યું

રૂમાલથી શરનનુ મોં લુછી, શરનના હાથ પગ હુંફાળા પાણીથી સ્પંજ કરતાં શુભમ બોલ્યો, ‘‘એક ખોટું સ્ટેપ ભરો એટલે જીવનનો આખોય દાખલો ખોટો પડી જાય દોસ્ત, યુવાની કંઈક ક્રીયેટીવીટી કરવા માટે હોય છે, આવા નકામા સ્ટંટ કરી જીવન વેડફી નાખવા માટે નહીં. આજની યંગ જનરેશનને સમાજ પ્રત્યેની જવાબદારીઓનું કંઈ ભાન જ નથી, બસ પોતાની મસ્તીમાં જ જીવવું છે. તે જેને બાઈક ભટકાડ્યુ એ ભાઈ તો બિચારા વગર વાંકે હોસ્પિટલમાં છે. બે મહિનાનો ખાટલો આવ્યો છે એમને પણ. અને તારી ઉપર લાયસન્સ વગર ટુ વ્હીલર ચલાવવાનો કેસ ફાઈલ થયો છે તેના માટે જે સજા થશે એ તો અલગ.’’ શુભમે કહ્યું.

શુભમનો હાથ પકડી માફી માંગતા શરન બોલ્યો, ‘‘મને માફ કરી દે દોસ્ત, આજ પછી ક્યારેય વિચાર્યા વગરનું પગલું નહીં ભરૂ.’’

‘‘હું તને માફ કરવા વાળો કોણ? તને પસ્તાવો થયો એ જ બહુ અગત્યનું છે, જો તારે માફી માંગવી જ હોય તો પેલા ભાઈ અને એમના પરિવારની માંગ, જેને તે બેફામ ડ્રાઈવિંગથી હોસ્પિટલમાં પહોંચાડી દીધા છે. જીવન બહુ અમુલ્ય છે દોસ્ત, આપણું હોય કે બીજાનુ. આવી રીતે એને જોખમમાં ન મુકાય’’ શરનના હાથમાંથી પોતાનો હાથ છોડાવી શુભમ બોલ્યો.

‘‘ચલ હવે તું રેસ્ટ કર, હું હોસ્પિટલનું બીલ ભરી આવું, અને હા, આ બીલના પૈસા તારે જાતે કમાઈને મારાં પપ્પાને પાછા આપવાના છે, હો ભાઈ!‘‘ બોલીને હસતો હસતો શુભમ રૂમની બહાર નીકળી, બીલીંગ કાઉન્ટર તરફ આગળ વધ્યો.

શુભમની સમજદારીને વંદન કરતો શરન મનોમન વિચારી રહ્યો કે ‘યુવાની – સમજદારી કે નાદાની’’

વિશ્વકર્મા જયંતી વિશેષાંક 23 વર્ષમાં મંગલ પ્રવેશ

# રંજ (વાર્તા વિશ્વ)



● ભરત સુરેલિયા

**તમારી પાસે અન્યને આપવા માટે ઘણું છે. ઈશ્વરે તમને એક જીભ આપી છે. જેના વડે તમે મીઠા શબ્દો બોલી કોઈના દુઃખી ચહેરા પર સ્મિત લાવી શકો છો. તમારા શબ્દોની શકિતથી કોઈપણ તૂટેલી ભાવનાઓને ફરીથી સંજોડી શકો છો, મજબૂત કરી શકો છો. તેમને આશાથી ભરી શકો છો.**



બેંકની નવી ઈમારતનું કામ ચાલુ હતું. બેંકના એસ્ટેટ મેનેજર શ્રી ગણેશ જૈનને અવારનવાર રાજકોટથી મોરબી જવાનું થતું, બસ નિયત સમયે રવાના થઈ. ગણેશ જૈનની બેઠક બસના દરવાજા પાસે જ હતી. બસની ઝડપ ધીમે ધીમે વધતી જતી હતી તેમ તેમ ગણેશ જૈનને બારીમાંથી ઠંડી હવાની સાથે અભ્યાસકાળનાં ચિત્રો લાંબા અંતરાલ પછી સ્મૃતિમાં સ્પષ્ટ થવા લાગ્યાં.

આચાર્યશ્રીની મીઠી શ્રેયકર વાણી, આજે ફરી એક વખત હૃદયને સ્પર્શી ગઈ...

કોઈપણ જીવને દુઃખ થાય એવું કાર્ય ન કરવું જોઈએ, સુખદુઃખના સરવાળા માટે જિંદગી નથી ... પરંતુ અંધકારમાં અજવાળા કરવા માટે જીંદગી છે. સફળતાના ગગનમાં વિહરવા માટે મનને રચનાત્મક અને હકારાત્મક વિચારોની ઊપજ પેદા કરતી લીલી હરિયાળી ખેતી બનાવો. શ્રદ્ધા અને પુરૂષાર્થની પાંખોને ફડફડાવો. તમારી પાસે અન્યને આપવા માટે ઘણું છે. ઈશ્વરે તમને એક જીભ આપી છે. જેના વડે તમે મીઠા શબ્દો બોલી કોઈના દુઃખી ચહેરા પર સ્મિત લાવી શકો છો. તમારા શબ્દોની શકિતથી કોઈપણ તૂટેલી ભાવનાઓને ફરીથી સંજોડી શકો છો, મજબૂત કરી શકો છો. તેમને આશાથી ભરી શકો છો. શુધ્ધ ભાવના થકી મનમાં સકારાત્મક અને ઉર્જાવાન વિચારોના બીજ વાવી શકો છો! તમે નિષ્કામ ભાવે કરેલું કાર્ય હરકોઈના જીવનમાં વસંત લાવે છે.

મનુષ્ય પોતાના સ્વભાવને જો શુધ્ધ બનાવે તો જ ઉન્નતિ જીવનમાં આવે છે.

B.KENT ની કલમથી કંઈક આવુ જ લખાયું છે...

કર્યુ કોઈનું વ્યર્થ જતું નથી....

એક પથ્થર ઘસાય છે. અને પગથિયું બને છે. એક પથ્થર ઘડાય છે અને મૂર્તિ બને છે. ઘસાવું અને ઘડાવું આ વિશે સમજ પડી જાય એટલે જીવન ઉત્સવમય બની જાય છે... ફળ મળવાની આશા વગર જ કામ કરો, કશું જ નિષ્ફળ જતું નથી, જીવનમાં કયારેક બીજાઓ માટે કંઈક માંગીને જુઓ, તમને પોતાને તમારા માટે કંઈ માંગવાની જરૂર જ નહી પડે. જીવનમાં સુખનો આધાર વિચારોની ગુણવતા ઉપર છે. ગુણવતાનો આધાર કેવા લોકો વચ્ચે

રહીએ છીએ તેના ઉપર આધારિત છે.

હળવા આંચકા સાથે બસ ટંકારા નજદીક એક ગામનાં પાટીયા પાસે થોભી, વિચારોમાંથી જાગૃત થઈ ગણેશ જૈને એક નજર ફેરવી આખી બસમાં જોઈ લીધું. મોરબી-રાજકોટ શહેર વચ્ચે વ્યવહાર ઘણો એટલે બસમાં હંમેશા ભીડ રહ્યા કરતી, સરકારી કર્મચારી તથા અન્ય લોકો, વેપારીઓ તેમજ વિદ્યાર્થીઓની સંખ્યા કોઈ વખતે વધી જાય ત્યારે આખી બસ હકડેઠઠ મુસાફરોથી ભરાઈ જતી, પગ મુકવાની જગ્યા પણ ન જડે, અપડાઉન કરનારાનો ઘસારો પણ એટલો જ ... !!

બસ થોભી પણ કન્ડકટરે ફરીને બેલ વગાડી, ડ્રાઈવરને બસ આગળ ચલાવવા સૂચના આપી, બસ હજુ આગળ વધે તે પહેલા જ અચાનક રસ્તા પર ઉભેલી બે સ્ત્રીઓએ બૂમ પાડીને બસ રોકવા પ્રયાસ કર્યો, સ્ત્રીઓનો અવાજ સાંભળી બસમાંથી કોઈએ ફરી બેલ વગાડી એટલે સ્વાભાવિક જ ડ્રાઈવરે બસ થોભાવી દીધી, પેલી બંને સ્ત્રીઓ બસના દરવાજા પાસે આવીને કન્ડકટરને આજીજી કરવા લાગી. ભાઈ અમને બસમાં લઈ લો... મદદ કરો... બસમાં જગ્યા ન હોય તો ઊભા રહીશું..., પણ ભાઈ અમારૂ સાંભળો, આ મારી દીકરી વહુને પ્રસુતિની પીડા બહુ થાય છે. દયા કરો..., ભગવાન તમારૂં 'સારૂ' કરશે ... !!

ઓ બાઈ જગ્યા નથી કયાં માથે બેસાડવા... ? કન્ડકટરે ઉધ્ધતાઈથી, કરડાતી આંખે ગુસ્સામાં બોલ્યો. બસને ખોટી કરોમાં આઘા જાવ ..., પાછળ બીજી બસ આવે છે.

પછી ધીમા સ્વરમાં બડબડ કરવા લાગ્યો, આવા ને આવા, કોણ જાણે ક્યાંથી હાલ્યા આવે છે...!!

અબળાના અરણ્યરૂદને ગણેશ જૈનના દિમાગને ઝંજોળી નાખ્યો, પગથી માથા સુધી એમની ચીખ હૃદય સોંસરવી ઉતરી ગઈ. એક નારીના અવાજમાં કરૂણા તો બીજી ઓરતને પ્રસવ પીડા સાંભળીને પાષાણ હૃદયને મીણ માફક પીગળાવી નાખે તેવું દશ્ય તાદૃશ્ય થયું.

બસ કન્ડકટરે રોફથી દરવાજાને પછાડી બંધ કર્યો અને કંઈક બબડયો બેલ વગાડી ડ્રાઈવરને બસ ચલાવવાનો આદેશ આપી દીધો. આ જોઈને ગણેશ જૈન સફાળો ચિત્તાવેગથી ઊભો થઈ ગયો, વળતાં જ કન્ડકટરને કહ્યું હું મારી સીટ ખાલી કરી આપું છું તમે પેલા બહેનોને બસમાં જલદીથી લઈ લો.

સાહેબ, આપને તો બેંકમાં પહોંચવું ખૂબ જરૂરી છે ને.. વળી, આપને સમયસર પહોચતા બહુ મોડું થઈ જશે ને ...? આપ બેસી રહો પ્લીઝ...,

દંભી કન્ડકટર સામે જોઈ; ગણેશ જૈન બોલ્યો, માસ્તર, આપ સમજો, પ્રસવ પીડાથી પેલી બહેન ઊભી રહી શકે તેમ નથી. આપણી ફરજ છે તેમને બસમાં જગ્યા કરી આપવી જોઈએ. જરા .... વિચારો, આ જગ્યાએ આપણી જ માતા કે બહેન હોય તો ... ? માસ્તર, સમય અને સંજોગો પારખવાની વાત છે. જીવનમાં પરમેશ્વર, માનવ-સેવા કરવાનો અવસર જવલ્લે જ આપે છે, આ તક મળે તો 'સારથી' બનવું પણ 'સ્વાર્થી' તો નહીં જ..., ચાલો જલદી કરો, આ બહેનોને બસમાં લઈ લો.

બસમાંથી નીચે ઉતરી ગણેશ જૈન વિચારવા લાગ્યો.

સફરમાં કોઈ માનવ કેમ મેં દીઠો નહિ.? શું લાગણીઓ પથ્થર બની ગઈ ... ? હે..... ઈશ્વર, સૌનું કલ્યાણ કરો. પછી, મનની વરાળ કાઢી, અંતરંગમાં વહેતું મૂકી દઈ, હોઠ હલાવ્યા.

'કર્તવ્યથી કંટાળ્યો તે કમનસીબ અને સ્વજનોથી કંટાળ્યો તે અભાગ્યો ...!'

બસમાંથી નીચે પગ મૂકતી વખતે ગણેશે ત્રાંસી આંખે જોયું તો તેની બાજુમાં બેઠેલા સદ્‌ગૃહસ્થને પણ શરમ આવી હોય એવું લાગ્યું. તેમણે પણ ઊભા થઈને બાજુની જગ્યા ખાલી કરી આપી. બંને મહિલાને લઈ બસ તરત રવાના થઈ ગઈ પછી ઈશ્વર જાણે શું થયું ... !!

ચાલતી બસમાંથી કોઈકના બોલવાનો અવાજ ગણેશનાં કાને અથડાયો.

'સગા તો ઈશ્વર સર્જે છે, પરંતુ વ્હાલા તો માણસો બનાવે છે'.

ગણેશ જૈનનાં કાનમાં શબ્દો અનાયસે ગુંજવા લાગ્યા માનવ સેવા એજ જીવનનો શ્રેષ્ઠ ખજાનો છે, જેણે પોતાની શ્રદ્ધા શકિત વડે પ્રેમ મેળવી લીધો, એને પછી કશું જ મેળવવા જેવું રહેતું નથી.

યા દેવી સર્વભૂતેષુ શક્તિ રૂપેણ સંસ્થિતાઃ...

ગણેશ જૈન મનમાં ને મનમાં બડબડવા લાગ્યો. હું મેનેજર છું... ?

પછી બંને હાથની હથેળી નજર સમક્ષ રાખી.. હસતો રહ્યો... !

ભલે હથેળી હોય ખાલી પણ, સાવ કાંઈ ખાલી થોડી જ છે ...?

અસ્તુ.

વિશ્વકર્મા જયંતીની સર્વે જ્ઞાતિજનોને હાર્દિક શુભેચ્છા...

**Mitesh Bamrolia** - Cell : 98252 32609



# MISTRI MOTOR GARAGE

Complete Workshop For All kind of Vehicles

Station Road, Khambhalia - 361305



Since 1988

www.accumenspindle.com

ACCUMEN SPINDLE

100% Best Quality

**MANUFACTURE OF**
Internal Grinding Spindles,
CNC Turning Spindles,
VMC Spindles, SPM Spindles, Components for
Cincinnati Machine (USA) & Bocca (Italy).



Manufactured by :
**ACCUMEN ENTERPRISE**
Atlas Industrial Area, Plot No. 11/16,
Opp. Krishna Park Hotel, NH-8B,
Rajkot-Gondal Highway, Nr. Railway Crossing,
Khothariya (Rajkot-4.) | 0281-2782090 / 091 / 089
accumenentp@gmail.com / info@accumenspindle.com
**+91 98255 06140 | +91 98242 98522 | +91 99245 55542**

We Support


વિશ્વકર્મા જયંતીની સર્વે જ્ઞાતિજનોને
હાર્દિક શુભેચ્છા...
Glory Star
Diamond Manufacturers, Importers & Exporters
Glory Star, 702C - B Wing, Tanvi Diamoda, S. V. Road, Dahisar(East), Mumbai: 400 068.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીને રાજકોટમાં જે ભેટ અપાઇ તે

# દુનિયાના શ્રેષ્ઠ શ્રીયંત્રનું નિર્માણ કરે છે રાજકોટના શ્રી બકુલભાઇ સુરેલિયા

## દેશના ચારેય શંકરાચાર્યને શ્રીયંત્ર ભેટમાં અપાયા છે

## લંડનના સિદ્ધાશ્રમ આશ્રમની વ્યાસપીઠ પર શ્રીયંત્રની પુજા થાય છે





દેશના ચારેય શંકરાચાર્યો જ નહીં પરંતુ વરીષ્ઠ જૈનમુનિઓ જે જોઇને આશ્ચર્ય પામ્યા છે. અને તેની પુજા કરે છે એટલુ જ નહીં દેશની તમામ શકિતપીઠોમાં જેની પુજા થાય છે તે છે શ્રીયંત્ર. વર્લ્ડ બુક ઓફ રેકર્ડ–લંડનમાં પણ સ્થાન પામનાર દુનિયાનું પ્રથમ ચોખ્ખુ શ્રીયંત્ર આપણા રાજકોટમાં બને છે અને આ શ્રીયંત્ર બનાવે છે. ધરાના એન્ટરપ્રાઇઝવાળા બકુલભાઇ સુરેલીયા તાજેતરમાં રાજકોટમાં વાઇબ્રન્ટ સમીટમાં દેશના વડાપ્રધાનને ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે જે ભેટ આપવામાં આવી તે હતી આપણા બકુલભાઇ સુરેલીયાના હસ્તે બનાવેલ આ શ્રીયંત્ર.

પરિવારની સુખ સમૃદ્ધિ વધારનાર જીવનમાં આવતી આપત્તિ સામે રક્ષણ આપવાની સાથે જીવન આમુલ પરિવર્તન લાવતુ અને દેશના ચારેય શંકરાચાર્યો અને જૈનમુનિઓ જેની પુજા કરે છે. તેવા આ શ્રીયંત્રના નિર્માણમાં વિશ્વકર્મા પ્રભુજીએ કલા–કારીગરી અને કૌશલ્યનો વારસો ઉજાગર થયો છે. વિશ્વકર્મા પ્રભુજીએ આપેલ કલા–કારીગરી અને કૌશલ્યના વારસાને શ્રીયંત્રના માધ્યમથી ઉજાગર કરનાર શ્રી બકુલભાઇ સુરેલીયા સાથે વિશ્વકર્મા વિશ્વએ આ દુનિયાના શ્રેષ્ઠ શ્રીયંત્રના સર્જન અંગે વિસ્તૃત માહિતી મેળવી જે શ્રી બકુલભાઇ સુરેલીયાના શબ્દોમાં.

બકુલભાઇ સુરેલીયા કહે છે મારા વેવાઇ કિર્તીભાઇ



# શ્રીયંત્રને વર્લ્ડ બુક ઓફ રેકર્ડ-લંડનમાં અનેરૂ સ્થાન









કથેચાની દિકરી સાથે મારા દીકરાનો સંબંધ બંધાયા પછી તેમણે કહ્યુ કે તમે બધુ પ્રીસીસન કામ કરો છો તો ઇસરોના પાર્ટ બનાવો છો, ચંદ્રયાનનો પાર્ટ બનાવો છો તો શ્રીયંત્ર બની શકે ખરૂ ? મે કહ્યું ૧૦૦ ટકા બની શકે પરંતુ આમાં મને કોઇ ખબર ન પડે. તમારે ડીઝાઇન આપવાની. સ્વ. કિર્તીભાઇ કથેચાએ ડીઝાઇન આપી અને અમે શ્રી યંત્ર બનાવ્યું જે પરફેક્ટ અને સરસ બનાવ્યું. આ શ્રીયંત્ર બનાવ્યા પછી અમે શ્રીયંત્ર દેશમાં શ્રીયંત્રના જાણકાર તમામને બતાવ્યું. બધાએ કહ્યું આવુ ચોખ્ખુ શ્રીયંત્ર અમે ક્યાંય જોયું નથી. દુનિયામાં આનાથી વધુ ચોખ્ખુ શ્રીયંત્ર હોય જ ન શકે. આમ શ્રીયંત્ર દુનિયાનું શ્રેષ્ઠ શ્રીયંત્ર હોવાની માન્યતા મળ્યા બાદ તેને પ્રોડકશનમાં લઇ જવાની તમામ તૈયારી કરી. પરંતુ આ તૈયારી થઇ અને શ્રીયંત્ર બનાવ્યું શ્રીયંત્ર તૈયાર થયા. પછી પાંચ જ દિવસમાં કિર્તીભાઇ કથેચાનું દુઃખદ અવસાન થયું. હું થોડો મુંઝાયો. પરંતુ કિર્તીભાઇના પુત્ર તુષારે કહ્યું, તમે આ કાર્ય ઉભુ ન રાખતા. આ ચાલુ જ રાખશો.




૨૦૧૧માં તેમના અવસાન પછી અમે આનો ઉંડો અભ્યાસ શરૂ કર્યો જ્યાંથી મળે ત્યાંથી માહિતી મેળવી. મોટી મોટી વ્યક્તિઓને મળ્યા અને શ્રી યંત્ર બતાવ્યું. સૌનો એક જ મત હતો આનાથી ચોખ્ખુ શ્રીયંત્ર હોય જ ના શકે ત્યારબાદ શ્રી યંત્ર ખુબ જ પ્રચલીત થઇ ગયું હતું. લોકોને શ્રીયંત્રનો અનુભવ થવા લાગ્યો. જીવનમાં કલ્પનામાં ન આવે તેવી આ અસર શ્રી યંત્ર ધારકને થવા લાગી. આમ શ્રીયંત્રનો વ્યાપ વધતો ગયો અને આજ દિવસ સુધીમાં ૪૦૦૦ લોકો શ્રીયંત્રથી લાભાન્વીત થયા છે.

ત્યારબાદ મેં વિચાર્યું દેશની મોટામાં મોટી પાંચ વ્યક્તિને શ્રીયંત્ર આપવું છે. મોટી વ્યક્તિ એટલે કે શંકરાચાર્ય. અમે ૨૦૨૪માં દ્વારકાના શંકરાચાર્ય શ્રી સદાનંદ સરસ્વતીને મળ્યા તેમની સાથે મિટીંગ કરી અને અમે શંકરાચાર્યને શ્રીયંત્ર અર્પણ કર્યું. શ્રીયંત્ર જોઇને શંકરાચાર્ય ખૂબ જ અભિભૂત થયા. તેમણે કહ્યું, શ્રીયંત્ર તો ઘણા આવે પણ આવુ ચોખ્ખુ શ્રીયંત્ર જોયું નથી. ત્યારબાદ શંકરાચાર્ય સાથે ઘણી ચર્ચા કરી. મારા મનમાં ઘણા પ્રશ્નો હતા જે પુછ્યા. શંકરાચાર્યએ મને કહ્યું તમે શ્રીવિદ્યાની દીક્ષા લીધી છે ખરી ? મેં કહ્યું કે મને હજુ સુધી આવી કોઇ વ્યક્તિ મળી નથી જે મને દીક્ષા આપી શકે. તેમણે કહ્યું આવતી કાલે આવજો હું તમને શ્રીવિદ્યાની દીક્ષા આપીશ. બીજે દિવસે હું ને મારી પત્ની ગયા. અલાયદા કમરામાં અમને બેસાડી અને અમને શ્રીવિદ્યાની દીક્ષા આપી. અને શ્રીયંત્રનો બીજ મંત્ર અમને લખીને આપ્યો. જે ગુપ્ત હોય છે. આ બીજયંત્રનું હું રોજ ઘરે તેમજ કારખાને આવીને બીજમંત્રની માળા કરૂ છું.


ત્યારબાદ બદરીનાથના શંકરાચાર્ય અવિમુકતેશ્વરાનંદજીનો કે જેનો આશ્રય એમપીમાં છે ત્યાં ગયા અને શ્રીયંત્ર અર્પણ કર્યું. આ શ્રીયંત્ર જોઇને તેઓ ખુબ જ ખુશ થયા અને પોણા કલાક સુધી ચર્ચા કરી આંખથી આંખ મિલાવી મને કેટલાક પ્રશ્નોના જવાબો પણ આપ્યા. તેમણે કહ્યુ આવુ ચોખ્ખુ શ્રીયંત્ર હજુ સુધી મેં હજુ

# શ્રીયંત્રના નિર્માણથી પ્રસન્ન થઈને શંકરાચાર્યએ શ્રી બકુલભાઈને શ્રી યંત્રના બીજ મંત્રની દીક્ષા આપી














સુધી જોયું ન હતું. પ્રથમવાર જોયું.

ત્યારબાદ અમે જગન્નાથપુરીના શંકરાચાર્ય નીશ્ચલાનંદજીને પુનામાં મળ્યા અને શ્રીયંત્ર અર્પણ કર્યું. તેમણે કહ્યુ, મારૂ છે કે સ્પર્ષ કરી પરત આપવાનું છે. મેં કહ્યું આપનું છે. તેણે શ્રીયંત્રનો માથા પર સ્પર્શ કર્યો. તેમણે તેમના શિષ્યને કહ્યું, આપણું શ્રીયંત્ર ૮ દિવસ પહેલા જ ખંડિત થયું છે. કેવુ સરસ શ્રીયંત્ર આવી ગયું છે.

ચોથા શંકરાચાર્ય એટલે શ્રીગેરી મઠના સચ્ચીદાનંદજી સરસ્વતી. આ શંકરાચાર્યને શ્રીયંત્ર અમે અર્પણ કર્યું. તેમની સાથે પોણો કલાક ચર્ચા કરી અમને શાલ ઓઢાડી અમારું સન્માન કર્યું.

શ્રી બકુલભાઈ સુરેલીયા કહે છે, દેશની પાંચ મહાનવિભૂતિઓને શ્રીયંત્ર અર્પણ કરવાનો સંકલ્પ કર્યો, જે ચાર શંકરાચાર્યને મળીને પુરો કર્યા પછી દેશની પાંચમી વિભૂતિ એટલે હરદ્વારના સ્વામી અવધેશાનંદગીરી. તેઓ ખુબ જ વિદ્વાન છે. ત્રણ તો પીએચડીની ડિગ્રી તેમને પ્રાપ્ત થઇ છે. અને સાડા ત્રણ લાખ લોકોને દીક્ષા આપેલી છે. છેલ્લો પ્રયાગરાજમાં જે મહાકુંભ થયો તેનું સંપૂર્ણ આયોજન આ અવધેશાનંદગીરીના શીરે હતું. આ વિભૂતિને મળવુ ખુબ જ મુશ્કેલ હોય છે. તેઓની દ્વારીકા પધરામણી થઇ ત્યારે અમને તેઓને મળવાનો મોકો મળ્યો. અમે તેમને શ્રીયંત્ર અર્પણ કર્યું. તેઓના હાથમાં માઇક હતું જ તેમણે કહ્યું, કયા શ્રીયંત્ર બનાયા હૈ. બકુલભાઇ આપને તો ઇસમેં ગલતીકા એક ભી કોના નહીં છોડા હૈ.

જૈનો શ્રીયંત્રમાં ખુબ જ માને છે. જૈનોના વિદ્વાન આચાર્યો પારસમુતિ જયશેખર સુરીશ્વરજી અને નમ્રમુની મહારાજે પણ શ્રીયંત્ર સ્વીકાર્યું છે અને પુજા કરે છે.

આ શ્રીયંત્રને વિદેશમાં પણ સારો આવકાર મળ્યો છે. ૨૦૧૩માં લંડનમાં એકઝીબીશન હતું. ત્યારે એકઝીશનમાં રાખેલ શ્રીયંત્ર લંડનમાં આવેલ ઇન્ટરનેશનલ સીદ્ધાશ્રમ શકિત સેન્ટર ગુરૂજીને પણ આ શ્રીયંત્ર ખુબ જ પસંદ પડયું હતું. ૧૦ લાખની કિંમતનું જપ કિગ્રા વજનનું શ્રીયંત્ર જોઇને કહ્યું, આ મારૂ. ત્યારબાદ તેઓએ આ શ્રીયંત્ર મેળવી આશ્રમની વ્યાસપીઠ પર રાખ્યું છે. જેની રોજ પુજા થાય છે. આ શ્રીયંત્રની ચોકસાઇ વર્લ્ડમાં અન્ય કોઇ શ્રીયંત્રમાં નથી. અને એટલા માટે જ ૨૦૨૩માં આ શ્રીયંત્રને વર્લ્ડ ઓફ રેકોર્ડ, લંડનમાં સ્થાન મળ્યું છે.

આ શ્રીયંત્રની ટેકનીકલ વિશેષતા અંગે બકુલભાઇ

# દેશની તમામ શકિતપીઠમાં મૂર્તિની નહીં શ્રીયંત્રની પુજા થાય છે : શ્રીયંત્રની સ્થાપના કરવાથી પરિવારની રક્ષા થાય છે





સુરેલીયા કહે છે, શ્રીયંત્રનું ટોચનું બિંદુ અને છેવાડાનું બિંદુ વચ્ચે જે લાઇન જનરેટ થાય છે. તે ૫૧ ડિગ્રી, ૫૧ મીનીટ અને ૧૪ સેકન્ડ થાય છે જે પીરામીડનો એંગલ છે અને આ એંગલથી ગોલ્ડન રેશીયાનું સર્જન થાય છે. આવો રેશીયો અન્ય કોઇ શ્રીયંત્રમાં નથી.

ચંત્રમાં ૪૩ ત્રિકોણ આવે છે જે માતાજીનું સ્વરૂપ છે. આ ત્રિકોણ બનાવવા ટેકનીકલ લીમીટેશન હોય અને કયાંક પરફેકશન ન આવે પરંતુ અમારા શ્રીયંત્રમાં બધા જ ત્રિકોણ પરફેકટ છે. જે વર્લ્ડમાં કયાંય નથી. જે અમારી પાસે રહેલ ટેકનોલોજીને આભારી છે.



શ્રી બકુલભાઇ સુરેલીયા શ્રીયંત્રની અસર અંગે કહે છે કે કોઇ એમ માનતુ હોય કે શ્રીયંત્ર રાખીએ તો પૈસાનો ઢગલો થાય પણ એવું નથી. શ્રીયંત્રની સ્થાપના જે ઘરમાં હોય તે ઘરમાં રહેતા કુટુંબની રક્ષા શ્રીયંત્ર કરે છે. કુટુંબમાં પ્રીમેચ્યોર ડેથ થતા ૯૮ ટકા રોકાય છે. પરિવારમાં આવતી ઘાત ટળી જાય છે. શ્રીયંત્રમાં લક્ષ્મીજીનો વાસ છે અને એટલા માટેજ તેનું મહત્વ છે. દેશની તમામ શકિતપીઠમાં મૂર્તિની નહીં પરંતુ શ્રીયંત્રની જ પુજા થાય છે. શ્રીયંત્ર એટલે કે લક્ષ્મીનો વાસ હોય ત્યાં સંપૂર્ણ પાયમાલી થતી નથી.

શ્રી બકુલભાઇ સુરેલીયા કહે છે, અમે જેને શ્રીયંત્ર આપીએ છીએ તે પુજા વિધિ કરીને આપીએ છીએ અને આ પુજાવિધિ નિષ્ણાંત આચાર્ય કૌશિકભાઇ કરે છે. જે આચાર્યએ ખોડલધામમાં પણ મંદીરની પ્રાણપ્રષ્ઠિા કરાવી છે. અને રાજકોટના મહારાજાનો રાજયાભિષેક પણ તેના દ્વારા જ થયો છે.


શ્રીયંત્ર બ્રાસ, બ્રોન્ઝ, કોપર સીલ્વર અને ગોલ્ડ એમ પંચ ધાતુમાંથી બને છે. અમે સ્મોલ, મીડિયમ અને લાર્ઝ એમ ત્રણ સાઇઝમાં શ્રીયંત્ર બનાવીએ છીએ જેની કિંમત ૫૦ હજાર સુધીથી લઇ ૧૦ લાખ સુધીની છે. શ્રીયંત્રનું નિર્માણ સીએનસી, વીએમસી દ્વારા જ થાય છે.

શ્રી બકુલભાઇ કહે છે, આવુ દુનિયાનું શ્રેષ્ઠ શ્રીયંત્ર વડાપ્રધાન મોદીની પાસે પણ હોય તેવી ઇચ્છા હતી. મારી આ ઇચ્છા તાજેતરમાં વડાપ્રધાન રાજકોટ આવ્યા ત્યારે થઇ.

રાજકોટમાં યોજાયેલ વાઇબ્રન્ટ સમીટમાં જયોતિ સીએનસીના એમ.ડી. પરાક્રમસિંહ વકતવ્ય આપવાના હતા. અને વકતવ્ય આપ્યા પછી રાજકોટના ઉદ્યોગપતિ વડાપ્રધાનને શું ભેટ આપવી તેવું પરાક્રમસિંહ વિચારતા હતા. ત્યાં જ તેમના મનમાં શ્રીયંત્ર આવ્યું. શ્રી પરાક્રમસિંહે મારો સંપર્ક કર્યો. કાર્યક્રમના આગલા દિવસે મોડી રાત્રે કારખાનુ ખોલી શ્રીયંત્ર આપ્યું. જેની રાત્રે કમાન્ડોએ ચકાસણી કરી. બીજે દિવસે શ્રી પરાક્રમસિંહજીએ વકતવ્ય પુરૂ કર્યા બાદ ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે શ્રી પરાક્રમસિંહજી વતી વડાપ્રધાન નરેન્દ્ર મોદીને શ્રીયંત્ર અર્પણ કર્યું. શ્રી બકુલભાઇ કહે છે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી શ્રીયંત્રના અભ્યાસુ અને જાણકાર છે. નવુ સંસદ ભવન પણ તેમણે શ્રીયંત્રની ડીઝાઇન પરથી તૈયાર કરાયું છે. એટલે યોગ્ય વ્યકિતને શ્રીયંત્ર ભેટમાં આપવુ તેનો આનંદ છે. અને વડાપ્રધાનને શ્રીયંત્ર અર્પણ થતા મારી ઇચ્છા પણ પુરી થઇ છે.


HEW
JAW CRUSHER
The Quality Products
Manufacturer of
STONE CRUSHER, VIBRATING SCREEN & FABRICATED M/C.
Ramesh N. Kargathara : (M) 098257 09878
Hardik R. Kargathara : (M) 099791 53606
Darshan R. Kargathara : (M) 099091 75777
OM ENGINEERS
Survey No. 207, Plot No. 3, Veraval-Shapar, Dist. Rajkot - 360 024 (Guj.) INDIA
Email : inds.ashirwad@gmail.com | Web : www.ashirwadindustries.in


વિશ્વકર્મા જયંતી
નિમિત્તે હાર્દિક શુભેચ્છા...
RI
Pramod Sanklecha
+91 99246 35541
+91 94295 62241
Mfg :
• All Types of Shaft
• All Types CNC & VMC Work
Ratan
INDUSTRIES
Opp. Krishna Park, Maldhari Railway Cross, Somnath Industry Area-5,
Street No.3, Plot No.-54, Kothariya, Rajkot
ratanindustriess@yahoo.com www.ratanindustries.in


With Best Compliments...
Harsukh Kamani - Magan Kamani
Capital Plywood
: Authorised Dealer :
Wholesale Rate Plywood
"Sardar", Shyamal Vihar,
Nr. SBI Bank, Nana Mava Main Road,
Rajkot.
Mo. 93775 77302, 93775 77303
E : hcapitalplywood@yahoo.com


વિશ્વકર્મા જયંતી
નિમિત્તે હાર્દિક શુભેચ્છા...
PRISHA
ASSOCIATES
Accounting & Tax Services | Since 1998
Office No. 9-10, 2nd Floor,
Krishna Complex, Nr. City Center,
Raiya Road, Rajkot-360 007.
Alpesh Khambhayata
Mo : 98987 00200
O : 0281-2453210
Email : acalpesh@yahoo.com

વિશ્વકર્મા જયંતી વિશેષાંક 23 વર્ષમાં મંગલ પ્રવેશ

# મુસ્કાન (વાર્તા વિશ્વ)



• શીતલ બી.ભાડેશિયા



ક્લાસના દરવાજા પાસે આવીને મુસ્કાને ધીમા અવાજે પુછ્યુ : ‘‘મે આઈ કમ ઈન સર’’. પ્રત્યુતરમાં ‘‘કમ ઈન પ્લીઝ’’ સંભળાતા તે વર્ગખંડમાં પ્રવેશી. નમણી મુસ્કાનને જોઈને તેના વર્ગમાં અભ્યાસ કરવા બેસેલા મોટાભાગનાં યુવકોને મનમાં થયું કે કાશ..!! મારી બાજુની જગ્યા ખાલી હોત તો..??

નામ મુસ્કાન અને ચહેરા પર પણ મુસ્કાન. મુસ્કાનના ચહેરા પર રહેલી મુસ્કાનથી તે હતી તેના કરતા પણ વધુ સુંદર લાગતી હતી. ક્લાસમાં જાણે મોગરો ખીલ્યો હોય અને તેની આહલાદક ખુશ્બુ ચારે તરફ પ્રવેશી હોય તેવી એકદમ તાજી મોગરાની કળી જેવી મુસ્કાને વર્ગમાં નજર કરી તો વચ્ચેના પાર્ટમાં એક વિદ્યાર્થી બેઠો હતો બીજી સાઈડ બેન્ચની ખાલી હતી. મુસ્કાન ત્યાં જઈને બેસી ગઈ. આજે કોલેજનો પ્રથમ દિવસ હોવાથી સાહેબે તેમના વિષયની થોડી વાતો કરી, ત્યાં લેક્ચર પૂરો થઈ ગયો. બાજુમાં બેઠેલો વિવેક મૌન તોડતા બોલ્યો : ‘‘હેલો....હું વિવેક દવે. બાજુના ગામમાંથી શહેરમાં ભણવા આવ્યો છું. જય શ્રી કૃષ્ણ, હું મુસ્કાન પટેલ હું પણ નજીકના ગામમાંથી અહીં ભણવા આવી છું. ત્યાં જ સર આવી ગયાને બીજો લેક્ચર ચાલુ થયો.

હવે તો આ રોજનો ક્રમ બની ગયો. બંનેમાંથી જે વહેલા આવે, તે એકબીજા માટે બાજુમાં જગ્યા રાખે. કોલેજના કોઈ પ્રોગ્રામ હોય, પ્રોજેક્ટ હોય કે સ્પર્ધા બંનેની જોડી સાથે જ હોય. એક દિવસ એવું થયું કે શહેરમાં ભારે વરસાદ થયો, શહેરનો વાહનવ્યવહાર ખોરવાઈ ગયો. આવા સંજોગોમાં મુસ્કાનને કોલેજથી હોસ્ટેલ જવા સીટી બસ કે રિક્ષા મળતા ન હતા. મુસ્કાન કોઈ વાહનની રાહમા કોલેજના પ્રવેશદ્વાર પાસે ઊભી હતી. એટલામાં તેનો સહપાઠી વિવેક ત્યાંથી પોતાના બાઈક પરથી પસાર થયો. મુસ્કાનને જોઈને બાઈક રોકી અને કહ્યું કે જો તમને વાંધો ન હોય તો હું હોસ્ટેલ સુધી મૂકી જાઉં. મુસ્કાન કદી કોઈ અજાણ્યા પુરુષની પાછળ બેઠી નહોતી એટલે સંકોચ અને શરમ હતી. પરંતુ આવી સ્થિતિમાં પરાણે તેને વિવેકની બાઈક પાછળ બેસવું પડ્યુ.

**મુસ્કાન સમજદાર હતી . પણ યુવાનીના ઉંબરે ઊભેલા બે હૃદયોને વરસાદી વાતાવરણમાં એકબીજાનો સ્પર્શ થયો. ખાડા અને પાણી ભરેલા હોવાથી મુસ્કાને વિવેકનો ખભ્ભો પકડ્યો.**

મુસ્કાન સમજદાર હતી . પણ યુવાનીના ઉંબરે ઊભેલા બે હૃદયોને વરસાદી વાતાવરણમાં એકબીજાનો સ્પર્શ થયો. ખાડા અને પાણી ભરેલા હોવાથી મુસ્કાને વિવેકનો ખભ્ભો પકડ્યો.

થોડી વારમાં હોસ્ટેલ આવી ગઈ મુસ્કાન બાઈક પરથી ઉતરી અને વિવેકનો આભાર માન્યો.

પણ એ રાતે મુસ્કાનને ઊંઘ ન આવી વિવેક તેના મનમાં છવાયેલો રહ્યો. બીજી તરફ એજ હાલત વિવેકની હતી. જલ્દી સવાર પડે અને મુસ્કાનને જોઉં.

મુસ્કાનનો હસતો ચહેરો જોઈ તેને સુકુન મળતું. મોડે સુધી ચેટમાં વાતો કરવી. એકબીજાની સંભાળ લેવી,

ત્રાસી નજરે એકબીજા સામે જવું. એકબીજાની પસંદ મુજબ તૈયાર થવું.

આમ ને આમ એકબીજા સાથે કોલેજના બે વર્ષ પૂરા થઈ ગયા. તમે માંથી તું સંબોધન સુધી આવી ગયા.

ધીમે ધીમે દોસ્તી પ્રણયમા પરિણમી એનો એકબીજાને ખ્યાલ ન રહ્યો.

વિવેક ક્યારેક વાતમાં વાતમાં મુસ્કાનને સ્પર્શ કરી લેતો પણ મુસ્કાને ક્યારેય પોતાની મર્યાદા ઓળંગી ન હતી.

ત્રીજા વર્ષની ફાઈનલ પરીક્ષામાં બંને સારા માર્કસથી ઉત્તીર્ણ થયા. કોલેજના છેલ્લા દિવસે વિવેકે મુસ્કાન સામે લગ્નનો પ્રસ્તાવ મૂક્યો.

સમજુ મુસ્કાને ત્યારે તરત જ વિવેકને કહ્યું કેઃ ‘‘હા.... હું આ બાબતમાં અવશ્ય વિચારીશ. મારા પરિવારને વાત કરીશ. તેમની હા હોય તેના આશીર્વાદ હોય તો જ મારી હા હશે. રહી વાત, ભાગીને લગ્ન કરવાની તો એ હું સપનામાં પણ ન વિચારી શકું. મારા માતા પિતાએ મારા પર ભરોસો રાખીને મને ભણવા મોકલી તેમની ઈચ્છા વિરુદ્ધ હું કઈ ન કરૂં. લગ્ન એટલે એકબીજા પ્રત્યે જવાબદારી. ફક્ત બે વ્યક્તિ નહીં પણ બે પરિવાર પણ સગપણના તાંતણે જોડાય છે. વિવેક તને પણ ખબર છે, ફક્ત ડિગ્રી મળી જવાથી કઈ નહીં થાય. પ્રેમ જીવનમાં જરૂરી છે પણ જીવવા માટે ડગલે ને પગલે પૈસા જોઈએ. એટલે આપણે પગભર થાય પછી આ બાબતનું વિચારીએ. ફરી જલ્દી મળીશું કહીને, બંને છૂટા પડ્યા.

મુસ્કાન ગ્રેજયુએટ થઈ ને ઘરે આવી પરિવારમાં ખુશાલી છવાઈ ગઈ. એક દિવસ તેને તેના મમ્મીને વિવેક વિશે વાત કરી. તેના મમ્મી એ કહ્યું હા હું તારા પપ્પાને તને વિવેક પસંદ છે એ વાત કરીશ. એક સાંજે મુસ્કાનના પપ્પા રમેશભાઈ વહેલા ઘરે આવ્યા. નિરાતે બેઠા પછી મુસ્કાનને બોલાવી.

કહ્યું કે : બેટા મુસ્કાન, તારી સાથે ભણતો છોકરો, તમે બંને એકબીજાને ગમો છો. એવી વાત તારા મમ્મીએ મને જણાવી. બેટા એક કામ કર, તું વિવેકની બધી વિગત મને જણાવ ક્યાં રહે છે? શું કરે છે? તેના માતા પિતા શું કરે છે? હું આ બાબતે યોગ્ય તપાસ કરી લઉં.

બેટા મને યોગ્ય લાગે તો હું આગળ વિચારીશ. પપ્પાના આવા જવાબથી મુસ્કાનને ખોટું લાગ્યું..

તેને તરત કહ્યું કે : પપ્પા દીદીને તો તમે લવ મેરેજ માટે હા પાડી, સામેથી રાજીખુશીથી લગ્ન કરી આપ્યા અને મને......

રમેશભાઈ બોલ્યા : વિનય કુમારના પરિવારનું સમાજમાં સારું સ્થાન

છે. સારા માણસો છે . મેં તપાસ કરી તો કોઈ તેના વિશે ખરાબ નહોતું બોલ્યું...મારી દીકરી...ભાગીને લગ્ન નહીં, જાગીને લગ્ન કરવાના હોય. મારા માટે તમે બંને દીકરીઓ સરખી જ છો. દીદી ડોક્ટર હતી અને તેના માટે પણ મેં વિનયકુમારની પહેલા તપાસ કરી હતી . મને યોગ્ય લાગ્યું પછી જ લવ ને એરેન્જ મેરેજમાં કરી આપ્યા. અને જો તારી દીદી અત્યારે સાસરીમાં ખુશ છે.

સારું ચાલ જમી લઈએ હું વિવેકની તપાસ કરીને પછી આ બાબતમાં વિચારૂં.

તે દિવસે રાતે મુસ્કાન ઉદાસ હતી તેને હતું કે દીદી ને લવ મેરેજ માટે હા પાડી તો મને પણ હા પાડશે. તે વિવેકને તેના મમ્મી પપ્પા સાથે થયેલી વાત કરે છે.

રમેશભાઈએ વિવેક વિશે તપાસ કરી તો જાણવા મળ્યું કે તેના પરિવારની સમાજમાં કોઈ આબરૂ નથી.આવો પરિવાર મારી દીકરી માટે યોગ્ય નથી. તે દિવસે વહેલા ઘરે આવીને એકદમ હળવાશથી રમેશભાઈએ દીકરી મુસ્કાનને પાસે બેસાડી, શાંતિથી વાત કરી અને એટલું જ કહ્યું કેઃ બેટા... વિવેક તારા માટે યોગ્ય નથી.

ઉદાસ થયેલી મુસ્કાન વિવેકને લગ્ન માટે ના કહી દે છે. તેને આ ગમતું નથી. બસ ગુમસુમ રહે છે. એકદિવસ તે ઘરે એકલી હોય છે તો વિવેકનું ફેસબુક આઇડી ચેક કર્યું તો જાણવા મળ્યું કે, વિવેકે તો લગ્ન કરી લીધા. એના પત્ની સાથેની તસવીર પણ મૂકેલી છે. આ જોઈ મુસ્કાન પર વ્રજાઘાત થયો. તે ખૂબ રડી પણ પછી પોતાની જાતને સંભાળી લીધી.

થોડા દિવસો બાદ માતાપિતાની મરજી મુજબ શહેરના એક બિઝનેસમેન કૃણાલ પટેલ સાથે મુસ્કાનના ધામધૂમથી લગ્ન થયા. તે તેના લગ્નજીવનથી ખુશ હતી.

ભણેલી મુસ્કાન કૃણાલને ઓફિસના કામમાં મદદ કરતી. તેની સાથે રોજ ઓફિસે જતી.

આજે સવારમાં તે કૃણાલ સાથે ઓફિસે ગઈ. છાપું હાથમાં લીધું અને ત્યાં તેની નજર છાપામાં વિવેકના ફોટા પર ગઈ. વિવેક દવે લાંચ લેતા પકડાયા છે.તેના વિરુદ્ધ ભ્રષ્ટાચારનો કેશ થયો છે. સ્મિત રેલાવતી મુસ્કાને બાજુમાં બેઠેલા કૃણાલ સામે જોઈને ખુશ થઈ. અને દિલથી પપ્પાને આભાર માનતા મનમાં બોલીઃ ‘‘થેંક્યુ પપ્પા, મારું જીવન બચાવવા માટે.’’

વિશ્વકર્મા જયંતી વિશેષાંક 23 વર્ષમાં મંગલ પ્રવેશ

# શ્રેષ્ઠ પ્રાર્થના (વાર્તા વિશ્વ)





● કે. રાજ

મારી સાથે એક આધેડ સ્ત્રીની પણ આ કિલનીકમાં સારવાર ચાલુ હતી. તેની સાથે તેની પુત્રવધુ કે કદાચ દિકરી થતી હોય - મને ખ્યાલ નથી પણ એ અને એક નાનકડું બાળક - એમ ત્રણેય લગભગ મારી સાથે જ કિલનીકમાં પ્રવેશતા. સ્વાભાવિક છે કે બાળક લાંબો સમય સ્થિર ન બેસી રહે એટલે તોફાને ચડે-રડે એટલે તેને શાંત પાડવા પેલી યુવતી બાળકને લઈ કિલનીક બહાર પટાંગણમાં જતી રહે અને બાળકને શાંત પાડવા પોતાનાથી બનતા બધા પ્રયત્નો કરે.

મને બરોબર યાદ છે એ ડિસેમ્બર ૨૦૨૦નો સમયગાળો હતો. મારા ડાબા પગની નસ ખેંચાઈ જવાથી ચાલવામાં અસહ્ય તકલીફ પડતી હતી. એ સમયે જુનાગઢ ડો. દિપેન સુલાના આદિત્ય કલીનીકમાં મારી સારવાર ચાલુ હતી. પંદર-વીસ દિવસ સુધી રોજ જુનાગઢ જવાનું અને સારવાર લઈ મોડી સાંજે પરત ફરવાનું ઘરે આવી આરામ કરવાનો સવારે મોડુ ઉઠવાનું – આ જ રૂટીન હતું. એવા જ એક દિવસે હું કિલનીકમાં વેઈટીંગમાં બેઠો હતો અને સારવાર માટે મારો વારો આવે તેની આતુરતાની રાહ જોતો હતો. મારી સાથે એક આધેડ સ્ત્રીની પણ આ કિલનીકમાં સારવાર ચાલુ હતી. તેની સાથે તેની પુત્રવધુ કે કદાચ દિકરી થતી હોય – મને ખ્યાલ નથી પણ એ અને એક નાનકડું બાળક – એમ ત્રણેય લગભગ મારી સાથે જ કિલનીકમાં પ્રવેશતા. સ્વાભાવિક છે કે બાળક લાંબો સમય સ્થિર ન બેસી રહે એટલે તોફાને ચડે-રડે એટલે તેને શાંત પાડવા પેલી યુવતી બાળકને લઈ કિલનીક બહાર પટાંગણમાં જતી રહે અને બાળકને શાંત પાડવા પોતાનાથી બનતા બધા પ્રયત્નો કરે. તેનું મન રમવામાં પરોવાય એ માટે એ મમ્મી મટીને બાળક જેવી બની જાય. પેલું ભુલકું ખિલખિલાટ હસી પડે. હું રસપૂર્વક એકીટશે બધુ જોતો હતો ત્યાં અચાનક જ પેલી યુવતીનું ધ્યાન મારા પર પડયુ કે એક સુકલકડી અને વધેલી દાઢી કયારનો તેમના તરફ તાકી રહે છે !! એ સભાનતા કેળવી બાળકને લઈ ચુપચાપ બેસી ગઈ. એક ખુબ જ સુંદર દશ્ય મારી આંખ સામેથી ભજવાનું બંધ થયું. મારા એમના તરફ જોવાને લીધે કદાચ એને અણગમો થયો હોય એવું મને લાગ્યું. સ્ત્રીઓને નિહાળતા પુરૂષોની નજરનું જો 'પોસ્ટમોર્ટમ' કરવામાં

આવે અને એ સમયે મનમાં આવેલા નબળા વિચારને ગુનો ગણવાની જોગવાઇ તેમાં ઉમેરાય તો આખી દુનિયાભરની જેલો પણ ઓછી પડે ! પણ અહીં મારા કિસ્સામાં સાવ ઉલટું જ હતું એ યુવતી અને બાળકને જોઇને મને એક જ વિચાર આવ્યો કે પેલુ બાળક હજી બોલતા પણ નહોતું શીખ્યુ છતાં પણ તેના હાવભાવ-રડવા-હસવા પરથી તેની મમ્મીને ખબર પડી જાય છે કે બાળકને શું તકલીફ છે ! તો શું પરમાત્માના જે પણ સ્વરૂપને આપણે માનતા હોઇએ તેને ખબર ન હોય કે આપણને શું તકલીફ છે ? ખબર જ હોય !! તો પછી એને રીઝવવા આપણે રચેલી શબ્દોથી શણગારેલી સઘળી પ્રાર્થનાઓ ખરેખર તો વ્યર્થ જ છે ! કારણ કે ઘણીવાર તો એવી પ્રાર્થનાઓ પ્રાર્થના ન રહેતા ઈશ્વર સમક્ષની સુખની ઉઘરાણી જ બની જાય છે ! આ તકે આદરણીય શ્રી ભરતભાઇ સુરેલીયાને પણ યાદ કરી લઉં. ઘણા વર્ષોથી રોજ સવારે નિયમિત એમનો સુંદર મેસેજ હોય છે એવો જ એક મેસેજ અહીં ટાંકુ છું 'હે ઈશ્વરને તથાસ્તુ કહેતા ડર લાગે છે. કારણ કે માણસ એક ફુલ ધરીને આખો બગીચો માંગી લે છે !!' આ ખરેખર વાસ્તવિકતા છે જોકે આપણને આપણા સ્વાર્થી સ્વભાવને લીધે આ ખ્યાલ જ નથી રહેતો. ઉઘરાણી જેવી પ્રાર્થનાઓ ઈશ્વર કબુલ કરે ખરા ? જો કે ઘણાને એથી કંઇ ફેર નથી પડતો. એ તો એની પ્રાર્થના (ખરેખર તો માંગણીઓ) કબુલ ન થાય તો ઈશ્વર પણ બદલાવી નાખે છે. અત્યારના સમયમાં ઘણા બધા માણસો શારીરિક વ્યાધિથી ત્રસ્ત હોય છે. કોઇ તેમને એમ કહે કે ફલાણી જગ્યાએ મંત્રેલુ પાણી કે લાલ-પીળો દોરો બાંધો એટલે તમારું દુઃખ દુર થઇ જાય તો પેઢીઓની ઈશ્વરના જે સ્વરૂપને તેઓ માનતા હોય એને સર્જેલી વ્યવસ્થામાંથી વિશ્વાસ ગુમાવી પેલી જગ્યાએ તે દોડયા જશે ! આ અંધશ્રદ્ધા નહીં તો બીજુ શું છે ? આપણામાંથી કેટલા છે કે જેણે પોતાની મુસીબતના સમયે ઈશ્વરને યાદ કરીને એવું માંગ્યુ હોય કે કાં મને આમાંથી બહાર નીકળવાનો રસ્તો બતાવ અને કાં તો મારી સહનશકિત વધારી દે !!! ના. આવું આપણે માંગતા નથી ! આપણે તો આપણને મળતા સુખ-શાંતિની શરતે જ ઈશ્વરને માનવા છે - એણે સર્જેલી વ્યવસ્થા પર વિશ્વાસ રાખીને નહીં !

**બાળક હજી બોલતા પણ નહોતું શીખ્યુ છતાં પણ તેના હાવભાવ-રડવા-હસવા પરથી તેની મમ્મીને ખબર પડી જાય છે કે બાળકને શું તકલીફ છે ! તો શું પરમાત્માના જે પણ સ્વરૂપને આપણે માનતા હોઇએ તેને ખબર ન હોય કે આપણને શું તકલીફ છે ?**

તમે જોશો કે ઘણા માણસો પોતાની સમસ્યાના નિવારણ માટે માનતા બાધા-આખડીમાં ખુબ જ વિશ્વાસ ધરાવતા હોય છે. ઘણીવાર તેમનું માનેલુ કાર્ય થઇ પણ જતું હોય છે પણ જો કયારેક ન થાય તો ઘણાય એવા પણ હોય કે આ અનુભવને આધારે ઈશ્વરની કૃપાનું મુલ્યાંકન કરે છે ! આ કેટલું હાસ્યાસ્પદ છે ! આપણે કહીએ એવું કરી દે તો જ જે-તે ઈશ્વર સાચા-નહિતર ખોટા, એવું કેમ મનાય ? અહીં પુષ્ટિમાર્ગીય સંપ્રદાય શ્રેષ્ઠ સાબિત થાય છે. પોતાની તકલીફના રોદણાં ઈશ્વર સમક્ષ રડવાના નથી કારણ કે એ બાળસ્વરૂપ છે - પરમાત્માને તકલીફ થાય ! કેવી ઉચ્ચ કક્ષાની ભાવના !! કેવો નિર્મોહી સમર્પણ ભાવ !! વાસ્તવિકતા એ છે કે જયારે તમારી આંતરીક ઉર્જા સર્વોચ્ચ સ્તરે કાર્ય કરતી હોય ત્યારે તમારું ધારેલું કાર્ય પાર પડી જતું હોય છે. એના માટે ઈશ્વરનું કોઇસ્વરૂપ વધારે દયાળુ કે શકિતશાળી છે કે કોઇ સ્વરૂપ ઓછું દયાળું કે શકિતશાળી નથી એવું નથી જ !

દુનિયાના દરેક ધર્મમાં ઈશ્વરને રિઝવવા માટે અલગ અલગ ઘણી બધી પ્રાર્થનાઓ છે. અમુક પ્રાર્થનાઓ માટે તો અમુક કર્મકાંડ જેવા નિયમો પણ છે. પણ સૌથી શ્રેષ્ઠ પ્રાર્થના જો કોઇ હોય તો એક નવજાત શિશુનુ માતા સમક્ષનું રુદન છે ! રૂદનને પ્રાર્થના ગણવાનું મહત્વનું કારણ એ છે કે તેમાં કોઇ ભાષા નથી હોતી કોઇ અવિશ્વાસ પણ નથી હોતો કે કોઇ લાંબી માંગણીઓ પણ નથી હોતી. પોતાની જરૂરિયાત-ભુખ-તરસ કે ઉંઘની છે એ સંતોષાઇ જાય એટલે બાળક એ જ માંના ખોળામાં લપાઇને શાંતિથી પોઢી જાય છે. એક નાના બાળક જેવો નિર્દોષભાવ લઇને આપણે ઈશ્વરને યાદ કરશું તો આપણે પણ પ્રાર્થના માટે શબ્દોની જરૂર નહીં પડે અને આપણે નહીં કરેલી પ્રાર્થના પણ પરમાત્મા કબુલ કરશે.

વિશ્વકર્મા જયંતી વિશેષાંક 23 વર્ષમાં મંગલ પ્રવેશ

# માનવજીવન માટે આશીર્વાદ રૂપ પદ્ધતિ એટલે યોગ



● કિરણ હિતેષ બકરાણીયા

બધા મિત્રોને મારા જય વિશ્વકર્મા આપણે યોગ શરૂ કરતા પહેલા અને પૂર્ણ કરીએ ત્યારે ૐ કારનું ઉચ્ચારણ કરીએ છીએ તો આજે આપણે ઓમકાર ઉચ્ચારણનો અર્થ, મહત્વ અને ફાયદા વિશે જાણીશું.

ઓમકાર હિન્દુ ધર્મમાં સૌથી પવિત્ર અને શકિતશાળી ધ્વનિ માનવામાં આવે છે તેને બ્રહ્માંડનો મૂળનાદ કહેવાય છે. યોગ, ધ્યાન અને આધ્યાત્મિક સાધનામાં ઓમના ઉચ્ચારણનું વિશેષ મહત્વ છે. ઓમકાર માત્ર ધ્વનિ નથી પરંતુ શકિત, શાંતિ અને ચેતનાનો સ્ત્રોત છે નિયમિત ઓમકાર જાપ જીવનમાં સકારાત્મકતા, શાંતિ અને આધ્યાત્મિક ઉન્નતિ લાવે છે.

બ્રહ્માંડમાં એક પ્રકાશ સ્વરૂપ ઓમકાર ધ્વની સતત વ્યાપે છે. જયારે આપણે સાચી પદ્ધતિથી ઓમકારનું ઉચ્ચારણ કરીએ છીએ ત્યારે તેની ઉર્જા સાથે આપણે જોડાઇ છીએ ઓમકાર શરીર મને શ્વાસને એક સાથે જોડે છે.

વૈજ્ઞાનિક સંશોધનમાં જાણવા મળ્યું છે. ફકત છ મિનિટ ઓમનું ઉચ્ચારણ કરવાથી એક રોગો દુર થાય છે અને મસ્તકમાં વિશેષ પ્રકારનું કંપન થાય છે અને ઓકિસજનનો પ્રવાહ વધવાથી મસ્તકના રોગ, સ્ટ્રેસ અને ટેન્શન દુર થાય છે. સ્મરણશકિત વધે છે.

બે અઠવાડિયા સવારે અને સાંજે નિયમિત રીતે ઓમના ઉચ્ચારણથી શરીરમાં વિશેષ ઉર્જાનો સંચાર થાય છે. ગભરાટ, બેચેની, ડર, એંઝાયટી દુર થાય છે. ઓમકાર વિશે સંસ્કૃતના એક શ્લોકમાં જણાવ્યા અનુસાર.

ૐ કાર બિન્દુ સંયુત્મં નિત્યં ધ્યાયન્તિ યોગિનાઃ ।

કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ।।

ઓમકાર સર્વ પ્રકારની કામનાઓને પુરી કરનાર અને મોક્ષ આપનાર છે. એ બિંદુ સાથેના ઓમકારનું યોગીઓ નિત્ય નિરંતર ધ્યાન કરે છે એવા ઓમકારને હું નમસ્કાર કરૂ છું.

ઓમના ઉચ્ચારણની રીત :

ઓમકારનું ઉચ્ચારણ ધીમું, લાંબુ અને શુદ્ધ રીતે કરવું જોઇએ ૐ એ ત્રણ અક્ષરનો બનેલો એક શબ્દ છે. જેમાં અ, ઉ અને મના ઉચ્ચારણથી ૐ પુર્ણ થાય છે.

અ – નાભિમાંથી

ઉ – છાતીમાંથી

મ – માથામાં ધ્વનિત થતો

કહેવાય છે અ, એટલે બ્રહ્મા ઉ એટલે વિષ્ણુ અને મ એટલે મહેશ.

સરળ ભાષામાં કહીએ તો શાંત અને સ્વચ્છ જગ્યાએ આસન પર સુખાસન, પદ્માસન અથવા વજ્રાસનમાં બેસવું કમર, ગરદન સીધા રાખવા એટલે ટટ્ટાર બેસવું હાથ ગોઠણ પર રાખી



જ્ઞાનમુદ્રા અથવા ધ્યાનમુદ્રા બેસવું હવે લાંબો ઉંડો શ્વાસ ભરવો અને શ્વાસ છોડતી વખતે અ અને ધીમે ધીમે કેન્ડલ બુઝાવતા હોય ત રીતે ઉનું અને હોઠ બંધ કરી મનું ઉચ્ચારણ કરવું, આ થયો એક ઓમકાર ઓમના ઉચ્ચારણથી થતા ફાયદા :–

– કફ, પિત અને વાયુને બેલેન્સ કરે છે.

– મન શાંત થાય છે અને તણાવ ઘટે છે.

– શ્વાસ અને નર્વસ સિસ્ટમ સંતુલિત થાય છે.

– શરીરમાં ઉર્જાનો સંચાર કરે છે.

– એકાગ્રતામાં વધારો કરે છે.

– બ્લડપ્રેશર નિયંત્રણમાં રહે છે.

– ભય દુર થાય છે ને આત્મવિશ્વાસ વધે છે.

– થાઇરોઇડ ગ્રંથિ પર સકારાત્મક અસર પડે છે.

– મન પ્રફુલિત બને છે.

તો મિત્રો હવેથી આપણે રોજ ઓમનું ઉચ્ચારણ સાચી પદ્ધતિથી કરીએ અને યોગની શરૂઆત કરીએ.



## "પ્રભુ નમું વારી વારી.."

હે દાદા વિશ્વકર્મા, પ્રભુ નમું વારી વારી;
વિરાટ વિશ્વકર્મા, પ્રભુ નમું વારી વારી.
વિજ્ઞાની વિશ્વકર્મા, પ્રભુ નમું વારી વારી;
હે દાદા વિશ્વકર્મા, પ્રભુ નમું વારી વારી. ૧
હે દાદા વિશ્વકર્મા, પ્રભુ ગજ સૂત્ર ધારી;
હે દાદા વિશ્વકર્મા, પ્રભુ જલ પાત્ર ધારી.
હે દાદા વિશ્વકર્મા, પ્રભુ શિલ્પ શાસ્ત્રધારી;
હે દાદા વિશ્વકર્મા, પ્રભુ જ્ઞાન સૂત્ર ધારી. ૨
હે દાદા વિશ્વકર્મા, પ્રભુ ત્રણ નેત્ર ધારી;
હે દાદા વિશ્વકર્મા, પ્રભુ માથે મુકુટ ધારી.
હે દાદા વિશ્વકર્મા, પ્રભુ વૃધ્ધ દેહ ધારી;
હે દાદા વિશ્વકર્મા, પ્રભુ હંસની સવારી. ૩
હે દાદા વિશ્વકર્મા, પ્રભુ રાજ મહેલ કર્તા;
હે દાદા વિશ્વકર્મા, પ્રભુ દેવ ગૃહ કર્તા.
હે દાદા વિશ્વકર્મા, પ્રભુ ત્રણ લોક કર્તા;
હે દાદા વિશ્વકર્મા, પ્રભુ સર્વ સૃષ્ટિ કર્તા. ૪
હે દાદા વિશ્વકર્મા, પ્રભુ દેવ શિલ્પ કર્તા;
હે દાદા વિશ્વકર્મા, પ્રભુ જગ હિત કર્તા.
હે દાદા વિશ્વકર્મા, પ્રભુ સૌની રક્ષા કર્તા;
હે દાદા વિશ્વકર્મા, પ્રભુ સર્વ ક્લેશ હર્તા. ૫
હે દાદા વિશ્વકર્મા, પ્રભુ નમું વારી વારી;
વિરાટ વિશ્વકર્મા, પ્રભુ નમું વારી વારી.
વિજ્ઞાની વિશ્વકર્મા, પ્રભુ નમું વારી વારી;
હે દાદા વિશ્વકર્મા, પ્રભુ નમું વારી વારી. ૬
જય વિશ્વકર્મા

**– મહેન્દ્રભાઈ બી. વડગામા**

## વિશ્વકર્માને નમું

સૃષ્ટિ આખીનાં જે સર્જક, વિશ્વકર્માને નમું,
રૂપ જેનું લાગે મોહક, વિશ્વકર્માને નમું.

જે સમંદરથી પ્રગટ થઈ પૃથ્વીનો આધાર એ,
સ્થિર સૃષ્ટિનાં જે સ્થાપક, વિશ્વકર્માને નમું.

શબ્દ જેના બ્રહ્મ છે, સાક્ષી છે પુરાણનાં,
આંખ જેની લાગે પુસ્તક, વિશ્વકર્માને નમું.

સર્વ દેવી–દેવતાઓ ગુણ જેના ગાય છે,
સર્વ વિઘ્નોનાં નિવારક વિશ્વકર્માને નમું.

માંગી માંગીને શું માંગું? મારી છે વિસાત ક્યાં?
આપતા પ્રેમે જે અઢળક વિશ્વકર્માને નમું.

સર્જકોનાં ઈષ્ટ છે ને સૃષ્ટિના ખુદ રચયિતા,
વિશ્વ આખાનાં છે પાલક, વિશ્વકર્માને નમું.

જ્ઞાન આપ્યું, વ્હાલ આપ્યું, અવનવી આપી કલા,
સ્નેહ–વિદ્યાના છે વાહક, વિશ્વકર્માને નમું.

**– વિદ્યા ગજ્જર 'વિદ્યા', રાજકોટ**

## હાર્દ

સારા જગ થી સંતાડી તસવીર છુપાવી રાખી છે,
પ્રણય કેરા પ્રાંગણમાં તકદીર છુપાવી રાખી છે.

ઉડતા પંખી હસતા કાયમ મુજને જોઈ ધરતી પર,
આભમાં ઉડતા પંખી થી જંજીર છુપાવી રાખી છે.

શાંત દીશે છે વર્તન તેથી સમજોના કંઈ પડી નથી,
ગંભીરતા માં મેં મારી અધીર છુપાવી રાખી છે.

છપ્પન ભોગ પીરસાયેલા જોઈ તેમની થાળીમાં,
પ્રેમથી રાંધેલી મારી મેં ખીર છુપાવી રાખી છે.

તમને દિસે પથ્થર પણ અંદર કંઈક ધબકે છે,
પથ્થર અંદર 'હાર્દ 'ની તાસીર છુપાવી રાખી છે.

**– હાર્દિક દહિસરિયા 'હાર્દ'–રાજકોટ**



## નવ વર્ષ સંકલ્પ

નવ વર્ષનો દૃઢ સંકલ્પ કરીએ,
ઉશ્કેરવાના કોઇ કામ ન કરીએ,
થાય તો મદદ એકબીજાને કરીએ,
નહીં તો સદાય મૂંગા મરીએ

સમાજ કર્તવ્યને જાતે વહોરીએ,
સદાય સદ્કાર્યોનુ સમિધ ઓરીયે,
થાય સ્વચ્છ દિલથી એટલી સેવા કરીએ,
નહીં તો સદાય મૂંગા મરીએ.

ન કરીએ કદી કોઈનો હાસ કે ઉપહાસ,
આપીએ સદાય સૌના જીવનમાં હાસ,
થઈ શકે તો એક બીજાના આંસુ લૂછીએ,
નહીં તો સદાય મૂંગા મરીએ.

બસ આટલો જ નાનો સંદેશ છે અમ,
મોહક કિંશૂક બનવા ના રહે કોઈને ભ્રમ.
મેણા ટોણાને હવે આપો અગ્નિ દાહ,
નહીં તો સદાય મૂંગા મરીએ.

**– દીપક વડગામા, રાજકોટ.**

## વિશ્વકર્માદાદા

બાળુડો પ્રેમ કિશોર થઈ!
પછી યુવાનીમાં અટવાય છે,
સમયની થપાટો ખાઇને એ,
વૃદ્ધાવસ્થામાં પલટાય છે...

માવતર સાથેનો પહેલો પ્રેમ,
જે ''હેત'' નામે ઓળખાય છે,
કિશોરાવસ્થામાં દોસ્તો સાથે,
સંબંધ વ્હાલનો બંધાય છે...

યુવાનીમાં સોળે કળાએ ખીલે,
ને પ્રણયના નામે ઓળખાય છે,
પ્રિય પાત્ર સાથેના એ પ્રેમ પછી,
જીવન દુનિયાદારીમાં અટવાય છે...

આવે વૃદધાવસ્થા ત્યારે પ્રેમ,
પ્રભુની શ્રદ્ધામાં પલટાય છે,
દાદા વિશ્વકર્માને સોંપી ચિંતાઓ,
જીવન આનંદથી વ્યતિત થાય છે...

**– જ્યોતિ ગજ્જર, વડોદરા**

## મંઝીલ દૂર નહીં

આંખોમાં લાખો સપના ,
ક્યારેક ખુલી આંખોથી માણી તો જૂઓ,

એટલી પણ મંજીલ દૂર નથી ,
એક કદમ ચાલી ને તો જુઓ,

રસ્તા પર ઊભા રહી મળતું નથી કંઈ,
જરાક આગળ વધીને તો જુઓ,

સપના પણ પુરા થઈ શકે છે,
થોડી હિંમતથી કામ કરી તો જુઓ,

ઘણા કહે,ભગવાન આપતા નથી ,
અરે! તમે પણ મહેનત કરી તો જુઓ

મળી છે અણમોલ જીદંગી,
જરાક મહેનત કરી મંજીલ સુધી પોંચી તો જુઓ.

મંજીલ પણ રાહ જુએ છે ,
જરાક એના તરફ વળી તો જુઓ .

**રૂપલ ધર્મેશભાઈ ગંગાજળિયા**
**(નીકાવા)**

# ગુજરાતી ગજ્જર સુતાર સમાજનો સંદેશ



● જયેન્દ્રભાઈ રતિલાલભાઈ ગજ્જર સુતાર

મહારાષ્ટ્ર અને ગુજરાતમાં વસતા ગુજરાતી ગજ્જર સુતાર સમાજને ફરી એક માળામાં પરોવવાનો એક નમ્ર પ્રયાસ. ચાલો આપણે સૌ સાથે મળીને આપણા સમાજની એકતા અને ઉન્નતિ માટે એક ડગલું આગળ વધીએ.‘‘

આજે ગુજરાતી ગજ્જર સુતાર સમાજ દુનિયામાં સમાજનું નામ નવી ઊંચાઈઓ પર પહોંચાડી રહ્યો છે. આજે આપણો ગુજરાતી ગજ્જર સુતાર સમાજનો વ્યક્તિ દુનિયાના ખૂણે ખૂણે વસેલો છે. આજે આપણો સમાજ સંપન્ન થઈ રહ્યો છે અને થતો રહેશે. આજે આપણા સમાજના ઘણા વ્યક્તિઓ મોટા-મોટા હોદ્દાઓ પર બિરાજમાન છે અને આપણા સમાજનું નામ રોશન કરી રહ્યા છે.

આજે જો જોવામાં આવે તો, ગુજરાતી ગજ્જર સુતાર સમાજ ટુકડે-ટુકડે દેશના વિવિધ ભાગોમાં વિખરાયેલો છે. જો આપણે પ્રયત્ન કરીએ, તો આપણો આ વિખરાયેલો સમાજ ફરીથી એક માળામાં પરોવી શકાય છે. જરૂર છે માત્ર એક નાના પ્રયાસની. જો આપણા સમાજના તમામ માનવંતો પ્રયત્ન કરે, તો આપણો ગુજરાતી ગજ્જર સુતાર સમાજ ફરી એક તાંતણે બંધાઈ શકે છે.

જ્યારે આપણો સમાજ ગુજરાતમાંથી વિવિધ સ્થળોએ વિખરાયો, ત્યારે આપણા જે વહીવંચા (ભાટ) આવે છે તે કહે છે કે આપણે અમુક શતકમાં ગુજરાતથી અલગ-અલગ સ્થાનો પર વિખરાઈ ગયા હતા. ગુજરાતમાં આપણા સમાજ દ્વારા નિર્મિત રૂદ્ર મહાલય અને રાણીની વાવ આજે જગપ્રસિદ્ધ છે. જ્યારે આપણને ખબર પડે છે કે તેનું નિર્માણ ગુજરાતી ગજ્જર સમાજે કર્યું છે, ત્યારે આપણને ગર્વ થાય છે કે આપણા પૂર્વજો એવા મહાન કલાકાર હતા જેમણે દુનિયાને અજાયબી જેવી વસ્તુઓ આપી છે, જેને જોવા માટે દુનિયાના ખૂણે ખૂણેથી લોકો આવે છે.

આજે આપણો સમાજ દેશના વિવિધ સ્થળોએ ફેલાયેલો છે. આપણો કેટલોક સમાજ મહારાષ્ટ્રના નંદુરબાર, ધુળે અને જળગાંવ જિલ્લાઓમાં વસે છે. આજે પણ આપણો સમાજ શુદ્ધ શાકાહાર અપનાવે છે અને મદિરાપાનથી દૂર રહે છે. આજે પણ આ સમાજ ગુજરાતી સુતાર સમાજની રીત-રિવાજો અનુસાર ચાલે છે. મહારાષ્ટ્રમાં આશરે ૨,૦૦૦ સમાજ બંધુઓની સંખ્યા સાથે સમાજ જીવન પસાર કરી રહ્યો છે. આજે મહારાષ્ટ્રના ગુજરાતી ગજ્જર સુતાર સમાજના કેટલાક લોકો મોટા સરકારી હોદ્દાઓ પર બિરાજમાન છે અને ડોક્ટર, એન્જિનિયર, સાયન્ટિસ્ટ, આઈટી (IT) જેવા ક્ષેત્રોમાં કાર્યરત છે.

આજે આપણે જોઈએ છીએ કે ગુજરાતી કુંભાર સમાજ તેમના સમાજ બંધુઓને આહ્વાન કરી રહ્યો છે કે તેઓ આવે અને ફરી પોતાના સમાજ સાથે જોડાય. જો કુંભાર સમાજ આ કરી શકતો હોય, તો ગુજરાતી સુતાર સમાજ માટે આ કોઈ મોટી વાત નથી. જો આપણે પહેલ કરીએ, તો આપણો સમાજ ફરીથી એક થઈ શકે છે અને નવી ઊંચાઈઓ આંબી શકે છે.

આપણા સમાજના લોકો જન્મજાત બુદ્ધિશાળી હોય છે. તેઓ ગમે તે ક્ષેત્રમાં જાય, ત્યાં સમાજનું નામ નવી બુલંદીઓ પર લઈ જાય છે. આજે મહારાષ્ટ્રના ગુજરાતી ગજ્જર સુતાર સમાજનું શિરપુર માં એક ઘણું મોટું સમાજ મંદિર બનેલું છે, જ્યાં આપણા તમામ ગુજરાતી ગજ્જર સુતાર સમાજના લોકો આવી શકે છે અને તેનો લાભ લઈ શકે છે.

જો આપણા સમાજના વડીલો અને આદરણીય શ્રેષ્ઠીઓ ઈચ્છે તો આપણે સમાજને એક કરવામાં એક કદમ આગળ વધારી પ્રયત્ન કરી શકીએ છીએ. તેનાથી આપણા સમાજની ઉન્નતિ જ થશે અને સમાજ એક થવાથી એકતાનું બળ વધે છે. જેમ એક લાકડીને કોઈ પણ તોડી શકે છે, પણ જો ઘણી બધી લાકડીઓ એકસાથે જોડાઈ જાય તો તેને તોડવી મુશ્કેલ જ નહીં પણ અશક્ય છે. તેવી જ રીતે હું ઈચ્છું છું કે આપણો સમાજ એકત્રિત થાય.

Sagar Khambhayata
Mo. +91 87587 51523

Ashish Khambhayata
Mo. +91 99985 66797

Anantaya
WOOD CRAFT

Modular Kitchen
Modular Furniture

Plot No. 80, Oorja Industries-12,
Varun Casting,
Pardi-Padavala Road, Lothda-360024




Samir Gajjar
Mo. 8511110080
9824285723

Details :
- Wall Tiles
- Floor Tiles
- Sanitary Ware
- Ultratech cement
- Constuction Chemicals

Chamunda
Hardware and Sanatories
ચામુંડા હાર્ડવેર એન્ડ સેનેટરીઝ

UdayNagar, Mavdi Main Road, Rajkot-360004

TIRUPATI®
શીટ મેટલ
સર્કલ કટીંગ મશીન
૭૭૦૦ થી વધારે મશીન
સંતુષ્ટ ગ્રાહક




M. 95864 89413
M. 98981 88876
સોલાર મેન્યુફેકચર ઉપયોગી મશીન

S.P.M. આઉટર અને ઈનર
હેવી ડ્યુટી
સર્કલ કટીંગ મશીન

હેન્ડ ઓપરેટેડ મોટરાઈઝડ, M.S., S.S. સ્ટીલ, પીતળ, એલ્યુમીનીયમ, કાંસુ,
પ્રેસ બોર્ડ, રબ્બર શીટ, S.S. જાળી, ૩" થી ૧૫", ૧૮", ૨૪", ૩૬", ૪૮", ૬૦",
ઓ.ડી., ૨૬ થી ૧૦ ગેજ ૦.૫૦ થી ૩ M.M. શીટ, ૫ થી ૧૦ M.M. રબ્બર શીટ



મેન્યુ ફેકચરર્સ :
રાઠોડ મશીન ટુલ્સ
'અશોક મોલ', ૨-મવડી પ્લોટ, રાજકોટ ડીસ્ટ્રીક્ટ બેંક પાસે,
ન્યુ ઓવર બ્રીજ સ્ટોપ, સર્વિસ રોડ, રાજકોટ - ૪.
ફોન નં. : (ઓ) ૦૨૮૧-૨૩૬૨૪૦૧, (ફે.) ૨૩૮૮૦૮૯
Website : rathodmachinetools.in
E-mail : rathodmachinetools3@yahoo.in
See Live Demo On : YouTube

# સ્વર્ગસ્થ પણ સૌનાં હૃદયમાં હૃદયસ્થ



## સ્વ. દિલીપભાઈ સિંહાર

સ્વર્ગવાસ તા. ૦૭-૦૪-૨૦૨૫

દસમી માસિક પૂણ્યતિથિએ શ્રદ્ધાસુમન
અર્પણ કરીને વંદન કરીએ છીએ.

**સિંહાર સ્કૂલ**
પંચાયત ચોક, યુનિ. રોડ, રાજકોટ.

# લાભ એન્ટરપ્રાઇઝનો ૧૪માં વર્ષમાં પ્રવેશ

## સંગીત સંધ્યા અને પ્રીતિ ભોજન સાથે અલ્પેશ પિલોજપરાનો જન્મદિવસ પણ ઉજવાયો















રાજકોટના લોહાનગરમાં આવેલ અલ્પેશભાઇ પિલોજપરાની જાણીતી પેઢી લાભ એન્ટરપ્રાઇઝની સ્થાપનાને ૧૩ વર્ષ પૂર્ણ થયા બાદ ૧૪માં વર્ષના મંગલ પ્રવેશની સંગીતમય ઉજવણી શ્રી વિશ્વકર્મા કેળવણી મંડળ ખાતે કરવામાં આવી હતી. યોગાનુયોગ આજ દિવસે લાભ એન્ટરપ્રાઇઝના માલિક અલ્પેશભાઇ ભુપતભાઇ પિલોજપરાનો જન્મદિવસ હોઇ સૌનો આનંદ બેવડાયો હતો. લાભ એન્ટરપ્રાઇઝનો ૧૪માં વર્ષમાં મંગલ પ્રવેશ અને જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે સંગીત સંધ્યાનું પણ આયોજન કરાયું હતું. જયેશભાઇ વાલંભીયાના લોકપ્રિય એનાઉન્સની સંગાથે રાજકોટના જાણીતા ગાયક કલાકારો અલ્પેશ ડોડીયા, રીટાબેન ડોડીયા, જીજ્ઞાશા ગજ્જર, રાજેશ ભાડેશીયા, જલ્પા ભાડેશીયા, મયુર કોટક, એ કરાઓકના ટ્રેક પર નવી જુની ફિલ્મોની રમઝટ બોલાવી હતી. છેલ્લે અલ્પેશભાઇ અને શિલ્પાબેનને સ્ટેજ પર બોલાવી તમામ ગાયકોએ ‘હેપી બર્થ ડે’નું ગીત ગાઇને સૌ વતી શુભેચ્છા આપી હતી. કમ્પલીટ લાઇટીંગ, અને સીસી કેમેરાનું સંતોષજનક કામ કરતા અને પોલી કેબવાયર, વોલ્ટાસ જેવી નામી કંપનીઓ સાથે કામ કરતા અલ્પેશ પિલોજપરાને શુભેચ્છા આપવા પોલીકેબ વાયરના એરીયા મેનેજર સુરજભાઇ નિમાવત, ડેકો ઇન્ડસ્ટ્રીઝના સંજયભાઇ ટીંબડીયા, ગુર્જર સુતાર પ્રગતિ મંડળના અધ્યક્ષ અરવિંદભાઇ ગજ્જર, મંત્રી રમણીક પાટણવાડીયા, લાયન : મુકેશભાઇ પંચાસરા, કાંતિભાઇ તલસાણિયા તેમજ જીએચપી ગ્રુપના તમામ સદસ્યો, જય સરદાર યુવા ગ્રુપના હાર્દિક ઢોલરીયા અને તેની ટીમ વગેરે ઉપસ્થિત રહ્યા હતા અને શુભેચ્છા આપી હતી.


Shree Labh Enterprise
CP PLUS
enhancing vision
ALL KIND OF
CCTV
SOLUTION
HD CAMERAS
IP CAMERAS
CCTV CAMERA | EPABX | VIDEO DOOR PHONE
SWITCHES
LED LIGHTS
POLYCAB
WIRES & CABLES
AIR CIRCULATOR FANS
ALMONARD
WESTERN
POLYCAB
IDEAS. CONNECTED.
nextview
COMPLETE LIGHTING AND CCTV SOLUTIONS
Udhyognagar Colony, Krishna Steel Street,
Nr. Lohanagar Main Road, Gondal Road, Rajkot. | +91 99240 13864

**Mukesh D. Surelia**
Cell : +91 98252 32476
+91 94287 29781





# Dinesh INDUSTRIES

Mfg. **Wood Working Machinery**

Char Rasta, Jamkhambhalia - 361 305
Dist. Dev Bhoomi Dwarka (Gujarat) INDIA
Ph. : +91-02833-232476
E-mail : dineshind87@yahoo.in



Block No. 177, Sardarnagar Society,
Veraval Road, Kodinar - 362720
Dist. : Gir Somnath Gujarat
Mo.No. +91 97277 00194
E-mail : Devay-Engineers@outlook.com

# DEVAY ENGINEERS

SPECIALIST IN CEMENT AND CHEMICAL PLANT ENGINEERING SERVICES

GST No – 24AALFD4831B1ZV PAN : AALFD4831B

| | |
|---|---|
| Mr. Jayendra M. Barad<br>Mo – 97277 00194 | Mr. Hiren A. Gajjar<br>Mo – 97274 00576 |

- Specialist In Major Kiln Repair & Maintenance, Brick Lining, Commissioning, Erection, System Retrofit, Fabrication & Machining
- Service Provider To Major Cement & Chemical Plants Across India

# એ શું કહેશે ?



● કોમલ દિપેન બકરાણીયા

જીવનની સૌથી મોટી ભૂલ એ છે કે આપણે જાણ્યે અજાણ્યે પોતાની જીંદગી પોતાની બદલે બીજાની દ્રષ્ટિથી વધારે જીવવા લાગીએ છીએ.બીજા ને શું લાગશે? બીજો શું કરે છે, કેટલું કમાય છે, ક્યાં પહોંચ્યો છે? આ બધું જોવામાં કદાચ આપણે પોતાનું જીવન ચૂકી જઈએ છીએ. હકીકતમાં જીવન કોઈ દોડ નથી કે જેમાં પ્રથમ આવવું જ સફળતા ગણાય. જીવન તો પોતાની ગતિએ, પોતાની સમજથી અને પોતાની શરતો પર જીવવાની પ્રક્રિયા છે. જો બીજાની દિશા જોતા રહેશો તો તમારી દિશા ક્યારેય સ્પષ્ટ નહીં થાય. જીવન બીજાને ઈમ્પ્રેસ કરવા માટે નહીં પણ પોતાના અને પોતીકા સાથે માણવા માટે છે એ ન ભૂલવું જોઈએ

આમતો દરેક ને એક ભ્રમ હોય છે કે પોતાની સંપત્તિ, કલા, વિદ્યા, ઠાઠમાઠ કે જીવનશૈલીથી બીજાને ખુશ કરી ને સામેવાળા ઉપર પોતાના વિશે એક ઊંડી છાપ છોડી દેશે.પરંતુ હકીકત એ છે કે કોઈ નોંધ પણ નથી લેતું કારણકે તે પણ પોતાના પ્રશ્નો અને સમસ્યાઓમા ઘેરાયેલા હોય છે, અંતે સમાજ કે ઓળખીતા ઓને ખુશ કરતા કરતા માણસ પોતે ક્યાંક થાકી જાય છે. જીવન કોઈ પ્રદર્શન નથી કે દરેકને પસંદ આવવું જ જોઈએ. તમે જો પોતાને અવગણીને જીવશો તો અંતે તમને કોઈ યાદ પણ નહીં રાખે અને એક સમય એવો આવશે કે લોકો ઓળખે એ લ્હાયમાં તમે ખુદને પણ નહીં ઓળખી શકો ! પોતાને ખુશ રાખવું એ સ્વાર્થ નથી, એ આત્મસન્માન છે, તમે જે છો જેવા છો એને સ્વીકારવાની કલા એટલે જીવન, અને દરેક ના જીવનમા ધીરે ધીરે એક સમય એવો આવે છે જ્યારે માણસ સમજી જાય છે કે પોતે જેમને ઈમ્પ્રેસ કરવા શું નું શું કર્યુ , બલિદાનો આપ્યા, જીવનશૈલીમાં બદલાવ કર્યો પણ એજ લોકો તેની પાછળ શું બોલે છે, શું વિચારે છે એ ખબર પડે એ ક્ષણ દુઃખદ પણ હોય છે અને ભ્રમ માંથી મુક્તિ આપનારી પણ. કારણ કે ત્યારે માણસને ખબર પડે છે કે લોકો તમારા જીવન માટે એટલા વ્યસ્ત નથી જેટલા તમે માનો છો. આ સત્ય સમજાય પછી કોઈ સરખામણી ડરાવતી નથી, શાંતિ આપે છે.પોતાની સ્ટાઇલ થી રહેવું એટલે બિન્દાસ નહીં પણ પોતાને વફાદાર રહેવું.

જ્યારે બીજા ના પરિપેક્ષમાં વાત ચાલે છે ત્યારે સંબંધોમાં જીવતા માણસે શબ્દોની તાકાત અને જવાબદારી પણ સમજવી પડે. કોઈનું ખરાબ એટલું જ બોલવું જોઈએ જેટલું આપણે પોતે પોતાના માટે સહન કરી શકીએ. કારણ કે શબ્દો પાછા ફરતા નથી. તમે જે હળવાશથી બોલો છો, એ જાણે અજાણ્યે કદાચ કોઈના હૃદયમાં ભાર બનીને બેસી જાય છે. અને ક્યારેક તો એ જ શબ્દો કે પરિસ્થિતિ કોઈ અન્ય રૂપમાં તમારી સામે આવી જાય છે. અન્ય પાસે ની અપેક્ષાઓ માણસને અંદરથી ખાલી કરતી જાય છે. આપણે બીજાથી આશા રાખીએ કે તે તમને ને સમજે, તમને જજ કરે,મદદ કરે, સાથ આપે,પરંતુ જીવન એક કડવુ સત્ય શીખવે છે કે બીજાને જેટલું આપ્યું છે એટલું જ પાછુ મળે એ જરૂરી નથી ! એટલે જ સમજદાર માણસ અપેક્ષા રાખવા કરતાં પોતે પૂરું કરવાની આદત પાડે છે. અઘરા તો છે જ પરંતુ સ્વને ઓળખી સ્વ બળે આગળ વધવા પ્રયત્નશીલ બનીશુ તો સફળતા અને સંતોષ બંને મળશે.

બાકી તો દુનિયામાં સૌથી સહેલી બાબત છે બીજાને જજ કરવી. લોકો તમારી સફળતા કરતા તમારી ભૂલો, તમારી પસંદગી, તમારી ખામીઓ પર ચર્ચા કરશેજ.તેને આપણે સુધારી શક્તા નથી પરંતુ તે બીજાને જજ કરવામાં એટલા વ્યસ્ત હોય છે કે પોતાના જીવન વિશે વિચારતા પણ નથી અને ત્યાં ને ત્યાંજ રહેછે અને તમે તમારા માર્ગ પર સફળતાના શિખરો સર કરી ચુક્યા હોવ છો , પરંતુ તમે તેમની વાતોને હૃદય પર લઈ લેશો, તો તમારૂં જીવન હંમેશા તેમની મરજીથી ચાલશે.માટે બીજાને નહીં પોતાને ખુશ રાખો,પરફેક્ટ સમયની રાહ જોતા રહેશો તો સમય જ પસાર થઈ જશે. જીવનમા થોડી ઘણી અગવડતા,ખામીઓ કોને નથી? દરેક પરિસ્થિતિનો સ્વીકાર કરી હસતાં હસતાં જીવનને માણો સાચી ખુશી પરિસ્થિતિમાં કે પરિણામમા નહીં તમારી દષ્ટિમાં છે.

વિશ્વકર્મા જયંતી વિશેષાંક 23 વર્ષમાં મંગલ પ્રવેશ

# પ્રેમ : અઢી અક્ષરનો મહાસાગર



● ભાવિન કથ્રેચા

**જે વ્યકિત પ્રેમને સમજી લે છે તેને પરમાત્માને સમજી લેવા બરાબર છે. પ્રકૃતિએ પ્રેમનું ગીત છે. કારણ કે પ્રકૃતિ હંમેશા આનંદમય અને પ્રેમમય હોય છે. મોટાભાગની વ્યકિતઓ પ્રેમવગર રહી શકતી નથી. આ પ્રેમ માત્ર પતિ-પત્ની કે પ્રેમીઓ પુરતુ જ સિમિત અર્થમાં ન લેતા વ્યકિત વ્યકિત વચ્ચે વ્યકિતથી પ્રકૃતિ પશુ પંખીઓ અને પરમાત્મા સાથેના પ્રેમની વાત છે.**



પ્રેમ, પ્યાર, લવ શબ્દ સાંભળવા, બોલવામાં જેટલો સરળ લાગે નિભાવવા અને સમજવામાં એટલો જ અગત્યનો બની રહે છે. પ્રેમનો અર્થ વિશાળ છે. આપણે બધા પરમાત્માને પુજીએ છીએ. પરમાત્માને પામવાનું પ્રથમ પગથિયુ પ્રેમ છે. આ પ્રેમ સમગ્ર જીવસૃષ્ટિ સાથે પ્રકૃતિ સાથે અને સ્વયં પોતાની સાથે હોવાના વિશાળ અર્થમાં અહીં લઉં છું. જે વ્યકિત પ્રેમને સમજી લે છે તેને પરમાત્માને સમજી લેવા બરાબર છે. પ્રકૃતિએ પ્રેમનું ગીત છે. કારણ કે પ્રકૃતિ હંમેશા આનંદમય અને પ્રેમમય હોય છે. મોટાભાગની વ્યકિતઓ પ્રેમવગર રહી શકતી નથી. આ પ્રેમ માત્ર પતિ–પત્ની કે પ્રેમીઓ પુરતુ જ સિમિત અર્થમાં ન લેતા વ્યકિત વ્યકિત વચ્ચે વ્યકિતથી પ્રકૃતિ પશુ પંખીઓ અને પરમાત્મા સાથેના પ્રેમની વાત છે. વિચારો કે જયાં માત્ર પ્રેમનું અસ્તિત્વ હોય ત્યાં કેવો આનંદ હોય ! નફરતને ત્યાં કોઈ સ્થાન ન હોય કારણ કે નફરતનું કોઈ અસ્તિત્વ નથી એ તો માત્ર અને માત્ર પ્રેમની ગેરહાજરીનું જ પરિણામ હોય છે. વિશ્વના દરેક ધર્મગ્રંથો અને ઈશ્વરીય અવતારોએ પ્રેમને વિશેષ સ્થાન આપ્યું છે. દરેક જીવોમાં મનુષ્યએ ઈશ્વરની સૌથી ઉત્તમ રચના છે કારણ કે બીજા જીવો કરતા મનુષ્યમાં ભાવ, વાચા અને સંવેદનાઓ વિશેષ પ્રમાણમાં હોય છે. પુરુષની પ્રકૃતિને ભ્રમરવૃત્તિવાળી પ્રકૃતિ સાથે સરખામણી કરવામાં આવી છે. પુરુષો મોટાભાગે પ્રેમની શોધમાં જયાં ત્યાં ભટકતો રહે છે પ્રેમને શોધતો રહે છે જયારે સ્ત્રી પ્રેમમાં ડુબી જાય છે સંપૂર્ણ સમર્પિત થઈ જાય છે એટલે જ કહેવાયુ છે કે ગોતવું મહત્વનું નથી પરંતુ ડુબવુ મહત્વનું છે. એટલે જ સ્ત્રીસર્જન એ ઈશ્વરનું સૌથી ઉત્તમ સર્જન છે.

એવુ કહું તો કંઈ ખોટું નથી કે પ્રેમ જયારે સહજ રીતે, સાવ અચાનક અને વગર વિચારીએ, કોઈપણ અપેક્ષા વગરનો થાય તો જ સાચો પ્રેમ કહી શકાય. કારણ કે બહુ વિચારીને કરેલો પ્રેમ તો ગણિત કહેવાય કે હું આને પ્રેમ કરું તો બદલામાં મને શું ફાયદો ? પ્રેમ એક પ્રકારની વ્યકિત છે કારણ કે જયાં સુધી એકબીજા પ્રત્યે માન, લાગણી, સર્મપણની ઈચ્છાઓ ન જાગે તો માનવું કે પ્રેમ હજુ પરીક્ષા લઈ રહયો છે. હજુ કંઈને કંઈ મહત્વનું છે જે ખુટી રહયું છે. સામેવાળાને પુજવાનો ભાવ મનમાં ન જાગે તો સમજવું કે તે પ્રેમ પ્રેમ નહીં પરંતુ આકર્ષણ

છે. પ્રેમ ઈશ્વર તરફથી મળેલી એવી મોંઘી સોગાદ છે કે કંઈપણ બોલ્યા વગર, બની શકે તેટલું ઓછું બોલી, મૌન રહીને, આંખોથી પણ પોતાનો પ્રેમ વ્યકત કરી શકો છો જયારે ઝઘડવા માટે તો શબ્દો (અપશબ્દો) જોઈએ. જયારે પ્રેમ તો મૌનની ભાષાને પણ સમજી શકે છે. એકબીજાઓની લાગણીઓ સમજી શકે છે. એકબીજાને જ નહીં પરંતુ તમે તમારી જાત સાથે પણ પ્રેમ કરો કારણ કે જો તમે તમારી જાત સાથે પ્રેમથી વર્તી શકશો. પોતાની જાત પ્રત્યે કયારેય ફરિયાદ ન કરવી પ્રેમ કરવો કારણ કે આ દુનિયામાં તમારા જેવી વ્યકિત ન તો કયારેય થઈ છે અને નહીં કયારેય થશે. એકબીજાને પ્રેમ કરો તો પુજા (ઈબાદત) કરતા હોય એ રીતે કરવો. વાસનાની ગંદી ગટરોમાં ફસકાઈને રહી જાય એવો નહીં. નહીંતર તમે ભટકી જશો જેવી રીતે કોઈ ભકત ઈશ્વરની પુજા કરી રહયો હોય એવો ઉત્તમ પ્રેમ તમને ફકત શારીરિક રીતે જ નહીં પરંતુ આધ્યાત્મિક રીતે પણ ઉંચાઈ પર લઈ જશે. વાસનાઓથી પર લઈ જશે પ્રેમ પ્રકૃતિ છે વ્યવહાર નથી કે તમે કરો તો જ હું કરું ઘણા પ્રેમ એવા હોય છે તે સામેવાળી વ્યકિતને એકતરફી ચાહતી હોય એટલે કે તે વ્યકિત સામેવાળી વ્યકિતને પ્રેમ કરતી હોય પણ સામેની વ્યકિત તેને ચાહતી કે પસંદ ન પણ કરતી હોય તો પણ તે વ્યકિત જીવનભર તેને ચાહતી રહે. સામેવાળી પોતાને ચાહે છે કે નહીંની પરવા કર્યા વિના. કારણ કે પ્રેમ એ કોઈ વ્યવહાર નથી કે પાડોશીઓ કરતા હોય તેવા વાટકી વ્યવહાર નથી. કે તમે મને પ્રેમ કરો તો અને તો જ હું તમને પ્રેમ કરું. અન્યથા નહીં પ્રેમ આધ્યાત્મિક ઘટના છે. અને વાસના ત્યૌતિક ઘટના છે.

આપણેને જેને પ્રેમ કરતા હોય તેને પુરેપુરા અપનાવવા, તેઓની ખુબીઓ અને ખામીઓ સાથે કારણ કે દુનિયામાં કોઈ એવી વ્યકિત નહીં હોય જેમાં કોઈ ખુબીઓ કે ખામીઓ ન હોય. ખામીઓ અને ખુબઓ મનુષ્ય જીવનનો જ એક હિસ્સો છે. પ્રેમને પરમાત્મારૂપ માનવામાં આવે છે. એવું જરૂરી નથી કે પ્રેમ થાય એટલે વિવાહ થવા અનિવાર્ય જ હોય. રાધાકૃષ્ણને પ્રેમના પ્રતિક સમા પુજવામાં આવે છે. મોટાભાગે તેઓની મૂર્તિઓ એકસાથે જ જોવામાં આવે છે. પાંચ હજાર વર્ષોથી પ્રેમના નિઃસ્વાર્થતાના ઉદાહરણ તરીકે સૌપ્રથમ તેઓને જ માનવામાં આવે છે. પ્રેમના ત્રણ પ્રકાર છે.

**(૧) નિમ્ન કક્ષાનો પ્રેમ :**

પ્રિય પાત્રનું ગમે તેવું અહિત થાય પરંતુ મારા એકલાનું તો હિત પ્રથમ થવું જ જોઈએ તેઓ પ્રેમ નિમ્નકક્ષાનો પ્રેમ કહેવાય છે. તેઓ પ્રેમ કુબ્જાના પ્રેમ જેવો છે.

**(૨) મધ્યમ કક્ષાનો પ્રેમ :**

પ્રિયપાત્રનું હિત થાય અને મારું પણ હિત થાય એવો પ્રેમ મધ્યમકક્ષાનો પ્રેમ કહેવાય છે તેવો પ્રેમ અષ્ટપટરાણીઓના પ્રેમ જેવો છે.

**(૩) ઉત્તમ કક્ષાનો પ્રેમ :**

મારું ગમે તેવું અહિત ભલે થાય પરંતુ મારા પ્રિયનું હિત થજો. એવા ઉત્તમ કક્ષાનો પ્રેમ ગોપીઓ અને રાધાજીના પ્રેમ જેવો છે.

તેથી જ તો બ્રહમાજી, મહાદેવજી અને નારદજી જે નવધાભકિતથી પણ પામી શકયા નથી તે ધન્ય ગોપીઓ પ્રેમ લક્ષણાભકિતથી પામી ચુકી છે.


પ્રેમ અને યુદ્ધમાં બહુ મોટું અંતર છે યુદ્ધમાં બીજાને ખતમ કરીને જીતાય છે. જયારે પ્રેમમાં તો ખુદને જ મીટાવી દેવાની વાત છે. પ્રેમમાં મારું અને તારું કંઈ રહેતું નથી. ત્યાં આપણું એકરૂપ થવાની વાત છે. યુદ્ધમાં મળેલી જીત હાર સમાન હોય શકે પરંતુ પ્રેમમાં મળેલી હાર પણ જીત સમાન છે. ગમે તેટલા શાસ્ત્રો, વેદો, ઉપનિષદો ભળેલા હોય તો શું જેણે પોતાના જીવનમાં પ્રેમને સમજવામાં કોઈ મહત્વ ન આપ્યું હોય તે પંડિત કેવી રીતે હોય શકે ? એટલે તો કબીરજીએ કહયું કે પોઢી પોઢી જગ મુઆ પંડિત ભયા ન કોઈ, ઢાઈ અક્ષર પ્રેમ કે પઢે સો પંડિત હોય અને બહુ આશ્ચર્યની વાત છે કે કયારેય પ્રેમીઓએ એ મેળવી લીધું છે. એ જાણી લીધું છે જે સંતો કયારેય જાણી નથી શકયા. બોલીવુડની ફિલ્મો અને ગીતોમાં પણ સૌથી પ્રિય વિષય પ્રેમ, પ્યાર જ છે. બોલીવુડની પ્રેમ પર આધારીત હજારો ફિલ્મો બની છે અને બનતી રહે છે. આપણે વચ્ચે ન લાવવી કે તેની આંખો સુંદર છે, મુખ સુંદર છે. વાળ સુંદર છે એટલે હું તેને પ્રેમ કરું છું. પ્રેમનો સાથ સામાન્ય અર્થ છે હું તેનાથી આનંદિત છું તેના જીવનથી આનંતિ છું. કારણ હોય તો મોહ છે. વાસના છે પણ હું તો તેને અકારણ પ્રેમ કરું છું. પ્રેમ જીવનને પવિત્ર કરે છે. જેટલો વધુ તમે પ્રેમ કરશો એટલા જ તેમાં કુશળ બનશો. પ્રેમ કોઈ બંધ નથી મુકિત છે. પ્રેમ કોઈને બાંધી રાખીને, પરાણે પ્રિત કરવાનું શીખવાડતી નથી. જો કોઈને પ્રેમના બહાને તેની સ્વતંત્રતા જુટવી લેવાની કોશિશ કરશો તો તે વ્યકિતને તમારા પ્રત્યે અભાવ આવવા લાગશે. પ્રેમના બહાને પણ તેને બંધનમાં ન રાખો. પ્રેમ એ ખરું શાસ્ત્ર છે પ્રેમમાં ફના થવાની તૈયારી રાખો. મેળવવા કરતા કંઈક આપવાની, ગુમાવવાની સંપૂર્ણ તૈયારી રાખે. એમ સમજો કે પ્રેમ એક સંગીત, સાધના

અને તપ છે. પ્રેમની હોડી આપણને પાર લઇ જશે બાકી અપેક્ષાઓની હોડીઓ તો કિનારા પર જ ડુબી જતી હોય છે. તમે જેને પ્રેમ કરો તેનાથી કોઇ વિશિષ્ટ પ્રકારની અપેક્ષાઓ ન રાખો કારણ કે અપેક્ષાઓમાંથી દુઃખનો જન્મ થાય છે. હકીકત અને અપેક્ષાનું અંતર જેટલું વધું તેટલું દુઃખ મોટું.

પ્રેમને આધ્યાત્મ સાથે જોડી ઉન્નતિમાં સહાયક તથા આપણા હૃદય અને સાહસના પોષણાત્મક બનાવવાની જરૂર છે જો કોઇ વ્યકિત એમ વિચાર કરે કે કોઇને પ્રેમ નથી કરવો તો તે પોતાના હૃદયના દરવાજાને બંધ કરી દે છે આ નર્ક સમાન છે. કારણ કે પ્રેમાના દરવાજા બંધ કરવા એ વાસ્તવિકતા અને અસ્તિત્વના દરવાજા બંધ કરવા સમાન છે. પ્રેમમાં સ્વાર્થપણાને કોઇ સ્થાન નથી, પ્રેમમાં ખુબસુરત જિંદગી જીવો, પ્રેમ હર એકને મહાન બનાવવાની હામ રાખે છે. પ્રેમ સત્યની સૌથી નજીક છે જયાં પ્રેમ હશે ત્યાં પરમાત્મા અવશ્ય હશે જ. તેથી એકબીજા પ્રત્યે પ્રેમભાવ રાખો, કોઇપણ જાતના સંકોચ કે શરત વગર પ્રેમમાં જેટલું લુંટાવશો તેટલા જ પરમાત્માની નજીક આવતા જશો. પરમાત્માના પ્રેમી બની જાઓ. મંદિર, મસ્જિદ, ચર્ચ, ગુરુદ્વારામાં જાઓ તો પરમાત્માના પ્રેમી બનીને જાવો. કોઇ યાચના કે માંગ લઇને ભિખારીની જેમ મળવા નહીં. કારણ કે સંસારમાં પરમાત્મા જેવો કોઇ ઉત્તમ પ્રેમી નથી. સંસારમાં હું પ્રેમ છું તો પુરો સંસાર મારો મિત્ર છે અને હું ઘુણા છું તો પરમાત્મા પણ શત્રુ લાગશે. માટે પ્રેમ અને ધૃવામાંથી પસંદગી આપણે કરવાની છે. પ્રકૃતિના કણકણમાં આનંદ અને પ્રેમ દેખાશે જો તમે થોડાક પણ બીજાઓ પ્રત્યે જુકાવ અને પ્રેમ દર્શાવો તો ! પ્રેમ એ પરમાત્માનું પવિત્ર મંદિર છે. તિર્થ છે જો પ્રેમ વિકસીત નહીં થાય તો ભકિત ઉપજશે જ નહીં. જેણે કદી લૌકિક પ્રેમ જ નથી કર્યો તે પરમાત્મા (અલૌકિક)ને કેવી રીતે જાણી શકશે ? જો લૌકિક પ્રેમ ઉદભવે તો જ તમે અલૌકિક પ્રેમ તરફ પ્રયાણ કરીશકશો અન્યથા નહીં, પ્રેમ સિવાય જગતમાં કોઇ વ્યકિતને કદી આત્મતૃપ્તિ ન ઉદભવી શકે કારણ કે પ્રેમ વ્યકિતત્વના તૃપ્તિ સંતોષનું ચરમબિંદુ છે. તેથી તો ઘણીવાર પ્રેમીઓ પાગલ અને વિચિત્ર લાગે છે.

શ્રીરામે પત્ની પ્રેમ ખાતર ભારતથી લંકા સુધીનો સમુદ્ર સેતુ વાનરસેનાની મદદથી ફકત પાંચ દિવસમાં બાંધી દીધો. હજારો વર્ષોથી પ્રેમનું આ સિવાયનું સૌથી મોટું હયાત બીજું કયું ઉત્તમ ઉદાહરણ હોઇ શકે ! ત્રિલોકમાં મહાદેવજી જેવા કોઇ યોગી કે દયાની નથી જેને ધ્યાનની એકસોબાર વિધિઓ બતાવી છે. તેઓનો પત્ની પ્રત્યેનો અપાર પ્રેમ જોવા મળે છે તેઓ બહુ ભોળા છે પોતાના ભકતો તેમને બહુ પ્રિય છે પોતાના ભકતોને એવો પ્રેમ કરે છે કે તેઓની ભકિતથી પ્રસન્ન થઇ ઈચ્છિત વરદાન આપે છે પ્રેમ આપવાની ખુશ થાય છે જયારે અહંકાર ક્રઇ લે ત્યારે ખુશ થાય છે મીરાએ પરમાત્માને પ્રેમ કર્યો તેથી તેને ન તો જુદાઇનો કોઇ ભય લાગ્યો અને ન કોઇ બેવફાઇની ચિંતા રહી. એ તો મસ્ત બની, પ્રેમ દિવાની બની પરમાત્મા માટે નાચતી રહી, ગાતી રહી પોતાની મોજમાં જીવતી રહી, મીરા તો પ્રેમ રત્ન ધનને પામતી રહી. પ્રેમમાં ધીરજ બહુ અનિવાર્ય છે. ઉતાવળ કરવી એમાં પોસાષે નહીં કારણ કે આ કોઇ વેપાર કે સોદો નથી કે કરી લીધો. અને એટલો તો બધા પ્રેમ કરી પણ નથી શકતા ને ! વાસનાઓ ખેંચે છે જયારે પ્રેમ પ્રતિક્ષા કરે છે રાધાની જેમ, ગોપીઓની જેમ ! પ્રેમ અમૃત છે પ્રેમ ને મૃત્યુ મારી નથી શકતી. બસ પ્રેમ એક એવું છે જેણે મૃત્યુ મારી નથી શકતી આપણને પરમાત્મા સુધી પહોંચવા ધન, બુદ્ધિ, પદ, પ્રતિષ્ઠા નહીં લઇ શકે કેળવને કેવળ પ્રેમ જ લઇ જઇ શકે તેમ છે. કારણ કે પ્રેમ મૃત્યુથી પર છે આપણને લાગે છે કે પ્રેમમાં આપણે એકબીજાને કંઇક આપીએ છીએ પરંતુ નિરીક્ષણ કરશો તો ખબર પડશે કે પ્રેમમ્રા તમે કંઇક પામો છો. આપણે ક્રોધ કર્યા પછી થાકી જઇએ છીએ. પ્રેમ નૃત્ય છે પ્રેમ પીપળાના વૃક્ષ સમાન છે જયાં કોઇ સંભાવના ન હોય ત્યાં પણ થઇ જાય છે. જયાં બે મન મળતા હોય ત્યાં પ્રેમની શરૂઆત થાય છે. અને જયાં બે આત્માઓ મળે છે ત્યાં પ્રેમની શરૂઆત થાય છે અને જયાં બે આત્માઓ મળે છે ત્યાં પ્રેમની પૂર્ણતા. ત્યાં પ્રેમની પરાકાષ્ઠા છે. પ્રેમનો સીધો સાદો અર્થ બીજાને પોતાના બનાવી લેવાનો થાય છે. એકબીજાથી કંઇ છુપાવવાનું ન રહે. કંઇ ભેદ ન રહે અને બીજાને પોતાના એટલા માની લેવા કે જાણે તે અને આપણા વચ્ચે કોઇ ભેદ નથી મારા અને તારામાં કંઇ અંતર ન રહે. અદ્વૈત બની જવું જ ખરો પ્રેમ છે જેને પ્રેમ કરો છે. તેની સામે ફરિયાદો ન કરવી વધુ પડતી અપેક્ષાઓ ન રાખવી. જીસે ચાહો ઉસસે ફીર કુછ મત ચાહો.. પ્રેમ કરવાની કોઇ ઉંમર હોતી નથી પ્રેમ ઉંમર, સીમાઓ, જાત-પાત, ધર્મ-અધર્મ કંઇ જાણતું નથી, લોકો કહે છે કે પ્રેમ આંધળો હોય છે. પરંતુ પ્રેમ જ આંખો હોય છે. પ્રેમ સિવાય બાકી બધું આંધળુ છે. પ્રેમ સદા પૂર્ણ જેણે પ્રેમને જાણી લીધો તેને પરમાત્માને જાણી લીધા. પ્રેમ ઔષધિ છે પ્રેમ અનુભૂતિ છે. સંસારમાં પ્રેમથી મોટું કોઇ ધન નથી એટલે જ તો આઇ લવ યુ(હું તને ચાહું છું) તેના કરતા પણ વધુ વિશ્વસનીય છે કે આઇ લવ યુ ટુ(હું પણ તને ચાહું છું)

# રાજકોટની બિઝનેસ સ્કુલમાં ધંધાર્થીઓને વેપાર-ઉદ્યોગમાં આગળ વધારવાના પાઠ ભણાવતા દિપેશભાઇ ગોહેલ



● જયંતીભાઇ નગેવાડીયા

**વર્ષમાં ૧૨ મિટીંગ અને ત્રણ શિબિર યોજવામાં આવે છે : નામાંકિત ઉદ્યોગપતિઓ, ચાર્ટડ એકાઉન્ટન્ટ, આર્કીટેકટ સહિતના ધંધાર્થીઓ જોડાય છે**




શાળામાં અભ્યાસ ફકત શિક્ષણલક્ષી જ હોય છે. હવે તો પરિક્ષાલક્ષી છે તેમ કહી શકાય શાળામાં અભ્યાસ દરમ્યાન ૭-૮ વિષયમાંથી ફકત ગણિત-અંગ્રેજી સિવાયના અન્ય વિષયો લગભગ કોઇ કામમાં આવતા નથી. શાળાના અભ્યાસમાં ઉદ્યોગ, ધંધા કે વેપાર કેમ કરવો તેના કોઇ વિષય હોતા નથી. આવા વિદ્યાર્થીઓ આજે જયારે પોતપોતાના ક્ષેત્રમાં હોય ત્યારે પોતાના ધંધા કે વેપાર ચલાવતા તો હોય છે. ચાલતા પણ હોય છે. પરંતુ તેમને વધારે ડેવલોપ કેમ કરવો. બિઝનેસ કેમ વધારવો જેવી અનેક બાબતો જાણતા નથી. તો આવી બધી બાબતો શિખવાડતી એક બિઝનેસ સ્કુલ રાજકોટમાં ચાલે છે તેની વાત કરવી છે.

રાજકોટની આ બિઝનેસ સ્કલની વાત કરીએ તો રાજકોટના દિપેશભાઇ ગોહેલ છેલ્લા ૧૮ વર્ષની આ સ્કુલ ચલાવે છે. ખરેખર તો આ એક કોર્ષ છે પરંતુ તેને બિઝનેસ સ્કુલ નામ આપ્યું છે. આ બિઝનેસ સ્કુલનું કોઇ બિલ્ડીંગ નથી કે નિયમિત કોઇ કલાસ નથી ચાલતાં. દિપેશભાઇએ આ અંગે જણાવ્યું કે અમારી આ બિઝનેસ સ્કુલમાં હાલમાં વેપાર કરતાં ઉદ્યોગ-ધંધો ચલાવતા કે સર્વીસીઝ ચલાવતા લોકો જોડાય છે. દરેક ધંધાર્થી પોતાનો વેપાર-ધંધો તો કરતા હોય છે. પરંતુ આ ધંધાનો વિકાસ કેમ કરવો, ધંધામાં સેલ્સ, માર્કેટીંગ કે પ્રોડકશન કેમ વધારવું તે શિખવાડવામાં સમજાવવામાં આવે છે. અમો દરેકને ધંધામાં સબ્જેકેટીવ શિખવાડીએ છીએ. જો કોઇ બિલ્ડીંગ ઉંચુ બનાવવુ હોય તો તેનો પાયો ઉંડો અને મજબુત હોય તો જ બિલ્ડીંગ ઉંચુ બનાવી શકાય. તેમ આવી અનેક બાબતોથી અમો શિખવાડીએ છીએ. ધંધામાં પોતાની ગેરહાજરીમાં પાછળથી પોતાની કંપની, ધંધો, ફેકટરી કેવી રીતે ચલાવવી તે પણ શિખવાડવામાં આવે છે. કારણ કે મોટો ધંધો ધરાવનારાને ધંધાના કામે કે અન્ય કામથી બહારગામ જવાનું હોય તો ફેકટરી કે ધંધો તો ચાલુ રહેવો જોઇએ. પાછળથી પોતાની ગેરહાજરીમાં ધંધો બંધ રહેતો ન ચાલે તે માટે કેવું આયોજન કે વ્યવસ્થા ગોઠવી શકાય કે જેથી માલિકની ગેરહાજરીમાં

પણ વ્યવસાય ચાલુ રહે તે બધી બાબતો શિખવાડવામાં આવે છે. બીજુ કે અમો આધ્યાત્મિક શિબિર દ્વારા માણસને આંતરીક રીતે સબળ બનાવીએ છીએ. આમ અનેક રીતે આ બધી બાબતો શીખવાડીએ છીએ. જો કે બધુ શીખ્યા પછી તે બધી બાબતોનો અમલ કરશે તો જ આ બધું શિખ્યાનો વેપાર-ધંધામાં લાભ મળે. જો તેનો અમલ ન કરે તો તેનો કોઈ હેતુ સરતો નથી.

આ બિઝનેસ સ્કુલમાં એક વર્ષનો કોર્ષ હોય છે. તેમાં વર્ષમાં ૧૨ મિટીંગ (ક્લાસ) હોય છે. દર મહિને એક હોય છે જે રાજકોટની એક સારી હોટલમાં આખા દિવસની મિટીંગ હોય છે. જેમાં ચા-પાણી તથા બપોરનું જમવાનું પણ હોય છે તે ઉપરાંત વર્ષમાં ત્રણ આધ્યાત્મિક શિબિર હોય છે. જેમાં આધ્યાત્મિક રીતે આંતરીક રીતે શબળ બનાવવાનું સમજાવવામાં આવે છે. આ શિબિર હોટલ સિવાયની કોઈ કુદરતી વાતાવરણની જગ્યામાં હોય છે. આ બિઝનેસ સ્કુલમાં નામાંકિત ઉદ્યોગપતિઓ, બિઝનેસમેન, ચાર્ટડ એકાઉન્ટન્ટ, આર્કીટેક્ટ, વેપારીઓ વગેરે જોડાય છે. દેશભરમાં નામ ધરાવતી રાજકોટની બે-ત્રણ નામાંકિત નમકીન કંપનીના માલિકો, જાણીતી હાર્ડવેર બ્રાન્ડ કંપનીના માલિક શહેરના અગ્રણી કહી શકાય તેવા ચાર્ટડ એકાઉન્ટન્ટ અને આર્કીટેક્ટ સહિતના ઘણા નાના-મોટા ઉદ્યોગપતિ તથા બિઝનેસમેનો આ બિઝનેસ સ્કુલમાં જોડાયા હતા અને આજે પોતાનો ધંધો ખુબ આગળ વધાર્યો છે. આ બિઝનેસ સ્કુલમાં જોડાવા અંગે ફીની વાત કરીએ તો એક વર્ષના આ કોર્ષની ફી હાલમાં રૂા. ૮૦,૦૦૦/- છે. આગામી માર્ચ માસથી નવી બેંચ શરૂ થવાની છે ત્યારે ફી વધીને એકાદલાખની આસપાસ થવાની છે. ફી બાબતે દિપેશભાઈને પુછ્યુ કે, આટલી ફી તો મોટા ધંધાર્થી જ ભરી શકે. નાના ધંધાર્થી તો આમાં જોડાય ન શકે, તો તેમણે જણાવ્યું કે જેમને વેપાર-ધંધાને આગળ વધારી ડેવલોપ કરવો છે જેને ઉંચી મંજીલ તરફ જવું તે ચોક્કસ જોડાય છે. નાના ધંધાર્થી લોન લઈને ફી ભરીને અમારી સ્કુલમાં જોડાયાના દાખલા છે.

દિપેશભાઈની વાત કરીએ તો તે પણ સ્ટેશનરી આઈટમના મેન્યુફેકચર છે. તે પુરા ભારતમાં માલ સપ્લાય કરે છે. અને એક્સપોર્ટ પણ કરે છે. ઉપરાંત તે એક સારા યોગા ટીચર પણ છે. ૧૮ વર્ષથી આ રીતે આ બિઝનેસ સ્કુલ ચલાવે છે અને દરેક વર્ષ લગભગ ૨૦૦ જેટલા લોકો આ કોર્ષમાં જોડાય છે અને વેપાર-ધંધાને આગળ વધારવાના પાઠ ભણીને પોતાના ધંધાને આગળ વધારે છે. દિપેશભાઈ કોન્ટેક નં. ૯૪૨૭૨ ૦૯૬૬૩.

# મહેનત એક માત્ર રસ્તો સપનાને હકીકત બનાવે

સફળતા માટે જીવનના ઊંડાણમાં ઉતરવું, જેમ દરિયાના ઊંડાણમાં મોતી.

nothing is impossible આ વાત આપણે સાંભળીએ છીએ.. પણ સાચું પણ એજ છે.

થોડા દિવસ પહેલાં જ ૨૦૨૫ પૂરું થયું અને ૨૦૨૬ ની શરૂઆત થઈ છે .નવા વર્ષ સાથે જૂના સપના પણ પૂરા કરવાના અને નવા પણ જોવાના, અને દ્રઢ નિશ્ચય સાથે કામની શરૂઆત કરવાની .

આજ મને સ્વામીવિવેકાનંદની બહુ સરસ વાત યાદ આવી. એ કહી ગયા ,કે એક સારા ચરિત્રનું નિર્માણ હજારો ઠોકરો ખાધા પછી થાય છે .

દુનિયાની કોઈ તાકાત તમને હરાવી ના શકે જ્યાં સુધી તમે ખુદ હાર ના માનો.

જિંદગીની આ કિતાબ માંથી રોજ નવા નવા પન્ના ખૂલે છે. સફળતા મેળવવા માટે ઘણા લોકો સૂર્યોદય થી સૂર્યાસ્ત સુધીની દોટ મૂકે છે. સફળતા એ એક એવી મૂડી છે જે હર કોઈ ના હાથમાં નથી આવતી.

એના માટે સતત પ્રયાસની જરૂર પડે છે. ખુદ પર આત્મવિશ્વાસ જોઈએ.

ઊઠો, જગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો.

સફળતાની સીડી ચડવા માટે હારી થાકી ને પણ ફરી ઊભા થઈ એજ કામ પર લાગી જવું. જ્યાં સુધી મંજીલ ના મળે ત્યાં સુધી એમાંજ મંડાય રહેવું.

ઘણા મોટા સફળ વ્યક્તિઓને જોયા છે .એ લોકો પણ પોતાના જીવનમાં ઘણા ઉતાર ચડાવ જોયા હશે, પછી સફળતા મળી હશે .

સાચી સફળતા શું છે ?

આપણા પાસે બધું હોવા છતાં આપણાં મનની અંદર રહેલા માનવની માનવતા જીવતી રહે .એજ જીવન ની સાચી સફળતા છે. કોઈના અટકતા કામમાં હાથ આપવો.કોઈના ચડતા પગથિયાં પર સાથ આપવો .

કંઈ વધુ ના થાય તો બસ કોઈ ને સારા બે શબ્દો કહેવા એ પણ સફળ વ્યક્તિની નિશાની છે.

- રૂપલ ધર્મેશભાઈ ગંગાજળિયા

## સણોસરા પાસે વિશ્વકર્મા ચેરી.ટ્રસ્ટ દ્વારા નિર્મિત

# વૈશ્વિક યાત્રા ધામ સમા વિશ્વકર્મા મંદિરનો ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે



રાજકોટના કુવાડવા વાંકાનેર રોડ પર સણોસરા પાસે ૫૦૦૦ વાર જમીન પર આકાર લઇ રહેલા વિશ્વકર્મા પ્રભુજી મંદિરનું મોટાભાગનું કામ પુરૂ થયુ છે. હાલમાં મંદિરનું ફીનીશીંગ કામ ચાલી રહયું છે. મંદિરનું કામ સંપૂર્ણ થતા સમાજના આગેવાનો સાથે ચર્ચા કરી પ્રાણપ્રતિષ્ઠા કયારે કરવી તેનો નિર્ણય કરવામાં આવશે. શ્રી પૈલેશભાઇ સિદ્ધપુરાએ જણાવ્યા પ્રમાણે મે–જુન કે તેની આસપાસ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાઇ શકે છે.



સણોસરા રોડ પર વિશ્વકર્મા મંદિરનું નિર્માણ થયા બાદ આ રોડ વિશ્વકર્મા રોડ તરીકે જ ઓળખાવા લાગ્યો છે. એટલુ જ નહીં આ રોડ ઔદ્યોગિક વિકાસ પણ ઝડપભેર થઇ રહયો છે. આ રોડ પર ૩૦૦૦થી વધુ ઔદ્યોગિક એકમો ધમધમવા લાગ્યા છે. અને ૫૦૦થી પણ વધુ દુકાનો ધમધમતી રહી છે. આવતા દિવસોમાં આ વિસ્તારનો વિકાસ અનેક ગણો થઇ જશે તેવું ચિત્ર ઉપસી રહયું છે.

તાજેતરમાં જ આ વિશ્વકર્મા ધામના પ્રણેતા અને મંદિરના નિર્માણમાં પોતાના તન–મન–ધનથી સર્વસ્વ અર્પણ કરી રહેલા શ્રી પૈલેશભાઇ સિદ્ધપુરા સાથે વિશ્વકર્મા વિશ્વએ મુલાકાત લીધી હતી.

હજુ વિશ્વકર્મા પ્રભુજી મંદિરનું કામ ૧૦૦ ટકા પૂર્ણ નથી થયુ છતાં આ સ્થળે પગ મુકતાની સાથે જ એક અનેરી ઉર્જાનો અનુભવ અત્યારથી જ થાય છે. મંદિરના રંગમંડપમાં અને તૈયાર થઇ ચુકેલા ગર્ભગૃહમાં પગ મુકતાની સાથે જ હૃદયમાં અનેરી શાંતિનો અહેસાસ થાય છે. મુકત માહોલવાળું અને મંદિરનો જ આનંદ લઇ શકાય તેવુ આ નિર્માણ થયું છે. ૧.૨૫ લાખ વાર જમીન પૈકીની ૫૦૦૦ વાર જમીન શ્રી પૈલેશભાઇ સિદ્ધપુરાએ દાનમાં આપી છે. અને આ દાન આપેલી જમીન પર વિશ્વકર્મા પ્રભુજી મંદિરનું નિર્માણ કાર્ય મોટાભાગે પૂર્ણ થયું છે.

વિશ્વકર્મા કથાના વિશાળ આયોજન બાદ વિશ્વકર્મા પ્રભુજી મ્રદિરનું ભૂમિપુજન ૨૦૧૩માં કરવામાં આવ્યું હતું. રાજકોટના રેસકોર્સમાં થયેલ આ વિશ્વકર્મા કથા બાદ સમગ્ર દેશમાં વિશ્વકર્મા પ્રભુજી અંગે અનેરી જાગૃતતા આવી છે. ભુમી પુજન બાદ દર મહિનાની અમાસે ધ્વજારોહણ અને પુજા થાય છે. અને વેદ મંત્રોના ઉચ્ચારણ થાય છે. પરિણામે આ જગ્યા ઉર્જાવાન થઇ છે.

રાજકોટથી ૨૫ કિલોમીટર દુર સણોસરા પાસે નિર્માણ પામી રહેલ મંદિર વિશાળ ઉંચાઇ ધરાવે છે. મંદિરનો રંગમંડપ ૩૬ × ૩૬ ફુટનો વિશાળ બનાવાયો છે. જેમાં ૫૦૦ માણસો એક સાથે ઉભા રહીને દર્શન કરી શકે છે. આટલો મોટો રંગમંડપ સુપ્રસિદ્ધ મંદિરોમાં પણ નથી. જયારે ભગવાન વિશ્વકર્મા અને તેના પાંચ પુત્રો જયાં બિરાજમાન થવાના છે તે ગર્ભગૃહ પણ ૧૪ × ૧૪ ફુટનો વિશાળ છે. જોધપુર પાસેની બાલોશ્વરની પત્થરની ખાણમાંથી પત્થરો મંગાવી સ્થળ પર જ કોતર કામ કરીને મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે. મંદિર માટેની કમાનોની કોતરણીનું કામ ચાલુ છે. અને ત્રણેય દિશામાં સુંદર કોતરણી વાળી કમાનો લગાડવામાં આવે છે.

વિશાળ રંગ મંડપમાં રાજા રજવાડા અને સુપ્રસિદ્ધ મંદિરોમાં હોય તેવી હાથેથી કોતરણી કરી રંગોળી બનાવવામાં આવી રહી છે.

મંદિરમાં પ્રવેશ માટે મુખ્ય દરવાજો તૈયાર થઇ ગયો છે. બાજુમાં નાના દરવાજા તૈયાર થઇ ગયા છે.

મંદિરનું કામ ચારેક માસમાં પૂર્ણ થતાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન ઘડવામાં આવશે. શ્રી પૈલેશભાઇ સિદ્ધપુરા કહે છે, ૭

થી ૯ દિવસનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન થશે. આ આયોજન દેશભરમાં જાગૃતિ આવે તેવું થશે. પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે આજુબાજુના ૨૦૦ ગામના તમામ લોકો માટે ભોજન પ્રસાદનું આયોજન થશે. ૪૦ ગામના લોકો એક સાથે પ્રસાદ લઇ શકે તેવું આયોજન થશે. પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે દેશભરમાંથી લાખો લોકો ઉપસ્થિત રહે અને આ અનોખા વિશ્વકર્મા પ્રભુજીની ઉર્જા પ્રાપ્ત કરે તેવું આયોજન વિચારાઇ રહ્યું છે.

શ્રી પૈલેશભાઇ સિદ્ધપુરા અખિલ ભારતીય વિશ્વકર્મા મહાસભાના વર્કીંગ પ્રેસિડેન્ટ છે. અને વિવિધ રાજયોમાં તેમનો ગાઢ સંપર્ક છે અને વિવિધ રાજયમાંથી અનેક મહાનુભાવો ભવિષ્યના આ વિશ્વકર્મા ધામની મુલાકાત લઇને શ્રી પૈલેશભાઇ અને તેની ટીમને અભિનંદન આપી રહયા છે. પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે આ તમામ રાજયોના દશેક હજાર આગેવાનો આવશે તેવી ગણતરી રખાઇ રહી છે.

આ ઐતિહાસિક અને કરોડોના ખર્ચે બનનાર અનોખા બની રહેનાર વિશ્વકર્મા યાત્રા ધામમાં નિર્માણ થતા વિશ્વકર્મા પ્રભુજીના મંદિર માટે હજુ સુધી ફાળા માટે હાથ લાંબો કરવામાં આવ્યો નથી. શ્રી પૈલેશભાઇ સિદ્ધપુરા તમામ ખર્ચ કરી રહયા છે. અને મંદિરનું નિર્માણ અને પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પૂર્ણ થયા બાદ આ અનેરા વિશ્વકર્મા પ્રભુજી મંદિર સમાજને સુપરત કરી દેશે. ફકત વિશ્વકર્મા વંશજો જ નહીં પરંતુ જેવી રીતે લોકો દ્વારકા, સોમનાથ જેવા પવિત્ર સ્થળોની યાત્રાએ લોકો જાય છે. તેવી જ રીતે આ વિશ્વકર્મા યાત્રાધામમાં લોકો આવતા થઇ જશે. આજે લોકો વિશ્વકર્માનું નામ લેતા તો થયા જ છે. હવે વધુને વધુ લોકો વિશ્વકર્મા પ્રભુજીના દર્શન કરતા થાય તેવી ભાવના છે. આ વૈશ્વિક ધામમાં ઉત્સવો ઉજવાતા રહેશે. લોકો એકત્રીત થતા રહેશે અને સંગઠનની ભાવના મજબુત થતી રહેશે અને પરિણામે સમાજ પણ દિનપ્રતિદિન વિકાસ પામતો રહેશે તેવું હાર્દ આ નિર્માણમાં સમાયેલું છે.

સમાજમાં નેતૃત્વનું નિર્માણ થાય તો સમાજ સંગઠીત બને અથવા ધર્મના પાયા પર જાગૃતિ ઉભી થાય તો પણ સમાજ સંગઠીત બને અને સમાજ સંગઠીત થાય તો એક મજબુત અવાજ ઉભો થાય અને અવાજ મજબુત થાય તો સમાજનો વિકાસ વધુ અસરકારક બને. આ વૈશ્વિક યાત્રધામના નિર્માણથી સમાજ સંગઠીત અને મજબુત થશે તેવી સૌને શ્રદ્ધા છે.

આ ઐતિહાસિક નિર્માણમાં શ્રી પૈલેશભાઇ સિદ્ધપુરા વર્ષોથી તન-મન-ધનથી પોતાનો સમય આપી રહયા છે. સાથોસાથ કલ્પેશભાઇ સિદ્ધપુરા, વિનુભાઇ પીઠવા, સુરેશ સિદ્ધપુરા, રાજભા જાડેજા, કપીલ સિદ્ધપુરા, નિલેશ સિદ્ધપુરા, ચંપકભાઇ સિદ્ધપુરા, મનસુખભાઇ અને દિલીપભાઇ કારેલીયા, ભરતભાઇ સિદ્ધપુરા, અશોકભાઇ પરમાર, દિલીપભાઇ સિદ્ધપુરા પણ અનેરો સહયોગ આપી રહયા છે.

# વિશ્વકર્મા જયંતીના પવિત્ર દિવસે રાઠોડ મશીન ટુલ્સનો ૪૮માં વર્ષમાં પ્રવેશ






રાજકોટમાં ફૂડ મશીનરી બનાવવામાં અગ્રેસર એવી રાઠોડ મશીન ટુલ્સના મોભી એવા અશોકભાઇ રાઠોડ ઇન્ડસ્ટ્રીયાલીસ્ટ તો છે જ સાથોસાથ ધર્મપરાયણ અને સમાજ સેવી પણ છે. વિશ્વકર્મા પ્રભુજીએ આપેલ કલા-કારીગરીનો વારસો તેમણે આત્મસાત કર્યો છે. તેઓએ પરજીયા એસ્ટેટમાં કામકાજ શરૂ કર્યા બાદ આજે ૨-મવડી પ્લોટ ખાતેની વિશાળ જગ્યામાં ૪૦ પ્રકારની ફૂડ મશીનરી બનાવે છે. તિરૂપતિ બ્રાન્ડથી સોપાની કટીંગનું મશીન બનાવવાના તેઓ પ્રણેતા છે.

અશોકભાઇ રાઠોડ છેલ્લા ૫ વર્ષથી દર અમાસે પોતાની ફેકટરીની અગાસીએ વિશ્વકર્મા ધજા ચડાવવાનું ચુકતા નથી. અશોકભાઇ વિવિધ સંસ્થાઓમાં તન-મન-ધનથી સેવા કરે છે. ચંડી ચામુંડા અતિથિ ગૃહના તેઓ પુર્વ ટ્રસ્ટી છે. સોમનાથ વેરાવળ લુહાર અતિથિ ગૃહના તેઓ ટ્રસ્ટી છે. અને શ્રી અમૃત ચેરીટેબલ ટ્રસ્ટ અને વિદ્યાર્થી ભવનના તેઓ કારોબારી સદસ્ય છે.

અશોકભાઇ રાઠોડે પોતાના ધંધાની સ્થાપના વિશ્વકર્મા જયંતીએ જ કરી હતી. આ વર્ષે વિશ્વકર્મા જયંતીએ રાઠોડ મશીન ટુલ્સ ૪૮માં વર્ષમાં પ્રવેશ કરી રહયું છે. ત્યારે અશોકભાઇ રાઠોડ અને તેના બંને પુત્રો પીનાકીન અને અમીતને હાર્દિક શુભેચ્છા...

( AN ISO 9001-2008 CERTIFIED COMPNY )

**SURELIA**
**WIRE-CUT PVT. LTD**

# GHARANA
## ENTERPRISE

**PRECISION MACHINING ON**
- CNG wire EDM
- Vertical Machining Center
- CNC Turning Machine
- CNC EDM & Micro Drill

**WIRE CUT : 90990 76028**
**SPARK EROSION : 99740 99072**

**MAHENDRA INDUSTRIAL COMPLEX**
Nr. Maharani Laxmibai School, Tagore Road, Rajkot 360 002
Email : sureliawire@yahoo.com | website : www.sureliawire.com

:: સંચાલક ::
હડિયા સાહેબ ◆ પંચાસરા સાહેબ

**GYAN SAURABH Kids**

અહીં બાળક...
- ભણશે...
- ગણશે...
- ખીલશે...
- વિકસે...


સંસ્કાર • શિસ્ત • ચારિત્ર્ય
GSS
શ્રી જ્ઞાન સૌરભ સ્કૂલ
Since 1994

નવી શિક્ષણનીતિ મુજબ
બાળકનો સંપૂર્ણ વિકાસ...!!

# શ્રી જ્ઞાનસૌરભ સ્કૂલ

**બાલવર્ગથી ધોરણ ૧૨ સુધીની સંપૂર્ણ શાળા...**

ઓમનગર, મવડી, રાજકોટ. 83 47 90 50 40 / 96013 10970


AEW
ALIGHT
ENGINEERING WORKS
MANUFACTURER OF BRASS PARTS & M. S. PARTS AUTOMATIC MACHINERY
INDEXING SLOTTING MACHINE
SCREW SLOTTING MACHINE
SCREW CHEMPER MACHINE
Raw Type Shed No. 83/3, G.I.D.C.
Shankar Tekri, Udhyognagar,
Jamnagar - 361004. INDIA
Phone : +91 288 2568107
E-mail : alighteng@gmail.com
Website: www.alight.co.in
Contact Person:
Mukesh B. Gajjar +91 98251 32193
Hiren B. Gajjar +91 94272 75922
TAPPING MACHINE
TURNING MACHINE
VIBRATOR BOWL FEEDER
Design by: Ajay Sanchaniya (ajay@sanchaniya.com)


દરેક પ્રકારનાં એલ્યુમિનિયમ કટીંગ મશીન, SPM સીંગલ હેડ કોપી રાઉટર,
પીન્યુમેટીક સીરીઝ - ELC સીરીઝ, મેન્યુઅલ અને ઓટોમેટીક મશીન
Accucut TM
Your Helping Hand...!
શ્રી Vishvakarma Engineering
You Think, We Shape it...
Plot No. - 68, Shed No. 5, Amrut Udhyog Nagar, Stree No. 5,
B/h. Gujarat Solvant, Opp. Ratnakar Techno Cast,
Gondal Road, Kothariya, Rajkot-4
Cell : +91 97276 82482
web : www.accucutrjt.com e-mail : accucutrjt@gmail.co
-: સ્ટોકીસ્ટ :-
એલ્યુમિનિયમ કટર્સ, એન્ડમીલીંગ કટર્સ,
સ્પેશ્યલ કટર્સ, ફુડ ઇટાલી કટર્સ
8" - 10" - 12" - 14" - 16" - 18" - 20"

હિતેશભાઈ પિત્રોડા - ૯૮૨૫૪ ૪૫૨૬૪ / ૯૯૨૪૧ ૫૫૫૫૨
હર્ષિતભાઈ એચ. પિત્રોડા - ૯૯૦૪૪ ૪૫૨૬૪ / ૭૪૨૮૧ ૫૮૭૮૨

# વિશ્વકર્મા બેન્ડીંગ હાઉસ



**ડ્રોઈંગ મુજબ સી.એન.સી. માં કટીંગ કરી આપશું**

15- Atika Ind. Area, Opp. Dhobisamaj Ni Wadi,
Opp. Alpesh Roadways Streer, Rajkot - 360 002.
Mo. 98254 45264, 99241 55552 - Email : vishwakarma.cutting@gmail.com



શ્રીજી

Alpesh Jadvani
+9194273 53407
+9194290 53407
Jagdishbhai Jadvani
+9194280 60905

**With Best Compliments...**

ROMAN GOODS LIFT

Mfg.
Goods Lifts, Cranes & Fabrication



15-Atika Ind. Area, Opp, Alpesh Roadways, Dhebar Road(south), RAJKOT
romangoodslift@gmail.com

NIRAV R. JADWANI
+91-9427667471

GEMCERA
SANITARYWARE

## GEM SANITARYWARE

Manu. and Exporter of Fine sanitaryware
Chotila Road Nr. IOC Pump,
Thangdh 363 530
Gujarat ( India )
export@gemcera. com
www ,gemcera. com

---

Reliance™
SANITARYWARES

Mitesh N. Jadwani

## JAY REFRACTORIES

MANU. OF
SANITARYWARES

- CHOTILA ROAD,
  THANGHDD 363 530
  GUJARAT-INDIA
- Phone : (02751) 220171/220 271
  Fax : +91-2751/220271
  Mobile : 98242 19371
  E-mail : jayref@gmail.com
  jaycera_ad1@sancharnet.in
  Web : www.ceramicasindia.com

---

વિશ્વકર્મા જયંતી નિમિત્તે
હાર્દિક શુભેચ્છા...



Kishan J. Vadgama
99259 65074

ARTISAN
*ENGINEERS*

1, Arti Society,
Dhebar Road (South), Rajkot.

---

વિશ્વકર્મા જયંતી નિમિત્તે
હાર્દિક શુભેચ્છા...

જેન્તીભાઇ વી. વોરલીયા

રવિ જે. વોરલીયા
મો. ૯૪૨૮૧ ૨૫૩૯૦



## જય એન્જીનીયર્સ

મરીન સ્પેશ્યાલીસ્ટ તથા
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર

૫-૨/એ, જી.આઇ.ડી.સી., લક્ષ્મી હોન્ડા શોરૂમની
બાજુમાં, સલાયા રોડ, વેલકમ ગેઇટ પાસે,
જામખંભાળીયા.

# જીએચપી ગ્રુપ દ્વારા પાંચ આદર્શ લગ્ન સંપન્ન : ફેબ્રુ. સુધીમાં કુલ ૧૫ લગ્ન થશે





રાજકોટમાં ગુર્જર સુતાર જ્ઞાતિ માટે થતા આદર્શ લગ્ન ગુર્જર સુતાર હિતેચ્છુ પરિવાર દ્વારા વર્ષો બાદ ફરી શરૂ થતા સમાજ તરફથી સારો આવકાર મળી રહ્યો છે. અત્યાર સુધીમાં ૧૫ જેટલા આદર્શ લગ્નો નોંધાઇ ચુક્યા છે. જેમાં એક લગ્ન નવેમ્બરમાં થઇ ગયા બાદ બીજા આદર્શ લગ્ન ૨ ડીસેમ્બરના રોજ યોજાયા હતા. જેમાં ચિ. કિંજલ ગીરધરભાઇ કરગથરા અને ચિ. વિશાલ મનસુખભાઇ જોલાપરાએ પ્રભુતામાં પગલા માંડ્યા હતા. જ્યારે ૨૬ જાન્યુઆરી પણ બીજા બે આદર્શલગ્નનું સાથે જ આયોજન કરવામાં આવ્યું હતું. આ બધા આદર્શ લગ્ન ગુર્જર સુતાર પ્રગતિ મંડળ ખાતે યોજાયા હતા. ૨૯-૧-૨૬ના રોજ પણ આદર્શ લગ્ન યોજવામાં આવ્યા છે. કુલ નોંધાયેલા ૧૫ આદર્શ લગ્ન ફેબ્રુઆરી-૨૬માં યોજાઇ જશે.

સવારે વાજતે ગાજતે જાનનું આગમન થયું હતું. અને ત્યારબાદ વિશ્વકર્મા પ્રભુજી મંદિરના પૂર્વ પુજારી ભવાનીશંકરે શાસ્ત્રોક્ત વિધીથી લગ્ન વિધી કરાવી હતી. લગ્ન સંપન્ન થયા બાદ ભોજન પ્રસાદ સૌએ ગ્રહણ કર્યો હતો. ભોજન બાદ દોઢેક વાગ્યાના સુમારે જાનને વિદાય આપવામાં આવી હતી ત્યારે ઉપસ્થિત સૌની આંખો ભીની થઇ હતી.

આદર્શ લગ્નોત્સવમાં કન્યાને બ્યુટી પાર્લરની વિના મુલ્યે નારી શકિત મંડળના પ્રમુખ કિરણબેન વડગામા અને તેના સાથીદાર મહિલા ગ્રુપ કરી હતી. કરીયાવર ડીસપ્લે અને અન્ય શણગાર પણ આજ બહેનોએ કર્યો હતો. આ પ્રસંગે ભૂતપૂર્વ અધ્યક્ષ ત્ર્યંબકલાલ જોલાપરા, ગુર્જર સુતાર જ્ઞાતિના પૂર્વ ઉપપ્રમુખ કાંતિભાઇ તલસાણિયા, પ્રગતિ મંડળના પાયાના પથ્થર અરવિંદભાઇ ગંગાજળીયા, ન્યુ વિશ્વકર્મા ધુન મંડળ, વડગામા પરિવારના અગ્રણી જીતુભાઇ વડગામા, પ્રગતિ મંડળના પ્રમુખ રમણીકભાઇ પાટણવાડીયા, વાલજીભાઇ ગંગાજળીયા, જ્ઞાતિના ભૂતપૂર્વ ટ્રસ્ટી ધીરૂભાઇ અંબાસણા, પંચાસરા પરિવારના અગ્રણી બીપીનભાઇ પંચાસરા, સુપર વોલ્ગાવાળા રાજુભાઇ મહેમદાવાદીયા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા. આ મહાનુભાવો અને દાતાઓનું સન્માન જીએચપી ગ્રુપના પ્રમુખ યોગીન છનિયારા, અરવિંદ ગજ્જર અને જીએચપી ગ્રુપના સભ્યોએ કર્યું હતું.

પ્રથમ આદર્શ લગ્નમાં પ્રભુતામાં પગલી માંડનાર ચિ. વૈશાલી બકરાણીયાના પિતા શાંતિભાઇ બકરાણીયાએ આયોજન અંગે પ્રતિભાવ આપતા કહ્યું કે, આયોજન ખુબ જ સરસ હતું. મારા ઘર આંગણે લગ્ન કર્યા હોય તેવી લાગણી અનુભવું છું. અહીં અમને તમામ સુવિધા મળી લગ્નના આગલા દિવસે સાંજે મંડપ વિધી પણ અહીં કરી. સગાઓને રાત્રી ભોજન પણ અહી થયું. આટલા સુંદર આયોજનની કલ્પના ન હતી. તેમણે કહ્યું કે, ગુર્જર સુતાર જ્ઞાતિ આયોજીત સમુહ લગ્નમાં જોડાવાનો વિચાર હતો અને તેનું ફોર્મ પણ લાવ્યો હતો. પરંતુ લગ્નનું મુહુર્ત ન લાગતા હવે શું કરવુ તે વિચાર કરતા હતા ત્યાં જ જીએચપી ગ્રુપ દ્વારા આદર્શ લગ્ન થયાના હોવાની જાણ થતા યોગીનભાઇનો સંપર્ક કર્યો. તેમણે અમારા અનુકુળ દિવસે અને લગ્નના મુહુર્તમાં આદર્શ લગ્ન કરી આપવાની તૈયારી બતાવી અને આજે પારીવારીક વાતાવરણમાં લગ્ન થઇ ગયા. તેમણે કહ્યું આયોજકોએ દીકરીને જે કરીયાવર આપ્યો છે તે હું તો આપી શકત જ નહીં. આ પ્રસંગે મારી જિંદગીનું સંભારણું બની રહશે. હું સંસ્થાને સદાય ઋણ રહીશ.

ભૂતપૂર્વ અધ્યક્ષ ત્ર્યંબકલાલ જોલાપરાએ કહ્યું કે આ આદર્શ લગ્નમાં દીકરીને અપાયેલ કરીયાવર જેટલો કરીયાવર અગાઉના કોઇ આદર્શ લગ્નમાં અપાયો નથી. તેમણે આયોજકોને અભિનંદન આપ્યા હતા.

# રૂપલ્સ આર્ટ એકેડમી દ્વારા યોજાયુ ત્રિદિવસીય એકઝીબીશન

## શ્રી વિશ્વાસ સોનીગરાએ ઉદઘાટન કર્યું : અનેક મહાનુભાવોની હાજરી









અમદાવાદમાં શ્રીમતી રૂપલબેન સોનીગરા દ્વારા ચાલતો રૂપલ્સ આર્ટ એકેડમી દ્વારા આ એકેડમીના ૬ વર્ષથી માંડીને ૫૫ વર્ષના ૫૦ જેટલા આર્ટસ સ્ટુડન્ટના પેઈન્ટીંગનું એક પ્રદર્શન તા. ૨૪ થી ૨૬ ડીસેમ્બરના રોજ હઠિસિંહ વિઝ્યુઅલ આર્ટ ગેલેરી ખાતે યોજવામાં આવ્યું હતું. જનરેશન ઓન કેનવાસ નામથી યોજાયેલ પ્રદર્શનનું ઉદઘાટન શ્રી વિશ્વાસ તુલસીદાસ સોનીગરાના વરદહસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી તુલસીદાસ સોનીગરા, આર્કીટેકટ શ્રીમતી ચુનચુન, નેશનલ આર્ટ ટીચર અને ડો. અબ્દુલ કલામ દ્વારા પદ્મશ્રીથી સન્માનીત શ્રી પ્રેમજીત બારીયા સહિતના નામી આર્ટીસ્ટો ઉપસ્થિત રહયા હતા.

આ પ્રદર્શનનું સંકલન અને માર્ગદર્શન શ્રીમતી રૂપલ સોનીગરા દ્વારા કરાયું હતુ. આ તેમનું ત્રીજુ પ્રદર્શન હતું.

રૂપલ્સ આર્ટ એકેડમી ચલાવતા રૂપલબેને ગણીતમાં બી.એસસી. કર્યું છે. અને સ્વ અધ્યાયી કલાકાર છે અને કલા અને શિક્ષણ ક્ષેત્રેનો ૨૦ વર્ષનો બહોળો અનુભવ ધરાવે છે.

પ્રદર્શનમાં વિવિધ માધ્યોમાં રચાયેલી કૃતિમાં રજુ કરાઇ હતી. જેમાં દરેક કૃતિ પોતાની અનોખી કહાણી, ભાવના અને દષ્ટિકોણ રજુ કરતી હતી. આ પ્રદર્શને એ દર્શાવ્યુ કે યોગ્ય માર્ગદર્શન હેઠળ સર્જનાત્મકતા કેવી રીતે સાકાર થાય.

શ્રીમતી રૂપલબેને બે દાયકાથી આ ક્ષેત્રમાં છે અનેક કલાકરો તૈયાર કર્યા છે. ૩ દિવસ યોજાયેલા પ્રદર્શનનો એકાદ હજાર લોકોએ લાભ લીધો હતો.

શ્રીમતી રૂપલબેન વિશ્વકર્મા વિશ્વને કહે છે આર્ટને વય કે જનરેશન સાથે કોઇ સંબંધ નથી. યુવાન ઉંમરે પણ ઉત્તમ સર્જન શકય છે અને મોટી ઉંમરના લોકો પણ ક્રિએટીવ પેઇન્ટીંગ કરીને ખુશ રહી શકે છે. આર્ટ વ્યકિતમાં ડીસીપ્લીન લાવે છે અને જીવન જીવવાનો નવો દષ્ટિકોણ આપે છે.

# સમાજમાં વધુ કામ કરવા કટીબદ્ધ છીએ : અરવિંદ ગજજર

## ગુ.સુ.પ્રગતિ મંડળનો નવી ટીમનો શપથવિધિ સમારંભ યોજાયો





શ્રી ગુર્જર સુતાર પ્રગતિ મંડળ–રાજકોટ સંસ્થાનો સંમતિ–સંકલ્પવિધી કાર્યક્રમ સંસ્થાના બિલ્ડીંગ સ્થળે તા. ૩–૧–૨૦૨૬ શનિવારના રોજ સાંજના યોજવામાં આવ્યો હતો.

ડાયસ પર બિરાજમાન જ્ઞાતિ આગેવાનોમાં અધ્યક્ષ ગુ.સુ. જ્ઞાતિ–રાજકોટના અધ્યક્ષ મુકેશભાઇ વડગામા, રસિકભાઇ બદ્રકીયા–પ્રમુખ તથા સંસ્થાના ફાઉન્ડર ટ્રસ્ટીઓ અરવિંદભાઇ રામજીભાઇ ગંગાજળીયા, મથુરભાઇ રણછોડભાઇ પાટણવાડીયા, જગદીશભાઇ મોહનભાઇ સોંડાગર શ્રી ગુર્જર સુતાર પ્રગતિ મંડળ–રાજકોટના અધ્યક્ષ અરવિંદભાઇ રતિભાઇ સોંડાગર તથા પ્રમુખ રમેશભાઇ ભીખુભાઇ સોનીગરા વગેરેએ દીપ પ્રાગટ્યથી કાર્યક્રમની શરૂઆત કરી.

સ્વાગત ઉદ્ગાર સાથે તમામ આગેવાનોનું બુકેથી સન્માન કરવામાં આવ્યું.


ત્યારબાદ સંસ્થાના માનદ મંત્રી રમણીકભાઇ રણછોડભાઇ પાટણવાડીયાએ ટ્રસ્ટી મંડળ અને કાર્યવાહક કમિટીની થયેલ સંયુકત મિનિટ બુક વંચાણે લીધી. સૌએ ઉંચા હાથ કરી ગત મિનિટ બુક વંચાણને સર્વાનુમતે બહાલી આપી.

ત્યારબાદ શ્રી ગુર્જર સુતાર પ્રગતિ મંડળ–રાજકોટની વર્ષ ૨૦૨૬થી પાંચ વર્ષ માટે સૌની સહમતિથી નવનિયુકત થયેલ કમિટીમાં સૌપ્રથમ અધ્યક્ષ અરવિંદભાઇ રતિભાઇ સોંડાગરે સંમતિ સાથે સંકલ્પપત્રનું વાંચન ઉપસ્થિતો સમક્ષ કર્યું. ત્યારપછી તમામ ટ્રસ્ટીશ્રીઓ મહેન્દ્રભાઇ બચુભાઇ ઝીંઝુવાડીયા ઉપાધ્યક્ષ શ્રી તથા ટ્રસ્ટીઓ અરવિંદભાઇ રામજીભાઇ ગંગાજળીયા ટ્રસ્ટી મથુરભાઇ રણછોડભાઇ પાટણવાડીયા, ટ્રસ્ટી રસિકભાઇ ધનજીભાઇ વાઘસણા, ટ્રસ્ટી જનકભાઇ દામજીભાઇ ઉજેણીયા, ટ્રસ્ટી મુકેશભાઇ દેવરાજભાઇ ઉછડીયા તથા દલપતભાઇ દામજીભાઇ ધારૈયાએ સંમતિ–સંકલ્પપત્રનું સામૂહિક વાંચન કર્યું.

ત્યારબાદ શ્રી ગુર્જર સુતાર પ્રગતિ મંડળ–રાજકોટના પ્રમુખ તરીકે શ્રી રમેશભાઇ ભીખુભાઇ સોનીગરાએ સંમતિ–સંકલ્પપત્ર વાંચન કર્યું. ત્યારપછી માનદમંત્રી શ્રી રમણીકભાઇ રણછોડભાઇ પાટણવાડીયા, ઉપપ્રમુખ શ્રી ગોપાલભાઇ નાનાલાલ ખંભાયતા તથા ઉપપ્રમુખ પ્રફુલભાઇ ગોવિંદભાઇ કરશાળા, ખજાનચી શ્રી વિમલભાઇ કિરીટભાઇ સોંડાગર, સહખજાનચી શ્રી નલિનભાઇ અરવિંદભાઇ ગંગાજળીયા, સહમંત્રીશ્રી નિતિનભાઇ મગનભાઇ બકરાણીયાએ સંમતિ સહ સંકલ્પપત્રનું એક સાથે વાંચન કર્યું. ત્યારબાદ કારોબારી સભ્યો તરીકે વિનોદભાઇ નાગજીભાઇ ધારૈયા, જીતેન્દ્રભાઇ બાબુભાઇ ધારૈયા, શૈલેષભાઇ કાળુભાઇ માંડવીયા, મુકેશભાઇ મનુભાઇ ઉછડીયા, રમેશભાઇ મગનભાઇ




પાટણવાડીયા, દિપકભાઇ ભગવાનજીભાઇ ચંદવાણીયા, તુષારભાઇ દિલીપભાઇ સોંડાગર, હિતેન્દ્રભાઇ રમેશભાઇ માંડવીયા, રોહિતભાઇ દિલીપભાઇ સોંડાગર, અલ્પેશભાઇ પ્રભુદાસભાઇ ખંભાયતા, સાવનભાઇ જગદીશભાઇ સોંડાગર, પરેશભાઇ (પ્રશાંતભાઇ) નરોતમભાઇ સોનીગરા તથા દિપેશભાઇ અશોકભાઇ મોડાસીયાએ સામુહિક રીતે સંમતિ સહ સંકલ્પપત્રનું વાંચન કર્યું.



કાર્યક્રમમાં પધારેલા સુર્યકાંતભાઇ વડગામા, શરદભાઇ ચંદ્રેશા, જગદીશભાઇ (જગુભાઇ) ભારદીયા, પ્રદીપભાઇ કરગથરા, રસિકભાઇ વાઘસણા, સંદીપભાઇ અંબાસણા, હિરેનભાઇ કલોલીયા તથા મનિષભાઇ વિસાવડીયા, નવિનભાઇ પાટડીયા અને પ્રવીણભાઇ ગજ્જર તથા ઉમેશભાઇ ગજ્જરનું બુકે તથા શાલથી સન્માન કરવામાં આવ્યું. પ્રાસંગીક ઉદબોધનમાં ગુર્જર સુતાર જ્ઞાતિ પ્રમુખ રસિકભાઇ બદ્રકીયાએ સૌને અભિનંદન. શુભકામના સાથે જ્ઞાતિના સમુહલગ્ન અને ભૂમિદાન અંગેની વાત કરી.

શ્રી ગુ.સુ. પ્રગતિ મંડળના પ્રમુખ રમેશભાઇ બી. સોનીગરાએ પોતાના વકતવ્યમાં પ્રગતિ મંડળના સામાજીક ઉત્કર્ષના કાર્યોને હજુ વધારે ઉત્સાહથી કરતા રહીશું અને સૌના મળેલા સહયોગની સરાહના સાથે તમામ પ્રત્યે ઋણ સ્વીકારની ભાવના વ્યકત કરી.

શ્રી ગુર્જર સુતાર પ્રગતિ મંડળ-રાજકોટના અધ્યક્ષ અરવિંદભાઇ આર. સોંડાગરે સભ્યપરિવારના થયેલા ઉત્કર્ષકાર્યોની વાત સાથે આગામી કાર્યો માટે સૌને માહિતગાર કર્યા અને સૌના સાથ-સહકાર-સહયોગથી આપણે હજુ વધુ કાર્યો કરતા રહીશું. આભારવિધિથી આપણે હજુ વધુ કાર્યો કરતા રહીશું. આભારવિધિ માનદમંત્રી રમણીકભાઇ આર. પાટણવાડીયાએ સંભાળેલ ટ્રસ્ટીમંડળ તથા કાર્યવાહક કમિટીના સભ્યોના આર્થિક સહયોગથી ઉપસ્થિત ૨૩૫ વ્યકિતઓ (ભાઇઓ-બહેનો)એ આનંદિત, ઉલ્લાસપૂર્ણ વાતાવરણમાં ભોજન પ્રસાદ લીધો.

સમગ્ર કાર્યક્રમ આયોજન અરવિંદભાઇ રતિભાઇ સોંડાગરે કરેલ. કાર્યક્રમ સંચાલક રમણીકભાઇ આર. પાટણવાડીયાએ સંભાળેલ.

આ પહેલા તા. ૨૫-૧૨-૨૫ના રોજ સામાન્ય સભા યોજાઇ હતી. જેનો મુખ્ય એજન્ડા સંસ્થાની ટ્રસ્ટી મંડળ તથા કારોબારી સમિતિની રચના કરવાનો હતો. પ્રગતિ મંડળની સ્થાપના ૨૦૦૭માં થયા બાદ આજદિન સુધી સહમતિ અને સિલેકશન દ્વારા જ ટ્રસ્ટી મંડળ અને કારોબારી રચાતી. પરંતુ આ વખતે પ્રથમ વખત ચુંટણી થાય તેવા સંજોગો ઉભા કરવામાં આવ્યા હતા. પરંતુ સંસ્થાનું હિત હૃદયમાં ધરાવતા યોગીનભાઇ છનિયારાએ હાલનું ટ્રસ્ટી મંડળ અને કારોબારી સમિતિ સારુ અને સમાજલક્ષી કાર્ય કરે છે. તો ચુંટણી શા માટે ? આજ કમિટીને ચાલુ રાખવી જોઇએ. તેઓએ સામાન્ય સભામાં સ્પષ્ટ રીતે જણાવ્યુ કે જો કોઇ સભ્યને વાંધો હોય તો રજુ કરે પરંતુ કોઇએ વાંધો ન લીધો કે ન રજુઆત કરી બાદમાં યોગીન છનિયારાએ હાલની કમિટી ચાલુ રાખવાનો રજુ કરેલ ઠરાવ સ્વીકાર્યો હતો અને યોગીનભાઇના ઠરાવથી પ્રગતિ મંડળમાં ચુંટણી થતી રહી ગઇ.

**અહેવાલ : રમણીકભાઇ રણછોડભાઇ પાટવાડીયા- માનદમંત્રી, શ્રી ગુર્જર સુતાર પ્રગતિ મંડળ-રાજકોટ.**

# બાંદરા(ગોંડલ) ખાતે ખંભાયતા પરિવારના સુરાપુરા દાદાના સ્થાનકે યજ્ઞ યોજાયો

બાંદરા (ગોંડલ) ખાતે આવેલ ખંભાયતા પરિવારના સુરાપુરા દાદા વાઘજીબાપાના સ્થાનકે તા. ૨૧-૧૨-૨૫ને રવિવારના રોજ હવન સહિતના ત્રિવેણી કાર્યક્રમ યોજાયો હતો.





સવારે ૭ વાગ્યે સુરાપુરાદાદાના યજ્ઞનો પ્રારંભ કરવામાં આવેલ. આ યજ્ઞનાં યજમાન તરીકે કેયુરભાઇ અશોકભાઇ(રામપર) લાભ લીધો હતો. બપોરે ૧૨ કલાકે ઉપસ્થિત ખંભાયતા પરિવારના પરિવારજનો તથા આમંત્રિત મહેમાનોની હાજરીમાં બીડુ હોમવામાં આવેલ. આ યજ્ઞની સાથે પ્રતિવર્ષની જેમ બાંદરા ગામની શાળાના તથા ગામના બાળકો માટે બટુક ભોજન રાખવામાં આવેલ. અંદાજે ૧૨૫ જેટલા બાળકોએ પ્રસાદ લીધો હતો અને દરેક બાળકને ભેટ આપવામાં આવેલ. યજ્ઞની પુર્ણાહુતિ બાદ જુદા જુદા ગામથી પધારેલ ખંભાયતા પરિવારના પરિવારજનો, પરિવારની બહેન-દીકરીઓ તથા આમંત્રિત મહેમાનોએ બાંદરા ગામની લેઉઆ પટેલ સમાજની વાડી ખાતે ભોજન પ્રસાદ લીધો હતો. આ યજ્ઞ સહિતની ત્રિવેણી આયોજનને સફળ બનાવવા ખંભાયતા પરિવારના વડીલો, યુવા ટીમ તેમજ બાંદરા ગામના આગેવાનોએ જહેમત ઉઠાવી હતી.

**અહેવાલ : અંકિત ખંભાયતા(ગોંડલ)**

# રાજકોટ વિશ્વકર્મા કેળવણી મંડળ દ્વારા વિદ્યાર્થીઓ તથા દાતાશ્રીઓનો સન્માન સમારંભ યોજાયો












શ્રી રાજકોટ વિશ્વકર્મા કેળવણી મંડળ દ્વારા તા. ૩૧ ડિસેમ્બર–૨૫ને બુધવારે સાંજે કેળવણી મંડળ ખાતે વિદ્યાર્થીઓ તથા દાતાશ્રીઓના સન્માનનો કાર્યક્રમ યોજાયો હતો. કેળવણી મંડળના પટાંગણમાં યોજાયેલ આ કાર્યક્રમ શરૂ થાય તે પહેલા જ વાતાવરણમાં પલટો આવતા અચાનક આવેલા વરસાદના કારણે કાર્યક્રમ કેળવણી મંડળના હોલમાં યોજવાની વ્યવસ્થા કરવામાં આવી હતી અને કાર્યક્રમ થોડો મોડેથી શરૂ થયો હતો.

આજના આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે કિર્તી વુડન વર્કસ રાજકોટ વાળા કિર્તીભાઇ તથા દિપકભાઇ ભકોડીયા, અતિથિ વિશેષ તરીકે ગુર્જર બેંકના પ્રમુખ પ્રફુલ્લભાઇ બકરાણીયા તથા નિવૃત્ત શિક્ષક દિપકભાઇ વડગામા રહ્યા હતા. કાર્યક્રમના પ્રારંભમાં મુખ્ય મહેમાન, અતિથિ વિશેષ તથા કેળવણી મંડળના ટ્રસ્ટી, કાર્યવાહક સમિતિના સભ્ય તથા જ્ઞાતિના પ્રમુખના હસ્તે દિપ પ્રાગટ્ય કરવામાં આવેલ.

ટ્રસ્ટી કિશોરભાઇ બોરાણીયાએ સંસ્થાનો પરિચય આપતા જણાવ્યું હતુ કે, ૬૩ વર્ષે પૂર્વે શરૂ થયેલ આ સંસ્થા દ્વારા આજે પણ વિદ્યાર્થીઓને પુસ્તકો, નોટબુક, ટ્યુશન સહાય તથા સ્કોલરશીપ આપવામાં આવે છે. તથા વેકેશનમાં લલિતકલા, ખેલકુદ ઉત્સવ, યોજવામાં આવેલ છે તેમજ દર વર્ષે તેજસ્વી વિદ્યાર્થીઓ તથા સંસ્થાના દાતાશ્રીઓનુ સન્માન કરવામાં આવે છે.

મુખ્ય મહેમાન તથા અતિથિ વિશેષશ્રીનું શાલ ઓઢાડી અને મોમેન્ટો અર્પી સન્માન કરવામાં આવેલ જેમાં કિર્તીભાઇ તથા દિપકભાઇ ભકોડીયાનું ભરતભાઇ ખારેચા તથા વસંતભાઇ ભાલારાએ, પ્રફુલ્લભાઇ બકરાણીયાનું જયંતીભાઇ તલસાણિયાએ તથા દિપકભાઇ વડગામાનું કિશોરભાઇ બોરાણીયાએ સન્માન કર્યું હતું. ભોજન સમારંભનાં ત્રણ સ્પોન્સરનું શાલ ઓઢાડી તથા મોમેન્ટો અર્પી સન્માન કરવામાં આવેલ. જેમાં મહેશભાઇ ભાડેશીયાનું અરવિંદભાઇ ત્રેટીયાએ, વિનયભાઇ તલસાણિયાનું વસંતભાઇ ભાલારાએ, તથા રીતેશભાઇ ધ્રાંગધરીયાનું કિશોરભાઇ બોરાણીયાએ સન્માન કર્યું હતું. ગુર્જર સુતાર જ્ઞાતિના પ્રમુખ રસીકભાઇ બદ્રકિયાનું શાલ ઓઢાડી અને મોમેન્ટો અર્પી કેળવણી મંડળના ટ્રસ્ટીઓ તથા કાર્યવાહક સમિતિના સભ્યો દ્વારા સન્માન કરવામાં આવેલ. મુખ્ય મહેમાન કિર્તીભાઇ તથા દિપકભાઇ ભકોડીયાનું પરિચય વાંચન જયુભાઇ તલસાણિયાએ અતિથિ વિશેષ દિપકભાઇ વડગામાનું પરિચય વાંચન કિશોરભાઇ બોરાણીયાએ પ્રફુલભાઇ બકરાણીયાનું પરિચય વાંચન જનકભાઇ વડગામાએ કરેલ.

અતિથિ વિશેષ દિપકભાઇ વડગામાએ પોતાના ઉદબોધનમાં







# વિદ્યાર્થીઓને રોકડ, પ્રમાણપત્ર તથા શૈક્ષણિક કીટ તથા દાતાશ્રીઓને મોમેન્ટો આપી અને શાલ ઓઢાડી સન્માન કરાયું







જણાવ્યું હતું કે, આપણા કેળવણી મંડળના સ્થાપક ટ્રસ્ટીઓ દિર્ઘદષ્ટા હતા જેણે આ કેળવણી મંડળની સ્થાપના કરી જે આજે ચાલુ છે. જે વિદ્યાર્થીઓને શિક્ષણ આપે છે. શિક્ષણ જ્ઞાન આપે છે. શિક્ષણનો દુર ઉપયોગ પણ થાય છે. આજે ડોકટર પણ આતંકવાદી બની શકે છે. શિક્ષણ જીવન મુલ્ય બને એવી કેળવણીની જરૂર છે. આજે સ્પર્ધાત્મક શિક્ષણ માણસનું ટેન્શન વધારે છે. માણસનું જીવન સુખદાયક થાય તેવા શિક્ષણની જરૂર છે. સોના-ચાંદી કે સંપતીરૂપી ધન મેળવવાની સ્પર્ધા છે. તેમાંથી કોઈભાગ પડાવવાની કે ચોરી થવાની બીક છે. પરંતુ વિદ્યારૂપી ધનમાં કોઈ ભાગ પડાવતું નથી. દેવું પડે એવું નથી. પરંતુ વિદ્યારૂપી દાન આપણને ઉપયોગી થાય છે. વિદ્યારૂપી મુડી રોકાણ છે જે હંમેશા સારૂ વળતર આપે છે. દાનનું મહત્વ ઘણું છે. ૧૦ જણા ભેગા થાય તેમાં એકાદો શુરવીર થાય તેમ ગમે તેટલા માણસ ભેગા તેમાં એકાદ દાતા હોય તો તે દાતા સમાજનું મોટુ ધન છે.

આ પ્રસંગે જ્ઞાતિના પ્રમુખશ્રી રસીકભાઈ બદ્રકીયાએ આગામી વિશ્વકર્મા જયંતીની ઉજવણી અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, આ વર્ષે શાસ્ત્રીમેદાનમાં ૧૨ દિકરીઓના સમુહલગ્નનું આયોજન છે. વિશ્વકર્મા જયંતી પ્રસંગે વસંતપંચમીની જવેરા ઉત્સવનું આયોજન છે. જેમાં આઠ દિવસ સુધી દરરોજ સાંજે જુદા જુદા કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે. વાડી માટે નવી જગ્યા ખરીદી અંગે જણાવ્યું કે, ૧૧૬ વર્ષ બાદ આપણી જ્ઞાતિએ નવી જગ્યા ખરીદી છે. દાતાઓના સહયોગથી આ કામ થાય છે આગામી અઠવાડીયએ વધુ એક મિટીંગ બોલાવવામાં આવશે. જ્ઞાતિજનોને આમાં દરેકને જોડાવવા આમંત્રણ પાઠવેલ.

વિદ્યાર્થીઓના સન્માન કાર્યક્રમમાં ધો. ૫ થી ધો. ૧૨ સુધીમાં પ્રથમ, દ્વિતિય અને તૃતીય આવેલ વિદ્યાર્થીઓને શિક્ષણ કીટ અને પ્રમાણપત્ર તથા પ્રથમને રૂા. ૧૫૦૦, દ્વિતીયને રૂા. ૧૨૦૦ તથા તૃતીયને રૂા. ૧૦૦૦નું રોકડ ઈનામ આપવામાં આવેલ. કોલેજનાં છેલ્લા વર્ષમાં ડિગ્રી મેળવનાર તથા માસ્ટર ડિગ્રી મેળવેલ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર, શૈક્ષણિક કીટ તથા બેગ આપવામાં આવેલ. વિદ્યાર્થીઓને ઈનામ આજના મુખ્ય મહેમાન, અતિથિ વિશેષ, જ્ઞાતિના પ્રમુખશ્રી તથા કેળવણી મંડળના ટ્રસ્ટીઓ તથા કાર્યવાહક સમિતિના સદસ્યોના હસ્તે આપવામાં આવેલ. પ્રથમ, દ્વિતીય અને તૃતીય સિવાયના આશ્વાસન ઈનામ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને બપોરે ૨ થી ૪ દરમ્યાન ઓફિસમાંથી ઈનામ આપવામાં આવેલ જેમાં સ્પોન્સર અજંતા સ્ટીલ પ્રોડકટવાળા વિજયભાઈ ઝાલેરા રહયા હતા.

દાતાશ્રીઓના સન્માનમાં રૂા. ૧૧૦૦૦ થી લઈ રૂા. ૫૧૦૦૦ સુધીનું દાન આપનાર અંદાજે ૨૩ જેટલા દાતાઓનું સન્માન કરવાનું હતું. પરંતુ બહારગામ વિદેશના તથા વરસાદી વાતાવરણને કારણે પહોંચી નહીં શકનાર ઘણા દાતાઓ ગેરહાજર હોવાથી થોડા હાજર રહેલ દાતાશ્રીઓનું મુખ્ય મહેમાન, અતિથિ વિશેષ, કેળવણી મંડળના ટ્રસ્ટીઓ, કાર્યવાહક સમિતિના સભ્યો જ્ઞાતિના પ્રમુખ સહિતના અગ્રણીઓના હસ્તે દરેક દાતાને શાલ ઓઢાડી અને મોમેન્ટો અર્પી સન્માન કરવામાં આવેલ.

આ પ્રસંગે પડધરી જ્ઞાતિના પ્રમુખ રસીકભાઈ વડગામા, ગોંડલ જ્ઞાતિના ટ્રસ્ટી ભરતભાઈ તલસાણિયા, અમદાવાદથી સંજયભાઈ તલસાણિયા તેમજ રાજકોટના જુદા જુદા પરિવારના અગ્રણીઓ જેમાં પંચાસરા પરિવાર, ચાય વાલા ગ્રુપ, બદ્રકિયા પરિવાર, ભાડેશીયા પરિવાર, મહિલા ધુન મંડળ, વિશ્વકર્મા યુવક મંડળ તથા કરગથરા પરિવારના અગ્રણીઓ ઉપસ્થિત રહયા હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા વિશ્વકર્મા કેળવણી મંડળના અધ્યક્ષ મુકેશભાઈ પંચાસરા, ઉપાધ્યક્ષ ભરતભાઈ ખારેચા, ટ્રસ્ટીશ્રીઓમાં પ્રવીણભાઈ અઘેરા, જયંતીભાઈ તલસાણિયા, અરવિંદભાઈ ત્રેટીયા, વસંતભાઈ ભાલારા, કિશોરભાઈ બોરાણીયા તથા હર્ષદભાઈ બકરાણીયા તેમજ કાર્યવાહક સમિતિના સભ્યોમાં પ્રકાશભાઈ દુદકીયા, નિલેશભાઈ આમરણીયા, જયકુમાર તલસાણિયા, કમલેશભાઈ ભારદીયા, જનકભાઈ વડગામા તથા રીતેષભાઈ ધ્રાંગધરીયાએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમના અંતે સૌ મહેમાનોએ સ્વરૂચી ભોજન લીધુ હતું.

કાર્યક્રમનું સંચાલનમાં દાતાશ્રીઓના સન્માનનું સંચાલન નેન્સીબેન બદ્રકીયા તથા વિદ્યાર્થી સન્માનનું સંચાલન દર્શિત સાંકડેચાએ કર્યું હતું. કાર્યક્રમના અંતે આભારવિધિ દર્શિત સાંકડેચાએ કરી હતી. **(અહેવાલ : જયંતીભાઈ નગેવાડીયા)**

# ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા જમીનનાં અનુદાન માટે મિટીંગ યોજાઇ

## મિટીંગમાં દાતાઓ દ્વારા ૧૦૦૦ ફૂટ (રૂા. એકાવન લાખ)નું અનુદાન નોંધાયું





ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા તા. ૭ જાન્યુ. બુધવારે સાંજે કેળવણી મંડળના પટાંગણમાં જ્ઞાતિની વાડીની જમીનનો સોદો કરેલ છે તે જમીન અંગે અનુદાન એકત્ર કરવા જ્ઞાતિજનોની મિટીંગ યોજવામાં આવેલ.

આ મિટીંગમાં વિનયભાઇ તલસાણીયાએ જણાવ્યું હતું કે આપણે વાડી માટે ૩ા વિઘા (દોઢ એકર) એટલે અંદાજે ૬૮૦૦ વાર જેટલી રૂા. ૭ કરોડની કિંમતના સુથી આપી સોદો કરેલ છે. દસ્તાવેજ અને નોન એગ્રીકલ્ચર કરતાં લગભગ પોણા આઠથી આઠ કરોડની રકમ થશે. આપણી પાસે ૩ કરોડની એફ.ડી. છે. બે થી અઢી કરોડનું અનુદાન પહેલી મિટીંગમાં નોંધાયેલ છે. આપણે ૧ ફૂટના રૂા. ૫૧૦૦ લેખે અનુદાન નોંધીએ છીએ. એટલે હજુ ૪૦૦૦ ફૂટના અનુદાનની જરૂરીયાત છે. તો દરેક દાતાઓએ પોતાની ક્ષમતા પ્રમાણે અનુદાન નોંધાવા અપીલ કરી હતી.

આ અપીલ બાદ ઘણા દાતાઓએ પોતાની ક્ષમતા પ્રમાણે અનુદાન નોંધાવેલ. અત્યાર સુધીમાં એક જ દાતા દ્વારા સૌથી વધુ અનુદાન સ્વ. પ્રભુદાસ નથુભાઇ ધ્રાંગધરીયા હ. વિજયભાઇ ધ્રાંગધરીયા દ્વારા ૩૦૦ ફૂટનું અનુદાન નોંધાવેલ. બાદમાં ઘણા દાતાઓએ અગાઉ નોંધાવેલ અનુદાનમાં ઉમેરો કરી વધુ અનુદાન નોંધાવેલ. જેમાં ૨૨૫, ૧૨૫, ૧૧૧ ફૂટ સુધીના અનુદાન નોંધાયેલ. ઉપરાંત ૧ ફૂટથી માંડી ૨-૫, ૧૧ તથા ૨૧ ફૂટ સુધીના અનુદાન પણ નોંધાયેલ અને મિટીંગ પુરી થવા સુધીમાં આજનું ૧૦૦૦ ફૂટનું અનુદાન નોંધાયેલ આજની મિટીંગમાં જ્ઞાતિજનો ઉપરાંત ઘણી સંસ્થાઓ તથા પરિવારના પ્રમુખ તથા અગ્રણીઓ ઉપસ્થિત રહયા હતા. અને સમાજની વાડી માટેની જગ્યા માટે પરિવાર તરફથી અનુદાન નોંધાવેલ. જેમાં ગોવિંદીયા પરિવાર, પંચાસરા પરિવાર, બકરાણીયા પરિવાર, ધ્રાંગધરીયા પરિવાર, દુદકીયા પરિવાર, મોટી મોલડીવાળા સાંકડેચા પરિવાર, તેમજ વિશ્વકર્મા મહિલા ધુન મંડળ, પ્રગતિ મંડળ સત્સંગ મંડળ, દુદકીયા પરિવાર મહિલા ધુન મંડળ, વિશ્વકર્મા યુવક મંડળ તથા ચાય વાલા ગ્રુપ સહિતની સંસ્થાઓએ પણ યથા યોગ્ય અનુદાન નોંધાવેલ.

જ્ઞાતિના પ્રમુખ રસીકભાઇ બદ્રકીયાએ આજે નાના-મોટા દાતાઓએ કુલ ૧૦૦૦ ફૂટ અનુદાન નોંધાવનાર દરેક દાતાઓનો આભાર વ્યકત કર્યો હતો અને જણાવ્યું કે હજુ ૩૦૦૦ ફૂટનું અનુદાન ઘટે છે તે આગામી વિશ્વકર્મા જયંતી, સમુહલગ્ન સુધીમાં પુરૂ થઇ જશે તેવી આશા વ્યકત કરી હતી. અને આગામી વિશ્વકર્મા જયંતી, સમુહલગ્ન તથા વસંત પંચમીથી એક અઠવાડીયા સુધી જવેરા ઉત્સવનાં આયોજનની માહિતી આપી હતી.

એડવોકેટ અશ્વિનભાઇ વડગામાએ જણાવ્યું હતું કે, આ જમીનની ફાઇલની કામગીરી મારીપાસે છે. આ જમીન રૂડામાં આવે છે. જગ્યા ખુબ જ સારી છે અને મોકાની છે. આ જમીન બાબતે કોઇને વધુ માહિતી જોઇતી હોય તો મારી ઓફીસે આવી શકે છે.

આ મિટીંગનું સંચાલન જ્ઞાતિના ટ્રસ્ટી વિનયભાઇ તલસાણિયા તથા નીતિનભાઇ બદ્રકીયા તેમજ દર્શિત સાંકડેચાએ કર્યું હતું.

મિટીંગ પહેલા ઉપસ્થિત જ્ઞાતિજનો માટે ધ્રાંગધરીયા પરિવાર દ્વારા ભોજન પ્રસાદનું આયોજન કરવામાં આવેલ.

**અહેવાલ : જયંતીભાઇ નગેવાડીયા**

# પંચાસરા પરિવાર દ્વારા સ્નેહ મિલન યોજાયું






પ્રતિ વર્ષની માફક આ વર્ષે પણ રાજકોટના પંચાસરા પરિવાર દ્વારા શ્રી વિશ્વકર્મા કેળવણી મંડળ ખાતે સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું હતું. ભાઈચારાની ભાવનાની ભાવના પ્રદર્શીત સ્નેહમિલનમાં સમગ્ર પંચાસરા પરિવારજનોએ ઉપસ્થિત રહીને પારિવારીક એકતાના દર્શન કરાવ્યા હતા. મહેમાનોના સન્માન બાદ બહેનોએ રાસ-ગરબાની સંગીતમય રમઝટ બોલાવી હતી.

સ્નેહમિલનમાં ડાયસ પર મહેમાનો તરીકે ગુર્જર સુતાર જ્ઞાતિ અધ્યક્ષ મુકેશભાઇ વડગામા, પ્રમુખ રસીકભાઇ બદ્રકીયા, મહેન્દ્રભાઇ પંચાસરા, કુમારભાઇ પંચાસરા, અમુભાઇ પંચાસરા, અને મુકેશભાઇ પંચાસરા ઉપસ્થિત હતા.

મહેમાનોના હસ્તે દીપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. જયસુખભાઇ પંચાસરા, સુનીલભાઇ પંચાસરા જ્ઞાતિના ઉપપ્રમુખ હર્ષદભાઇ બકરાણીયા, જ્ઞાતિના મંત્રી પ્રદીપભાઇ કરગથરા, ટ્રસ્ટી મુકેશભાઇ ભાડેશીયા, દિનેશભાઇ ખંભાયતા વગેરેએ પણ દીપ પ્રાગટયમાં સહયોગ આપ્યો હતો.

દીપ પ્રાગટય બાદ પ્રમુખ રસીકભાઇ બદ્રકીયાનું સન્માન જયસુખભાઇ અને અમુભાઇએ મુકેશભાઇ વડગામાનું સન્માન મુકેશભાઇ અને સુનીલભાઇએ કર્યું હતું.

ડાયસ પર બિરાજમાન મહેમાનો ઉપરાંત જ્ઞાતિના ઉપપ્રમુખ હર્ષદભાઇ બકરાણીયા, પ્રદીપભાઇ કગરથરા, ટ્રસ્ટી દિનેશભાઇ ખંભાયતા, મુકેશભાઇ ભાડેશીયા, મંદિરના સભ્ય હરીભાઇ સીનરોજા, કિશોરભાઇ બોરાણીયા, હીનાબેન વગેરેનું સન્માન જયસુખભાઇ, રાકેશભાઇ, મૌલિકભાઇ, ધર્મેન્દ્રભાઇ, પ્રશાંતભાઇ, સચીનભાઇ, રાજુભાઇ, દિપ્તીબેન, પ્રતિકભાઇ વગેરે કમિટીના સભ્યોએ કર્યું હતું.

આ પ્રસંગે સુતાર જ્ઞાતિના પ્રમુખ રસીકભાઇ બદ્રકીયાએ સમાજ દ્વારા થતા કાર્યક્રમો પંચાસરા પરિવારનો સારો સહયોગ મળતો હોવાનું જણાવી ભૂમિદાનમાં પણ આ પરિવારના નોંધપાત્ર ફાળો હોવાનું જણાવ્યું હતું. સાથોસાથ ૩૧ જાન્યુઆરીએ યોજયોલ ૧૨ સમુહ લગ્ન માટે કરીયાવર અને અનુદાનની અપીલ કરી ભૂમિદાન માટે પણ અપીલ કરી હતી.

કાર્યક્રમનું સંચાલન નીતિન બદ્રકીયાએ કર્યું હતું. બાદમાં સૌએ ભોજન પ્રસાદ લીધો હતો. બહેનોએ રાસ-ગરબાની રમઝટ બોલાવી હતી.

## હસમુખભાઇ બોરાણીયાના બાલ પુસ્તક ‘કબુ કબુ, આજા આજા !’ને પારિતોષિક

તા. ૧૧.૦૧.૨૦૨૬ના રોજ ત્રિપદા ફાઉન્ડેશન અને અસાઈત સાહિત્ય સભા, ઊંઝાના ઉપક્રમે “ સર્જન સન્માન, ૨૦૨૪ “ પુરસ્કાર અર્પણ કાર્યક્રમ પિલવાઈ તા. વિજાપુર ખાતે યોજાઈ ગયો. આ ગૌરવપૂર્ણ સમારંભમાં વિશ્વકર્મા વિશ્વના લેખક અને બાળસાહિત્યકાર હસમુખ બોરાણિયાના બાળવાર્તા પુસ્તક ‘‘કબુ, કબુ , આજા, આજા!’’ ને તૃતીય પારિતોષિક અર્પણ થયું.



આ સમારંભના અધ્યક્ષ શ્રી નવનીત મોદી, વિશેષ ઉપસ્થિતિ ડો. સી.જે. ચાવડા સાહેબ, માન. ધારાસભ્ય શ્રી વિજાપુર અને અસાઈત સાહિત્ય સભા, ઊંઝાના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી વિનાયક શાં. રાવલ, સંયોજક, સર્જન સન્માન પુરસ્કાર, ડો. યશોધર હ. રાવલની ઉપસ્થિતિ હતી.

આ પુસ્તકને તાજેતરમાં આ બીજું પારિતોષિક મળ્યું છે. જે ગૌરવપૂર્ણ ઘટના છે. ગુજરાતભરના સાહિત્યકારોની હાજરીમાં આ સન્માન કાર્યક્રમ યોજાયો હતો. વિશ્વકર્મા વિશ્વ હસમુખ બોરાણિયાને અભિનંદન પાઠવે છે.



વિશ્વકર્મા જયંતીની
હાર્દિક શુભકામના...

Hitesh Vishrolia
M: +91 9898078111

# HI-TECH METAL INDUSTRIES

Plot No : 3076, GIDC - III
Jamnagar - 361004.
E-mail : hitechmetal@gmail.com

Silvo®

Mfrs. All Types of
Plastic Packaging Machines




# PACK-WELL ENTERPRISE

17-Bhaktinagar Station Plot, Godown Road,
Nr. Ambika Weigh Bridge, Rajkot-2
Mob. 98242 10321 / 88661 99969
E-mail : packwellenterprise@gmail.com
Website : www.pack-well.com

With Best Compliments....

Jayesh N. Kharecha
94262 35358

Sanjay N. Kharecha
98248 83840



# KHARECHA INDUSTRIES

Plastic Injection Mould, Blow Mould &
Pressure Die Casting Die.

4, Navrangpara, Behind Bhaktinagar Station,
Rajkot 360 004 Tel. +91 281 2371865
Email : kharechaind@yahoo.com

વિશ્વકર્મા જયંતીની
સર્વે જ્ઞાતિજનોને
હાર્દિક શુભેચ્છા...



ડો. લલિત જી. બદ્રકિયા
(એમ.ડી.)

# શ્રદ્ધા નિદાન કેન્દ્ર

માર્કેટીંગ યાર્ડ સામે,પાળીયાદ રોડ,
બોટાદ - ૩૬૪ ૭૧૦
મો. ૯૮૨૪૨ ૩૨૫૦૫


RAJ LAXMI
FLUID POWER CREATIVES
HI-TECH HYDRAULIC HOSE CRIMPING MACHINES
HYDRAULIC, PNEUMATIC, HYDRO POWERED ,
AUTOMATIC, SEMI-AUTOMATIC, MANUAL
4MM TO UPTO 200MM
Model : RLC - 206 Hose Crimping Machine (Vertical) Upto 2" Cap.
Hand Operated HoseCrimping Machine Upto 1" Cap.
Model :RLC - 208 Hose Crimping Machine (Horizontal) Upto 4" Cap.
Model : RLC - 207 Hose Crimping Machine (Horizontal) Up to 2" Cap.
Model: RLC -208 Hose Crimping Machine Upto 2" (Horizontal) Automatic
Model: CH -215 Hose Crimping Machine Upto 2"(Horizontal) Automatic
Low Pressure Motorised Hose Crimping Machine Upto 1"
Hand Operated Low Pressure Hose Crimping Machine
Hose Skiving Machine
Hose Testing Machine
Hose Cutting Machine
Roll MarkingM achine
Ramnik J. Gajjar : 98250 75288
Vijay P. Gajjar : 82386 57687
Bhavesh R. Gajjar :98250 14494
Manufacturer :
R.J INDUSTRIES
1 - Paresh Estate,
Opp. Jaynath Complex,
Makkam Chowk,Gondal Road,
Rajkot 360 002
Email : r.jgajjar78@gmail.com.
rjinds@yahoo.co.in

# ONE STOP SOLUTION FOR HYDRAULIC HOSES & FITTINGS

Authorised Distributor :
(Saurashtra & Kutch)

Gates USA

POWERING PROGRESS

Manufacturer :

**R.J INDUSTRIES**

THE WORLD'S MOST TRUSTED NAME IN HYDRAULICS HOSES AND FITTINGS

Ramnik J. Gajjar : 98250 75288
Vijay P. Gajjar : 82386 57687
Bhavesh R. Gajjar : 98250 14494

1, Paresh Estate, Opp. Jaynath Complex, Makkam Chowk, Gondal Road, Rajkot 360 002. Email : r.jgajjar78@gmail.com / rjinds@yahoo.co.in





MANUFACTURE OF :
HYDROAULIC
HOSES END FITTINGS

Gates POW ERRING PROGRESS

HYDROAULIC HOSES, BELTS END FITTINGS

## PRESSURE OR RANGE, NO LIMITS....

- RUBBER BARIDED & SPIRAL HIGH PRESSURE HOSE
- AIR LESS PAINT SPRAY HOSE
- PNEUMATIC TOOL HOSE
- CEMENT GROUTING HOSE
- CHEMICAL HOSE
- WATER SUCTION/DISCHARGE HOSE
- PETROL DISPENSING HOSE
- MOBILE EQUIPMENT & EARTHMOVING HOSE
- OIL GAS ON OFF SHORE HOSE
- PVC BRATDED CLEAR HOSE
- JACK HOSE (MORE SAFE ECONOMICAL)
- TEFLON HIGH TEMPERATURE & PRESSURE HOSE
- STEAM HOSE
- HEAT RESISTANT CARBON FREE CABLE
- COOLANT HOSE
- ASBESTOS STANLESS STEEL CORRUGATED HOSE

FOR CATER PILLER, HITACHI, TEREX, JCB, POCLAN AND ALL TYPES OF EARTHMOVING MACHINERIES.
WE ALSO SUPPLY LOOSE HYDRAULIC HOSE & FITTINGS.

## વિશ્વકર્મા જયંતીની
## સર્વે જ્ઞાતિજનોને હાર્દિક શુભેચ્છા

**Nitin V. Panchasara**
Mo. : 99135 40304

**Keval N. Panchasara**
Mo. : 98259 40307

गीता
**Geeta**
**Mould Tech**

**Foundry's Dies, Pattern & CNC/VMC Job**

1, Patel Nagar, 80 Feet Road,
Nr. Sorathiyawadi Circle, Rajkot - 360002.
(Gujarat - India),
E-mail : geetamouldtech@gmail.com

Piyush Sondagar — Mo. 99799 18518
Mukesh Sondagar — Mo. 88666 60058

# Vishwakarma
.....Industries.....

Gondal Road, B/h. Rajkamal Petrol Pump,
Near Roger Motors, At. Kothariya Dist. Rajkot
Email : vishwkarma.industries3@gmail.com



**Ratibhai Mistri**
Mo. +91 97276 22202
**Hardik Sondagar**
Mo. +91 76001 41007

**OM**
CORPORATION

**All types of aluminium door & window hardware**

Punit nagar Main Road, B/h. Rajkamal petrol pump,
Near Suvidha Compressor, Rajkot - 360004.
E-mail : om.corporation27@gmail.com

## વિશ્વકર્મા જયંતીની
## હાર્દિક શુભકામના

જયેશ એમ. વડગામા - ૯૪૨૬૯ ૬૫૦૭૪
તેજશ એમ. વડગામા - ૯૯૭૪૦ ૯૧૩૧૬
કિશન જે. વડગામા - ૯૯૨૫૯ ૬૫૦૭૪

**ACTIVE**
ENGINEERS


**: મેન્યુફેકચર :**
ટર્બાઈન પંપ, પલ્વેરાઈઝર,
નેઈલ મેકીંગ મશીન પાર્ટસ

**૧-આરતી સોસાયટી, ઢેબર રોડ(સાઉથ), રાજકોટ-૨.**

# બાલ વાર્તા સંગ્રહ બબલ બોય અને હાસ્યલેખોનું પુસ્તક હાસ્ય શરદ પ્રકાશીત

## પલ્લવી જીતેન્દ્ર મિસ્ત્રીના કુલ ૧૧ પુસ્તક પ્રકાશીત : લેખિકા વિશ્વકર્મા વિશ્વ પરિવારના લેખિકા છે

જાણીતા હાસ્ય લેખિકા અમદાવાદ સ્થિત પલ્લવીબેન મિસ્ત્રીના તાજેતરમાં ગુર્જર દ્વારા બે પુસ્તકો પ્રકાશીત થયા છે. અત્યાર સુધીમાં સાત હાસ્યલેખના અને ૨ પુસ્તક વાર્તાના પ્રસિદ્ધ થયા બાદ ૧૦મું બાલવાર્તા સંગ્રહનું પુસ્તક 'બબલ બોય' અને હાસ્ય લેખોનું સાતમુ પુસ્તક અને કુલ ૧૧મુ પુસ્તક હાસ્ય શરદ પ્રકાશીત થયુ છે. જેને સાહિત્ય રસીકોમાં સારો પ્રતિસાદ મળી રહ્યો છે.






ડીપ્લોમા ઈન આર્કીટેકચર એવા પલ્લવી જીતેન્દ્ર મિસ્ત્રી વર્ષોથી લેખન પ્રવૃત્તિ સાથે સક્રિય છે. તેઓની વાર્તા અને લેખો સુપ્રસિદ્ધ સાહિત્ય અને અન્ય મેગેઝીનમાં પ્રકાશીત થતા રહ્યા છે. કુમાર, શબ્દસૃષ્ટિ, નવનીત સમર્પણ, અખંડ આનંદ, નવચેતન, લેખિની, છાબક, સાધના, જનસતા, નવયુગ, સંચયર્ન, મારૂતિ, સાંવરી, ગુજરાત ધારા(દિલ્હી), ફુલછાબ, ટમટમ કિડ્સ, કિડસ ગાર્ડન જેવા મેગેઝીન અને દૈનિક ભાસ્કર, મુંબઈ સમાચાર, સંદેશ, સહિતના અખબારોમાં પણ તેમના લેખો, વાર્તા પ્રકાશીત થતી રહી છે. વિશ્વકર્મા વિશ્વમાં પણ તેમની હાસ્ય વાર્તા લેખો પ્રકાશીત થતા રહયા છે.

વિવિધ વેબસાઈટ પર પણ તેમની વાર્તા, લેખો પ્રકાશીત થતા રહયા છે. પલ્લવી જીતેન્દ્ર મિસ્ત્રી પોતાના બ્લોગ પર humorispallavimishtri.blogspot.com ૨૩૨ જેટલા હાસ્ય લેખો લખ્યા છે. ઓલ ઈન્ડિયા રેડિયો પર તેમના હાસ્ય લેખોના નાટય રૂપાંતર થયા છે.

સાહિત્ય સંસદ મુંબઈ સહિત અનેક સ્થળોએ તેઓ વકતવ્ય આપી ચુકયા છે. તેઓ ત્રણ વખત સાહિત્ય અકાદમી 'હાસ્ય વિભાગ' દ્વારા પ્રથમ અને દ્વિતીય(બે વાર) પારિતોષીક પણ મળી ચુકયા છે.

તાજેતરમાં તેમનો પ્રથમ બાળ વાર્તા સંગ્રહ 'બબલ બોય' અને હાસ્ય લેખોનું પુસ્તક હાસ્ય શરદ પ્રકાશીત થયા તેમાં બબલ બોયની પ્રસ્તાવનામાં રોહિત શાહે લખ્યું છે, ઢગલાબંધ બાળ સાહિત્ય લખનારા સર્જકો ઢગલાબંધ છે. પણ બાળકોને વારંવાર વાંચવાનું મન થાય અથવા એક વખત વાંચીને એ વાર્તા યાદ રહી જાય એવી વાર્તા લખનારા લેખકોની સંખ્યા ગણવા માટે તો એક જ આંગળીના વેઢા પણ વધી પડે. આવી પરિસ્થિતિમાં હાસ્ય લેખિકા પલ્લવી મિસ્ત્રી બાળકો માટે 'બબલ બોય' પુસ્તક સ્વરૂપે વીસ વાર્તાઓની કથા છાબ લાવ્યા છે. દરેક વાર્તા અનોખી છે. પુસ્તકમાં વાર્તાનું વૈવિધ્ય સમૃદ્ધ છે. લેખિકા પાસેથી સાયબર યુગના બાળકો માટે જ્ઞાન અને માહિતી સભર, રસપ્રદ વધુ વાર્તાઓ મળે અને હાસ્યલેખોના વધુ પુસ્તક મળે એવી અપેક્ષા છે.

# ગોંડલના અલ્કેશ ખંભાયતા સીએફઓ બન્યા : બરોડામાં નિમણુંક

## અલ્કેશભાઈના ધર્મપત્ની સુરેન્દ્રનગરમાં ડેપ્યુટી કલેકટર છે

ગુર્જર સુતાર જ્ઞાતિનું ગૌરવ અલ્કેશ ખંભાયતા સીએફઓ બન્યા. તાજેતરમાં ગોંડલના સીએ અલ્કેશ ખંભાયતા ગુજરાત સરકારના ફોરેસ્ટ વિભાગમાં સિનિયર કલાસ ૧ અધિકારી સીએફઓ તરીકે નિમણુંક થયા છે. ગોંડલના લતાબેન અને ભરતભાઈ વલ્લભભાઈ ખંભાયતાના સુપુત્ર સીએ અલ્કેશ ખંભાયતા તાજેતરમાં ગુજરાત સરકારના ફોરેસ્ટ વિભાગમાં આવેલ ફોરેસ્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશનના મુખ્ય નાણાંકીય અધિકારી તરીકે નિમણુંક થયા છે આ અગાઉ તેઓ ગુજરાત સરકારના પોલીસ હાઉસિંગ કોર્પોરેશનમાં તેમની ફરજ બજાવતા હતા. સિનિયર કલાસ ૧ અધિકારી તરીકે નિમણુંક થતાં સમાજ માટે અનેરી રાહ ચીંધી છે. ઉલ્લેખનીય છે કે અલ્કેશભાઈ (આશિષ)ના ધર્મપત્ની શ્રીમતી આરઝુબેન ભાવનગર નિવાસી ઉર્વશીબેન અને ઘનશ્યામભાઈ જાદવાણી (ગજ્જર)ના દીકરી છે અને ગુજરાત સરકારમાં ડેપ્યુટી કલેકટર જેવા ઉચ્ચ હોદ્દા પર બિરાજમાન છે ત્યારે પતિ-પત્ની બંને કલાસ ૧ અધિકારી બનતા સમગ્ર સમાજ માટે અનેરી રાહ ચીંધી છે. અલ્કેશના બહેન શ્રીમતી દર્શનાબેન (દિયા) ગૌરાંગભાઈ વડગામા રાજકોટ સાસરે છે અને ગુર્જર સુતાર સખી મંડળ માં ઉત્કૃષ્ઠ કામગીરી કરી રહ્યા છે.



# મુકેશભાઇ પંચાસરાના જન્મદિનની સપ્તાહભર સેવા-સમર્પણ અને સંવેદનામય ઉજવણી

## લાયન્સ કલબ આવકારના સહકારથી આંગણવાડીના બાળકોને સુકામેવાનો પૌષ્ટિક આહાર






લાયન્સ કલબ રાજકોટ આવકારના ડીસ્ટ્રીકટ ચેરમેન પંચાસરા પરિવારના આગેવાન મુકેશભાઇ પ્રતિ વર્ષે પોતાના જન્મદિવસની અનોખી સેવામય ઉજવણી કરે છે. આ વર્ષે તેના જન્મદિનની ઉજવણી અઠવાડીયુ ચાલી. લાયન્સ કલબ રાજકોટ આવકાર દ્વારા ચાલતા હંગર વીક અંતગર્ત મુકેશભાઇ દ્વારા રાજકોટની આંગણવાડીના બાળકોનું શારીરિક અને માનસિક વિકાસ માટે આંગણવાડીના ૧૦૮ બાળકોને અઠવાડીયા સુધી પલાળેલી બદામ, પલાળેલ દ્રાક્ષ, ખજુર-કાજુ રોલ, પલાળેલી ખારેક, અંજીર, પલાળેલા અખરોટ આપવામાં આવ્યા. સાથોસાથ રાજકોટ શહેરના ૪ વૃદ્ધાશ્રમની ૧૬૫ જેટલા વડીલોને અઠવાડીયા સુધી ગરમાગરમ મગનો સુપ આપવામાં આવ્યો હતો.

૮ જાન્યુઆરીએ તેમના જન્મદિને ઓમનગર ૪૦ ફૂટ રોડ પર આવેલ શ્રી જ્ઞાનસૌરભ સ્કુલ ખાતે લાયન્સ કલબ રાજકોટ આવકારના સહયોગથી સ્કુલના ૫૦૦ વિદ્યાર્થીઓ માટે આંખ અને દાંતની તપાસનો કેમ્પ રાખવામાં આવ્યો. અર્હમ હોસ્પિટલના ડો. ધર્મેશ શાહ અને તેની ટીમ તથા વેદાંત હોસ્પિટલના ડો. ચિરાગ સર અને તેની ટીમ સવારના ૯ થી બપોરે ૪ વાગ્યા દરમ્યાન બાળકોના દાંત અને આંખોની તપાસ કરી હતી.

મુકેશભાઇ પંચાસરાના જન્મદિન નિમિત્તે યોજાયેલ આ સેવાયજ્ઞમાં મુકેશભાઇના પત્ની હીનાબેન, પુત્ર ખુશાલ-પુત્રવધુ જેમીની, પુત્ર ચિંતન અને ક્રિના પણ સેવાયજ્ઞના સહભાગી બન્યા હતા.

આ પ્રસંગે શ્રી ગુર્જર સુથાર જ્ઞાતિ પ્રમુખ રસિકભાઈ બદ્રકિયા, મંત્રી પ્રદીપભાઈ કરગથરા, શ્રી ગુજર સુથાર યુવક મંડળ ઉપપ્રમુખ ઉમંગભાઈ બકરાણીયા, શ્રી ગુજર સુથાર પ્રગતિ મંડળ અધ્યક્ષ અરવિંદભાઈ ગજ્જર, પ્રમુખ શ્રી રમેશભાઈ સોનીગરા, મંત્રી શ્રી રમણીકભાઈ પાટણવાડીયા, પંચાસરા પરિવારના અગ્રણી જયસુખભાઈ પંચાસરા, સુનિલભાઈ પંચાસરા, નિલેશભાઈ પંચાસરા, લાયન્સ કલબ ઈન્ટરનેશનલના પૂર્વ ડિસ્ટ્રીક ગવર્નર શ્રી લાયન હિતેશભાઈ કોઠારી, લાયન્સ કલબ ઈન્ટરનેશનલના ડિસ્ટ્રિક્ટ ચેરમેન અને સરકારી વકીલ શ્રી સમીરભાઇ ખીરા, લાયન્સ કલબ રાજકોટ આવકારના મંત્રી શ્રીમતી હીનાબેન પંચાસરા, એસવી ન્યુઝ ઉમેશભાઈ ગજ્જર, વિશ્વકર્મા વિશ્વના તંત્રી શ્રી પ્રવીણભાઈ ગજ્જર, લાયન્સ કલબ ડિસ્ટ્રિક્ટ ચેરમેન શ્રી મુકેશભાઈ પંચાસરા, શ્રી જ્ઞાન સૌરભ સ્કૂલના પ્રિન્સિપાલ બાવળીયા સાહેબ, શ્રી જ્ઞાન સૌરભ સ્કૂલના સંચાલક ખુશાલભાઈ પંચાસરા, શ્રી જ્ઞાન સૌરભ સ્કૂલના ટ્રસ્ટી શ્રી હડિયા સાહેબ, ઈન્ડસ્ટ્રીયલ લીસ્ટ પરેશભાઈ સુરેલીયા તથા ખુશાલભાઈ મહેમદાવાદિયા, અર્હમ હોસ્પિટલના ડોક્ટર શ્રી ધર્મેશ શાહ અને તેમની ટીમ, વેદાંત હોસ્પિટલના ડોક્ટર શ્રી ચિરાગ સર અને તેમની ટીમના સદસ્યોએ ઉપસ્થિત રહી જન્મદિનની શુભેચ્છા આપી. આગવી ઢબે જન્મદિન ઉજવવા માટે અભિનંદન આપ્યા હતા.

# ચંદ્રેશ પિલોજપરાને જર્નાલીઝમમાં ગોલ્ડ મેડલ : રાજયપાલના હસ્તે સન્માન

## અર્જુનલાલ હીરાણી કોલેજમાં અભ્યાસ કરી યુનિ.માં પ્રથમ આવ્યા

તાજેતરમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા યોજયોલ ૬૦માં દીક્ષાંત સમારોહમાં રાજકોટના ચંદ્રેશ પ્રાગજીભાઈ પિલોજપરાને રાજયપાલ આચાર્ય દેવવ્રતજીના વરદ હસ્તે પત્રકારત્વ ક્ષેત્રનો ૨૦૨૫નો ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યો છે. આ પ્રસંગે શિક્ષણમંત્રી પ્રદીપસિંહ વાજા, કુલપતિ પ્રો. ઉત્પલ જોષી, તેમજ રાજયકક્ષાના શિક્ષણમંત્રી ત્રિકમસર છાંગા ઉપસ્થિત રહયા છે.




ચંદ્રેશ પિલોજપરાએ શ્રી અર્જુનલાલ હીરાણી કોલેજ ઓફ જર્નાલીઝમ એન્ડ પરફોર્મીંગ આર્ટમાંથી બેચલર ઓફ જર્નાલીઝમ એન્ડ માસ કમ્યુનીકેશન કર્યું છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા લેવાયેલ પરીક્ષામાં સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ આવતા તેમને ગોલ્ડ મેડલ મળ્યો છે અને રાજયપાલના હસ્તે સન્માન પામ્યા છે.

ચંદ્રેશ પિલોજપરાએ ગોલ્ડ મેળવી હીરાણી કોલેજના પ્રિન્સીપાલ કાંતીભાઈ ઠેસીયા અને ટ્રસ્ટીઓએ અભિનંદન આપ્યા હતા. ચંદ્રેશભાઈના ભાઈ મયુરભાઈ પણ મીડિયા ક્ષેત્ર સાથે સંકળાયેલ છે.

ચંદ્રેશ પિલોજપરા આઈ.ટી. ક્ષેત્ર સાથે સંકળાયેલ છે. ટેકનોલોજી બાબતમાં ઉમદા હેતુથી વીઝનરી વર્ક કરી વિદ્યાર્થીઓને વિશેષ શિક્ષણ અને રોજગારી પ્રાપ્ત થાય તે માટે છેલ્લા ૧૨ વર્ષથી તેઓ સક્રિય છે તેમની ફર્મ ક્રિએટીવ મલ્ટી ડેસ્ટીનેશન એજ્યુકેશન ક્ષેત્રે નવા નવા પ્રયોગો દ્વારા સ્કીલ બેઈઝ શિક્ષણ આપતા રહયા છે. રાજકોટ જિલ્લામાં આઈ.ટી. અને ઈન્ડસ્ટ્રીયલ સેક્ટરમાં રોજગારી ઉભી કરવામાં તેઓ મહત્વનો ફાળો આપતા રહયા છે. આવુ ઉમદા વર્ક કરતા વિશેષ કંઈ નવુ શીખવાના હેતુથી અને વધુ શ્રેષ્ઠ સેવા આપવાના હેતુથી તેમને જર્નાલીઝમ કર્યું અને હવે તેઓએ આ ક્ષેત્રમાં પણ પ્રથમ આવી ગોલ્ડ મેડલ મેળવ્યો છે. જર્નાલીઝમમાં ગોલ્ડ મેડલ મેળવી ચંદ્રેશ પિલોજપરાએ પરીવાર અને સુથાર સમાજનું ગૌરવ વધાર્યું છે. ચંદ્રેશ પિલોજપરા પત્રકારત્વ ક્ષેત્રે આગળ વધે તેવી વિશ્વકર્મા વિશ્વ તરફથી હાર્દિક શુભેચ્છા.

# ગુર્જર સુતાર સેવા સંઘ ગુજરાતની બહેનોને આત્મનિર્ભર બનાવશે

## હેન્ડીક્રાફટ-કોમ્પ્યુટર વગેરેના નિઃશુલ્ક કલાસ શરૂ થશે : મલકેશ સીનરોજા

ગુજરાતભરના સુથાર સમાજને જણાવતા આનંદ થાય છે કેઆપણા સમાજની એકતા માટે આપ સહુના સહયોગથી આપણે જે ગ્રુપ શ્રી વિશ્વકર્મા દાદાનો દરબાર ચાલુ કર્યું હતું તેમાં આપણને ધાર્યા કરતા સારી સફળતા પ્રાપ્ત થઇ છે દરેક જ્ઞાતિબંધુઓના અવિરત સહયોગથી આપણા તકલીફ અને જરૂરિયાત વાળા પરિવારમાં આવેલી આપદાના નિવારણમાં નોંધપાત્ર સેવા કરી તેમને દુઃખમાંથી ઉગારવામાં સારી એવી સફળતા મળી છે.



આ કાર્યના અનુભવ તથા અનેક પરિવારોની વ્યક્તિગત મુલાકાત કરી ત્યારે સમાજના અનેક બહેનોને તથા શારીરિક તકલીફવાળા ઘણા ભાઈઓને ઘર ચલાવવામાં ખુબ તકલીફ પડે છે તે ધ્યાને આવતા આ દરેક પરિવારને પોતાના ઘરેથી કમાઈ શકે તેવી વ્યવસ્થા કરવા આપણા સમાજે એક ઝુંબેશ ઉપાડી છે.

બહેનો તથા માતાશ્રીઓને સીવણકામ, ભરતકામ, હેન્ડીક્રાફ્ટ, કોમ્પ્યુટર કોર્સ વગેરે માટે ગુજરાતના અલગ અલગ શહેરોમાં નિઃશુલ્ક ક્લાસ ચાલુ કરવા જઈ રહ્યા છીએ.

તથા તેમને જે તે કાર્યમાં નિપુણ કરી સમાજ તરફથી જરૂરી સાધન જેવા કે સિલાઈ મશીન, કોમ્પ્યુટર, ગૃહ ઉદ્યોગની કીટ વગેરે પ્રદાન કરી સ્વનિર્ભર બનાવવા એક નાનકડો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

તો આવો આપણે સહુ આ સેવાયજ્ઞમાં સહભાગી બની એક સ્વનિર્ભર સમાજની નવરચનામાં સ્વૈચ્છીક સેવા પ્રદાન કરીએ.

**- મલકેશભાઈ સિનરોજા**

# ખંભાયતા પરિવારનો ૨૦૨૬માં ૯મો સ્નેહમિલન (પરીવારોત્સવ) કાર્યક્રમ હર્ષોલ્લાસ સાથે ઉજવાયો







રાજકોટ શહેર તથા બહારગામ વસવાટ કરતા ખંભાયતા પરિવારના સભ્યોનો સને ૨૦૨૬ નો ૯મો સ્નેહમિલન કાર્યક્રમ તા. ૦૪–૦૧–૨૦૨૬ ને રવિવારના રોજ રાજકોટ ખાતે શ્રી રાજકોટ વિશ્વકર્મા કેળવણી મંડળના પટાંગણમાં આનંદપૂર્વક અને હર્ષોલ્લાસ સાથે ઉજવાઈ ગયો. આ સ્નેહમિલન કાર્યક્રમમાં બહારગામથી પણ પરિવારના સભ્યો હાજર રહી કાર્યક્રમને સફળ બનાવવામાં ઉમદા ફાળો આપેલ હતો.

સ્નેહમિલન કાર્યક્રમની શરૂઆતમાં ભાવેશભાઈ નરશીભાઈ તથા તેમના સાથી બંધુઓ દ્વારા બાળકોને રમતગમત સ્પર્ધા તેમજ મનોરંજન ગેમનું અને બહેનો માટે મનોરંજન ગેમનું આયોજન થયું હતું, સૌપ્રથમ 03:30 કલાકે ચિત્ર સ્પર્ધા શિલ્પભાઈ, મયુરભાઈના માર્ગદર્શન હેઠળ સ્પર્ધાનું આયોજન થયું હતું,

ચિત્ર સ્પર્ધા સમય દરમ્યાન રાજકોટના જોકી કલાકાર હાર્દિકભાઈ પરમાર દ્વારા નાના–મોટા દરેકને પોતાની આગવી ઓળખથી જુદી જુદી ગેમ રમાડવામાં આવેલ. બાળકોને તેઓની ઉમરના પ્રમાણમાં ગેમ રમાડવામાં આવેલ. ખંભાયતા પરિવારના આ નવા સેગમેન્ટમાં નાના–મોટા દરેકને ખુબજ મજા પડી હતી. નાના–મોટા સૌ ભાઈઓ તથા બહેનોએ સ્પર્ધામાં ભાગ લઈ રમત ગમતની સ્પર્ધાનો ઉત્કૃષ્ટ આનંદ માણ્યો હતો. ચિત્ર સ્પર્ધામાં તેમજ અન્ય રમતગમતમાં વિજેતા થયેલ બાળકોને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ. બધા બાળકોને કોન્સોલેશન પ્રાઈઝ આપી આનંદિત કરવામાં આવેલ.

રવિ ગ્લાસ એન્ડ મેટલ્સવાળા શૈલેષભાઈ પ્રભુદાસભાઈ (ખરેડી) દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ નાના બાળકો તેમજ મોટા લોકોને પોપકોર્નનો સ્વાદ ચખાડેલ હતો. સ્નેહમિલન સમારોહમાં જેનું મેઈન પાત્ર છે, તેને આપણે કેમ ભૂલી જઈએ, ભોજન (રસોઈ વિભાગ) જેમા જુદા જુદા વ્યંજનોનો સ્વાદ ચખાડવા માટે સુરેશભાઈ, જગદીશભાઈ અને રાજેશભાઈ તેમજ અન્ય બંધુઓના સહયોગ વગર આ કાર્ય ઘણું મુશ્કેલ છે, પરિવારે તેમની પણ નોંધ લીધી હતી .

છેલ્લા વર્ષ દરમ્યાન પરિવારના જે કોઈ સ્વજનો દેવ થઈ ગયા હતા તેમને યાદ કરી તેઓના આત્માના કલ્યાણ માટે પરિવારના ઉપસ્થિત સભ્યો દ્વારા બે મીનીટ મૌન પાડી તેઓને શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી.

ખંભાયતા પરિવારના દાતાશ્રીઓએ કાર્યક્રમને સફળ બનાવવામાં સિંહફાળો આપેલ હતો. પરિવારના કાર્યકર ભાઈઓ દ્વારા પરમકૃપાળુ પરમાત્મા શ્રી વિશ્વકર્મા પ્રભુજી તેમજ સરસ્વતી માતાને દીપ પ્રગટ્ય કરી સમગ્ર પરિવાર માટે આશીર્વાદ માંગ્યા હતા. શ્રી અનિલભાઈ મોહનભાઈ (લીલીસાજડીયાળી) દ્વારા પ્રાસંગિક પ્રવચન આપી લોકોને કાર્યક્રમનો આનંદ ઉઠાવવા અપીલ કરેલ હતી.

ખંભાયતા પરિવારના ભાઈઓ તેમજ બહેનો કે જેઓ સરકારી વિભાગમાં તેમજ ગુર્જર સુતાર જ્ઞાતિની વિવિધ સંસ્થાઓમાં ઉચ્ચ હોદા ધરાવે છે તેઓનું પરિવારના સભ્યો દ્વારા અભિવાદન કરવામાં આવેલ. ખંભાયતા પરિવારના સભ્ય એવા આરઝુબેન અલ્કેશભાઈ કે જેઓ સુરેન્દ્રનગર ખાતે ડેપ્યુટી કલેકટર તરીકે પોતાની ફરજો બજાવે છે તેઓનું સન્માન પરિવારના લેડીઝ સભ્યો માયાબેન અશોકભાઈ અને ભાવિષાબેન અનિલભાઈ દ્વારા કરવામાં આવેલ. આરઝુબેનના પતિ અલ્કેશભાઈ ભરતભાઈ બરોડા ખાતે ઈ.ત્રણ્ઘ. (ચીફ ફોરેસ્ટ ઓફીસર) તરીકે ફરજ બજાવે છે તેઓનું સન્માન પરિવારના અશોકભાઈ દામજીભાઈ, અનિલભાઈ મોહનભાઈ, શૈલેષભાઈ પ્રભુદાસભાઈ અને ભાવેશભાઈ નરશીભાઈ દ્વારા સંક્યુત રીતે કરવામાં આવેલ. આ ઉપરાંત મીનાબેન રાજુભાઈ કાલાવડ નગરપાલિકામાં કોર્પોરેટર તરીકે ચૂંટાઈ આવી ખંભાયતા પરિવારનું ગૌરવ વધારેલ છે તેઓનું સન્માન પરિવારના વર્ષાબેન શૈલેષભાઈ દ્વારા કરવામાં આવેલ. ગુર્જર જ્ઞાતિમાં ટ્રસ્ટી તરીકે કામગીરી કરતા પરિવારના દિનેશભાઈ નાનજીભાઈનુ સન્માન પરિવારના વિપુલભાઈ પ્રભુદાસભાઈ દ્વારા કરવામાં આવેલ. ગુર્જર સુતાર પ્રગતિ મંડળમાં ઉપપ્રમુખ તરીકે ચૂંટાઈ આવેલ પરિવારના ગોપાલભાઈ નાનુભાઈનુ સન્માન પરિવારના



ગિરીશભાઈ હંસરાજભાઈ દ્વારા કરવામાં આવેલ. ગુર્જર સુતાર પ્રગતિ મંડળમાં જ કારોબારી સભ્ય તરીકે ચૂંટાઈ આવેલ અલ્પેશભાઈ પ્રભુદાસભાઈનુ સન્માન પરિવારના શૈલેષભાઈ પ્રભુદાસભાઈ દ્વારા કરવામાં આવેલ. ગોંડલ ખાતે ગુર્જર વાડીના પ્રમુખ તરીકે કાર્ય કરતા કિરીટભાઈનુ સન્માન પરિવારના કિશોરભાઈ કાન્તીભાઈ દ્વારા કરવામાં આવેલ.

ખંભાયતા પરિવારના આમંત્રણને માન આપીને ગુજરાત જ્ઞાતિના વિવિધ સંસ્થાઓ પૈકી શ્રી ગુર્જર જ્ઞાતિ વિશ્વકર્મા મંદિરના ટ્રસ્ટીશ્રી જગદીશભાઈ સોંડાગર અને કારોબારી સભ્ય કિશોરભાઈ બોરાણીયા તેમજ કેતનભાઈ મહીધારીયા, વિશ્વકર્મા કેળવણી મંડળના ટ્રસ્ટીશ્રી પ્રવીણભાઈ અઘેરા, ગુર્જર પ્રગતિ મંડળના અધ્યક્ષશ્રી અરવિંદભાઈ આર. સોંડાગર, ઉપાધ્યક્ષશ્રી મહેન્દ્રભાઈ બી. ઝીન્ઝુવાડીયા, પ્રમુખશ્રી રમેશભાઈ બી સોનીગ્રા, મંત્રીશ્રી રમણીકભાઈ આર. પાટણવાડીયા, ઉપપ્રમુખશ્રી પ્રફુલભાઈ જી. કરશાળા અને શ્રી ગોપાલભાઈ એન. ખંભાયતા, ખજાનચી શ્રી વિમલભાઈ કે. સોંડાગર, ટ્રસ્ટીશ્રી રસિકભાઈ વાઘસણા, સહખજાનચી શ્રી નલીનભાઈ એ. ગંગાજળિયા, કારોબારી સભ્યોશ્રી રમેશભાઈ એમ. પાટણવાડીયા અને શ્રી અલ્પેશભાઈ પી. ખંભાયતા, GHP ગૃપના કારોબારી સભ્યોશ્રી જનકભાઈ પંચાસરા, મુકેશભાઈ કરગથરા, મનીષભાઈ વિસાવડીયા, હિરેનભાઈ કલોલીયા, મુકેશભાઈ પંચાસરા, નવીનભાઈ પાટડિયા વિગેરેએ ઉપસ્થિત રહી શોભામાં અભિવૃધ્ધિ કરેલ.

સમગ્ર કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં પરિવારના સભ્યો અશોકભાઈ બાબુભાઈ, અનિલભાઈ મોહનભાઈ, શૈલેષભાઈ પ્રભુદાસભાઈ, કિશોરભાઈ કાન્તીભાઈ, ગોપાલભાઈ નાનુભાઈ, વિપુલભાઈ પ્રભુદાસભાઈ, વિજયભાઈ દામજીભાઈ, ભાવેશભાઈ નરશીભાઈ, શિલ્પ અશોકભાઈ, મયુરભાઈ વૃજલાલભાઈ, વિગેરે ભાઈઓએ કાર્યક્રમને સફળ બનાવવામાં ખુબજ મહેનત કરી હતી. રસોડા વિભાગમાં સુરેશભાઈ ભગવાનજીભાઈ , જગદીશભાઈ રતિભાઈ, રાજેશભાઈ દેવેન્દ્રભાઈ, ભાવેશભાઈ શાંતિલાલએ ભારે જહેમત ઉઠાવી હતી.

# સર્જક લલિત ખંભાયતા સાથે સાહિત્ય રસિકોનો અનોખો સંવાદ





સાહિત્ય અકાદમી યુવા ગૌરવ પુરસ્કાર વિજેતા અને સમાજનું ગૌરવ એવા યુવા લેખક લલિત ખંભાયતાના બે કાર્યક્રમો યોજાઈ ગયા. ૨૮મી ડિસેમ્બરે કાર્યક્રમ રાજકોટમાં જ્યારે ૪ જાન્યુઆરીએ ભુજમાં યોજાયો હતો.

આ કાર્યક્રમની વિશેષતા એ હતી કે એમાં સર્જક, સાહિત્યકાર, લેખક, પત્રકાર લલિત ખંભાયતા સાથે સંવાદ યોજવામાં આવ્યો હતો. એકતરફી વ્યાખ્યાનને બદલે સમગ્ર કાર્યક્રમ સવાલ-જવાબ સ્વરૂપે થયો હતો.

રાજકોટના કાર્યક્રમનું સંચાલન જાણીતા રેડિયો જોકી (આરજે) અનિરૂદ્ધ ત્રિવેદીએ કર્યું હતું જ્યારે સવાલ પૂછવાની જવાબદારી ફિલ્મ સર્જક અને બ્રાન્ડ કન્સલ્ટન્ટ હારિતઋષિ પુરોહિતે નિભાવી હતી. કાર્યક્રમમાં વિશ્વકર્મા વિશ્વના તંત્રી પ્રવિણ ગજ્જર, નટવર આહલપરા, કૌશિક મહેતા, કિશોર ખંભાયતા, મનિષ ખંભાયતા, હરનેશ સોલંકી, પ્રિયંકા પરમાર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

ભુજનો કાર્યક્રમ હમિરસર સરોવરના કાંઠે વિજયરાજજી લાયબ્રેરીમાં યોજાયો હતો. એ કાર્યક્રમનું સંચાલન સમાજના યુવા લેખક, ફોટોગ્રાફર, પત્રકાર રોનક ગજ્જરે કર્યુ હતું. કાર્યક્રમમાં ભુજના સાહિત્યરસિકો ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી અમૃત ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દીકરીયુ અને પુત્રવધુનું કરાયું સન્માન






રાજકોટમાં સમાજના ઉત્કર્ષ માટે કાર્યરત શ્રી અમૃત ચેરીટેબલ ટ્રસ્ટના પાંચ વર્ષ સફળતાપૂર્વક પુરા થયા તેના ભાગરૂપે સંસ્થા દ્વારા ૮૦ ફૂટના રોડ પર આવેલ સેવા ભારતી ભવન ખાતે રવિવાર તા. ૧૧ જાન્યુઆરીમાં લુહાર સમાજમાં સૌપ્રથમ કહી શકાય તેવો અનોખો ‘દીકરી વ્હાલનો દરીયો’ અને ૧૦ વર્ષથી વધુ સમય સંયુકત પરિવારમાં રહી હોય તેવી પુત્રવધુના સન્માનનો કાર્યક્રમ સફળતાપૂર્વક યોજવામાં આવ્યો હતો.

આ સન્માન સમારોહમાં સંસ્થાના પ્રમુખ અમૃતભાઈ વાઘેલા, ટ્રસ્ટના સભ્યો અને અન્ય મહાનુભાવોના હસ્તે ૧૦૪ દિકરી અને ૬૫ પુત્રવધુનો સમાવેશ થાય છે.

દિકરીઓના હસ્તે દીપ પ્રાગટય બાદ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત છાલકા (પરબવાવડી)ના મહંત શીવાનંદબાપુએ આર્શીવચન આપતા કહ્યું કે, દીકરી વ્હાલનો દીકરો છે તેમનું સન્માન પ્રેરણાદાયી છે. સાથોસાથ આજે સંયુકત કુટુંબ ભાંગતા જાય છે ત્યારે સંયુકત પરિવારમાં રહેતી પુત્રવધુઓ સંયુકત પરિવારમાં રહેવાની પ્રેરણા પુરી પાડે છે. આવી પુત્રવધુઓનુ સન્માન કરવા બદલ અમૃત ચેરીટિબલ ટ્રસ્ટને અભિનંદન આપ્યા હતા.

સંસ્થાના પ્રમુખ અમૃતભાઈ વાઘેલાએ પ્રાસંગીક ઉદબોધનમાં કહ્યું કે ગુજરાતભરમાં આવો સન્માનનો કાર્યક્રમ પ્રથમવાર જ યોજાયો છે. કાર્યક્રમમાં ૩૮ વર્ષથી સાથે રહેતા પરિવાર હાજર છે. સાથોસાથ માત્ર દોઢ વર્ષની જોડીયા દીકરીને લઈને આવેલ માતા અને પરિવાર પણ હાજર છે. આ બધાનું સન્માન અમારા માટે ગૌરવરૂપ ઘટના છે.

કાર્યક્રમમાં લુહાર વિદ્યાર્થી ભવનના પ્રમુખ કમલેશભાઈ સિદ્ધપુરા (મહાજન), ચંડી ચામુંડા ટ્રસ્ટના જયંતિભાઈ પરમાર, લુહાર ફાઉન્ડેશનના નવિનભાઈ પરમાર, લુહાર સેવા સમાજના યોગેશ સોલંકી, મંગેશ મિસ્ત્રી, રાઠોડ મશીન ટુલ્સ વાળા અશોકભાઈ રાઠોડ, ગોર પ્રતાપરાય ત્રિવેદી, બીએસવાયએ ગ્રુપના સભ્યો, નરેન્દ્રભાઈ બાપલીયા, બરોડાના મીનલબેન પંચાલ, તત્વમસિ ચેરી. ટ્રસ્ટના ડો. ચેતનાબેન, અમદાવાદ કવિયત્રી અને લેખિકા ઈલાબેન મિસ્ત્રી, નગરસેવિકા કંચનબેન સિદ્ધપુરા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા.

કાર્યક્રમનું સંચાલન પોરબંદરના હર્ષાબેન મારૂ, યોગેશભાઈ સોલંકી અને યોગેશ વાઘેલાએ કર્યું હતું. કાર્યક્રમ બાદ સૌએ પ્રસાદ લીધો હતો.







# અનોખી સખી(મુંબઇ) દ્વારા ઈગતપુરી ખાતે એકદિવસીય યાદગાર પિકનિક







અનોખી સખી દ્વારા દર વખતે અવનવા કાર્યક્રમો થતા હોય છે .જેમાં તારીખ ૩ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ ઈગતપુરી ખાતે ડ્રીમલેન્ડ રિસોર્ટ માં એકદિવસીય પિકનિક લઈ જવામાં આવી હતી જેમાં ગુર્જર સુતાર મુંબઈ સમાજ ની ૫૩ બહેનો એ લાભ લીધો હતો. સવારે ૬ વાગે. બસ બોરીવલી નેશનલ પાર્ક થી રવાના કરવામાં આવી હતી. જેમાં વિરાર , વસઈ, નાલાસોપારા , મીરારોડ , કાંદિવલી, બોરીવલી , મલાડ અંધેરી વિલેપાર્લે, પવઈ, સાયન, ઘાટકોપર , ભિવંડી, અને ડોમ્બિવલી બધા જ પરા ની બહેનો જોડાઈ હતી. બસ માં ભરપુર ચોકલેટ,બિસ્કિટ, વેફર, ચિક્કી કૂકીઝ, કેક અને મજેદાર જ્યુસ ની લહેજત માણતા માણતા અને ગુજરાતી ગીતો ની રમઝટ બોલાવતા બોલાવતા રિસોર્ટ પર પહોંચ્યા પહોચી ને વિશ્વકર્મા દાદા ની આરતી અને પ્રસાદ કરી . બધાએ સવાર નો નાસ્તો કર્યો જેમાં ગરમાગરમ ઉપમા , મેંદુવડા ઇડલી, ખાખરા ગાંઠિયા, બ્રેડબટર, સંભાર ચટણી ને ચા કોફી ની મજા લીધી ત્યાર બાદ બધા સ્વીમીંગ પૂલ , રૈન ડાન્સ અને ફોમ પાર્ટી નો આનંદ માણ્યો હતો. ત્યાર બાદ બપોરે જમવામાં પણ અવનવી વાનગી ઓ હતી જેમાં ભરેલા ભીંડા , પનીર અંગારા અને આલુ મટર નું શાક પૂરી રોટલી, શ્રીખંડ, ખમણ ચાઈનીઝ રોલ, દાળ ભાત નું ભોજન લઈ ને, બીજા કાર્યક્રમો ની શરૂઆત થઈ જેમાં સ્ટેજ પર થી અનોખી સખી અરૂણા ભેસાણીયાએ સૌ બહેનો નું સ્વાગત કર્યું હતું તેમજ સૌ બહેનો ને સ્વાસ્થ્ય લક્ષી સમજણ આપી હતી. ત્યાર બાદ અનોખી સખી ગિરા વઘાડીયા એ પણ સૌ ને આવકારી અને સાથે પધારેલ દસ વડીલ બહેનો નું વડીલ વંદના કરી અને ભેટ આપી માટે આભાર વ્યક્ત કરી તેમનું સન્માન કર્યું હતું . ત્યાર બાદ અનોખી સખી નીતા ધ્રાંગધરિયા એ આભાર વિધિ રજૂ કરી હતી. અને અનોખી માયા વડગામા એ પણ સૌનું અભિવાદન કર્યું હતું. ત્યારબાદ સૌથી નાની અનોખી અલ્પા અનુવાડિયા એ કાર્યક્રમ નો દોર આગળ વધાર્યો હતો બહેનો ને ગેમ રમાડી મજા કરવી હતી સાંજના નાસ્તા માં ગરમા ગરમ ભજીયા અને ભેળ સાથે ચા અને કોફી ની મોજ માણી. અને ત્યાર બાદ પિકનિક માં પધારેલ બધીજ બહેનોને એક યાદગીરી રૂપે એક હેન્ડબેગ ભેટ આપી તેમજ પાણી ની બોટલ અને સર્વિંગ ટ્રે પણ ભેટ રૂપે આપી હતી એ પણ અનોખી .બહેનો એ ખુશ થઈ અનોખી સખીઓ ને પુષ્પ ગુચ્છ આપી આટલા સરસ આયોજન બદ્દલ સન્માનિત કરી હતી.અને ત્યાર બાદ હાઉઝી ગેમ રમાડી અને. રાત્રિ ભોજન કરવા માટે ગયા રાત્રિ ભોજન માં નૂડલ્સ, સુપ, કઢી, પુલાવ, પાવ ભાજી , થાબડી , અને મજેદાર પાણીપુરી ની લિજ્જત માણી ને બહેનો બસ માં પાછા મુંબઈ તરફ રવાના થવા નીકળ્યા હતા. અને બધીજ બહેનો એ અનોખી સખી ને ખોબલે ને ખોબલે આશીર્વાદ આપ્યા હતા.અને ભવિષ્ય માં પણ દરવર્ષે આવી અવનવી જગ્યા એ પીકનીક નું આયોજન કરી બહેનો ને મનોરંજન પૂરું પાડવા માટે વિનંતી કરી હતી.



# કિચન તડકા : સ્વીટ કોર્ન સ્પેશ્યલ વાનગીઓ

શુભદા ભટ્ટી

## (૧) કોર્ન કટલેસ :

**સામગ્રી :**

- કોર્ન – ૧ કપ
- બાફેલા બટાકા – ૨ નંગ
- સુધારેલ ડુંગળી – ૧ નંગ
- લીલા મરચા – ૨ નંગ
- સેઝવાન ચટણી – ૨ મોટી ચટણી
- કોર્ન ફ્લોર – જરૂર મુજબ
- બ્રેડ ક્રમશ : જરૂર મુજબ
- મીઠુ – સ્વાદ મુજબ
- તેલ – જરૂર પ્રમાણે

**બનાવવાની રીત :**

સૌપ્રથમ મિક્સરમાં મકાઇ અધકચરી ક્રશ કરવી તેમાં બટાકા, ડુંગળી, મરચા, મીઠુ, સેઝવાન ચટણી એડ કરીને મિક્સ કરવું. તેના જરૂર મુજબ બ્રેડ ક્રમશ એડ કરીને મિશ્રણમાંથી ટીકકી બને એવું મિશ્રણ બનાવવું. હવે તેમાં કટલેટનો જેવો શેઇપ ગમે એવો બનાવી લેવો. એક બાઉલમાં કોર્ન ફ્લોર લો એક થી ૨ ચમચી પાણી ઉમેરીને થોડુ થીક રાખવું. તેમાં બનાવેલ કટલેસ એડ કરી : બ્રેડ ક્રમશઃમાં રગદોળી લો. પછી એક પેનમાં તેલ લો અને કટલેસને ડીપ ફ્રાય કરો લાઇટ બ્રાઉન થાય ત્યાં સુધી.

## (૨) સ્વીટ કોર્ન બાસ્કેટ ચાર્ટ

**સામગ્રી :**

- બાફેલા કોર્ન : ૧ નાનો કપ
- સુધારેલ ટમેટા – ૧/૨ કપ
- સુધારેલ ડુંગળી – ૧/૨ કપ
- સુધારેલ કોથમીર – ૨ ચમચી
- બાફેલુ બટાકુ – ૧ મોટુ નંગ
- લીલી ચટણી – સ્વાદ મુજબ
- ખજુબ–આંબલી–ચટણી – સ્વાદ મુજબ
- ચાટ મસાલો – જરૂર પ્રમાણે
- સંચળ – જરૂર પ્રમાણે
- સેવ – ડેકોરેશન માટે
- બાસ્કેટ પુરી – જરૂર મુજબ

**બનાવવાની રીત :**

સૌપ્રથમ એક બાઉલમાં કોર્ન, ટમેટા, ડુંગળી, કોથમીર, બટક્કુ, બધુ મિક્સ કરવું તેમાં જરૂર મુજબ ચાટ મસાલો, સંચળ એડ કરવું. બાસ્કેટ પુરીમાં બનાવેલ મિશ્રણ ભરો. તેમાં જરૂર મુજબ લીલી ચટણી, ખજુર આંબલીની ચટણી લો. તેમાં છેલ્લે સેવથી ડેકોરેશન કરો.

## (૩) ક્રિસ્પી કોર્ન

**સામગ્રી :**

- બાફેલો કોર્ન – ૨ નંગ
- કોર્ન ફ્લોર – ૧/૪ કપ
- રાઈસ ફ્લોર – ૧/૪ કપ
- મેંદો – ૧ ચમચી
- મરી પાવડર – ૧/૪ ચમચી
- મીઠુ – સ્વાદ મુજબ
- રેડ ચીલી પાવડર – ૧/૨ ચમચી
- આમચુર – સ્વાદ મુજબ
- સુધારેલ ડુંગળી – ૨ ચમચી
- સુધારેલ કોથમીર – ૧ ચમચી
- તેલ – જરૂર મુજબ

**બનાવવાની રીત :**

એક બાઉલમાં બાફેલા કોર્ન લો. તેમાં રાઇસ ફ્લોર, મેંદો, કોર્ન ફ્લોર, મરી પાવડર, મીઠુ ઉમેરો. કોર્નને બરાબર કોટેડ કરી લો પછી મોટા ચાયણામાં લઇ લો. જેથી વધારાનો લોટ નીકળી જાય. ગરમ તેલમાં ધીમા ગેસે છુટુ છુટી મકાઇ એડ કરીને ડીપ ફ્રાય કરવું. લાઇટ બ્રાઉન થાય ત્યાં સુધી પછી એક મોટા બાઉલમાં લઇ લો. તેમાં ચીલી પાવડર, ડુંગળી, કોથમીર, આમચુર પાવડર એડ કરીને મિક્સ કરી લો.

## (૪) કોર્ન ફ્રાઈડ રાઈઝ

**સામગ્રી :**

- રાંધેલા ભાત – ૨ કપ
- લીલી ડુંગળી – ૨ ચમચી
- કેપ્સીકમ સુધારેલ – ૨ ચમચી
- સ્વીટ કોર્ન બોઈલ – ૧/૪ કપ
- ગાજર ખમણેલું – ૧/૨ કપ
- સુધારેલ કોથમીર – ૨ ચમચી
- વીનેગર – ૧ નાની ચમચી
- સોયા સોસ – ૧ ચમચી
- ચીલી સોસ – ૧ ચમચી
- મીઠુ – સ્વાદ મુજબ
- તેલ – ૨ થી ૩ ચમચી

**બનાવવાની રીત :**

એક પેનમાં તેલ લો. તેમાં લીલી ડુંગળી, કેપ્સીકિમ, બોઈલ કોર્ન, ગાજર, લીલુ લસણ એડ કરીને બરાબર સાંતળવું. એ પછી તેમાં વિનેગર, સોયા સોસ, ચીલી સોસ, મીઠુ એડ કરીને બરાબર મિક્સ કરવું. હવે તેમાં રાંધેલા ભાત ઉમેરીને બરાબર મિક્સ કરવું. ઉપરથી લીલી ડુંગળી, કોથમીરથી સવ કરવું.



All Kind of
Pattern Makers
as per your Sample
or Design
We Also Done
V.M.C. Pattern Work





A.H. Jolapara

Amubhai Gajjar M. 94269 09158

Krishna Park Society, 30 Ft. Road, Block No. 22, 150 ft. Ring Road,
Nr. Mavdi Chokdi, Mavdi Plot, RAJKOT. Tel: 0281-2332040
Email: ahjolapara@gmail.com

Authorized Dealer JANATICS Pneumatic



Uflow™



NOVA VALVES



All Type of Pneumatics Fittings, Hydraulic Hose & Fittings

Fitwell Hydraulics

Mfg.: High Pressure Flexible Hose Pipe for Oil,
Gas & Steam JCB Machine, Hydraulic Hose Pipe Etc.

Mansata Chowk, Opp. Poojara Telecom, Gondal Road, RAJKOT-360004. (Guj.) INDIA.
E-mail : fitwellhydraulics@yahoo.com
Contact : Yogesh Bhalodia - 99241 32332, 94997 55803



## વિશ્વકર્મા જયંતીની સર્વે જ્ઞાતિજનોને હાર્દિક શુભેચ્છા...

Late Vinod Bharadia
Darshit Bharadia
Bhavin Bharadia

**Rockwell Turnomatics**

**Rapid Turnomatics**

**CNC Turned Components & Machinery Parts**

TÜV SÜD South Asia
An ISO 9001 - 2008 COMPANY

Plot No. 4, Survey No. 163/1, S.I.D.C. Main Road, Industrial Area,
Veraval (Shapar) Tal. Kotda Sangani, Dist. Rajkot - 360 024.
E-mail : rockwell.turnomatics@gmail.com

---

MUSCLE FACTORY THE GYM

Hall - 1, Second Floor, Pragati Mall,
Veraval Main Road, Veraval (Shapar)
**Mo. 99244 30980**

THE ROCK'S GYM

2nd floor, Anant bhoomi, Opp. Matuki Hotel,
Near Punitnagar Pani Tako, New 80 Ft. Road,
Khodal Chowk, Rajkot. **Mo. 99138 57689**

---

Deepali Bharadia

ચિત્રામણ™
Art & Nail Studio

108 Creston Commercial Complex, Nr. Shreenathdham Haveli,
80 Ft. Ambika Township Road, Mota Mava, Rajkot-360005. **Mo. 87581 08214**

## વિશ્વકર્મા જયંતીની સૌને હાર્દિક શુભેચ્છા...



**Jagubhai Bharadia**
Managing Director
Mob.: 98250 74693

**Ankit J. Bharadia**
M.Tech. In UK
Director (Technical)
Mob.: 93289 99942

SINCE 1981

# SIFCO ENGINEERING PVT. LTD.

- Specialist in major kiln repair/maintenance, brick lining, commissioning, erection, system retrofit, fabrication & machining
- Service provider to major cement & chemical plants across North-West-Central India & Overseas (Africa & UAE)

SIFCO
sealing solutions

## SIFCO ENTERPRISE

- Authorised Distributors of DICHTA Switzerland made oil seals

DICHTA®

**Corporate Office :** 16,17 & 32 Ankur Comm. Centre, Opp. Swaminarayan Gurukul, Gondal Road, Rajkot-360 002.Tele. : (O) 0281-2381464 E-mail : sif567@yahoo.com

TÜV ISO/TS 16949

**ISO 14001:2004, OHSAS 18001:2007 and ISO/TS 16949:2009 Certified**

**Branch Office**

| | | | |
|---|---|---|---|
| Porbander | Kodinar (Ambuja) | Beawer (Raj.) | Dubai (UAE) |
| Jafrabad | Raipur (M.P.) | Pune (MH.) | Nairobi-Kenya (Africa) |

# ELGON CEMENT LTD.

BRAND
Hi-Bond
CEMENT

**Manufacturers And Supplier Of 43/53 OPC & PPC Grade Cement**

Factory Add. : UASIN GISHU ELDORET
At. Turbo East / Leseru Block 7 (Leseru)/581
P.O. Box 8589,Eldoret-30100 - Kenya. (Africa)
Mob.: +254-797 260991,
E-mail: info@epilkenya.com

Corporate Office : 10, Mogotyo Road,
P.O. Box 43414-00100 Nairobi - Kenya.(Africa)
P.O. Box 8589,Eldoret-30100 - Kenya.(Africa)
E-mail: info@epilkenya.com

VISHWAKARMA VISHWA(Gujarati), MONTHLY, RNI Regd. No. GUJGUJ/2013/49269. Post Reg. No. RAJKOT/497/2024-2026. Posted at Rajkot RMS on 10th of Every Month




VISHWAKARMA VISHAWA (GUJARATI-MONTHLY)
Editor-Publisher-Owner & Printer: Pravin Dayaljibhai Gajjar (Bhadeshia), Printed & Published at Ramy Printers, 'Meghavi', R.M.C. Nagar, Near Jain Boarding, Airport Road, Rajkot-360007, (Gujarat)
**If Undelivered Please Return : રમ્ય પબ્લીકેશન, ૩૨૦-હીરાપન્ના કોમ્પ્લેક્ષ, ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ-૩૬૦૦૦૧**